بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# હિકાયાતે મૌલાના રૂમ

رَحۡمَةُ اللّٰهِ تَعَالٰی عَلَیۡهِ


-: સંપાદક :-

**ખલીફએ શૈખુલ ઈસ્લામ**

હાજી ઈબ્રાહીમ ભાઈ વડીયાવાલા

**પ્રેસિડેન્ટ :** મોહસિને આઝમ મિશન સેન્ટ્રલ કમેટી

અહમદાબાદ, **M : 96 24 22 12 12**

જુમ્લા હુકૂક બ હક્કે મોહસિને આઝમ મિશન મહફૂઝ હૈં.

કિતાબ : **હિકાયાતે મૌલાના રૂમ**

અનુવાદ, પ્રુફ રીડીંગ વ ઝેરે નિગરાં : ખલીફએ શૈખુલ ઈસ્લામ

હાજી ઈબ્રાહીમ ભાઈ વડીયાવાલા (અહમદાબાદ)

ટાઈપ-સેટીંગ : જનાબ તૌફીક અહમદ અશરફી (બળૌદા)

M : 9033168086, 7383761217

તા'દાદ : 3000

કીમત : દુઆએ ખૈર

સિને ઈશાઅત : ફેબ્રુઆરી 2021

નાશિર : મોહસિને આઝમ મિશન (સેન્ટ્રલ કમિટી)

2 / B કીર્તિકુંજ સોસાયટી શાહે આલમ ટોલનાકા

અહમદાબાદ-380028

-: મિલને કા પતા :-

મક્તબએ શૈખુલ ઈસ્લામ, અલિફ કિરાના કે સામને,

રસૂલાબાદ, શાહે આલમ અહમદાબાદ-380028

ઔર મોહસિને આઝમ મિશન કી તમામ બ્રાન્ચે

કોન્ટેકટ : 9624221212

| અણુક્રમણિકા | પાનું નમ્બર |
|---|---|
| પ્રસ્તાવના | 8 |
| મુસન્નીફે કિતાબ મૌલાના રૂમ رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ ની હાલાતે ઝિન્દગી | 9 |
| ﴾1﴿ શૈખ અહમદ અને કર્ઝના લેણદારો | 12 |
| ﴾2﴿ આંધળુ અનુકરણ | 14 |
| ﴾3﴿ બાદશાહ અને બે ગુલામ | 16 |
| ﴾4﴿ ઝુન્નૂન મિસ્રીની દિવાનગી | 17 |
| ﴾5﴿ હઝરતે લુકમાન رَحۡمَۃُاللہِ تَعَالٰی عَلَیۡہ અને તેમનો આકા | 18 |
| ﴾6﴿ હઝરતે મૂસા عَلَیۡہِ السَّلَام અને ચરવાહો | 20 |
| ﴾7﴿ નાદાનની દોસ્તી જાનનો ખતરો | 22 |
| ﴾8﴿ હઝરતે મૂસા عَلَیۡہِ السَّلَام અને એક વહેમ પરસ્ત | 23 |
| ﴾9﴿ હકીમ જાલીનુસ અને એક દિવાનો | 24 |
| ﴾10﴿ બગીચાના માલિકનો સૂફી સૈયદ અને મૌલવીથી વ્યવહાર | 25 |
| ﴾11﴿ પીર અને મુરીદ | 27 |
| ﴾12﴿ ચાર નમાઝી | 28 |
| ﴾13﴿ એક વૃધ્ધ અને તબીબ | 29 |
| ﴾14﴿ બાપની લાશ પર બાળકનું રડવુ અને એક શૈખ ચલ્લી | 30 |
| ﴾15﴿ એક ગામડીયો અને એક બુધ્ધી જીવી | 31 |
| ﴾16﴿ હઝરતે ઈબ્રાહીમ અદહમ સમુદ્ર કિનારે | 32 |
| ﴾17﴿ એક વલી અલ્લાહ અને એક મુર્ખ | 33 |
| ﴾18﴿ એક ગુનેહગાર અને અલ્લાહની પકડ | 34 |
| ﴾19﴿ ઉંદર અને ઊંટની દોસ્તી | 35 |
| ﴾20﴿ હઝરતે બિલાલની અઝાન | 36 |

| | |
|---|---|
| ﴾21﴿ અલ્લાહને પોકારવાનો તરીકો (હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام) | 37 |
| ﴾22﴿ અલ્લાહનો ઝિક્ર | 38 |
| ﴾23﴿ બદ અખ્લાક પર એહસાન | 38 |
| ﴾24﴿ ગીધડ અને રંગનું માટલુ | 40 |
| ﴾25﴿ મદારી અને મરેલો અજગર | 41 |
| ﴾26﴿ હાથીને અંધારામાં જોવુ | 42 |
| ﴾27﴿ વહેમ | 43 |
| ﴾28﴿ જવેરી અને તરાઝુ | 45 |
| ﴾29﴿ અલ્લાહથી વાયદો | 46 |
| ﴾30﴿ આંધરો અને કુરઆને કરીમની તિલાવત | 48 |
| ﴾31﴿ હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام અને એક બે વુકૂફ | 49 |
| ﴾32﴿ અલ્લાહ વાળાઓની નમાઝ | 50 |
| ﴾33﴿ હઝરતે અનસ બિન માલિકનું દસ્તરખ્વાન | 51 |
| ﴾34﴿ હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام અને એક બંદાનો જાનવરની ઝબાન સિખવાનો સવાલ | 53 |
| ﴾35﴿ બીઝનેસમાં નુક્સાનથી બચવાની તદબીર | 55 |
| ﴾36﴿ હવાની વિરૂદ્ધ મચ્છરની ફરિયાદ | 56 |
| ﴾37﴿ આશિક અને કોટવાલ | 57 |
| ﴾38﴿ એક વાએઝ કરનાર જે ઝાલિમો માટે દુઆ કરતો હતો | 59 |
| ﴾39﴿ એક ચમાર અત્તરના બજારમાં | 60 |
| ﴾40﴿ કાબિલ અને કાગડો | 61 |
| ﴾41﴿ એક ફકીહની પાઘડી દુનિયાની મિસાલ | 62 |
| ﴾42﴿ હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام અને હવાની વાંકીચાલ | 63 |
| ﴾43﴿ એક સ્ત્રી અને તેનું બાળક | 64 |

| | |
|---|---|
| «44» હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام નો અલ્લાહ તઆલાથી સવાલ | 65 |
| «45» એક બાદશાહ અને તેનું સ્વપ્ન | 66 |
| «46» એક શિકારી અને પક્ષી | 67 |
| «47» હઝરતે ઈબ્રાહીમ عَلَيْهِ السَّلَام અને ચાર પક્ષીઓ | 69 |
| «48» એક ગામડીયો અને તેનો કુતરો | 71 |
| «49» ગૈર કૌમની સોહબત | 72 |
| «50» મુહમ્મદ ખ્વારજમ શાહ | 74 |
| «51» શહેર ઝરવાંના લોકો અને નેક માણસ | 75 |
| «52» પૈદાઈશે હઝરતે આદમ عَلَيْهِ السَّلَام અને એક મુઠ્ઠી ખાક | 77 |
| «53» અયાઝ અને તેનો હુજરો | 80 |
| «54» તૌબતુન્નસૂહા (સાચી તૌબા) | 82 |
| «55» સિંહ અને ગધેડો | 84 |
| «56» કુંભારનો ગધેડો | 86 |
| «57» શૈખ મુહમ્મદ સરઝરી ગઝનવી | 88 |
| «58» એક બળદ અને એક ટાપુ | 90 |
| «59» એક ચોર અને બાગનો માલિક | 91 |
| «60» લૈલા અને મજનૂનો કિસ્સો | 92 |
| «61» બાયઝીદ બુસ્તામી અને એક કાફિર | 93 |
| «62» ભદ્દી અવાજવાળો મોઅઝ્ઝિન અને એક કાફિર | 94 |
| «63» મહેમાન અને મેઝબાનની પત્ની | 96 |
| «64» હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام અને કમ અક્લ મુસાફિર | 97 |
| «65» એક ભેંગાનો કિસ્સો | 99 |
| «66» યહૂદી બાદશાહ અને વઝીરનો કિસ્સો | 100 |
| «67» સિંહ અને સસલુ | 103 |

| | |
|---|---|
| ﴾68﴿ મલકુલ મૌતનું એક વ્યકતીને ધ્યાનથી જોવુ | 105 |
| ﴾69﴿ હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام અને હુદ હુદ | 107 |
| ﴾70﴿ હઝરતે આદમ عَلَيْهِ السَّلَام અને શૈતાન | 108 |
| ﴾71﴿ વેપારી અને મેના | 109 |
| ﴾72﴿ બુઢ્ઢો સારંગીવાળો અને તૌબા પર ઈનામ | 110 |
| ﴾73﴿ એક અરબ અને સખી બાદશાહનો કિસ્સો | 113 |
| ﴾74﴿ એક આલિમ અને હોડીનો મલ્લાહ | 115 |
| ﴾75﴿ એક હિપ્પી અને સિંહનુ ટેટુ | 116 |
| ﴾76﴿ સિંહ, વરૂ અને શિયાળની કહાની | 117 |
| ﴾76﴿ એક બહેરો બીમાર પડોસીની ખબર પુછવા | 119 |
| ﴾77﴿ હકીમ લુકમાન અને બીજા ગુલામો | 120 |
| ﴾78﴿ હઝરતે અલી كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم અને દુશ્મન પર ગલ્બો અને તેનું થુંકવુ | 121 |
| ﴾79﴿ હઝરતે ઉમર رَضِىَ اللّٰهُ تَعَالٰى عَنْه અને શહેરમાં આગ | 122 |
| ﴾80﴿ સાંપ અને મદારી | 123 |
| ﴾81﴿ સૂફી અને એક ખાદિમ | 124 |
| ﴾82﴿ એક સૂફી અને જિહાદનું મૈદાન | 125 |
| ﴾83﴿ હઝરતે અયાઝ رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْه | 127 |
| ﴾84﴿ મહેમૂદ અને અયાઝ | 128 |
| ﴾85﴿ એક અમીર અને બુઢ્ઢો ઝાહિદ | 130 |
| ﴾86﴿ એક સાઈલ અને એક વાઅઝ કહેનાર | 132 |
| ﴾87﴿ સુલ્તાન મહેમૂદ, અયાઝ અને બીજા ઉમરાવ | 132 |
| ﴾88﴿ લાલચ બુરી બલા | 134 |
| ﴾89﴿ આશિક અને માશુક | 135 |

| | |
|---|---|
| ﴾90﴿ અજમી તુર્ક અને ગવૈયો | 136 |
| ﴾91﴿ સહેરીનું નગારૂ વગાડનાર અને પડોસી | 137 |
| ﴾92﴿ હઝરતે બિલાલ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ | 138 |
| ﴾93﴿ મકામે હઝરતે બિલાલ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ | 139 |
| ﴾94﴿ એક બીમાર દરવેશ અને કાઝી | 141 |
| ﴾95﴿ એક કલાકાર અને તુર્ક | 144 |
| ﴾96﴿ એક સ્ત્રી અને શૌહર | 146 |
| ﴾97﴿ એક આરિફબિલ્લાહ અને પાદરી | 147 |
| ﴾98﴿ વગર મહેનતની રોઝી તલબ કરના ફકીર | 148 |
| ﴾99﴿ શૈખ અબુલ હસન ખિર્કાની رَحْمَۃُ اللّٰہِ تَعَالٰی عَلَیْہ | 150 |
| ﴾100﴿ યહૂદી, ઈસાઈ અને મુસલમાન | 152 |
| ﴾101﴿ ઉંટ, બળદ અને બકરીનો કિસ્સો | 154 |
| ﴾102﴿ ઉંદર અને દેડકો | 155 |
| ﴾103﴿ સુલ્તાન મહેમૂદ અને ચોરોની ટુકડી | 156 |
| ﴾104﴿ કર્ઝદાર ફકીર અને એક સખી | 158 |
| ﴾105﴿ ખ્વારજમ શાહ અમાદુલ મુલ્ક અને ઘોડો | 160 |
| ﴾106﴿ બાદશાહ અને તેના ત્રણ શાહઝાદા | 161 |
| ﴾107﴿ કાઝી અને જૌઝી | 165 |
| ﴾108﴿ હઝરતે ઇઝરાઈલ عَلَیْہِ السَّلَام નો કિસ્સો | 168 |
| ﴾109﴿ દુનિયાની મિસાલ | 170 |
| ﴾110﴿ ઝૂઠી તારીફ અને શૈખી | 171 |
| ﴾111﴿ બંદાની પોતાના રબથી શિકાયત | 172 |
| | |

# પ્રસ્તાવના

હઝરતે મૌલાના મુહમ્મદ જલાલુદ્દીન રૂમી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ ના મુબારક નામથી કોણ અજાણ હશે ? આપની ઝાત તારૂફ કે તારીફની મોહતાજ નથી. ઉમ્મતે મુહમ્મદિયામાં અલ્લાહ તઆલાએ કેટલાક એવા બુઝુર્ગોને પૈદા ફરમાવ્યા છે જે ખરેખર ઉમ્મત માટે અનમોલ નેઅમત સાબિત થયા છે જેઓના અહેસાનને ઉમ્મત ક્યારેય પણ ભુલી શકે તેમ નથી. હઝરતે મૌલાના રૂમી رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એવા બુઝુર્ગો પૈકીના એક છે. એહલે ઈલ્મ આપના કારનામાઓથી પરિચિત છે જ, પણ આમ લોકો પણ આપનું નામ ખૂબ અદબથી લે છે લોકવાયકા એવી છે કે હઝરતે મૌલાના જલાલુદ્દીન રૂમી સાહેબની વિશ્વ વિખ્યાત કિતાબ "મસનવી શરીફ" જેણે ના પઢી હોય તે આલીમ અધુરો ગણાય છે એથી સાબિત થાય છે કે આપની કિતાબોં ખરેખર ઈલ્મનો અનમોલ ખજાનો છે. એ કિતાબો પૈકી **હિકાયતે મૌલાના રૂમ** (ઉર્દૂ) માંથી માનવ માત્રને માનવતાનો માર્ગ બતાવે તેવી નસીહતોથી ભરપુર બોધ દાયક કહાનિયો (કથાઓ) કિસ્સાઓ, હિકાયતોં આજે પણ આપણા માટે એટલીજ ફૈઝબક્ષ (લાભવંત) છે જેમા કઈ શંકા નથી.

જનાબ હાજી ઈબ્રાહીમભાઈ વડીયાવાલા સાહેબે એવીજ વાર્તાઓ (કથાઓ)નો સંગ્રહ ગુજરાતીમાં રજૂ કરીને સોનામાં સુગંધ ભરી દેવાનુ કામ કર્યુ છે આ બોધ દાયક, હિદાયત બક્ષ, કિસ્સાઓ અને હિકાયતો રજૂ કરી છે તેની સૌથી મોટી ખુબી (વિશેષતા) એ છે કે હિકાયત કે કહાનીના અંતમા તેની સાર્થકતા કુરઆને કરીમથી કરી છે, છેલ્લે સબકના મથાળા નીચે આ વાત કુરઆનની કઈ સૂરત અને કઈ આયતથી સાબિત થાય છે તે પણ બતાવી દીધુ છે. આ બાબત આ કિતાબને માન્યવર બનાવે છે.

અનુવાદક અને પ્રકાશક તેમજ વાંચક મિત્રોને મુબારકબાદ સાથે દુઆ કરૂં છુ કે મૌલા તઆલા આ મહેનતને કુબૂલ ફરમાવે વાંચીને અમલ કરવાની અમને તૌફીક અતા કરે આમીન. બહક્કે તાહા વ યાસીન صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡہِ وَاٰلِہٖ وَسَلَّم.

# મુસન્નીફે કિતાબ મૌલાના રૂમ رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْه ની હાલાતે ઝિન્દગી

આપનું નામ મુહમ્મદ, લકબ જલાલુદ્દીન અને કુન્નીયત મૌલાનાએ રૂમ હતી, આપ 6 રબીઉલ અવ્વલ હિજરી સિન 604 (ઈસ્વી સિન 1208)માં બલ્ખમાં પૈદા થયા આપનો શજરએ નસબ સાત વાસ્તેથી હઝરતે સિદ્દીકે અક્બર رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْه થી મળે છે

આપના વાલિદે માજીદનું નામ મુહમ્મદ અને લકબ બહાઉદ્દીન હતુ આપના વાલિદે મોહતરમ તિલસ્માતી ઝબાને બયાન વાળા અને બેબાક હતા. આપની બેબાક ઝબાન અને હકગોઈના કારણે સુલ્તાન આપના થી બદઝન થઈ ગયો માટે આપ બલ્ખથી હિજરત કરીને નિશાપુર અને ત્યાંથી બગદાદ તશરીફ લઈ ગયા આખરે આપ હિજાજ, શામ (આજનું સીરીયા) જુન્જાન વિગૈરે સફર કરતા કરતા આપે કોનિયા (હાલ તુર્કસ્તાન)માં કાયમી રહેઠાણ બનાવ્યુ અને હિજરી સિન 628માં આપ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા. વાલિદ સાહેબના ઈન્તેકાલના સમયે મૌલાના રૂમની ઉમર 24 વર્ષ હતી.

મૌલાના રૂમે શરૂઆતની તાલીમ પોતાના વાલિદે મોહતરમથી હાસિલ કરી તરીકતનો સબક બુરહાનુદ્દીન મોહક્કીક તિર્મિઝી થી હાસિલ કર્યો અને 25 વર્ષની ઉમરમાં રૂમ, હલ્બ અને દમિશ્ક તશરીફ લઈ ગયા અને આખરે આપ કોનિયામાં પોતાના ઉસ્તાદ સૈયદ બુરહાનુદ્દીન તિર્મિઝી رَحْمَةُ اللّٰهِ تَعَالٰى عَلَيْه કે જેઓ તિર્મિઝથી કોનિયા આવીને વસી ગયા હતા તેમને જોડે રહીને તરીકત અને સુલૂકનો મકામ હાસિલ કર્યા.

આપની હઝરત શમ્સ તબરેઝીથી નિસ્બત થઈ તેના વિષે ઈતિહાસ કારોમાં જે મશ્હૂર છે તે આમ વાત છે કે આપ બાતિની ઈલ્મની શોધમાં એક પીરો મુર્શિદની શોધમાં તબરેઝ તશરીફ લઈ

ગયા જ્યારે આપ હઝરતે શમ્સ તબરેઝ رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡه ના રહેણાંક અને ખાનકાહ પર પહોંચ્યા તો આપે તેમના દરવાજા પર દરબાન (વોચમેન, ચોકીદાર વિગૈરે) જોયા અને ઘોડા વિગૈરે જોયા તો આપ એવુ વિચારીને પાછા ફરી ગયા કે ફકીરને વળી ચોકીદારની શી જરૂર ? આપ ત્યાં એક ફારસી મિસરો મનમાં બોલ્યા કે :-

**"દરે દરવેશ દરબા ન બાયદ"**

હઝરતે રૂમી رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡه આ મિસરો મનમાં બોલી પાછા આવી ગયા રાત્રે આપ સ્વપ્ન જુએ છે કે પોતે પોતાની લખેલી ઘણી બધી કિતાબો સાથે હૌજ પર બૈઠા છે એવામાં હઝરતે શમ્સ તબરેઝ رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡه આવી જાય છે હઝરતે શમ્સ તબરેઝ رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡه મૌલાના રૂમ رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡه થી પૂછે છે :

**"મૌલાના ઈ ચિશ્ત (મૌલાના આ શું છે)"**

મૌલાના રૂમ જવાબ આપે છે :

**"ઈ ઈલ્મેસ્ત કે તૂ નમી દાનન્દ"**

(યાની આ એ ઈલ્મ છે જે તૂ નથી જાણતો)

હવે હઝરત શમ્સ તબરેઝે કિતાબો લઈને હૌજમાં ફૈંકી દીધી તમામ કિતાબો પાણીના તળીયે બેસી ગઈ મૌલાના રૂમ અકળાયા બહુજ અફસોસ કર્યો હવે મૌલાના શમ્સ તબરેઝ رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡه એ ઈશારો કર્યો તો તમામ કિતાબો પાણીના તળીયેથી પાણીની સપાટી પર આવી ગઈ અને તમામ કિતાબો બિલ્કુલ કોરી હતી પાણીની કોઈ અસર કિતાબો પર ન હતી.

હવે નવાઈ પામવાનો વારો મૌલાનાનો હતો તેઓ બોલી ઉઠયા :

**"મૌલાના ઈ ચિશ્ત ?"** (મૌલાના આ શું છે ?)

હઝરતે શમ્સ તબરેઝ رَحۡمَةُاللّٰہِ تَعَالٰی عَلَیۡه બોલ્યા :

**"ઈ રાઝેસ્ત કે તૂ નમી દાનન્દ"**

(આ એ રાજ (રહસ્ય) છે જે તૂ નથી જાણતો)

દિલના દ્વાર ખુલી ગયા આંખ ખુલી તો ખરેખર આંખ ખુલી, સવારમાં ફરી તબરેઝ પહોંચી ગયા.

હઝરતથી મુલાકાત થઈ બૈઅત થયા હવે હઝરત શમ્સ તબરેઝી رَحۡمَةُاللهِ تَعَالٰى عَلَيۡه બોલ્યા અરે એ મિસરો તો સંભળાવો જે વિચારીને પાછા ગયા હતા, હુક્મ થયો તો બોલવુ પડયુ મૌલાના રૂમ બોલ્યા : હું એ વિચારીને પાછો ગયો હતો કે

**"દરે દરવેશ દરબા ન બાયદ"**

(ફકીરના ઘરે ચોકીદારની શી જરૂર)

હવે જવાબમાં હઝરતે શમ્સ તબરેઝી બોલ્યા :

**"બ બાયદ તા સગે દુનિયા ન આયદ"**

(દરબાનની જરૂર છે કે જેથી કરીને દુનિયાના કુતરા ન આવે) سُبۡحَانَ اللهِ عَزَّوَجَلَّ આ છે મૌલાના રૂમ رَحۡمَةُاللهِ تَعَالٰى عَلَيۡه ના બૈઅત (મુરીદ) થવાનો બનાવ.

આના પછી આપના દિલની દુનિયા બદલી ગઈ મૌલાનાની 3 કિતાબો (તહેરીરી કારનામા) નો ઝિક્ર મળે છે પહેલી તસ્નીફ અંદાજે પચાસ હઝાર અશ્આર પર મુશ્તમીલ દીવાન છે જેને હઝરતે શમ્સ તબરેઝીથી પણ નિસ્બત આપવામાં આવી છે બીજી કિતાબ મસ્નવી શરીફ છે જેની મોટી મોટી 6 જિલ્દ છે મૌલાના શિબ્લી رَحۡمَةُاللهِ تَعَالٰى عَلَيۡه ના કૌલ મુજબ આ કિતાબોએ મૌલાનાના નામને આજ સુધી જીવંત રાખ્યુ આ મસ્નવીમાં હિકાયત, મસાઇલ બયાન કર્યા છે આ હિકાયતોમાં અખ્લાકની તાલીમ, તસવ્વુફ, ઇશ્ક વિગૈરેના બારીક નુક્તા છે જેને માત્ર એહલે તરીકત જ સમઝી શકે છે આપની મસ્નવીને તસવ્વુફની દુનિયામાં બુલંદ મકામ હાસિલ છે ત્રીજી કિતાબમાં મૌલાનાનો પત્ર વ્યવહાર અને ઈર્શાદાતનો જમા ગ્રંથ છે જે તેમણે

જયારે જયારે જરૂરી સમજયુ ત્યારે વજીર, સુલ્તાન મોહિયુદીન પરવાનાને લખ્યા હતા આ કિતાબને મૌલાનાના ફરઝંદે એકઠા કર્યા અને સંપાદન કર્યુ.

હિજરી સિન 672માં મૌલાના સખત બીમાર પડી ગયા આપે 68 વર્ષની ઉમર પામી આપ 5 જુમાદિયુસ્સાની હિજરી 672માંજ આ ફાની દુનિયાથી કુચ કરી ગયા આપની વસિયત મુજબ શૈખ સદરુદ્દીન رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ આપની નમાઝે જનાઝા પઢાવવા માટે ઘરથી નિકળ્યા પરંતુ આપ પહોંચી ન શક્યા રસ્તામાં આપ પડી ગયા માટે કાઝી સીરાજુદ્દીને આપની નમાઝે જનાઝા પઢાવી આપનો મઝારે પુર અન્વાર કોનિયામાં છે જે આજે 8 સદીઓ વીતી જવા છતા લોકોની અકીદતનું કેન્દ્ર છે.

## ﴾1﴿ શૈખ અહમદ અને કર્ઝના લેણદારો

શૈખ અહમદ એક સખી વલીઅલ્લાહ હતા તેઓ હમેશા લોકોથી ઉધાર લઈ ગરીબ, ગુરબાઓની મદદ કરતા રહેતા હતા. અલ્લાહ તઆલા હમેશા કોઈને કોઈ ઝરીએ કર્ઝ અદા કરવાની વ્યવસ્થા કરી દેતો હતો, તેમનો આખરી સમય આવી ગયો અને તેમના લેણદારો એકઠ્ઠા થઈ ગયા. આપે કર્ઝ લઈને એક ખાનકાહ તૈયાર કરી રાખી હતી તેના લેણદારો પોતાના કર્ઝની ઉઘરાણી કરતા અને વિકૃત નઝરોથી શૈખને ઘુરતા હતા એટલામાં એક હલ્વો વેચનાર છોકરાએ સ્વાદીષ્ટ (ટેસ્ટી) હલ્વો વેચવા માટે બુમ પાડી, શૈખ સાહેબે ખાદિમને રવાના કર્યો કે તેની પાસેથી બધોજ હલ્વો ખરીદી લે અને આ લેણદારોને ખવડાવે જેથી તેઓ થોડા સમય પુરતા ઉઘરાણી અને તંગ નઝરથી જોવાનું બંધ કરે. ખાદિમે હલ્વો વેચનાર છોકરા સાથે અડધો દીનારમાં (એ સસ્તાઇનો જમાનો હતો) પુરો થાળ કીમત નક્કી કરી અને હલ્વો લેણદારોમાં વહેચી દીધો.

લેણદારોના કુલ મળીને ચારસૌ (400) દીનાર બાકી હતા. લેણદારોને શૈખે તબર્રુકની દાવત આપી તેઓએ શૌખથી હલ્વો ખાધો.

છોકરાએ હલ્વાની કીમતની ઉઘરાણી કરી તો શૈખે કહ્યુ : કેવા પૈસા ? મારી પાસે દીનારો દિરહમ નથી. હૂં તો હવે જઇ રહ્યો છુ (હવે મરવાનો છુ) એમ કહીને ચેહરો કપડામાં છુપાવી લિધો છોકરાએ ખાલી થાળ ઉપાડયો અને રડવાનું શરૂ કર્યુ કે મારો ઉસ્તાદ મને જાનથી મારી નાખશે. અય ઝાલિમ શૈખ ! કુતરાનું દિલ રાખતા રાખતા બિલાડીની જેમ મોં સાફ કરો છો, તેણે રડી રડીને લોકોની ભીડ ભેગી કરી દીધી, લેણદારો પણ શૈખ પર ખૂબજ ગુસ્સે થઈ ગયા. લોકોએ મહેણાં મારવાનું શરૂ કર્યુ કે છોકરા સાથે આવુ વર્તન એકદમ અયોગ્ય છે અને આ ખાનકાહમાં રહેવાવાળાઓ **''ગન્દુમનુમાં જવ ફરોશ''** યાની **''નામ બડે ઔર દર્શન છોટે''** ગન્દુમ (યાની ઘઉં) કહી જવ વેચનારાઓને આ શોભતુ નથી શૈખ બધુજ સાંભળતા રહ્યા તેઓનો ચેહરો હસતોજ હતો અને તેમને કંઈજ ગમ ન હતો.

અસરનો સમય થયો શૈખ નમાઝથી ફારિગ થયા હલ્વો વેચનાર છોકરો સતત રડતોજ હતો, રોક્કળ ચાલુજ હતી કે એટલામાં એક ખાદિમ કોઈ અમીરની તરફથી એક થાળ લઇને આવ્યો અને શૈખને નઝરાણુ પેશ કર્યું કપડુ હટાવ્યુ તો તેમાં ચારસૌ દીનાર અને અડધો દીનાર અલગથી કાગળમાં લપેટાયેલ હતો. લેણદારો અને બીજા અન્ય લોકો બધાજ બેચેન થઈ ગયા પોતાના વર્તન પર શરમિન્દા થયા અને માફી માંગવા લાગ્યા શૈખે તે બધાને માફ કર્યા તેમણે જાણવા માંગ્યુ તો શૈખે બતાવ્યુ કે અલ્લાહ તઆલાએ તેમને ઈલ્કા કર્યો હતો કે ચારસૌ દીનાર તો નાનકડી રકમ છે જે છોકરાના રડવા પર આપવામાં આવશે.

**સબક :** જ્યાં સુધી બાળક રડતુ નથી ત્યાં સુધી માંની છાતીમાં દૂધ જોશ નથી મારતુ. જ્યાં સુધી આસ્માનમાં વાદળો રડતા નથી ઝમીન પર બગીચાઓમાં બહાર નથી આવતી, ઈન્સાન પોતાની આંખને રડવા પર મજબૂર કરી દે પછી જૂએ તેની તમામ ઇચ્છા કઈ રીતે પૂરી થાય છે. અલ્લાહની બારગાહમાં રડવુ અલ્લાહને બહુજ

પસંદ છે, તેનાથી ગુનાહ માફ થાય છે દરજ્જા બુલંદ થાય છે, દુઆ કબૂલ થાય છે. જેવુકે પારહ 8 સૂરએ આઅરાફ આયત નં 55 **તર્જમો :** પોતાના રબથી દુઆ કરો રોક્કળ કરીને (ગિડગિડાઇને) અને રડીને અને ધીમા અવાજથી બેશક ! હદથી વધી જનાર તેને પસંદ નથી.

## (2) આંધળુ અનુકરણ

એક સૂફી એક સફરમાં એક ખાનકાહમાં રોકાયો તેણે પોતાનો ગધેડો તબેલામાં બાંધી દીધો તેને પોતાના હાથેજ ખાવાનું (ચારો) ખવડાવ્યો અને તબેલાના ખાદિમના હવાલે કરી તે ખાનકાહમાં ગયો, ખાનકાહમાં સૂફી દરવેશોનો એક સમુહ (ગિરૌહ) હતો, જેમણે ભૂખ અને તકલીફથી થાકીને પોતાની અને લોકોની ચીઝ વસ્તુઓ વેચી દેવાનુ શરૂ કર્યુ હતુ, તેમણે મહેમાન સૂફીનો ગધેડો પણ તેની જાણ બહાર વેચી માર્યો અને મહેમાન માટે ખાવાની વ્યવસ્થા કરી અને મહેફીલે સિમાઅ અને મસ્તીનો બંદોબસ્ત (ઇન્તેઝામ) કર્યો, બધાજ લોકલ સૂફીઓ મહેમાન સૂફીની મહેમાન નવાઝીમાં મશ્ગૂલ થઈ ગયા કોઈ તેના સામાનની ધુળ માટી સાફ કરતો હતો, કોઈ તેના માટે બિસ્તર બીછાવતો હતો, કોઈ તેના હાથ અને મોં પર બોસો દેતો હતો, કોઈ તેના પગ દબાવતો હતો મહેમાન પોતાની મહેમાન નવાઝી પર ખૂબ ખુશ હતો.

ખાવાનું ખાધા પછી સિમાઅની મહેફીલ શરૂ થઈ ખાનકાહની ઝમીનથી લઇને છત સુધી ધુમાડો અને અવાજ પહોંચી ગયો જ્યારે સિમાઅ પોતાના શબાબ પર પહોચ્યો તો ગવૈયાએ એક સ્પેશ્યલ ગીત શરૂ કર્યું તેનુ અનુકરણ (તક્લીદ)માં મહેમાન સૂફીએ પણ બહુજ રિક્કત અંગેઝ અવાજમાં ગાવાનું શરૂ કર્યું **"ખર બરફત, ખર બરફત"** (ગધેડો કુરબાન)નું સુરીલુ ગાયન શરૂ કર્યું, સિમાઅ પુરૂ થતા થતા દિવસ ઉગી ગયો સવાર પડી ગઈ ખાનકાહના બધાજ દરવેશો પોત પોતાના કામે રવાના થઈ ગયા, મહેમાન સૂફીએ પોતાનો સામાન

પેક કર્યો અને આગળની સફરની તૈયારી શરૂ કરી, તબેલામાં પહોંચ્યો તો ગધેડો ગાયબ (મૌજૂદ ન હતો) વિચાર્યુ કદાચ ખાદિમ તેને પાણી પીવડાવવા લઈ ગયો હશે. રાહ જોઈ, ખાદિમ આવ્યો તો તેનાથી પુછયુ. ખાદિમે કહ્યું : પોતાની દાઢીનો તો વિચાર કર, મને શા માટે પુછે છે ? બન્ને વચ્ચે ઝગડો શરૂ થઈ ગયો, મહેમાને કહ્યુ : મૈં ગધેડો તારા હવાલે કર્યો હતો, પાછો લાવ અથવા કાઝીની અદાલતમાં દાવો કરૂ છુ.

ખાદિમે કહ્યુ : રાત્રે ખાનકાહના દરવેશોએ હુમલો કરી દીધો અને ગધેડો મારાથી છીનવી ગયા. હું મૌતના ડરથી વિરોધ ન કરી શકયો, સૂફીએ કહ્યુ એ તો ઠીક છે પરંતુ તૂ એજ વખતે આવીને મને બતાવી દેતો તો હું તેમના ખાનકાહથી નિકળવાના પહેલા તેમનાથી ગધેડો અથવા તેની કીમત વસૂલ કરી લેતો.

ખાદિમે કહ્યુ : હું તમને બતાવવા આવ્યો હતો પરંતુ તમે તો જઝ્બ અને મસ્તીના આલમમાં અને વજદની કૈફિયતમાં હતા. **ખર બરફત, વ ખર બરફત વ ખર બરફત** કરતા હતા. હૂં સમજયો કે તમે જાણો છો અને એ દરવેશોએ આપની રઝામંદીથીજ ગધેડો વેચ્યો છે અને તમે જે કંઈ ખાધુ, પીધુ, મહેફીલ સજાવી તે તમારા ગધેડાનીજ કીમતની હતી.

**સબક :** સૂફીએ ખાતિર તવાઝો, સિમાઅ અને મસ્તીની લાલચમાં ખાનકાહના દરવેશોની આંધળી પૈરવી (તક્લીદ) કરી અને પોતાના ગધેડાથી હાથ ધોઈ બેઠો. આવાજ પ્રકારના મામલાઓ અલગ અલગ અંદાજમાં મઝારાતે ઔલિયા અને દરવેશોના રહેણાંક, ખાનકાહો પર દરવેશોના લિબાસમાં ડાકૂઓ તથા ચોરો કરતા હોય છે, ત્યાં પણ ચાવચેત રહેવુ જરૂરી છે. જેઓ દુનિયાની મસ્તીમાં ડૂબી જાય છે તેઓ આખિરતનું નુક્સાન કરી બેસે છે અને જેઓ અલ્લાહના ગૈર પર વિશ્વાસ કરે છે તેમની મદદ ચાહે છે તેઓ પણ નુક્સાનમાં રહે છે. જેવુકે દુનિયા માત્ર ધોખો ફરેબજ છે. જેવુકે અલ્લાહ તબારક

વ તઆલા પારા 27 સૂરએ હદીદ આયત નં 20માં ફરમાવે છે. યાની દુનિયાની ઝિન્દગી તો ધોખો ફરેબ સિવાય કંઈજ નથી.

## ﴾3﴿ બાદશાહ અને બે ગુલામ

એક બાદશાહે બે ગુલામ ખરીદ કર્યા જેમાંનો એક ખૂબ સૂરત, હસીનો જમીલ અને બીજો બદસૂરત અને સાવળાં રંગનો હતો, બાદશાહે હસીનો જમીલ ગુલામને પોતાની પાસે બોલાવ્યો તેણે બાદશાહ સાથે બહુજ ઉત્કૃષ્ટ (ઉમ્દા) ચર્ચા કરી. ઝબાન ઈન્સાનની અંદરની ખબર આપવાવાળો અસર કારક ઝરીયો છે બાદશાહને તેનો દેખાવ, શક્લો સૂરત વાતચીત કરવાનો અંદાજ પસંદ પડયો, બાદશાહે તેને હમામમાં મોકલી આપ્યો કે નહાઈને ફરીથી મુલાકાત માટે આવે અને બીજા ઓછા ખૂબ સૂરત અને શ્યામ રંગવાળા ગુલામને પોતાની પાસે બોલાવ્યો તે જાહેરી દેખાવમાં મામૂલી અને રંગ કાળો હતો, બાદશાહે તેની સાથે વાતચીત કરી તો તેને એ સામાન્ય અક્લો સમજવાળો લાગ્યો અને તેણે ઈરાદો કર્યો કે તેને પોતાના દરબારમાં સામાન્ય કારકુન જેવુ કામ સોંપે.

બાદશાહે તેને વધારે પરખવા માટે કહ્યુ કે પહેલાવાળા ગુલામે તેના બારામાં ઘણીજ બુરાઈ કરી છે અને તેણે કહ્યુ છે કે તૂં ચોર, બદ ચલન, બુરા દોસ્તોમાં ઘેરાયેલો કમ હિંમત (યાની ડરપોક) અને નામર્દ છે, બીજા ગુલામે કહ્યુ કે તે હમેશાથી સાચો છે તેના જેવો સાચુ બોલનાર મૈં બીજો નથી જોયો. સીધો, નેક ખસ્લત, શરમવાળો, સમજદાર છે અહેસાન અને સખાવત તેની આદત છે. હું તેને ઝૂઠો નથી માનતો મારી ઉપર જે ઇલ્ઝામ મુકેલ છે કે તેણે મારામાં બુરી આદતો જોઇ હશે તે ગુલામે આના પછી બાદશાહના વિષે બીજા કાર્યો પર પણ ચર્ચા કરી.

થોડીવાર પછી પહેલાવાળો ખૂબ સૂરત ગુલામ પણ પાછો આવ્યો, બાદશાહે બીજાને કોઈ કામથી રવાના કરી દીધો અને પહેલા ગુલામથી વાતચીત ચાલુ કરી બાદશાહે તેને કહ્યુ કે બીજા ગુલામે

તારી ગીબત કરી છે અને તેના બારામાં ભલુ બુરૂ કહ્યુ છે. આ ગુલામ ગુસ્સાથી લાલપીળો થઈ ગયો અને તેણે બીજા ગુલામને અત્યંત ખરાબ કહ્યો, બુરાઈ કરી, શહેનશાહે તેની વાતો સાંભળીને તેને ચુપ રહેવા કહ્યુ અને બાદશાહે જાણી લિધુ કે આ ખૂબ સૂરત ગુલામ ખૂબ સીરત નથી તેનો આ દેખાવ માત્ર જાહેરી હુસ્ન છે તેમાં કોઈ બાતિની ખૂબી નથી. તેની રૂહ બદ સીરત છે જ્યારે તેના મુકાબલામાં બદ સૂરત અને કાળો ગુલામ જાહેરી દેખાવ તો નથી રાખતો પરંતુ તેની રૂહ ખૂબ સૂરત છે આના પછી બાદશાહે ફેંસલો કર્યો કે તેની નજીક બીજો ગુલામ લાયકે ઈઝ્ઝત છે જ્યારે પહેલો ગુલામ તાબેદાર બનવાનાજ લાયક છે.

**સબક :** ઈન્સાનની રાહત ઝબાનની હિફાઝતમાં છે અને લાયકે ઈઝ્ઝત એ હોય છે જેનુ બાતિન ખૂબ સૂરત હોય. માત્ર જાહેરી દેખાવ સારો હોય અને સ્વભાવમાં ખરાબી હોય તો તે જલીલો ખ્વાર અને બે આબરૂજ રહે છે જો જાહેર પણ સારૂ અને સ્વભાવ પણ સારો તો એ "**નૂરૂન અલા નૂર**" કહી શકાય. જેવુકે નેક અમલ કરનાર મોમિન અને ખૂબ સૂરત જિસ્મ પણ બદ આમાલી હોય તો તેની કીમત શૂન્ય છે જેવા કે રસૂલે કરીમના દૌરના મુનાફિકો જેઓ ખૂબ સૂરત, માલદારી બધુજ રાખવા છતા આગનો શિકાર બન્યા.

**સબક : બોલવામાં હમેશા સાવધાન રહેવુ જરૂરી છે :** જેવુકે પારહ 22 સૂરએ અહઝાબ આયત નં. 71 **તર્જમો :** અય લોગો ! અલ્લાહથી ડરો અને સીધી વાત કરો અલ્લાહ તમારા આમાલ સંવારી દેશે અને પારહ 6 સૂરએ નિસા આયત નં. 48માં ફરમાવે છે. **તર્જમો :** અલ્લાહ બુરી વાતનું ઐલાન કરવુ પસંદ નથી કરતો સિવાય મઝલૂમ થી.

## 4 ઝુન્નૂન મિસ્રીની દિવાનગી

હઝરતે ઝુન્નૂન મિસ્રી પર દિવાનગી અને વલવલો ગાલિબ આવ્યો લોકોમાં તેમની દિવાનગી સહન કરવાની શક્તી ન હતી તેઓને કૈદમાં પુરી દેવાયા જ્યારે ફેંસલો ગુનેહગારો અને અમલે બદ

કરવાવાળાઓના અધિકારમાં હોય તો ઝુન્નૂન رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ જેવા લોકો માટે કેદખાનાનોજ ફેંસલો થાય.

મુરીદો અને દોસ્તોએ ખયાલ કર્યો કે ઝુન્નૂન મિસ્રી કોઈ દિવાના નથી બલ્કે હિક્મતે ખુદાવન્દીના સાયામાં આપે આ સ્વરૂપ અપનાવ્યુ છે યાની દેખાવ કર્યો છે.

જ્યારે તેમને કેદખાનાની તરફ લઈ જવાતા હતા તો ઝુન્નૂન તેમના પર ચીખતા બોલ્યા કે **"તમે લોકો કોણ છો ?"** ચાલ્યા જાવ ! બધાએ એક અવાજથી જવાબ દીધો કે અમે તમારા દોસ્ત છીએ અને આપની ખબર પુછવા આવ્યા છીએ. આપ અમને તમારા દિલના રાઝ વિષે બતાવો. દોસ્તોથી રાઝ (રહસ્ય, ભેદ) છુપાવવાનો કોઈ મતલબ નથી કોઈ ફાયદો નથી આપે આ સાભળ્યુ તો નકામી વાતો અને બક્વાસ પર ઉતરી આવ્યા તેમની તરફ પત્થર અને લાકડીઓ ફેંકવા લાગ્યા તેઓ ઈઝા થવાના ડરથી ભાગી ગયા. આપ જોરથી હંસવા લાગ્યા અને કહ્યુ : "આ દોસ્તોને જુઓ ! શું દોસ્તી આવી હોય છે ? શું જે પોતાની જાન અને આરામની ફિક્ર કરે અને દોસ્તી તો મુસીબત, તક્લીફ અને મહેનત સહન કરવાનું નામ છે."

**સબક :** જે નેઅમતો, રાહતો અને ઐશના સમયમાં તમારી સાથે છે અને મુસીબત, તક્લીફ અને આઝમાઈશના સમયે તમારાથી દૂર થઈ જાય છે તે તમારો મિત્ર નથી, દોસ્ત એજ હોય છે જે આફતો, બલાઓ અને પરેશાનીના સમયે તમારો સાથ દે.

## ﴾5﴿ હઝરતે લુકમાન رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ અને તેમનો આકા

હઝરતે લુક્માન رَحۡمَۃُاللّٰہِ تَعَالٰی عَلَیۡہ એક સારા ગુલામ હતા. રાત દિવસ પોતાના આકાની ખિદમત એકદમ ખુલુસ અને ખુશ દિલીથી કરતા હતા તેમનો માલિક પણ તેમને દિલો જાનથી ચાહતો હતો અને તેમની ખૂબિઓ પર ફીદા હતો એવુ લાગતુ હતુ કે લુક્માન ખ્વાજા (માલિક) અને ખ્વાજા ગુલામ હોય જે અલ્લાહના ભેદનો જાણકાર હોય ગૈરોના ભેદ તેની સામે શું ચીઝ છે ?

એ ખ્વાજાનો તરીકો હતો કે જ્યારે તે કોઈ અજાણી જગ્યાએ જતા તો પોતાના કપડા યાની કોટ શેરવાની વિગૈરે લુક્માનને પહેરાવી દેતો અને પોતે ગુલામના કપડા પહેરી સાથે થઈ જતો. પ્રમુખ સ્થાને લુક્માન رَحْمَةُاللهِ تَعَالٰی عَلَیْه ને બેસાડતો આપના હુક્મ પર અમલ કરતો અને કહેતો કે મૈં તારા પર ખિદમત ન કરવાનો હુક્મ લગાવ્યો. મૈં સફરમાં તદબીરની ખેતી કરી હઝરતે લુક્માન તેમના ભેદને છુપાવનાર હતા. જ્યારે ખ્વાજાએ હઝરતે લુક્માનના રાઝ ખૂબિઓ જાણી લીધી તો ખુદ તેનો ગુલામ બની ગયો કોઈ ચીઝ પણ ન ખાતો જ્યાં સુધી હઝરતે લુક્માન ન ખાય.

એક વખત તેની પાસે એક તરબુચ હદીયામાં આવ્યુ તો તેણે હઝરતે લુક્માન رَحْمَةُاللهِ تَعَالٰی عَلَیْه ને બોલાવ્યા અને પોતે તરબુચ કાપી કાપીને હઝરતને આપવા લાગ્યો. હઝરત તેને જાણે મધ અને સાકર હોય તેમ ખાવા લાગ્યા કે ખ્વાજાએ પણ તરબુચ ખાવાનું શરૂ કર્યુ. હજી તો તેણે એક ટુકડો ખાધો હતો કે તેની કડવાશથી ગળુ બળી ગયુ અને ઝબાન પર ફફોલા પડી ગયા જાણે કે આગ લાગી ગઈ તેણે હઝરતથી સવાલ કર્યો કે તેઓ આ ઝહેર જેવુ કડવુ તરબુચ કઈ રીતે ખાઈ ગયા ? અને તેમણે બહાનુ કરીને ખાવાનું છોડી દેવાનો પ્રયત્ન પણ ન કર્યો.

હઝરતે લુકમાને ફરમાવ્યુ કે મૈં તમારા હાથથી કેટલાય સ્વાદીષ્ટ મીઠા ફળ ખાધા છે અને હલવા ખાધા મને શરમ આવતી હતી કે હું આપના હાથથી આ કડવુ ફળ ખાવાથી ઈન્કાર કરૂ અથવા બહાના બનાવુ.

**સબક :** મહોબ્બતથી કડવી ચીઝ પણ મીઠી બની જાય છે મહોબ્બતથી તાંબુ સોના જેવુ બની જાય છે મહોબ્બતથી કાંટા પણ ફૂલ બની જાય છે મહોબ્બતથી સીરકો પણ શરાબ બની જાય છે. તો શુક્ર ગુઝારી કરવાનો તરીકો એ છે કે જ્યાંથી જે મકામથી ઈન્સાન પર અહેસાન અને નેઅમતો વરસતી હોય તેની તરફથી ક્યારેક તક્લીફ પણ આવી જાય તો નેક દિલી અને ખુશીની સાથે કબૂલ કરે.

ઈન્સાન પર અલ્લાહ તઆલાના અસંખ્ય અહેસાનાત છે. અગર બંદો અલ્લાહની નેઅમતો ગણવા ચાહે તો ગણી પણ ન શકે છતા પણ જયારે કોઈ તક્લીફ આવી પડે તો ઈન્સાન નાશુક્રી અને શિક્વા શિકાયતો યાની ફરિયાદ શરૂ કરી દે છે. આ બંદાએ ન કરવુ જોઈએ અને અલ્લાહની રિઝામાં ખુશ રહેવુ જોઈએ.

અલ્લાહે હઝરતે લુક્માન رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَيْه ને હિક્મત અર્પણ કરી અને અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છે. પારહ 3 સૂરએ બકરહ આયત નં. 269 **તર્જમો :** અલ્લાહ હિક્મત અતા ફરમાવે છે જેને ચાહે તેને અને જેને હિક્મત આપવામાં આવી તેને બહુજ ભલાઈ આપવામાં આવી.

## ﴾6﴿ હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام અને ચરવાહો

હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام એ એક ચરવાહા (બકરિયોં વિગૈરે ચરાવનાર) ને જોયો કે જે કહી રહ્યો હતો અય કરીમ ખુદા ! તૂં ક્યા છે ? તૂં બતાવ કે હૂં તારો નૌકર બનૂ, તારા જુતાની દોરી કસી દઊ, તારા બાલોમાં કંઘી કરૂ, તારા કપડા સીવી આપુ અને ગાજ બટન લગાડુ તારા કપડાથી ધુળ માટી સાફ કરૂ, જૂઓ કીડા સાફ કરૂ, તારી બારગાહમાં તારા માટે દૂધ લાવુ અગર તૂ બીમાર હોય તો તારી ગમ ખ્વારી (બીમાર પુર્સી, ઈયાદત) કરૂ તારા પ્યારા પ્યારા હાથ ચુમૂ, તારા નાઝુક પગ દબાવૂ, તારૂ બિસ્તર સાફ કરૂ, હૂં દૂધ અને ઘી લઈને તારા દરવાજા પર આવૂ, પનીર, રોગન, રોટીઓ દહીંની ટીકીયા લાવૂ, મારી પ્યારી બકરીઓ તારા પર કુરબાન થાય. ચરવાહો આવી રીતની વાતો કરી રહ્યો હતો.

જ્યારે સૈયદુના મૂસા કલીમુલ્લાહે આ બધી વાતો સાંભળી તો પુછયૂ કે તૂ કૌની સાથે વાત કરે છે ? ચરવાહાએ કહ્યું તેનાથી વાત કરૂ છુ જેણે મને અને આ તમામ કાએનાતને પૈદા કરી છે જે આ કાએનાતનો રબ છે. આપે ફરમાવ્યુ : તે આ તમામ ચીઝોંથી બે નિયાઝ છે આ ચીઝોં તો ઈન્સાનની જરૂરત છે તે આનાથી બુલંદો

બાલા છે તેં ગુસ્તાખી કરી છે તુરંત આ બધુ છોડી દે તે ચરવાહો પોતાની હરકત (હિમાકત) પર શર્માયો અને અફસોસ કરવા લાગ્યો.

અલ્લાહ તબારક વ તઆલાએ હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام ને વહીના ઝરીએ જાણ કરી કે તારૂ કામ બંદાને ખુદાથી મિલાવવાનું છે કે બંદાને ખુદાથી જુદા કરવાનું છે ? દરેક ઈન્સાનની સમજ અને ઈલ્મ અને તબીઅત મુજબ તેની ઈસ્લાહ (સુધારણા) છે તેની માનસીક સમજ બુઝ તેની ગુફતગૂ છે જે ગુફતગૂ તે કરે છે તેના માટે એ બહેતર છે અલ્લાહ તઆલા તો દિલના ખુલૂસ (ઈખ્લાસ) ને જુએ છે શબ્દોને નથી જોતો. તે તો મગ્ઝ ને જુએ છે છિલકાને નહીં.

હઝરતને કહેવામાં આવ્યુ કે તે ચરવાહાને મનાવે. આપ તેને શોધવા નિકળ્યા ઘણી શોધ ખોળના અંતે ફરી મુલાકાત થઈ આપે તેને બતાવ્યુ કે મુબારક ! તારા હકમાં ઈજાઝત મળી ગઈ કે તૂ જેવી રીતે ચાહે અલ્લાહ તઆલાને યાદ કર્યા કર.

તેણે જવાબ દીધો હવે હું એ મંઝિલથી આગળ નિકળી ગયો છુ તમે ચાબૂક મારીને મારો ઘોડો રસ્તો બદલી ગયો તેણે છલાંગ મારી અને તે આસ્માન થી બહાર થઈ ગયો.

**સબક :** અલ્લાહ તઆલાને ત્યાં અમલના જાહેરી દેખાવ કરતા દિલનો ઈખ્લાસ વધારે મહત્વનો છે, મોં વડે નિકળતા શબ્દો કરતા વધુ મહત્વ દિલની કૈફિયતનું છે ઉપરાંત એ ચરવાહો જે કંઈ કરી રહ્યો હતો તે કોઈ ઈલ્મ અથવા કોઈ મુર્શિદની રહનુમાઈ વગર કહેતો હતો, પરંતુ જયારે હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام ની ચેતવણી અને રહનુમાઈ (ઉપદેશ શિખામણ) મળી ગઈ તો તેણે બિલ્કુલ સહીહ રાહ મેળવી લીધી અને લોકોને દીન વિષે સમજાવવા બારામાં અલ્લાહ عَزَّوَجَلَّ ફરમાવે છે : પારહ 14 સૂરએ નહલ આયત નં. 125માં **તર્જમો :** પોતાના રબના માર્ગની તરફ પાકી તદબીર અને સારી નસીહત વડે બોલાવો અને તેમનાથી એવા તરીકાથી ચર્ચા કરો જે બધાથી બહેતર હોય. અને ફરમાવે છે : પારહ 27 સૂરએ

ઝારિયાત આયત નં. 55માં **તર્જમો :** અને સમજાવો કે સમજાવવુ મુસલમાનોંને ફાયદો પહોંચાડે છે.

## ❮7❯ નાદાનની દોસ્તી જાનનો ખતરો

એક બહાદુર શખ્સ જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો તેણે એક રીંછ અને એક અજગરને લડતા જોયા, તેણે જોયુ કે અજગર ઝબરજસ્ત શક્તીશાળી છે અને તેણે એક રીંછને પોતાની પકડમાં લઈ લિધુ છે તે બહાદૂરે અજગરને મારી નાખ્યો અને રીંછને તેની પકડમાંથી આઝાદ કરાવ્યુ, રીંછ એ એહસાનના કારણે તે ઈન્સાનનો સાથી બની ગયો બન્ને જઈ રહ્યા હતા થાકના કારણે તે બહાદૂર શખ્સને સુવાની જરૂરત થઈ તે એક સાયાદાર ઝાડની નીચે સુઈ ગયો અને રીંછ તેની નજીક બેસી ગયુ.

ત્યાં એક અકલમંદ અને સમજદાર માણસ આવ્યો તેણે રીંછ અને એ બહાદૂર શખ્સનો સાથ જોઈને સવાલ કર્યો તે બહાદૂર માણસે પૂરા બનાવનું વર્ણન કર્યું અને કહ્યું કે રીંછ મારા એ એહસાનના કારણે મારૂ મિત્ર બની ગયુ છે તે અકલમંદ શખ્સે કહ્યું કે ભાઈ તૂ નથી જાણતો **"નાદાનની દોસ્તી જાનનો ખતરો"** આ દોસ્તી સારી નથી. તૂ આ રીંછને જંગલમાં છોડ અને મારી સાથે ચાલ હું અકલમંદ ઈન્સાન છુ તારા માટે બહેતર થશે જ્યારે કે આ રીંછની દોસ્તીમાં તારા માટે હમેશા ખતરોજ છે. તે બહાદૂર શખ્સે તે અકલમંદનની વાત ન માની અને કહ્યું કે તને મારાથી હસદ છે આવનારે ઘણુ સમજાવવા છતા તેના પર બદ ગુમાની (ઝુઠી કલ્પનાઓ) અને બદ દીમાગીએ તેને સહીહ વિચારવાથી દૂર રાખ્યો તે સમજદાર માણસ ચાલ્યો ગયો.

તે બહાદૂર માણસ ઝાડના સાયામાં સુઈ ગયો અને રીંછ તેનુ રક્ષક બની ગયુ, સુતા સમયે તે માણસના ચહેરા અને શરીર પર માખીઓ બેસી ગઈ રીંછ તેને ઉડાવતુ રહ્યુ તે માખીઓ ફરીથી ત્યાંજ

આવીને બેસી જતી, રીંછ માખીઓને ઉડાવી ઉડાવીને થાકી ગયુ અને નજીકમાંથી એક ચક્કીના પૈડા જેટલો મોટો પત્થર ઉપાડી લાવ્યુ. એકવાર ફરી ઉડી આવીને તે ઈન્સાનના મોં પર માખી બેસી તો રીંછે બરાબર નિશાન લઈને મોં પર પત્થર મારી દીધો તે માણસનું માથુ ફાટી ગયુ અને તે માણસ મરી ગયો.

**સબક :** બેવુકૂફ નાદાન દોસ્ત એ રીંછની દોસ્તી કરતા વધારે ખરાબ છે કયામતના દિવસે ઘણા માણસો કહેશે કે કાશ ! મૈં ફલાણાને મિત્ર ન બનાવ્યો હોત ! દુનિયામાં નાદાનની દોસ્તી આખિરતમાં કેટલુ નુક્સાન પહોંચાડી શકે છે તેની મિસાલ પારહ 19 સૂરએ ફુરકાન આયત નં. 28/29 **તર્જમો :** હાય અફસોસ ! મારા પર કે મૈં ફલાણાને દોસ્ત ન બનાવ્યો હોત. બેશક ! તેણે મને મારા સુધી આવેલ નસીહતથી બેહકાવી દીધો.

આ આયત ઉક્બા બિન અબી મુઈતના વિષે નાઝિલ થઈ તે ઉબય બિન ખલફનો ગાઢ મિત્ર હતો હુઝૂર صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ના ફરમાવવાથી તેણે કલમએ શહાદત પઢયો અને તેના પછી ઉબય બિન ખલફના દબાણમાં મુર્તદ થઈ ગયો કયામતના દિવસે તેને એટલો પછતાવો થશે કે તે પોતાના હાથ ચાવી ખાશે. અને તે બદ્રના દિવસે કુફ્ર પર મર્યો. આવા દોસ્તોથી અલ્લાહની પનાહ !

## ﴾8﴿ હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام અને એક વહેમ પરસ્ત

હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام એ એક ગૌવંશની પૂજા કરનાર એક વ્યકતીને કહ્યુ તને મારી પૈગમ્બરીમાં શું કોઈ શક છે ? તેં મારા સેંકડો મોજીઝા (ચમત્કાર) જોયા પરંતુ તારો શક અને બદ ગુમાની ન ગઈ તેં જોયુ કે મૈં દરિયામાં રસ્તો બનાવી દીધો અને તમે લોકો ડૂબી જવાથી બચી ગયા, જ્યારે કે ફિરઔન અને તેની કૌમ ડૂબી ગઈ. ચાલીસ વર્ષ સુધી આસ્માનથી ખ્વાન (થાળ) નાઝિલ થતો રહ્યો મન્ન અને સલવાથી તમારી મહેમાની કરવામાં આવી પત્થરથી પાણીના ચશ્મા નિકળતા તેં જોયા મારા હાથથી અસા (લાકડી)નું

અજગર થતા જોયુ મારા હાથને સૂરજની જેમ ચમકતા જોયો અય વહેમ પરસ્ત ! આટલુ જોવા છતા તારો વહેમ ન ગયો.

તેં સામરી અને તેના વાછડામાં શું જોયુ ? કે તૂ તુરંત તેની સામે સજદામાં પડી ગયો તેં તેને ખુદા માની લીધો જ્યારે સામરીની કે તેના વાછડાની શું હૈસિયત ?

**સબક :** ઈન્સાને પોતાના દિલને વહેમ પરસ્તીથી પાક રાખવુ જોઈએ અને પૈગમ્બરના કલામ અથવા આદેશમાં કોઈ શક ન રાખવો જોઈએ અને અલ્લાહના ગૈરને મા'બૂદ ન સમજવો જોઈએ જેવુકે લોકો પત્થર, પહાડ, નદી, સાંપ, ગાય, ચાંદ, સૂરજ તેમજ ગુરૂઓની પૂજા કરે છે. સમુદ્ર જે હકીકતમાં તેમના કોઈજ કામનો નથી ન તો તેઓ પોતાના પૂજનારને કંઈ ફાયદો પહોંચાડી શકે છે ન તક્લીફ દૂર કરી શકે છે ન નુક્સાન પહોંચાડી શકે છે. જેવુકે અલ્લાહ તબારક વ તઆલા પારહ 17 સૂરએ હજ્જ આયત નં. 73માં ફરમાવે છે **તર્જમો :** અય લોકો ! એક મિસાલ ફરમાવવામાં આવે છે તે ધ્યાન દઈને સાભળો એ જેને અલ્લાહને છોડીને તમે પૂજો છો તેઓ બધા મળીને પણ એક માખી પણ નહીં બનાવી શકે અને અગર એક માખી તેઓ પાસેથી કંઈક છીનવી લે તો તે પાછુ નહીં લાવી શકે, કેટલા કમઝોર ચાહવાવાળા ! અને કેટલા કમઝોર જેને ચાહો છો તે !

## ﴾9﴿ હકીમ જાલીનુસ અને એક દિવાનો

હકીમ જાલીનૂસે પોતાના શાગિર્દોથી કહ્યુ કે તેને એક દવાની જરૂર છે તે જે દવા ચાહતો હતો તેમાં દિવાનગી (પાગલપન) નો ઈલાજ હતો તેઓએ હકીમ સાહેબ થી સવાલ કર્યો કે **"તમારે એ દવાની શું જરૂરત પડી ?"**

હકીમ સાહેબે જવાબ દીધો કે આજે એક દિવાનાએ મને સલામ કરી, મારી તરફ એ આકર્ષાયો મારી આસ્તીન ફાડી નાખી મને શક છે કે જરૂર તેને મારામાં દિવાનગીના કોઈ લક્ષણ દેખાયા

હશે નહીતર તે અને હું એક જેવા ન હોવા છતા મારી તરફ શા માટે ખેંચાય ? માટે હવે હું મારા પાગલ પણનો ઈલાજ કરવા માંગુ છુ.

આપે વધારામાં કહ્યુ : એક દાના ઈન્સાને એક ખેતરમાં કાગડા અને બુલબુલને એક સાથે જોયા તેને બહુજ નવાઈ લાગી કે આ બન્ને હમ જિન્સ ન હોવા છતા તેમના સાથે રહેવામાં શું ભેદ છે ? તે હૈરાન અને પરેશાન તેની નજીક ગયો તો જોયુ કે બન્ને લંગડા હતા અને બન્નેની આ ખામી બન્નેના સાથે રહેવાનું કારણ બની ગઈ.

**સબક :** હમ જિન્સ એક સાથે રહે છે ના જિન્સનું સાથે રહેવુ જરૂર કોઈ નુક્સાન (ઐબ)નું કારણ જ હોય છે.

અલ્લાહ તઆલા ફરમાવે છે લોકો નેકોની સાથે રહે અને બુરાઓથી દૂર થઈ જાય જેવુ કે પારહ 11 સૂરએ તૌબા આયત નં. 119 **તર્જમો :** અય ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને સાચાઓની સાથે થઈ જાવ. અને ફરમાવે છે કે જાહિલો તથા બુરાઓથી દૂર થઈ જાવ. જેમ કે પારહ 9 સૂરએ આ'રાફમાં આયત નં. 199 **તર્જમો :** અય મહેબૂબ ! માફ કરવાનું અપનાવો અને ભલાઈનો હુક્મ કરો અને જાહીલોથી દૂર થઈ જાવ. અને ફરમાવે છે : પારહ 19 સૂરએ ફુરકાન આયત નં. 63માં કે **તર્જમો :** અને રહેમાનના ખાસ બંદા (સારા મુસલમાન) ઝમીન પર ધીમે ચાલે છે અને જયારે જાહિલ તેનાથી વાત કરે છે તો કહે છે કે તમને (દૂર થી) સલામ.

**અલ હાસિલ :** બુરાઓની સાથે સંપર્ક, સંસર્ગ, દોસ્તી સહવાસ ન રાખવો જોઈએ તેની સોહબત હમેશા નુક્સાનજ પહોંચાડે છે.

## 《10》 બગીચાના માલિકનો સૂફી, સૈયદ અને મૌલવીથી વ્યવહાર

એક બગીચાના માલિકે જોયુ કે તેના બાગમાં ત્રણ ચોર આવી ગયા છે જેમાંથી એક પોતાને મૌલવી, એક પોતાને સૈયદ અને એક

સૂફી કહેતો હતો, તેણે મનમાં વિચાર્યુ કે જમાઅતમાં રહેમત છે યા'ની સંપ અને શક્તી છે અગર હું આમનાથી લડીશ તો એ ત્રણ છે, પહેલા મારે આમને અલગ અલગ કરી દેવા જોઈએ. તેણે પહેલા સૂફીને અલગ કર્યો તેણે સૂફીને ગ્રુપથી દૂર કરી કહ્યુ કે જા અને પોતાના સાથીઓ માટે કંબલ (બ્લેન્કેટ/ધાબળો) લઈ આવ તેના દૂર થયા પછી તેણે બાકીના બેને કહ્યુ કે આપ મૌલવી અને આપ સૈયદઝાદા છો આ કહેવાતો સૂફીઓ પેટૂ અને નકામા હોય છે આની શું લાયકાત છે તે તમારી જેવા નેક અને પાકીઝા લોકોની હમનશીની કરે, જ્યારે પાછો આવે તો તેની ખૂબ ધુલાઈ કરો અને બગીચામાં એક અઠવાડીયુ (એક વીક) આરામથી રહો સૂફીના નિકળતાની સાથેજ બાગબાન પણ રવાના થયો રસ્તામાં લાકડી વડે સૂફીની ખૂબજ ધુલાઈ કરી તે અધમુવો થઈ ગયો તેનાથી નીપટીને બાગબાન પાછો આવ્યો.

હવે તેણે સૈયદઝાદા ને કહ્યુ : મારા ઘરે જાવ અને જમવાનું લઈ આવો મારા નોકરને કહેશો તે આપી દેશે. જ્યારે સૈયદઝાદો ચાલ્યો ગયો તો તેણે મૌલવીથી કહ્યુ : આ સૈયદઝાદો કારણ વગર સૈયદ હોવાનું જાહેર કરે છે કોણ જાણે કે આ સૈયદ ખરેખર સૈયદ છે કે નહીં ! કે હઝરતે હસન યા હઝરતે હુસૈન رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنۡہُمَا ની ઔલાદ છે કે નહીં ! શેરનું બચ્ચુ તો શેર જેમજ હોય બતાવો આમા હઝરત હસન યા હુસૈન رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنۡہُمَا જેવુ કંઈ છે ખરૂં ? તે સૈયદઝાદાની પાછળ ગયો અને તે બાગબાને સૈયદઝાદા સાથે એજ કામ કર્યુ જે ખારજીઓએ, યઝીદે, શીમરે, ઔલાદે મૌલા અલી સાથે કર્યુ હતુ આવી રીતે તેણે પોતાની તરફનો બીજો કાંટો કાઢી નાખ્યો.

હવે તેણે મૌલવીનું કામ તમામ કરવા માટેની તૈયારી કરી. કહ્યુ : તૂ વગર રજાએ મારા બાગમાં શા માટે આવ્યો ? પછી તેને ખૂબ માર્યો, બાગથી બહાર કાઢયો અને દરવાજો બંધ કરી દીધો આવી રીતે બાગબાને અકલમંદી અને ચાલાકીથી ત્રણેને અલગ અલગ કરીને નીપટી લિધુ.

**સબક :** આઝાદીના 70 વર્ષ થયા આટલા વર્ષોથી સત્તાધારી પોલીટીકલ પાર્ટી આમજ કરતી આવી છે મુસલમાનોમાં ફુટ પાડો જે મત વિસ્તારમાં મુસ્લીમો બહુમતીમાં હોય અને મુસ્લીમ વોટ પ્રભાવ પાડી શકતા હોય તો તે વિસ્તારને અલગ અલગ બુથમાં વહેંચી નાખવો ત્યાર પછી પણ મુસ્લિમોમાંથી ડમી ઉમ્મેદવાર અપક્ષ ઉભા રખાવી મુસ્લિમોનું મતોનું વિભાજન કરવુ પરિણામે લોકસભામાં કે રાજ્યોની વિધાનસભામાં મુસ્લિમ કેન્ડીડેટ જીતે નહીં અને મુસ્લિમો નાનકડા રાજકીય લાભ ખાતર કે થોડા નાણાં ખાતર મુસ્લિમ ઉમ્મેદવારને હરાવતાજ રહે અંદર અંદર લડતા રહે.

આજ સ્ટ્રેટેજી અત્યારે NRC કે CAA ના કાનૂન વડે હુકૂમત અજમાવી રહી છે પહેલા મુસ્લિમોને ત્યાર પછી દલીતોને ત્યાર પછી આદીવાસીઓને ત્યાર પછી ગરીબ હિન્દુઓને શીકાર બનાવશે.

અલ્લાહ તઆલા ફરમાવે છે પારહ 4 સૂરએ આલે ઈમરાન આયત નં. 103 અને 105 **તર્જુમો :** યાની આપસમાં લડો નહી. અને ફરમાવે છે પારહ 10 સૂરએ અન્ફાલ આયત નં. 46માં **તર્જુમો :** અલ્લાહ અને રસૂલનો હુક્મમાનો અને આપસમાં ન લડો કે તમે બુઝદિલ (કાયર) થઈ જશો અને તમારો ડર દુશ્મનોના દિલમાંથી નિકળી જશે.

**અલ હાસિલ :** માણસે સંપીને રહેવુ જોઈએ કે જમાઅત પર અલ્લાહનો હાથ છે.

## ﴾11﴿ પીર અને મુરીદ

એક પીરના મુરીદે નવુ મકાન બનાવ્યુ અને તેમાં હવા અને પ્રકાશ માટે ઘણી બધી બારીઓ રાખી પીરે અજમાઈશના તરીકાથી મુરીદને પુછયુ આ બધા ગોખલા અને બારીઓ શા માટે ? મુરીદે કહ્યુ એટલા માટે કે હવા અને ઉજાસ ઘરમાં આવી શકે. પીરે કહ્યુ : ઉજાસ અને હવા તો આમ પણ ઘરમાં આવીજ જતી અગર તૂ એ નિય્યત

કરતો કે અઝાનનો અવાજ આવે માટે બારીઓ રાખી છે અગર તૂ એ નિય્યત કરી લેતો તો મકાન બનાવવું ઈબાદત બની જતુ.

**સબક : ઈન્નમલ આ'માલો બિન્નિય્યાત** યાની અમલનો દારોમદાર નિય્યત પર છે કોઈ માણસ ખાવાનું એટલા માટે ખાય કે ઈબાદતની તાકત બની રહે અને જિસ્મની બકા બની રહે તો ખાવાનું ખાવુ ઈબાદત બની જાય અને દુન્યવી ઉખરવી બન્ને લાભ હાસિલ થાય. સારી નિય્યતના અનેક ફાયદા છે જેવુકે માણસ બિસ્મિલ્લાહ બોલીને જમવાનું શરૂ કરે અને જમી લીધા પછી અલ હમ્દુલિલ્લાહ કહે તો જમવા છતા રોઝાનો સવાબ પામે માટે માણસે હમેશા નેક નિય્યતો કરતાજ રહેવુ જોઈએ.

## 12 ચાર નમાઝી

ચાર મુસલમાન એક મસ્જિદમાં નમાઝ માટે ભેગા થયા ચારેએ એકદમ ખુશૂઅ અને ખુઝૂઅની સાથે નમાઝ શરૂ કરી દીધી આ હાલતમાં કે તેઓ નમાઝમાં મશ્ગૂલ હતા મુઅઝ્ઝિન આવી ગયો તે ચારમાંથી એક નમાઝીએ બાંગી સાહેબને કહ્યુ : અઝાન આપી દીધી છે નમાઝનો સમય થઈ ગયો છે. બીજો બોલ્યો : તારી નમાઝ ટુટી ગઈ તેં ચાલુ નમાઝમાં વાત કરી. ત્રીજાએ બીજાને કહ્યુ : તૂં પહેલાના ઐબ ન જો તેં પણ એજ કર્યુ જે તેણે કર્યુ. ચૌથાએ કહ્યુ : અલ્લાહનો શુક્ર છે મૈં તમારા જેવી ભૂલ ન કરી.

**સબક :** આવી રીતે ચારેની નમાઝ ટૂટી ગઈ એક બીજાના ઐબ જોવામાં તમામે પોતાની નમાઝો ગુમાવી જો કૌમ એક બીજાની ખામીઓ શોધવાના બદલે પોતાની ભૂલો જુએ અને પોતાની ઈસ્લાહ કરે તો પૂરો સમાજ સુધરી જાય અફસોસ ! કે આપણને બીજાઓની ભૂલો અને ખામીઓ તો દેખાય છે પરંતુ અફસોસ ! કે પોતાની ભૂલો દેખાતી નથી. જેવુકે અલ્લાહ તઆલા પારહ 26 સૂરએ હુજુરાત આયત નં. 12માં ફરમાવે છે : **તર્જમો :** એક બીજાના ઐબ ન શોધો.

## 《13》 એક વૃધ્ધ અને તબીબ

એક વૃધ્ધે (ઘરડા ઈન્સાને) એક તબીબને કહ્યું કે હું મારા દિમાગના કારણે બહુજ તક્લીફમાં છુ. તબીબે કહ્યું : દિમાગની કમઝોરી બુઢાપાના કારણે છે. બુઢ્ઢાએ કહ્યું : આંખથી ઓછુ દેખાય છે તો તબીબે કહ્યું : આંખની રોશની ઓછી થવી બુઢાપાના કારણે છે. બુઢ્ઢાએ કહ્યું : મારી કમરમાં દર્દ રહે છે. તબીબે કહ્યું કે બુઢાપાના કારણે છે. બુઢ્ઢાએ કહ્યું : જે ખાઉ છુ હઝમ નથી થતુ. તબીબે કહ્યું : આ પણ બુઢાપાના લિધે છે. બુઢ્ઢાએ કહ્યું : મર્દાના કમઝોરી (સેક્સ વાપર) નથી, તે પણ બુઢાપાના કારણે છે. બુઢ્ઢાએ કહ્યું : કમરનો ઘેરાવો વધી ગયો છે. તબીબે કહ્યું : આ પણ બુઢાપાના કારણે છે મત્લબ કે તમામ બીમારી તમામ તક્લીફોં બુઢાપાના કારણે છે.

હવે બુઢ્ઢો ગુસ્સે થઈ ગયો અને તેણે તબીબને કહ્યું તેં આ તિબ્બ અને હિક્મત (ડોકટરી)ની તાલીમ ક્યાં લિધી છે ? દુનિયામાં તમામ બીમારીની દવા છે અને તૂ દરેક તક્લીફને બુઢાપાની સાથે જોડી પોતાની જાન છોડાવી લે છે. તબીબે કહ્યું : આ ગુસ્સો અને આ બે સબ્રી પણ બુઢાપાનાજ કારણે છે જ્યારે શરીરના અંગો કમઝોર થઈ જાય છે તો ઈન્સાનથી આવી આવી હરકતોં થવા લાગે છે.

**સબક :** કાનૂને ફિત્રત છે કે દરેક શય (તમામ ચીઝોને) ધીરે ધીરે ઘસારા અને ઝવાલની તરફ ઢળતીજ રહે છે, સિવાય તેના કે જે ઈમાન લાવે અને નેક આમાલ કરે. જે લોકો નેક આમાલ કરે અને રસૂલે કરીમની સુન્નતોં અપનાવે તેવા લોકો માટે છે કે તેઓના માટે આવો ખરાબ સમય નથી. જેઓ કુરઆન પઢશે તેના માટે આવી ખરાબી નથી. જેવુ કે પારહ 14 સૂરએ નહલ આયત નં. 70માં અલ્લાહ તઆલા ફરમાવે છે : **તર્જમો :** અલ્લાહે તમને પૈદા કર્યા પછી તમને મૌત આપશે અને તમારામાંથી કોઈને સહુથી વધારે નાકિસ (નકામી) ઉમ્ર તરફ ફેરવી દેવાય છે કે જાણવા છતા કંઈજ ન જાણે.

હઝરતે ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنۡہُمَا આ આયતની તફસીરમાં ફરમાવે છે કે મોમિન અલ્લાહના ફઝ્લથી આવી નકામી ઉમ્ર થી મહેફૂઝ છે લાંબી ઉમ્ર અને ઝિન્દગીની બકાથી તેને અક્લમાં વધારો અને બુઝુર્ગી મળે છે.

હઝરતે ઈકરમા رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنۡہُ ફરમાવે છે : જેણે કુરઆન પઢયુ તે આવી નકામી ઉમ્ર સુધી નહીં પહોંચે કે જાણવા છતા ન જાણે, સમજવા છતા ન સમજે બુઢાપામાં તેની અક્લ સલામત રહે છે અને બુઝુર્ગીમાં વધારો થાય છે.

## ﴾14﴿ બાપની મૈયત પર બાળકનું રડવુ અને એક શૈખ ચલ્લી

એક બાળકનો બાપ મરી ગયો તે પોતાના બાપની મૈયત પર રડી રહ્યો હતો. અય બાપ ! આ લોકો આખરે તને ક્યાં લઈ જાય છે શું એટલા માટે લઈ જાય છે કે આખરે તને માટી નીચે દાટી દે તને સાંકડી (તંગ) અને તક્લીફ આપનાર ઘરમાં લઈ જાય છે જ્યાં ન ગાલીચા, ન બોરિયા (કંતાન) ન ચિરાગ-દિવા, ન બારી દરવાજા, ન ખાવાનું, ન સુંગધ, ન તેનો દરવાજો બરાબર, ન છત, ન વરંડો, ન ત્યાં મહેમાન માટે પાણી, ન ત્યાં કોઈ તમારો પડોસી, એ એવુ સાંકડૂ અને અંધારૂ ઘર જેમાં ન ચહેરો સલામત રહે ન શરીર, તે એ ઘરના વિષે વર્ણન કરી રહ્યો હતો અને સાથે સાથે આંસૂ વહાવતો હતો.

શૈખ ચલ્લીના દીકરાએ પોતાના બાપને કહ્યું કે ક્યાંક આ આપણા ઘરની તો વાત નથી કરતોને ! જુઓતો આ શું કહી રહ્યો છે ? બાપે કહ્યું : બેવકૂફ ન બન, તેને આપણા ઘરે નથી લાવી રહ્યા. દીકરાએ કહ્યું : અબ્બા ! આણે જે ઘરની નિશાનીઓ ગણાવી છે બેશક ! એ બધીજ આપણા ઘરને લાગુ પડે છે. ન બોરિયા, ન લાઈટ, ન ખાવાનું, ન દરવાજા, ન છત, ન બારીઓ મને યકીન છે આને આપણાજ ઘરે લાવવામાં આવી રહ્યો છે.

**સબક :** જે તમામ તર નિશાનિઓ અને વર્ણન મુજબની પરિસ્થીતીના બાવુજૂદ એટલે કે પોતાનામાં ઐબ અને ખામીઓ હોવા છતા બીજાની તરફ તો નિસ્બત કરે છે અને પોતાની જાતને બીજા કરતા ઉચ્ચ, યા ચડીયાતી સમજે છે તે બીજાઓના અઝાબથી કંઈજ ઈબ્રત નથી લેતો અને અંતે નુક્સાનજ ઉપાડે છે.

માણસ રોજ બીજાઓને મરતા જુએ છે છતા ઈબ્રત નથી લેતો અને દુનિયાવી મોજ મઝામાં મશ્ગુલ રહી પોતાની મૌતને ભુલી જાય છે આવા લોકો માટે અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છે : પારહ 7 સૂરએ અન્આમ આયત નં. 11માં **તર્જમો :** તમે ફરમાવો અય મહબૂબ ! કે ઝમીનમાં સફર કરો અને પછી જુઓ કે ઝુઠલાવનારાઓનો કેવો અંજામ થયો ! યાની આગલી કૌમો પર આવેલ અઝાબની નિશાની તેમના શહેરોના ખંડેરો જુઓ અને ઈબ્રત લો.

## 《15》 એક ગામડીયો અને એક બુધ્ધી જીવી

એક બદદૂ પોતાના ઊંટ પર અનાજનો બોરો (થેલો) લાદીને જઈ રહ્યો હતો. બેલેન્સ જાળવવા માટે તેણે ઊંટની બીજી તરફ એક બોરીમાં રેતી ભરી રાખી હતી. ખુદ પોતે પણ ઊંટ પર સવાર હતો રસ્તામાં એક અકલમંદ માણસથી મુલાકાત થઈ તે બુધ્ધી જીવીએ ઘણાજ બહેતર અંદાજમાં તે ગામડીયા થી વાત કરી તેના વાત કરવાના અંદાજથી બદદુ બહુજ પ્રભાવીત થયો તે અકલમંદ માણસે બદદુ થી પુછ્યુ કે બોરામાં શું છે બદદુએ કહ્યું : આ બોરામાં ઘઊં છે અને આ બીજી તરફના બોરામાં રેતી છે કે વજનનું બેલેન્સ જળવાય.

અકલમંદે કહ્યું કે ભાઈ અગર તમે અનાજના બોરાને અડધો કરી બીજા બોરામાં ભરી લેતા તો વજન પણ ઓછુ થઈ જતુ અને પરીણામે તમારા જાનવરને પણ રાહત થતી, બેલેન્સ પણ જળવાતુ અને તમને બેસવામાં પણ રાહત રહેતી. તે બદદુ અકલમંદથી વધારે પ્રભાવીત થયો તેના દિલમાં ખયાલ આવ્યો કે આ અકલમંદની

સોહબતમાં રહેવુ જોઇએ તેણે વિચાર્યુ કે તે અકલમંદને પણ ઊંટ પર બેસાડી લેવો જોઇએ.

હવે બદદુએ અકલમંદથી સવાલ કર્યો કે ભાઈ ! તારી અકલમંદી અને યોગ્યતા જોતા એવુ લાગે છે કે તૂ કદાચ વઝીર છે યા ખુદ બાદશાહ છે તેણે જવાબ દીધો : ભાઈ એવુ કંઈજ નથી. તેણે ફરી સવાલ કર્યો : ભાઈ ! તારી પાસે કેટલા ઊંટ અને જાનવર છે ? તેણે જવાબ દીધો : મારી પાસે કશું નથી. બદદુએ કહ્યું કે તો પછી તારી પાસે રોકડ અને ખજાનાઓ તો જરૂર હશે. અકલમંદે જવાબ દીધો : એ પણ નથી. મારા તો પગમાં શુઝ (ચપ્પલ) પણ નથી રાત્રે ખાવાનું પણ નથી મળ્યુ. ગામડીયા બદદુએ કહ્યું : જા પાછો જા અને મારાથી દૂર થઈજા અગર તૂ આગળ જઈશ તો હું બીજી બાજુ રસ્તો બદલી લઈશ આવી નકામી અકલ મારે નથી જોઈતી જેના વડે તૂ બે ટાઈમની રોટી પણ ન મેળવી શકે !

**સબક :** અકલમંદીના ફાલતુ દાવા જે પોતાને કે સમાજને કંઈ ફાયદો ન પહોંચાડે તો એ અકલ વ્યર્થ છે.

## ﴾16﴿ હઝરતે ઈબ્રાહીમ બિન અદહમ સમુદ્ર કિનારે

હઝરતે ઈબ્રાહીમ બિન અદહમ رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَیْه એક દરિયાના કિનારે બેસીને પોતાની ગોદડી સીવી રહ્યા હતા ત્યાંથી એક અમીર પસાર થયો તેણે હઝરતને ઓળખી લિધા એટલા માટે કે તેઓ બાદશાહ રહી ચુક્યા હતા અને બલ્ખની સલ્તનત અને તખ્તો તાજ છોડીને ફકીરી અપનાવી હતી. તે અમીરે વિચાર્યુ કે આ આમને શું સુઝયુ કે બાદશાહત અને ઐશો આરામની ઝિન્દગી છોડી અને દુરવેશી અપનાવી.

હઝરતે ઈબ્રાહીમ અદહમે તે અમીરના દિલના ખયાલને જાણી લિધો આપે પોતાની સોઈ દરિયામાં ફેંકી દીધી અને પછી દરિયા પાસે સોઈ માંગી તો સેંકડો હજારો માછલીઓ સોનાની સોઈ મોંમા લઈ અને સમુદ્રની સપાટી પર હાજર થઈ. હઝરતે અદહમ

رَحْمَةُاللّٰهِ تَعَالٰی عَلَیْه એ કહ્યુ : અય ખુદા ! હું તો મારી સોઈ માંગતો હતો એટલામાં એક માછલી તેમની સોઈ મોંમા દબાવીને સપાટી પર આવી ગઈ, તે અમીરે આ જોયુ અને એ પણ જોયુ કે સમુદ્ર કિનારાની બધી રેતી સોનૂ બની ગઈ હતી તો આપે જાણવા માંગ્યુ અને પુછયુ કે અય સરદાર ! શું આ બાદશાહત બહેતર છે કે તે તુચ્છ ખત્મ થઈ જનાર બાદશાહત !

**સબક :** જેણે પણ પોતાની જાતને અલ્લાહ તઆલાની જાતમાં ફના કરી દીધો તે મહેદૂદ (લિમીટેડ) થી લા મહેદૂદ (અન લિમીટ કદી ખતમ ન થનાર) થઈ જાય છે, તેની નજરમાં સોનું અને માટી બન્ને બરાબર થઈ જાય છે દુનિયાની તમામ ચીઝો તેની નજરમાં હકીર બની જાય છે અને હર શય તેનો હુક્મ માને છે. જેવુ કે હદીસ શરીફમાં છે કે **મન કાન લિલ્લાહે કાનલ્લાહુ લહૂ** જો ખુદા કા ખુદા ઉસ કા سُبْحَانَ اللّٰه عَزَّوَجَلَّ બહેતરી એમાંજ છે કે માણસ પુરી દુનિયાને છોડીને એક માત્ર તેનો બની જાય.

## ﴾17﴿ એક વલીઅલ્લાહ અને એક મુર્ખ

એક બેવકુફ ઈન્સાને એક અલ્લાહના વલી પર તોહમત લગાડી કે તે હિદાયત પર નથી પરંતુ તેઓ શરાબી છે, મક્કાર છે, ખબીસ (નાપાક) છે ભલા એ મુરીદોને શું ફાયદો પહોંચાડશે ? તેમના એક મુરીદે એ બેવકુફને કહ્યું કે તૂ શા માટે આવી ખરાબ વાતો એક વલીઅલ્લાહના બારામાં કરે છે જે અલ્લાહના નેક, પાકીઝા અને હકીકી બંદા છે **તૂં શા માટે એમના વિષે ખોટી કલ્પનાઓ અને વહેમમાં છે ?**

તે બોલ્યો કે હું તેની બુરી હાલતનો ગવાહ છુ તે શરાબી અને ખરાબ માણસ છે વિશ્વાસ ન આવતો હોય તો રાત્રે મારી સાથે આવ અને તેને પોતાની આંખોથી જોઈલે. રાત્રે તે તેને એક રોશનદાન પર લઈ ગયો કે તૂ આની બુરી આદત અને મઝા જોઈ લે મુરીદ જયારે રાતે એ જગ્યાએ પહુંચ્યો.

તો વલીઅલ્લાહના હાથમાં એક ભરેલો પ્યાલો જોયો વલીઅલ્લાહે કહ્યુ : આ નથી જામ કે નથી આમાં શરાબ. અય મુન્કીર ! જા અને જઈને જોઈલે. તે આવ્યો અને તેણે જોયુ તો શુધ્ધ મધ હતુ. તે વલીઅલ્લાહે પોતાના મુરીદ ને કહ્યું : જા મારા માટે શરાબ લઈ જાવ. મુરીદ ગયો અને દારૂના પીઠાના દરેક દરેક માટલામાં શરાબ શોધી પરંતુ કોઈમાં પણ શરાબ ન હતી. શૈખના મુરીદે બીજા નશાબાઝ લોકોને કહ્યું : શું વાત છે મને એક પણ માટલામાં શરાબ દેખાતીજ નથી તમામે તમામ નશેડીઓ ભેગા થઈ ગયા, શૈખની પાસે આવ્યા રડવા લાગ્યા કે અય શૈખ ! તમે તમામ શરાબને મધમાં બદલી નાખી હવે અમારા બાતિનને પણ નાપાકી અને ખબાસતથી પાકી અને નેકીમાં બદલી કાઢો.

**સબક :** અગર કોઈ અલ્લાહવાળા બુઝુર્ગ કાબિલે એતેરાઝ યા તોહમત વાળી જગ્યા પર જાય છે તો તે નફસાની ખ્વાહિશ માટે નથી જતા, પરંતુ એ જગ્યાએ લોકોને હિદાયતની તરફ બોલાવવા માટે જતા હોય છે.

## ﴾18﴿ એક ગુનેહગાર અને અલ્લાહની પકડ

હઝરતે શુઐબ عَلَيْهِ السَّلَام ના ઝમાનામાં તેમની પાસે એક શખ્સ આવ્યો તેણે કહ્યુ : અલ્લાહ તઆલાએ તેના બેશુમાર ગુનાહ તથા ઐબ જોયા છે પરંતુ તે પોતાના કરમથી મારી પકડ નથી કરતો અલ્લાહ તઆલાએ આપને વહીના ઝરીએ હુક્મ દીધો કે તેને કહી દો કે તારી પકડ થઈ ચુકી છે.

હઝરતે શુઐબ عَلَيْهِ السَّلَام તેને સાફ સાફ અલ્ફાઝમાં કહી દીધુ કે અલ્લાહ તઆલા તને ગુનાહ અને ગલત કામો પર પકડે જ છે એ અલગ વાત છે તને જોવાતુ નથી તૂ એમ ન સમજ કે મારી પકડ નથી થતી સજા કરવાના અંદાજ અલગ અલગ હોય છે અય કાળી દેગ ! તારા ઉપર એકના ઉપર એક એમ ઝંગ (કાટ)ના અનેક પડ ચઢી ગયા અને તેણે તારા બાતિનની સફાઈને તબાહ કરી દીધી. નવી દેગ

(પકાવવાનું વાસણ) પર ધુમાડો લાગે તો ભલે થોડોજ હોય તો પણ તુરંત નજર આવે છે પરંતુ જ્યારે દેગ કાળી થઈ જાય તો ધુમાડાની અસર તેના પર નજર નથી આવતી.

જેવુકે હબશી અને કાળો લુહાર જેવુકે ધુમાડાનો કલર અને તેના ચહેરાનો કલર સરખોજ હોવાથી તે જ્યારે ભઠ્ઠી પર બેસે તો તેને કોઈ ફરક નથી પડતો. પરંતુ પકાવવાની દેગ જ્યારે વરસો સુધી ધુમાડો ખાતીજ રહે તો હવે લોખંડ સડવા લાગે છે અથવા એમ કહી શકાય કે સફેદ કાગળ પર લખાણ વાંચી શકાય છે પરંતુ લખેલ કાગળ પર ફરી લખાયેલ લખાણ વાંચવુ મુશ્કેલ હોય છે અને બીજીવાર લખેલ કાગળ પર ત્રીજીવાર લખવામાં આવેતો કાગળ કાફિરના ઈમાન જેવો કાળો બની જાય છે તારૂ પણ એવુજ છે તારૂ બાતિન સિયાહ (કાળુ) થઈ ગયુ છે.

એ માણસે સાંભળ્યુ તો કહ્યુ કે અગર અલ્લાહ તઆલાએ તેમને પકડયો (સજા કરી છે) તો તેની નિશાની બતાવો. હઝરતે શુઐબ عَلَيْهِ السَّلَام એ ફરમાવ્યુ : અલ્લાહ તઆલા એની નિશાની એ બતાવે છે કે એક ઈન્સાન નમાઝ, રોઝા, ઝકાત અદા કરે છે પરંતુ તેને એમાં લઝ્ઝત (લુત્ફ) નથી આવતુ આ એ વાતની નિશાની છે કે અલ્લાહે તેની પકડ કરી લીધી છે ઝૌકો શૌક હોય તો ઈબાદત ફળ આપે પરંતુ મુરજાઈ ગયેલ દાણા ઝમીનમાં નાખો તો તેનાથી હરિયાલી નથી થતી.

**સબક :** ઈન્સાન એ વહેમમાં ન રહે કે તેની પકડ નથી થતી ઘણી વખત અલ્લાહ ઢીલ આપતો હોય છે અને એટલા માટે પણ કે કદાચ બંદો તૌબા કરે, ગુનાહ છોડી દે અને અલ્લાહની પકડ બહુજ સખ્ત છે માટે ઈન્સાને અલ્લાહના અઝાબથી ડરતા રહેવુ જોઈએ.

## ﴾19﴿ ઉંદર અને ઊંટની દોસ્તી

એક ઉંદરે ઊંટની લગામ પકળી લીધી અને ચાલી નિકળ્યો ઊંટ તેની પાછળ પાછળ થઈ ગયો ઉંદર ઘમંડમાં આવી ગયો કે એ તો

પહેલવાન છે કે મોટા જાનવરને પણ ખેંચી રહ્યો છે તેનો આ ખયાલ જ્યારે ઊંટે જાણ્યો તો તેણે ઉંદરને કહ્યુ : ચાલ્યે રાખ હૂં તેને બતાડીશ ચાલતા ચાલતા તેઓ એક નહેરના કિનારે પહોંચી ગયા ઉંદર ત્યાં રોકાઈ ગયો.

ઊંટે કહ્યું : તૂં રોકાઈજા, હું જરા નહેરના પાણીની ઉંડાઈનો અંદાજ કાઢી લઉ ઊંટ નહેરની અંદર ગયો તેણે કહ્યું : કોઈ ફિકરની વાત નથી નહેર તો બસ ઘુંટણ સુધીજ  છે તૂં શા માટે ઘબરાય છે ? અને હોશ ખોઈ બૈઠો છે ઉંદરે કહ્યુ : એ ઘુંટણ તારા છે અગર તારા ઘુંટણ સુધી છે તો મારા માથા થી ઘણું બધુ વધારે છે. ઊંટે કહ્યુ : આમ છે તો પોતાની જાતને ઉંદર સુધી લિમીટમાં રાખ પોતાની જાતને ઊંટ ન સમજ. ઊંટે કહ્યું : હું તારી જેવા લાખોને પોતાની પલાણ પર બેસાડીને આવી નહેરો પાર કરી શકુ છુ.

**સબક :** અગર કોઈ ટેમ્પરરી હાદસાના લીધે કોઈ ટૂંક સમય પર બીજા પર કાબૂ મેળવી લે તો તેને પોતાનો કમાલ કે હમેશા માટે ન સમજી લેવુ જોઈએ.

## ﴾20﴿ હઝરતે બિલાલની અઝાન

હઝરતે બિલાલ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ અઝાનની અદાએગીમાં હય્યા અલસ્સલાહ, હય્યા અલલ ફલાહ સહી ઢંગથી અદા કરી શકતા ન હતા માટે સહાબીઓ માંથી અમુકે એતરાઝ કર્યો અને કહ્યુ કે યા રસૂલલ્લાહ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَاٰلِہٖ وَسَلَّم ! આ ઈસ્લામની શરૂઆતનો સમય છે અને શરૂઆતમાં આ ભૂલ બહુ સંગીન ગણાય કોઈ બીજો વધારે સ્પષ્ટ અવાજ વાળો મોઅઝ્ઝિન મુકર્રર કરવો જોઈએ. હય્યા અલલ ફલાહને ગલત પઢવુ દીનની શરૂઆતના દૌરમાં ઐબ બની જશે.

આં હઝરત صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَاٰلِہٖ وَسَلَّم એ ફરમાવ્યુ : અલ્લાહના નઝદીક બિલાલ (رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ) નું હય્ય પઢવુ એ શોરો ગુલ અને સેંકડો હય્ય કરતા બહેતર છે.

અગર ખુદ દુઆમાં દમ નથી રાખતો તો જાવ અહલે સુફ્ફા (સુફ્ફા એક ચબુતરો હતો) જે મસ્જિદે નબવીમાં છે અને હઝરતે બિલાલ અહલે સુફ્ફાથી હતા અને શબ્દોની અદાએગી પર ન જાવ ઈખ્લાસ પણ જુઓ છીલકા પર જ નઝર ન રાખો અંદરનું મગ્ઝ (પલ્પ) પણ જુઓ.

**સબક :** માત્ર જાહેરી દેખાવ કે પાકી સુથરાઈ નજાતનો ઝરીયો નથી કે કામિયાબીની નિશાની નથી એના માટે બાતિનની પાકીઝગી અને ઈખ્લાસ પણ જરૂરી છે અને બાતિની સફાઈ હોય તો કોઈ જાહેરી અછત દેખાય તો બરદાશ્ત કરી લેવી જોઈએ.

## ﴾21﴿ અલ્લાહને પોકારવાનો તરીકો (હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام)

અલ્લાહ તઆલાએ હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام ને કહ્યુ : અય મૂસા ! મને એ મોંથી દુઆ કર (યાદ કર) જે મોં વડે તેં ગુનાહ ન કર્યા હોય. હઝરતે મૂસા કલીમુલ્લાહએ કહ્યુ : અય મારા રબ ! તે મોં ક્યાંથી લાવુ. અલ્લાહ તબારક વ તઆલાએ ફરમાવ્યુ : અય મૂસા ! મને બીજાઓના મોંથી પોકાર કે એ મોંથી તેં ગુનાહ નથી કર્યા. મત્લબ કે તૂ એવા કામ કર કે બીજાઓ તારા માટે રાત દિવસ દુઆ કરે. દુઆઓ કરતા રહે કારણ કે હું એવી દુઆ કબૂલ કરૂ છુ.

**સબક :** ઈન્સાન એવા ભલાઈના કામ કરે કે કૌમને ફાયદો પહોંચે લોકોની તક્લીફ દૂર કરતો રહે એવા આમાલ કરે કે મખ્લૂક તેને હમેશા ભલાઈના કામોમાં મસરુફ જુએ જ્યારે આવુ થશે તો લોકો રાત દિવસ તેના માટે દુઆ કરશે.

તમામ મખ્લૂક અલ્લાહની અયાલ છે અને અલ્લાહને એ બંદો પસંદ છે જે તેની અયાલને ફાયદો પહોંચાડે. જેવુકે હદીસ શરીફમાં છે કે **"ખયરુન્નાસ મંય્યનફઉન્નાસ"** તમારામાં બહેતર એ છે જે બીજાઓને ફાયદો પહોંચાડે. ત્યાં સુધી કે રસ્તામાંથી કંકર પથ્થર હટાવનારને પણ અલ્લાહ જન્નત આપે છે. سُبْحَانَ اللهِ عَزَّوَجَلَّ

## ﴾22﴿ અલ્લાહનો ઝિક્ર

એક અલ્લાહનો બંદો બહુજ મોટા પ્રમાણમાં અલ્લાહનો ઝિક્ર કરતો રહેતો હતો એક દિવસ શયતાને તેને વસ્વસા નાખ્યા કે તૂં તો અલ્લાહ અલ્લાહ કરતોજ રહે છે જયારે કે અલ્લાહની તરફથી એકવાર પણ લબ્બૈકની અવાજ ન આવી આ એ વાતની દલીલ છે કે તારૂ ઝિક્ર કરવુ અલ્લાહને પસંદ નથી યા મક્બૂલ નથી પરીણામે તે ન્યાઝમંદ ઈન્સાને ઝિક્ર કરવાનું છોડી દીધુ.

એક રાત્રે હઝરતે ખિઝર عَلَيْهِ السَّلَام તેના સ્વપ્નમાં આવ્યા અને તેનાથી જાણવા માંગ્યુ કે તેં ઝિક્ર શા માટે બંદ કરી દીધો ? તેણે જવાબ દીધો : મૈં ઝિક્રના જવાબમાં એકવાર પણ લબ્બૈકનો જવાબ ન સાંભળ્યો એટલે હું ડરી ગયો કે ક્યાંક હું અલ્લાહની બારગાહથી મર્દૂદ ન બની જાઊં **"રાંદએ દરગાહ"** ન બની જાઊ.

હઝરતે ખિઝર عَلَيْهِ السَّلَام એ કહ્યું કે મને અલ્લાહ તઆલાએ મોકલ્યો છે કે તને બતાવુ કે "તારૂ અલ્લાહના ઝિક્રમાં મશ્ગૂલ હોવુ એજ લબ્બૈક અને ઝિક્રની કબૂલિયતની દલીલ છે. શું અલ્લાહ તઆલાએ તને પોતાના ઝિક્રમાં મશ્ગૂલ નથી રાખ્યો ? યાદ રાખ તારી તદબીરો અને તમામ પ્રયત્ન બધુજ અલ્લાહના ફઝ્લથી છે.

**સબક :** અલ્લાહના ઝિક્રનો અજ્ર ખુદ તેના ઝિક્રમાં છુપાયેલ છે અલ્લાહ તઆલા પોતાના ઝિક્રની અને યાદની તૌફીક તેનેજ આપે છે. જેનાથી તે ખુશ છે અને એજ તેની કબૂલિયતની દલીલ છે سُبْحَانَ اللهِ عَزَّوَجَلَّ યાદ રહે અગર તને અલ્લાહના ઝિક્રથી મહોબ્બત છે તો આ એ વાતની દલીલ છે કે અલ્લાહ તારાથી મહોબ્બત કરે છે.

## ﴾23﴿ બદ અખ્લાક પર એહસાન

એક ગામડીયો પોતાના કામના માટે વારંવાર શહેર જતો તેની દોસ્તી શહેરના એક વેપારીથી થઈ ગઈ તે તેના ઘરે મહીનો મહીનો રોકાતો ખ્વાજા તેની ખૂબ આવ ભગત (મહેમાની) કરતો

દરેક વખત તે ગામડીયો આ શહેરી મિત્રને દાવત આપતો કે ખ્વાજા ક્યારેક તો બાલ બચ્ચા સહીત (સહ કુટુંબ) તે ગામડીયાનો મહેમાન બને અને તેને પણ ખિદમતનો મૌકો દે. ગામડાની ખુલ્લી આબોહવા, બગીચા અને હરિયાલી, ખેતર વિગૈરેનો ઝિક્ર કરીને તે વારંવાર ખ્વાજા અને તેના બચ્ચાઓને ગામડે આવવાનું કહેતો.

ખ્વાજા મોટે ભાગે કામકાજ અને ધંધાની મશ્ગૂલિયતનું બહાનું કાઢી તેને ટાળી દેતો તેના અતિ આગ્રહના કારણે અને બાળકોના કહેવાથી ખ્વાજાએ તેની દાવત કબૂલ કરી લીધી. બાળકોને સાથે લઈ એક દિવસની સફર કરીને જ્યારે તે પોતાના ગામડીયા મિત્રને ત્યાં પહોંચ્યો અને તેના ઘર પર ટકોરા માર્યા કે. અમે આવી ગયા તો તેણે ખ્વાજા તથા તેના બાળકોને ઓળખવાથીજ ઈન્કાર કરી દીધો. કહ્યું કે તે અલ્લાહની યાદમાં એવી રીતે ગુમ થઈ ગયો છે કે તેની યાદદાશ્ત ગુમ થઈ ગઈ છે અને તે કોઈને પણ ઓળખતોજ નથી ખ્વાજાએ ઘણાં હવાલા દીધા કે તૂ મહીનાઓ સુધી મારા દસ્તરખ્વાન પર ખાતો રહ્યો મૈં તારા માટે શું શું નથી કર્યુ ? પરંતુ ગામડીયો માન્યોજ નહી અને અજાણ્યો બની રહ્યો.

ખ્વાજા અને તેના બાળકોએ થોડા દિવસ ઘણીજ મુશ્કેલીથી પસાર કર્યા. રાત્રે શર્દી અને દિવસની ગરમી સહનશકતી કરી. એક રાત્રે અચાનક વરસાદ શરૂ થઈ ગયો. ખ્વાજા પરેશાન થઈ ગયો તેણે ગામડીયાને બોલાવ્યો અને તેને કહ્યું : હું તારા પાસે કોઈ હકનો સવાલ નથી કરતો આજે રાત્રે વરસાદ છે તૂ આજ રાત પુરતી મહેરબાની કરીને મને રોકાવાની કોઈ છત (જગા) આપી દે. ગામડીયાએ કહ્યું : માત્ર એક રૂમ છે જે ચોકીદારનો છે અને મારે આખી રાત મારી બકરીયોને વરૂથી બચાવવા માટે તીરકમાન લઈને ત્યાં બેસવાનું છે ખ્વાજા રાત ભર ચોકીદારી કરવા તૈયાર થઈ ગયો. તીર કમાન લઈને બેસી ગયો. રાત્રે માત્ર એક તીર ચલાવ્યુ અને તેણે ગામડીયાને કહ્યું કે મૈં ભેડીયાને મારી નાખ્યો. ગામડીયાએ જાનવરની

અવાજ ઓળખીને કહ્યું તેં મારા ગધેડાના બચ્ચાને ભેડીયો સમજીને મારી નાખ્યુ અને તેં મારૂ નુક્સાન કર્યું. ખ્વાજાએ કહ્યું કે મૈં વરૂનેજ માર્યું છે. ગામડીયાએ કહ્યું : હું મારા ગધેડાના બચ્ચાની અવાજ ઓળખુ છુ. તેં મારા ગધેડાના બચ્ચાનેજ માર્યું છે.

ખ્વાજાના (માલિક) સબરનો પ્યાલો છલકાઈ ગયો તેણે કહ્યું : અય ચોર ! બદ બખ્ત, બદ ફિતરત ઈન્સાન ! તૂ મારા જેવા મોહસીનને કે જેના દસ્તરખ્વાન પર મહીનાઓ સુધી રહેતો હતો અને રોટીયો તોડતો હતો અને મૈં તારા પર બેશુમાર એહસાન કર્યા તૂ મને તો નથી ઓળખતો અને રાતના અંધારામાં ગધેડાની અવાજને ઓળખી કાઢે છે તેં ખુદાની યાદમાં ડૂબી જવાનું બહાનું ઘડી લિધુ છે જ્યારે કે તને બધીજ ખબર છે.

**સબક :** જેના પર એહસાન કરો તેના શરથી બચો, કમીના અને બદ ફિતરત ઈન્સાનની દાવત કરવાથી બચો કારણ કે તેની સોહબત તમને નુક્સાન પહોંચાડી શકે છે.

## 24 ગીધડ અને રંગનું માટલુ

એક ગીધડ એક રંગના માટલામાં પડી ગયુ થોડીવાર તેમાં રહ્યું ત્યાંથી નિકળ્યુ તો તેની ખાલ કલરફુલ બની ગઈ તેણે જોયુ તો બોલ્યુ હું તો મોર છુ સૂરજની ધુપે તેના રંગને વધારે ખૂબ સૂરત બનાવી દીધો તેણે પોતાની જાતને લાલ, પીળો, સફેદ અને લીલો જોયો હવે તેણે ગીધડોમાં મોટાઈ બતાડવી શરૂ કરી, ગીધડો એ કહ્યું તારામાં આ ઘમંડ ક્યાંથી આવી ગયો ? તૂ તો અમારીજ નસલથી છે.

એ રંગીન ગીધડે બીજા ગીધડોથી કહ્યું : મને અને મારા રંગને જૂઓ હું હસીનો જમીલ છુ, બગીચાઓની જેવી રંગીન બહાર રાખુ છુ મને સજદો કરો, મારી શાનો શૌકત મહેક અને રંગ જુઓ તમારા જેવા ગીધડોની કિસ્મતમાં આ ક્યાંથી ? બધાજ ગીધડ ભેગા થઈ ગયા, તેણે કહ્યું : અય ગીધડો ! મને ગીધડ ન કહો હું તો નર મોર છુ.

ગીધડોએ કહ્યું : શું તૂં મોરની બોલી બોલી શકે છે ? તેણે કહ્યુ નહીં. ગીધડોએ કહ્યું : તૂ પોતાના રંગનો જલ્વો દેખાડી શકે છે ? તેણે કહ્યું : નહીં. તેઓએ કહ્યું : મોરનો લિબાસ તો આસ્માનથી આવે છે તૂં મોર નથી ગીધડજ છે.

**સબક :** દાવો કરવાવાળાએ કસોટીમાંથી પસાર થવુજ પડે છે અને ખોટા દાવેદારો અજમાઈશના વખતે રુસ્વા થાય છે. **હીજડાઓ બખ્તર પહેરીને પહેલવાન નથી બની જતા.** કારણકે લિબાસ અને દેખાવતો પહેલવાનનો હોય છે પરંતુ દિલ અને શરીર હીજડાનું હોય છે.

## 《25》 મદારી અને મરેલો અજગર

એક મદારી (સાંપના ખેલ બતાવનાર સપેરો) જંગલમાં સાંપ શોધી રહ્યો હતો. તેણે એક મરેલો અજગર જોયો તે એને દોરડા અને ચીંથડામાં બાંધીને લઈ આવ્યો કે લોકોને તમાશો બતાડે અને પૈસા કમાઈલે. તે અજગર મર્યો ન હતો પરંતુ શરદીના કારણે મૃતપાય થઈ ગયો હતો અને નિષ્ક્રીય થઈ ગયો હતો મદારી તેને ખુશી ખુશી ખેંચીને બગદાદના બજાર સુધી લઈ આવ્યો અને લોકોમાં વાત ફૈલાવી દીધી કે એક મદારી અજીબો ગરીબ અજગરનો શિકાર કરી લઈ આવ્યો છે લોકોના ટોળા ભેગા થઈ ગયા મદારી ખુશ હતો કે લોકોના એકઠ્ઠા થઈ જવાથી બહુજ માલ કમાઈ લેશે તેણે ધીમે ધીમે ચીંથડા હટાવીને લોકોને અજગર બતાવવાનું શરૂ કર્યું.

લોકોની ગરમી અને સૂરજની ગરમીના કારણે ધીમે ધીમે બરફ ઓગળવાનું શરૂ થયુ તો અજગરે ધીમે ધીમે બધાજ દોરડા તોડી નાખ્યા ટોળાએ ભાગવાનું શરૂ કર્યું અને ઘણા લોગો કચડાઈ ગયા એ અરસામાં અજગરે મદારીને પોતાની પકડમાં લઈ ગળી ગયો અને પછી એક થાંભલા ફરતે વીટાઈને મદારીના હાડકાના ટૂકડા કરી નાખ્યા.

**સબક :** તારો નફસ ઝિન્દા છે અજગરની જેમ મર્યો નથી જરૂરતો પૂરી થવાના ઝરીયા ન હોવાના કારણે મુર્દા જેવો નઝર આવે છે. તૂ એને મહેરૂમીની બરફમાં જ રહેવા દે એની ખ્વાહિશો પુરી ન થાય તેનું ધ્યાન રાખ નહીંતર એ ઉઠીને તનેજ ગળી જશે અને નફસ પર કન્ટ્રોલ કરનાર કામિયાબ થશે જેવુ કે અલ્લાહ તબારક વ તઆલા ફરમાવે છે : પારહ 30 સૂરએ નાઝિઆત આ. નં 40 અને 41 **તર્જમો :** જે પોતાના રબની સામે (કયામતમાં) ઉભા રહેવાથી ડર્યો અને પોતાના નફસને ખ્વાહિશથી રોકયો તો બેશક ! તેનો મકામ જન્નત છે. سُبۡحَانَ اللّٰه عَزَّوَجَلَّ

## ﴾26﴿ હાથીને અંધારામાં જોવુ

હિન્દુસ્તાનથી એક હાથી લાવવામાં આવ્યો ધોર અંધારી રાતના અંધારામાં અમુક આંધળાઓ હાથી જોવા આવ્યા આમ પણ તેઓના માટે જોવુ શકય ન હતુ લોકોએ તેમના પર હાથ ફેરવીને જોવા સમજવાનું શરૂ કર્યું એકનો હાથ સુંઢ પર પડયો તો તેણે કહ્યું કે હાથી એક પરનાળાની જેવો છે બીજાનો હાથ તેના કાન પર પડયો તો તેણે કહ્યું કે હાથી એક પંખાની જેવો છે, એક નો હાથ તેના પગ પર પડયો તો તેણે કહ્યુ કે હાથી તો એક થાંભલાની જેવો છે એકનો હાથ તેની કમર પર લાગ્યો તો તેણે કહ્યું કે હાથી ઢોલ જેવો છે જયારે અંધારૂ દૂર થયુ અંધારામાં જોનાર આંખવાળા પણ હાથીના આકાર વિષે મતભેદ રાખતા હતા તે દૂર થયો.

**સબક :** અંધકાર (અંધાપન) તે મતભેદનું જનક છે જયારે પ્રકાશ આંખનો અને સૂરજનો પ્રકાશ સહમતીનો જનક છે આજ કારણ છે કે અલ્લાહ મોમિનોને અંધકારથી નૂરની તરફ લઈ જાય છે જયારે શૈતાન કાફિરોંને નૂરથી અંધકારની તરફ લઈ જાય છે જેવુ કે અલ્લાહ તબારક વ તઆલા પારહ 3 સૂરએ બકરહ આયત નં. 257માં

ફરમાવે છે : **તર્જમો :** અલ્લાહ મુસલમાનોનો વલી (કરીબ, દોસ્ત અને મદદગાર) છે તેમને અંધારાઓથી નૂરની તરફ લઈ જાય છે અને કાફિરોનો દોસ્ત શૈતાન છે જે તેને નૂરની તરફથી અંધકાર તરફ લઈ જાય છે આ લોકો જહન્નમમાં જવાના છે અને તેમાં હમેશા રહેશે.

اَلْحَمْدُ لِلّٰہِ عَزَّوَجَلَّ નૂર ખુદા છે, નૂર નબી છે, નૂર ઈસ્લામ છે અને નૂર કિતાબ (કુરઆન) મોમિન કેટલો ખુશ કિસ્મત છે !

## 27 વહેમ

એક મદ્રસા (મકતબ)ના બાળકો ઉસ્તાદની તરફથી મહેનત અને પઢાઈમાં વધારેને વધારે મશ્ગૂલ રહેવાના કારણે થાકી જતા હતા બાળકોને રમત ગમત (ખેલકુદ) માટે તો ટાઈમજ ન મળતો અને સતત પઢાઈ અને હોમવર્કમાંજ લાગેલ રહેવુ પડતુ હતુ, તમામને આ વાતનો રંજ રહેતો હતો તેઓએ થોડા દિવસ આરામ મળે તેવો કોઈ આઈડિયા શોધી કાઢવાની મીટીંગ કરી તેઓમાં એક છોકરો વધારે હોંશિયાર હતો તેણે એક આઈડિયા વિચારી કાઢયો અને મદ્રસાના તમામ બાળકોને સમજાવ્યો.

તેણે કહ્યું કે જ્યારે ઉસ્તાદ ક્લાસમાં આવશે તો હું કહીશ કે આપનો ચહેરો બીમારીના કારણે પીળો પડી ગયો છે અલ્લાહ ખૈર કરે તમારૂ શરીર સુસ્ત છે ઠીક નથી તમને તાવ છે અથવા બીજી કોઈ બીમારી છે ઉસ્તાદને યકીનન વહેમ પડી જશે બીજો, ત્રીજો, ચૌથો ત્યાં સુધી કે ત્રીસ સ્ટૂડન્ટ આમ કહેશે જ્યારે બાળકો સ્કુલ આવ્યા તો તે હોંશિયાર છોકરો જેણે આ યુક્તી વિચારી કાઢી હતી તે અંદર દાખલ થયો અને ઉસ્તાદથી કહ્યું કે આપનો ચહેરો પીળો છે યા તો તમને તાવ છે અથવા બીજી કોઈ બીમારી છે તમને આરામની અને ઈલાજની જરૂરત છે. ઉસ્તાદે કહ્યું : મને કંઈજ નથી છતા પણ થોડોક વહેમ તેમના મગઝમાં ઘુસી ગયો.

આવી રીતે જયારે એકના પછી એક એમ બધાજ સ્ટૂડન્ટ બોલ્યા તો ઉસ્તાદનો વહેમ પાક્કો થઈ ગયો તેઓ બીમારીના વહેમમાં સુસ્ત થઈ ગયા અને તેમણે ઘરે જવાનું યોગ્ય માન્યુ બચ્ચાઓ પણ તેમની પાછળ પાછળ ઘરે પહોંચી ગયા. ઘરે જઇને તેણે પત્નીથી ફરિયાદ કરી તેં મારી બીમારીના બારામાં કંઇજ ન બતાવ્યુ બલ્કે આ બાળકોએ મારી બીમારી જાણી લીધી. પત્નીએ કહ્યું : તમે બિલ્કુલ તન્દુરુસ્ત છો તમને કોઈજ બીમારી નથી હું અરીસો લાવુ છુ તમે જાતે જોઇલો. તેમણે કહ્યું : તૂ લાલચના કારણે મને ઘરમાં નથી બેસવા દેતી અને બીમાર હોવા છતા મને તન્દુરુસ્ત કહે છે તારો પોતાનો સ્વાર્થ છે હું તારા પર કે તારા કહેવા પર યકીન નથી કરતો અને ઉસ્તાદ આમ કહીને બિસ્તરમાં સુઈ ગયા.

તેના વિદ્યાર્થીઓએ બુલંદ અવાજથી કુરઆને પાકની તિલાવત શરૂ કરી તે ચાલાક વિદ્યાર્થીએ કહ્યું : આરામથી કુરઆન પઢો, શું તમે જોતા નથી કે ઉસ્તાદ બીમાર છે તેમને આરામની સખ્ત જરૂરત છે અને બુલન્દ અવાજથી તિલાવત કરવાથી તેમના સુકૂન અને આરામમાં ખલેલ પડી શકે છે ઉસ્તાદે આ સાંભળ્યુ તો તેણે તમામ સ્ટૂડન્ટને ઘરેથી ચાલ્યા જવા કહ્યું આવી રીતે બાળકોએ ઉસ્તાદના દિલમાં બીમારીના વહેમને મઝબૂત કરી દીધો બીજા દિવસે એ બાળકોની માંઓ ઉસ્તાદની બીમાર પુર્સી માટે આવી ગઈ ઉસ્તાદ માંથુ બાંધીને સુતો હતો અને ઘણા બધા બ્લેન્કેટ અને ચાદરો ઓઢી રાખી હતી દર્દના કારણે કણસતો હતો. પરસેવાથી તરબતર હતો. સ્ત્રીઓએ કહ્યું કે બીમારીના કારણે તમારી આ હાલત હશે એવો તો અમને અંદાજ ન હતો. ઉસ્તાદે કહ્યું કે મને પણ ખબર ન હતી પરંતુ બચ્ચાઓએ મને બતાવ્યું કે હું આટલો બધો બીમાર છુ હું તો બાળકોને પઢાવવામાં મશ્ગૂલ હતો અને મશ્ગૂલિયતના કારણે શરીર પર પણ ધ્યાન ન આપી શક્યો એટલે માટેજ મને પોતાને પણ અહેસાસ ન

થયો કે હું કેટલો બીમાર છુ, સારૂ થાય આ વિદ્યાર્થીઓનું કે તેણે મારી ઉપર ધ્યાન કર્યું.

**સબક :** ઈન્સાને બીજાઓના કરેલ દાવા અથવા બીજાનું અનુકરણ વગર વિચાર્યે ન કરવુ જોઈએ પરંતુ તેની પરખ કરી લેવી જોઈએ ખાસ કરીને સલાહ આપનારનો હેતુ શું હોઈ શકે તે પણ વિચારી લેવુ જોઈએ.

જે બાબતમાં પોતે ન જાણતો હોય તો જાણકારની તરફ રુજુ કરવુ જોઈએ જેવી રીતે શારીરીક બીમારીના બારામાં કોઈ ડોક્ટર યા હકીમની સલાહ લેવી જોઈએ તેમજ કોઈ ઈલ્મી મામલો હોય તો આલિમે દીન તરફ રુજુ થવુ જોઈએ એટલા માટેજ અલ્લાહ તઆલા પોતાના પાકીઝા કલામમાં ફરમાવે છે કે પારહ 17 સૂરએ અમ્બિયા આયત નં. 7 **તર્જમો :** ઈલ્મવાળાઓથી પુછો અગર તમે નથી જાણતા.

## ﴾28﴿ જવેરી અને તરાઝુ

એક શખ્સ જવેરી પાસે ગયો તેણે કહ્યું : મને તમારો વઝન કાંટો આપો મારે સોનાનું વજન કરવુ છે. જવેરીએ તેને કહ્યું : ભાઈ ! જાવ મારી પાસે છાળણી નથી તેણે કહ્યું જૂઓ મઝાક ન કરો મૈં વજન કાંટો માગ્યો છે છાળણી નહીં. હું એમાં મારૂ સોનુ તોલવા માંગુ છુ. જવેરીએ કહ્યું : ભાઈ ! જાવ મારી પાસે ઝાડૂ નથી તમે ચાલ્યા જાવ તે માણસ ગુસ્સામાં વળખાવા લાગ્યો કે મૈં તેની પાસે ઝાડૂ ક્યારે માંગ્યુ ? હું તો તરાઝુ માંગુ છુ, તેણે જવેરીથી કહ્યું કે તૂ બહેરો છે ? યા મઝાકીયો છે ? કે મારી સાથે શા માટે મશ્કરી કરી રહ્યો છે ? હવે એ જવેરીએ જવાબ દીધો : જનાબ ! હું નથી બહેરો કે નથી મશ્કરો પણ મૈં તો આ જવાબ તારી હાલત જોઈને દીધો આવનાર સમય પર નઝર રાખી અને ભવિષ્યનું વિચારવુ એ આકેબત અંદેશી છે.

જવેરીએ કહ્યું : તારા હાથમાં ઘાસના પુળા છે જેમાં રેતી પણ છે જ્યારે તૂ તારા સોનાના દાગીના તરાઝુમાં રાખીશ તે પહેલા રેતી

કચરો તરાઝુમાં પડશે તારા દાગીના પણ કદાચ નીચે પડી જાય એને સમેટવા માટે તને ઝાડૂની જરૂર પડશે પછીએ માટીને ભેગી કરવા અને દાગીનાને અલગ કરવા માટે છાળણીની જરૂરત પડશે અને જેવુ કે એ બન્ને મારી પાસે નથી એટલે હું તને વજન કાંટો આપતા અચકાઉ છુ.

**સબક :** અકલમંદ માણસ આવનાર સમય અથવા ભવિષ્યમાં ઉભી થનાર પરિસ્થીતી પર પહેલા નઝર નાખે છે અને વિચારીનેજ કામ કરે છે, વિચારીનેજ બોલે છે.

## (29) અલ્લાહથી વાયદો

એક પરહેઝગાર બુઝુર્ગ જંગલમાં શહેર અને લોકોથી દૂર ઈબાદત કરતા હતા તેઓ જંગલમાં ઝાડના ફળ ખાઈને ગુજારો કરતા હતા, ઈબાદત અને રિયાઝતમાં મશ્ગૂલ રહેતા હતા તેમણે વાયદો કર્યો કે તેઓ એજ ફળ ખાશે જે હવાના કારણે ઝાડ પરથી નીચે પડી જશે ખુદ પોતાના હાથ થી ઝાડ પરથી ફળ નહીં તોડે એક વખત એવુ બન્યુ કે ઘણા દિવસો સુધી ઝાડ પરથી પોતાની મેળે ઝમીન પર એક પણ ફળ ન પડયુ, સખ્ત ભુકથી નિઢાલ થઈ ગયા તો તેમણે પોતાના હાથે ઝાડ પરથી ફળ તોડી અને ખાધુ.

અલ્લાહવાળાઓ પર વાયદાની પાબન્દી જરૂરી છે અને તેમની પકડ પણ થાય છે એ પહાડની તળેટીમાં અમુક ડાકુઓએ પોતાનું રહેઠાણ બનાવી લિધુ તેઓ લુટેલ માલ અહીંજ લાવીને છુપાવતા, વહેંચણી કરતા અને ત્યાંજ રોકાતા આ વાતનો કોટવાલને ઈલ્મ થઈ ગયો તેણે ડાકૂઓના રહેઠાણને ખતમ કરવા માટે તેમના પર હુમ્લો કરી દીધો કોટવાલે ડાકૂઓની સાથે તે બુઝુર્ગને પણ પકડી લીધા, અદાલતે હુક્મ દીધો કે એ લોકોના એક હાથ એક પગ કાપી નાખવામાં આવે તેના હુકમથી એ ઝાહિદ બુઝુર્ગનો એક હાથ કાપી નાખવામાં આવ્યો જલ્લાદ તેનો પગ કાપવાનો હતો ત્યાં ગૈબથી અવાજ આવ્યો.

આ બુઝુર્ગ વલીઅલ્લાહ છે તેની સાથે આવો સુલુક ન કર તેણે હાથ રોકી લીધો અને કોટવાલને ખબર આપી કોટવાલ જાતે આવ્યો તેણે બુઝુર્ગથી માફી માંગી કે મને ખબર ન હતી આપની સાથે ઝિયાદતી થઈ ગઈ મને માફ કરો. શૈખે કહ્યું : તમારો કોઈ કસૂર નથી હું જાણુ છુ કે મને મારા કોઈ ગુનાહની સજા આપવામાં આવી છે મૈં અલ્લાહની સાથે અહદ શિકની (વાદા ખિલાફી, કરાર ભંગ) કર્યો જેની મને સજા મળી છે.

એ બુઝુર્ગ પોતાની ઝુંપડીમાં બેસીને બન્ને હાથ વડે વણાટકામ કરતા રહેતા હતા એક માણસે જોઈ લિધુ શૈખે તેને કહ્યું આગ્રહ કર્યો કે આ રાઝને મારી ઝિન્દગીમાં કોઈને ન કહેતો એ ચુપ રહ્યો પણ લોકોને ખબર પડી ગઈ શૈખે અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે યા રબ ! તૂ મુખ્તાર છે હું તો ભેદને છુપાવવા ચાહતો હતો પરંતુ તૂ જાહેર કરવા માંગે છે, તો હું શું કરૂ ? અલ્લાહ તઆલાએ ફરમાવ્યુ કે લોકોનો એક ગિરોહ જે તારો  મોઅતકીદ (નેક ગુમાન રાખનાર) હતો તે તારા હિસાબે હિદાયત પામી રહ્યો છે. અમુક લોકો તારા હાથ કપાવવાના લીધે બદઝન થઈ ગયા હતા અને ગલત ગુમાન (કલ્પનાઓ) કરવા લાગ્યા હતા કે તૂ તરીકતના માર્ગમાં હક પર નથી એટલા માટે અલ્લાહ તઆલાએ તારો હાથ કપાવવાના બાદ તારી લિયાકત જાહેર કરી લીધી હું નહોતો ચાહતો કે તે લોકો બદઝન થઈને રાહે હકથી દૂર થઈ જાય માટે મૈં આ રાઝ ફાશ કરી દીધો.

**સબક :** આ હિકાયતમાં ઘણી બધી નસીહતો છે એક તો અલ્લાહ તઆલાથી કોઈ એવો કરાર ન કરવો જોઇએ જે પૂરો ન થઈ શકે કારણ કે દાવો કરનારની આઝમાઇશ જરૂર થાય છે બીજુ કોઈના પર તક્લીફ યા મુસીબત કારણ વગર આવતી નથી કારણ કે અલ્લાહ તબારક વ તઆલા ઝુલ્મ અને જહલ (અજ્ઞાનતા) થી પાક છે બંદા પર જે પણ મુસીબત આવે છે તે યા તો તેના પોતાના ગુનાહની યા ભૂલની સજા છે યા દરજજા અને મર્તબામાં બુલંદીનુ કારણ છે માટે

અલ્લાહના ખાસ બંદા કોઈના પર ઈલ્ઝામ નથી મુક્તા પરંતુ દરેક ચીઝને મિન જાનિબિલ્લાહ સમજે છે અને તૌબા કરતા રહે છે ત્રીજુ એ કે પોતાનામાં કોઈ કમાલ યા ખૂબી જુએ તો તેને છુપાવે પોતે ખુદ પસંદી થી બચે અને આખિરમાં એ કે તક્લીફમાં સબ્ર કરનાર મોટા મોટા ઈનામો પામે છે અને મક્બૂલે બારગાહ બની જાય છે.

અલ્લાહના નેક બંદાઓની કસોટી પણ મોટી હોય છે અને તેમને નાનકડી ભુલની સજા પણ મોટી મળતી હોય છે અને ખરેખર તો એ સજા પણ તેમના હકમાં ઈનામ અને રહેમત હોય છે. سُبۡحَانَ اللّٰہ عَزَّوَجَلَّ

## ﴾30﴿ નાબીના અને કુરઆને કરીમની તિલાવત

એક દુરવેશ બગદાદમાં એક નાબીનાના મહેમાન થયા તે નાબીના શખ્સ એક ઝુપડા નુમાં કાચા મકાનમાં સાવ એકલા રહેતા હતા. દુરવેશે ત્યાં કુરઆને હકીમનો એક નુસ્ખો (એક કુરઆન) જોયો. તેમણે વિચાર્યુ કે આ ઘરનો માલિક તો નાબીના (અંધ, ચક્ષુહીન) છે તેમને વિચાર આવ્યો કે પુછે પરંતુ સવાલ કરવાના બદલે સબ્ર કરવુ અને ચુપ રહેવુ પસંદ કર્યુ ?

એક રાત્રે તેમણે કુરઆને કરીમની અવાજ સાંભળી, તેમણે જોયુ કે તે નાબીના મેઝબાન જોઈને કુરઆન પઢી રહ્યા છે મહેમાને તેમનાથી જાણવા માંગ્યુ કે તમે તો નાબીના છો જોઈ નથી શકતા અને છતા આપ બિલ્કુલ સહીહ તિલાવત કરી રહ્યા છો જે જગા પર તમે આંગળી રાખેલ છે ત્યાં એજ લખેલ છે આપ પઢી રહ્યા છો આમાં શું હિક્મત છે ? મેઝબાને જવાબ દીધો કે હું હાફિઝે કુરઆન નથી મૈં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતથી દુઆ કરી કે હું કુરઆન પઢવા માંગુ છુ માટે મને તિલાવતે કુરઆન કરતા સમયે નૂર આપી દે. અલ્લાહ તઆલાએ મારો ખુલુસ અને કુરઆનથી મહોબ્બત જોઈને મને એ શક્તી આપી દીધી કે હું તિલાવતે કુરઆને કરીમના સમયે આંખોંથી જોઈ શકુ છુ.

**સબક :** નેક જઝબો અને નેક નિય્યત અને ઈખ્લાસ હોય તો અલ્લાહ તઆલાની મદદથી ઈન્સાન પર કરામતનું નુઝૂલ થાય છે.

## ﴾31﴿ હઝરતે ઇસા عَلَيْهِ السَّلَام અને એક બે વુકૂફ

હઝરતે ઈસા રૂહુલ્લાહ પહાડની તરફ જલ્દી જલ્દી જઈ રહ્યા હતા એક માણસ આપની પાછળ ભાગીને તેમની સુધી પહોંચી શકતો હતો તેણે અવાજ દીધી કે એ કરીમ ! ઝરા રોકાઈ જાવ અને મારા એક સવાલનો જવાબ આપો. ફરમાવ્યુ : કહે શું કહેવુ છે ? તેણે કહ્યુ : આપની પાછળ સિંહ નથી કે નથી દુશ્મન તો આપ આટલી ઝડપથી પહાડ તરફ શા માટે જઈ રહ્યા છો ? આપ તો એ છો કે આપ મુર્દાઓને જીવતા કરી દો, માદરઝાદ આંધળા અને કોઢીઓને સેહતો તંદુરુસ્તી આપી શકો છો, તમે માટીમાંથી પક્ષીઓ બનાવી તેમાં ફુંક મારો છો તો એ જીવતા થઈ જાય છે તો પછી શું કારણ છે કે દૌડતા જાવ છો.

હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام એ ફરમાવ્યુ : મારી પાસે ઈસ્મે આઝમ છે જેના વડે આ બધા મોઅજિઝા શક્ય છે પરંતુ એક બેવુકૂફ પર જ્યારે હું પઢુ છુ તો એ અહમકને કંઈ ફેર નથી પડતો. આપે કહ્યુ : અંધ હોવુ આઝમાઈશ છે અને હિમાકત બેવુકૂફી એ બીમારી નથી. અલ્લાહનો અઝાબ છે માટે તેના પર મારા દમ કરવાથી પણ ફરક નથી પડતો હું મુર્ખ માણસથી ભાગીને પહાડ પર જઈ રહ્યો છુ.

**સબક :** મુર્ખાઓની સોહબત નુક્સાન દેહ છે, ઈન્સાને હર હાલમાં હમેશા તેનાથી દૂર રહેવુ જોઈએ. જેવુકે અલ્લાહ તબારક વ તઆલા પોતાના મુકદ્દસ કલામમાં પારહ 9 સૂરએ આ'રાફ આયત નં. 199માં ઈર્શાદ ફરમાવે છે : **તર્જમો :** અય મહેબૂબ ! લોકોને માફ કરતા રહો અને ભલાઈનો હુક્મ આપો અને જાહીલોથી દૂર થઈ જાવ માટે માણસે જાહિલો બે વુકૂફોથી કિનારો કરી લેવો જોઈએ.

## ﴾32﴿ અલ્લાહવાળાઓની નમાઝ

હઝરતે વકૂફી رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَيۡه અલ્લાહ તઆલાના નેક બંદા બુઝુર્ગ હતા. આપ ઈમામત કરી રહ્યા હતા અને અલ્લાહવાળાઓ તેમની ઈક્તેદામાં નમાઝ અદા કરી રહ્યા હતા. જેમ કે તેઓએ તક્બીર પઢી સાંભળી કુરબાનીની જેમજ આ ફાની દુનિયાથી બહાર નિકળી ગયા તેમના નઝદીક તક્બીરનો અર્થ એ હતો કે અય અલ્લાહ ! અમે તારા નામ પર કુરબાન થઈ ગયા જેવુકે જાનવરને ઝિબ્હ કરતા સમયે અલ્લાહુ અક્બર પઢવામાં આવે છે તેમજ તેવીજ રીતે તેમણે અલ્લાહુ અક્બર પઢી અને પોતાના નફસનું સર કલમ કરી નાખ્યુ. શરીર શહવતો અને લાલચથી છુટી ગયુ, બિસ્મિલ્લાહના ઝરીએ નમાઝમાં બિસ્મિલ થઈ ગયા.

આના પછી તેમણે જેવી રીતે કયામતના દિવસે અલ્લાહની રૂબરૂ પૈશ થવાનું છે તેવીજ રીતે હાથ બાંધી લિધા. અલ્લાહ તઆલા સવાલ કરે છે કે તૂં મારા માટે શું લઈને હાજર થયો ? મૈં તને એક ઉમર અર્પણ કરી તાકતો કુવ્વત આપી તે ઝિન્દગી કેવા કામોંમાં પસાર કરી ? આંખમાં નૂર, કાન આપ્યા અને બીજા અંગો અર્પણ કર્યા તેં એના વડે કેવા કામ કર્યા ? તને કામ કરવા માટે હાથ, પગ અને ઔઝાર હથિયારો, મશીનો આપ્યા. તેં આનાથી કેવા કામ લિધા ? નમાઝમાં કયામની હાલતમાં સવાલો થતા રહ્યા જેવાકે કયામતમાં થશે.

જેવુકે ઇન્સાનનું દામન ખાલી હતું. જવાબ દેવાની હિમ્મત અને તાકત ન હોવાથી તુરંત રુકૂઅમાં પહોંચી ગયો. શરમથી રુકૂઅમાં તસ્બીહ પઢવા લાગ્યો અલ્લાહનો હુક્મ થાય છે, રુકૂઅ થી ઉઠ અને જવાબ દે, તે માંથુ ઊંચકે છે પરંતુ બોલવાની હિમ્મત ન હોવાથી સજદામાં માંથુ નાખી દે છે એટલા માટે કે નાકીસુલ અમલ હતો. પછી સજદાથી માંથુ ઊંચકવાનો હુક્મ થાય છે. પછી માંથુ ઊંચકીને

ફરી પડી જાય છે, પછી અલ્લાહના હુક્મથી ઉભો થઈ જાય છે અને એજ અમલ  દોહરાવે છે (રીપીટ કરે છે).

ફરી અલ્લાહ તઆલા સવાલ દોહરાવે છે કે મૈં તને બેશુમાર નેઅમતો અર્પણ કરી તે શું ઉપયોગ કર્યો ? મને હિસાબ દે જેવુ કે તેની પાસે કંઈજ નથી કોઈ નેક અમલ નથી તે શું જવાબ દે હિસાબ નથી આપી શકતો શરમાય છે ગભરાય છે જમણી બાજુ સલામ ફેરવે છે અંબિયાઓને સલામ કરી પોતાની મદદ માટે બોલાવે છે પછી ડાબી બાજુ સલામ કરીને પોતાના અહલો અયાલ, મિત્રો, સગાઓ, બીજા નમાઝીઓને સલામ કહીને મદદના માટે બોલાવે છે બન્ને તરફથી નિરાશ થઈને દુઆના માટે હાથ ઉપાડે છે અને આંહો ઝારીથી પોતાના ખુદાની ખુશનૂદી પામવાની કોશિશ કરે છે.

**સબક :** આ નમાઝ હકવાળાઓની નમાઝ છે, જેઓ નમાઝમાં અલ્લાહ તઆલાથી હમ કલામ થાય છે અને તેઓને મુલાકાતનો શરફ હાસિલ થાય છે, મૌલાએ કાએનાત મૌલા અલી كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم ફરમાવે છે : જ્યારે હું ચાહુ છુ કે અલ્લાહ મારાથી કલામ કરે અને હું અલ્લાહની વાત સાંભળુ તો હું કુરઆન પઢૂ છુ અને જ્યારે હું ચાહુ છુ કે હું અલ્લાહથી વાત કરૂં તો હું નમાઝ પઢૂ છુ.

અલ્લાહની નેઅમતો બેશુમાર છે અને અલ્લાહ નેઅમતોના બારામાં સવાલ જરૂર કરશે જેવુકે પારહ 13 સૂરએ ઈબ્રાહીમ આયત નં. 34 **તર્જમો :** અને તમને ઘણુ બધુ જે કંઈ માંગ્યા તે અર્પણ કર્યુ અને અગર અલ્લાહની નેઅમતોને ગણવા ચાહશો તો ગણી નહી શકો અને દરેક નેઅમતોનો શુક્ર ઈન્સાન પર જરૂરી છે અને નેઅમતોના બારામાં સવાલ થશે. **તો શાણો અને સમજદાર ઈન્સાનએ છે કે મરવાના પહેલા મરવાની તૈયારી કરે અને નેક આમાલ કરતો રહે.**

## ﴾33﴿ હઝરતે અનસ બિન માલિકનું દસ્તરખ્વાન

હઝરતે અનસ બિન માલિક رَضِيَ اللّٰهُ تَعَالٰى عَنْهُ રસૂલે મકબૂલ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ના ઝલીલુલ કદ્ર સહાબી હતા એક દિવસ એક શખ્સ

આપનો મહેમાન થયો તેણે કહ્યુ કે ખાવાના પછી હઝરતે અનસ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ એ દસ્તરખ્વાન પર પીળો કલર લાગેલ જોયો અને તેલનું પડ તેના પર જામી ગયેલ જોયુ તો આપે કનીઝ (દાસી)ને હુક્મ કર્યો કે તેને તંનુર (ભઠ્ઠી)માં નાખી દે તેણીએ એજ વખતે તેને તંનુરમાં નાખી દીધુ.

બધાજ મહેમાનો હૈરાન હતા અને તંનુરમાંથી ધુમાડો નિકળવાની રાહ જોતા હતા કે હમણાં કપડુ સળગી જશે અને આગ વધી જશે ધુમાડો નિકળશે કે કનીઝ તંનુરમાંથી દસ્તરખ્વાન કાઢયુ તે બિલ્કુલ સાફ અને સફેદ હતુ મેલ દુર થઈ ગયો હતો.

લોકોએ હઝરતે અનસ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ થી સવાલ કર્યો કે આમાં શું ભેદ છે ? આ દસ્તરખ્વાન આગમાં શા માટે ન બળ્યુ ? અને કેમ સલામત રહ્યુ ? આપે જવાબ દીધો કે આ દસ્તરખ્વાનથી હુઝૂરે પાક صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَاٰلِہٖ وَسَلَّم એ ઘણીવાર હાથ અને મોં સાફ કર્યું છે અને એજ કારણથી આ દસ્તરખ્વાનને આગ બાળતી નથી મહેમાનોએ દાસીને પુછયુ કે તેં કેવી રીતે જરાય અચકાયા વગર આ દસ્તરખ્વાનને આગમાં નાખી દીધુ ? શું તને એ વિચાર ન આવ્યો કે આટલુ કીમતી દસ્તરખ્વાન સળગી જશે તેણીએ જવાબ દીધો કે એ તો દસ્તરખ્વાન હતું અગર હઝરતે અનસ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ મને હુક્મ દેતા કે તૂં તંનુરમાં કુદીજા તો હું વગર અચકાએ તૂરંત આગમાં કુદી જતી અને જરાપણ વાર ન લગાડતી.

**સબક :** જયારે એક કપડાનો ટૂકડો માત્ર એજ કારણ સર આગમાં નથી સળગતો કે તેને હુઝૂરે પાક صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَاٰلِہٖ وَسَلَّم નો હાથ લાગ્યો છે આટલી નિસ્બત તેને આગમાં પણ સલામત રાખે છે તો જે શખ્સ આપનાથી સાચી નિસ્બત હાસિલ કરી લે આપની ઈત્તેબા (પૈરવી) કરે આપનો હુક્મ માને તો જહન્નમની આગ પણ તેને નહીં બાળે.

રિવાયત છે કે મોમિન જયારે પુલ સિરાત પરથી પસાર થશે તો જહન્નમ કહેશે કે તૂ મારા પરથી જલ્દી પસાર થઈજા કે તારા

નૂરના કારણે મારા શોલા તથા ચીંગારી બુઝાઈ રહી છે અલ્લાહ પાક દુનિયામાં પણ હુઝૂરની નિસ્બતના કારણે આમ અઝાબથી બચાવે છે જેવુકે પારહ 9 સૂરએ અન્ફાલ આયત નં. 33માં ઈર્શાદ ફરમાવે છે : **તર્જમો :** અલ્લાહને એ મન્જુર નથી કે તેમના પર અઝાબ કરે જ્યાં સુધી અય મહેબૂબ ! તમે એમનામાં તશરીફ ફરમા છો અને અલ્લાહ તેમના પર અઝાબ નહીં કરે ત્યાં સુધી કે તેઓ અસ્તગફાર કરે છે તો આજે હુઝૂર તેમની કબ્ર શરીફમાં મૌજૂદ છે ત્યાં સુધી અઝાબ નાઝિલ નહીં થાય કે સરકાર હયાત છે અને આપણી વચ્ચે છે.

## ﴾34﴿ હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام અને એક બંદાનો જાનવરની ઝબાન સિખવાનો સવાલ

એક માણસે હઝરતે મૂસા કલીમુલ્લાહ عَلَيْهِ السَّلَام થી રિકવેસ્ટ કરી કે અય નબીઅલ્લાહ ! મને પ્રાણીઓ તથા પક્ષીઓની ભાષા સિખવાડો. આપે જવાબ દીધો કે રહેવા દે આ કામ ખતરનાક છે તેનાથી દૂર રહે તે વારંવાર આગ્રહ કરવા લાગ્યો તો આપે તેને કુતરા અને મુર્ગ (મરઘા)ની ભાષા સીખવાડી દીધી સવારના સમયે જ્યારે તેની નોકરાણીએ દસ્તરખ્વાન ઝાટકી કાઢ્યુ તો વાસી રોટીનો એક ટૂકડો પડ્યો મુર્ગાએ એ ટૂકડો ઉપાડી લિધો કુતરો મુર્ગાની પાસે આવ્યો અને તેણે કહ્યુ કે તૂ તો દાણા પણ ચણી શકે છે અને કુતરા દાણા નથી ખાઈ શકતા માટે તૂ એ રોટીનો ટૂકડો મને આપી દે.

મુર્ગાએ કુતરાને કહ્યુ : "ચુપ થઈજા અને ગમ ન કર આપણા આકાનો ઘોડો કાલે મરી જશે તને અલ્લાહ પેટ ભરીને ખાવાનું ખવાડશે. માલિક જે તેની ભાષા સમજતો હતો માટે તેણે તુરંત ઘોડો વેચી કાઢ્યો અને પોતાને નુક્સાનથી બચાવી દીધો. બીજા દિવસે પણ મુર્ગો રોટી લઈ ગયો ઘોડો ન મર્યો તો કુતરાએ મુર્ગાથી શિકાયત કરી કે તૂં ઝૂઠો છે અને કુતરાને ભુકે મરવા માટે લાચાર કરી રહ્યો છે મુર્ગાએ કહ્યુ ઘોડો ખરેખર મરી ગયો છે પરંતુ એ બીજાના ઘરે મર્યો

છે તેણે કુતરાને તસલ્લી આપી કે ફિકર ન કર કાલે આપણા માલિકનું ખચ્ચર મરી જશે અને તે તો તારે એકલા એજ ખાવાનું છે માલિક જે તેની વાત સમજી શકતો હતો તેણે ખચ્ચર પણ વેચી દીધુ હવે કુતરાએ મુર્ગાથી શિકાયત કરી કે તૂ ઝુઠો છે અને તારો જે દાવો છે કે તૂ સાચો છે તે સાવ ઝૂઠ છે તને આવનારા સમયની કોઈ ખબર નથી હોતી તૂ ખાલી ખાલી ડીંગો મારે છે મુર્ગાએ કહ્યુ એવુ નથી ખચ્ચર ખરેખર મરી ગયુ છે પણ એ પણ બીજાને ત્યાંજ અને હવે આવતી કાલે આકાનો ગુલામ બીમાર પડી જવાનો છે અને જ્યારે એ મરશે તો આપણો માલિક કુતરાઓને અને ફકીરોને રોટી ખવડાવશે માલિકે આ સાંભળ્યુ તો તેણે ગુલામ પણ વેચી માર્યો અને આવી રીતે ત્રીજીવાર નુક્સાનથી બચી ગયો.

તે માણસ દિલમાંને દિલમાં ખુશ થતો હતો કે કુતરા તથા મુર્ગાની બોલી સીખીને તેણે બહુજ બુધ્ધી અને સમજદારીનું કામ કર્યુ છે તે ખુશ થઈ રહ્યો હતો કે તેણે પોતાને ત્રણ વખત નુક્સાનથી બચાવી લિધો બીજા દિવસે તે મહેરૂમ (નામુરાદ, વંચીત) કુતરાએ મુર્ગાને કહ્યુ : અય ઝૂઠા ! ફરેબી, અમને ઝૂઠથી સખ્ત નફરત છે મુર્ગાએ કહ્યુ : હું સવારે અઝાન આપુ છુ તો લોકો નમાઝ અદા કરે છે અગર ખોટા સમયે અઝાન દેવાની આદત અમારામાં પડી જાય તો અમને ઝિબ્હ કરી દેવામાં આવે તે ગુલામ પણ આગળ જઈને મરી ચુક્યો છે અમારા માલિકે પોતાને માલના નુક્સાનથી બચાવી લિધો છે પરંતુ પોતાની જાન પર બલા લઈ લિધી છે.

મુર્ગાએ હવે બીજા દિવસે માલિકના મરવાની ખબર આપી અને ક્હયુ કે આ મૌતના પછી તેના વારસદારો ગાય ઝિબ્હ કરશે અને લોકોને ખાવાનું ખવડાવશે આ સાંભળીને તે માણસ હઝરતે પૈગમ્બરે ખુદા હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام તરફ દૌડયો અને તમામ બનાવ સંભળાવ્યો અને કહ્યુ કે હું ડરી ગયો છુ કે કુતરા અને મુર્ગા પહેલી

ત્રણે વાતો સાચી હતી પરંતુ તેણે એ નુક્સાનથી પોતાને બચાવી લિધો અને હવે જ્યારે કે તેણે મારા મરવાની ખબર આપી દીધી છે તો મૂસા જ મને બચાવી શકે છે તો મૂસા عَلَيْهِ السَّلَام એ ફરમાવ્યુ કે ફિતરતનો ઉસૂલ છે કે જ્યારે તેની કમાનથી તીર છુટી જાય છે તો મૂસા એને પાછુ નથી કરી શકતો હાં હૂં તારા માટે સલામતીએ ઈમાનની દુઆ કરી શકુ છુ તારી તરફ કઝાએ ત્રણ વખત માલના નુક્સાનની તરફ હાથ લંબાવ્યો જે તેં તારી તદબીરથી લૌટાવી દિધો અગર તૂં આવૂ ન કરતો તો કઝા તારા માલના નુક્સાનથી પલટી જતી અને આ મોટી મુસીબત તારી તરફ આટલી જલ્દી ન આવતી હવે આનાથી બચવુ શક્ય નથી.

**સબક :** અકલમંદ શરૂથીજ અંજામ પર નઝર રાખે છે માલી નુક્સાન ઘણા બધા મોટા હાદસાઓથી બચાવી લે છે માણસે અલ્લાહની તકદીર પર રાઝી રહેવુ જોઇએ પરંતુ નાદાન લોકો વગર વિચાર્યે ટૂંક સમયના લાભ માટે પાતાનું મોટુ નુક્સાન કરી બેસે છે.

## ﴾35﴿ બીઝનેસમાં નુક્સાનથી બચવાની તદબીર

એક સહાબીએ હુઝૂરે અકરમ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم થી અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! હૂં ધંધામાં નુક્સાન ઉપાડુ છુ મારી સાથે ધંધો કરનાર લોકો ચાલાકી થી મને નુક્સાનના ખાડામાં ઉતારી દે છે. હુઝૂર તાજદારે કાએનાતે ફરમાવ્યુ : “તારા માટે નુક્સાનથી બચવાનો મારી પાસે એક નુસ્ખો છે આપે ફરમાવ્યુ જે જે માલમાં તને કોઈ ધોખા ધડીનો કે બીજો અંદેશો આવે તો ડીલ ફાઇનલ કરતા પહેલા ત્રણ દિવસની મુદ્દત લઇલે. **ધીરજ ખુદાએ પાકની તરફ થી છે અને ઉતાવળ શૈતાનની તરફથી છે** કુતરા જેવા જાનવરને પણ રોટી નાખવામાં આવે તો તે ખાતા પહેલા સુંઘે છે ઈન્સાને પણ કોઈ ડીલ ફાઇનલ કરતા પહેલા અકલની મદદથી સુંઘવુ જોઇએ.

આપે ફરમાવ્યુ કે અલ્લાહ તબારક વ તઆલા **"કુન ફયકુન"** ફરમાવીને દુનિયાને એક પળમાં બનાવી શકતો હતો પરંતુ એ કુદરતવાળાએ આ ઝમીનો આસ્માનને છ (6) દિવસમાં પૈદા કર્યુ આમ કરવુ એ ઈન્સાનને ધીરજની તાલીમ આપવા માટે છે તલબ ધીમે અને હમેશા હોવી જોઈએ આહિસ્તા રવી (ધીરજ) તમારામાં વકાર અને બુલંદી આપે છે.

**સબક :** કોઈ પણ કામ કરતા પહેલા વિચારવુ અને ધીરજથી કામ શરૂ કરવુ ફાયદા કારક છે આ બંદા માટે બહેતર છે અલ્લાહ તઆલા કાદિરે મુત્લક હોવા છતા ઝમીનો આસ્માન છ (6) દિવસમાં બનાવ્યુ જેવુકે પારહ 19 સૂરએ ફુરકાન આયત નં. 59માં છે **તર્જમો :** જેણે આસ્માન તથા ઝમીન તથા જે કંઈ તેમા છે છ (6) દિવસમાં બનાવ્યા અને આટલી મુદ્દતમાં પૈદા કરવુ એ પોતાની મખ્લૂકને ધીરજ અને શાંતીથી કામ લેવાની નસીહત માટે છે.

## ﴾36﴿ હવાની વિરૂદ્ધ મચ્છરની ફરિયાદ

એક મચ્છરે હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام ના દરબારમાં હવાની વિરૂધ્ધ દાવો દાખલ કર્યો (F.I.R નોધાવી) કે હવા મારી દુશ્મન છે મારો જીવ લેવા માંગતી હોય એમ મને મારા પરો ઉપર ઉપાડીને ક્યાંથી ક્યાંય દૂર સુધી લઈ જાય છે આપ તેને હુક્મ કરો કે મારી સાથે અયોગ્ય વર્તન ન કરે અને તે મને ઈઝા અને મૌતની તરફ ન લઈ જાય.

આપ عَلَيْهِ السَّلَام એ ફરમાવ્યુ કે મને અલ્લાહ તઆલાએ હુક્મ કર્યો છે કે કોઈ પણ મુકદ્દમાનો ફૈસલો ત્યાં સુધી ન કરવો જોઈએ જ્યાં સુધી બીજા પક્ષકારને પણ ન સાંભળી લો. માટે હવે હું હવાને દરબારમાં બોલાવીશ તેનો જવાબ સાંભળ્યા પછી હું ફૈસલો કરીશ આપે હવાને તલબ કરી હવા તેજ તેજ ચાલીને દરબારમાં હાજર થઈ તો મચ્છર ત્યાંથી ભાગી ગયો હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام એ મચ્છર ને કહ્યુ કે હવાની

રૂબરૂમાં આવીને તમારો દાવો રજુ કરો. તેણે કહ્યુ : હઝરત મારામાં એ શકતી ક્યાં છે કે હું હવાની હાજરીમાં હાજર રહી શકુ અને મારી રજુઆત કરી શકુ તેનું આવવુ એજ તો મારૂ મૌત છે તેની મૌજૂદગીમાં રોકાવુ કે બોલવુ તો મારા માટે શક્યજ નથી.

**સબક :** સિંહની સામે હરણ નથી ઉભુ રહી શકતુ એવીજ રીતે ઈશ્કો મહોબ્બતની સામે અકલ લાચાર થઈ જાય છે હવાની સામે મચ્છર લાચાર થયુ એટલા માટે કે અલ્લાહ તઆલાએ અલગ અલગ મખ્લૂકને અલગ અલગ ખૂબિઓ આપી છે જેવુ કે સૂરજ નિકળેતો સિતારાઓ ગુમ થઈ જાય છે.

જેવી રીતે ઈસ્લામના આવવાથી બાતિલ ધર્મ બધાજ નાબૂદ થઈ ગયા હવે તેમની પાસે પોતાના સાચા હોવાની કોઈ દલીલ નથી. અલ્લાહ તઆલા પારહ 15 સૂરએ બની ઈસરાઈલ આયત નં. 81માં ફરમાવે છે : **તર્જમો :** અને હક (દીને ઈસ્લામ) આવી ગયુ અને બાતિલ (ઝૂઠા ધર્મો) ખતમ થઈ ગયા અને બેશક ! બાતિલને તો અંતે ખતમ થવાનુંજ હતુ.

જેવી રીતે પડછાયાએ એક દિવસ દિવાલથી ફરિયાદ કરી કે તારા કારણે મને સૂરજના દીદાર નથી થતા તૂ વચમાંથી હટી જાય તો હું સૂરજ ને જોઈ લઊ તો દિવાલે જવાબ દીધો કે મારા કારણેજ તારૂ વુજૂદ (અસ્તીત્વ) છે જો હું વચમાંથી હટી જઈશ તો તારૂં મૌત છે હું નહીં હોઉ તો તૂ રહીશજ નહીં.

## 《37》 આશિક અને કોટવાલ

એક નૌજવાન એક હસીનો જમીલ સ્ત્રી પર આશિક થઈ ગયો એક વખત તે યુવાનની તે સ્ત્રીથી ટૂંકી મુલાકાત થઈ તો ઈશ્ક વધી ગયો રાત દિવસ ઊંઘ વગર અને ખાધા પીધા વગર પસાર થતા હતા વિરહ યાની જુદાઈનો ગમ સહન કરતો પરંતુ કોઈ પણ રીતે તે પોતાના મકસદમાં કામિયાબ ન થઈ શકતો યાની મુલાકાત ન થઈ

શકતી, ખત (લેટર) લખતો જાત જાતના બહાના પ્રયત્ન કરતો ઈશ્કની દિવાનગીના કારણે લોકો તેને મજનૂ કહેતા.

એક દિવસ એ ઘોડા પર સવાર થઈને ક્યાંક જઈ રહ્યો હતો શહેરના કોટવાલને તેના પર કંઈક શક થયો અને તેનો પીછો કર્યો તે કોટવાલના ડરથી એક બાગમાં ઘુસી ગયો ત્યાં તેણે શું જોયુ કે તેની માશુકા હાથમાં ચીરાગ લઈને બાગમાંથી પસાર થતી નહેરમાં પોતાની ખોવાયેલ અંગૂઠી શોધી રહી હતી તેણે અચાનક પોતાની માશુકા જેને તે વરસોથી મળવા માટે ઉત્સુક હતો તેને જોઈ તો ખુદાનો શુક્ર અદા કરતા કોટવાલને દુઆઓ આપી કે તેના કારણેજ તેણે રસ્તો બદલી ઘોડો બાગમાં લિધો જેના કારણે મહેબૂબાના દીદાર થઈ ગયા.

આશિકે જ્યારે લાંબા સમય પછી પોતાની માશુકાને જોઈ તો આવેશ અને અતિ ઉત્સાહમાં તેનો હાથ પકડવા અને તેને ગળે લગાડવાનો પ્રયત્ન કરવા લાગ્યો માશુકાએ તેને મનાઈ કરી અને સબ્ર અને ધીરજથી કામ લેવા કહ્યુ આશિક પોતાની બેસબ્રી અને દીવાનગીના કારણે શરમાયો અને પોતાના બચાવમાં બહાના બાઝી શરૂ કરી તેણે કહ્યુ કે બેસબ્રી શહવતના કારણે નથી એતો માત્ર પોતાની માશુકાની કસોટી કરતો હતો અને તેના કિરદાર (સંસ્કાર)ની આઝમાઈશ કરતો હતો આને જવાબમાં માશુકાએ કહ્યુ કે આવુ કશું નથી તારૂ આ વર્તન તો માત્ર બેસબ્રી હતી ખરેખર તો બહાના બાઝીથી દૂર રહેવુ જોઈએ બલ્કે તસ્લીમો રિઝાથી કામ લેવુ જોઈએ.

તે માશુકાએ કહ્યુ કે તારૂ એ માનવુ ગલત છે કે કોઈ જોઈ નથી રહ્યુ સમજી લે કે ખુદા જોઈ રહ્યો છે તે **સમીઓ બસીર અને અલીમો ખબીર છે તે બધુજ જુએ છે, સાંભળે છે અને ઈલ્મો ખબર રાખનાર છે** અરે એક બકરીના ઘણનો માલિક પોતાની બકરીના બચ્ચા પર નિગરાની રાખવાનું નથી ચુકતો તો શું તેં મને બકરીના બચ્ચા કરતા પણ કમતર સમજી લીધી છે ? શું મારો માલિક મારો રબ

મારી નિગરાની નથી કરી રહ્યો ? આ તારી ભુલ છે ભલાઈ એમાં છે તૂ સબ્ર અને ઝબ્તથી કામ લે.

**સબક :** તલાશ કરવાવાળો પામી લે છે અને અલ્લાહ એવી રીતે સબબ પૈદા કરે છે કે ઘણી વખત તેનો દુશ્મન તેનો મદદગાર બની જાય છે આ દુનિયામાં બુરૂ અથવા ભલુ દરેક કામ અસ્બાબને આધીન છે અલ્લાહ તઆલા ખુદ પોતાના પાકીઝા કલામમાં ફરમાવે છે : પારહ 21 સૂરએ અન્કબૂત આયત નં. 69 જેણે અમારા માર્ગમાં કોશિશ (યાની મુજાહિદા) કરી જરૂર અમે તેને અમારા રસ્તા બતાવી દઈશુ અને અલ્લાહ કોશિશ કરનારની કોશિશના અજને ઝાએઅ નથી કરતો અને અલ્લાહ જરૂર અતા ફરમાવે છે માયુસ નથી કરતો, જેવુકે સૂરએ રૂમ આયત નં. 47માં છે કે મુસલમાનોની મદદ કરવું અમારા ઝિમ્મએ કરમ પર છે માટે મામલો દુનિયવી હોય કે દીની માણસ સતત લાગેલો રહે મુજાહિદા કરેં, બીજુ એ કે માયુસ ન થાય પ્રયત્નો જારી અને ઉમ્મીદ બરકરાર રહે તો ઈન્સાન મુરાદ મેળવીજ લે છે **ઘણી વખત મુસીબત માણસના હકમાં નેઅમત બની જતી હોય છે** જેવુ કે ફત્હે મક્કા વખતે જ્યારે સરકાર મક્કામાં વિજયી થઈને દાખલ થયા તો ઈકરમા ઈબ્ને અબી જહલ મક્કાથી ભાગી ચુક્યા પાણીના જહાજમાં હતા કે તોફાનમાં સપડાઈ ગયા બુતોથી મદદ માંગી ફાયદો ન થયો, મલ્લાહે કહ્યુ : અલ્લાહ વાહિદ સિવાય કોઈ નહીં બચાવી શકે આપે નિય્યત કરી કે અગર અલ્લાહ મને આ બલાથી નજાત આપશે તો હું ઈમાન લઈ આવીશ અલ્લાહે નજાત આપી આવી રીતે આ મુસીબત તેમના હકમાં નેઅમત બની ગઈ. પારહ 21 સૂરએ લુક્માન આયત નં. 32માં આનો ઉલ્લેખ છે.

## ﴾38﴿ એક વાએઝ કરનાર જે ઝાલિમો માટે દુઆ કરતો હતો

એક તકરીર કરનાર જે દરેક બયાનની પહેલા ઝાલિમો પથ્થર દિલ ખબીસો, ફસાદીઓ અને ખરાબ એતેકાદ વાળા લોકો માટે હમેશા દુઆએ ખૈર કરતો રહેતો હતો, લોકોએ તેનાથી જાણવા માંગ્યુ

કે તે નેક લોકો, બીજા પર એહસાન કરનારાઓ અને બુઝુર્ગો માટે તો દુઆ નથી કરતો અને ઝાલિમો અને બુરાઓ માટે દુઆ કરો છો તેનું શું કારણ છે ? તે શખ્સે જવાબ દીધો કે મને તેમનામાં ભલાઈ નઝર આવે છે મને એમનાથી ઘણો ફાયદો પહોંચ્યો તે એવી રીતે કે તે લોકોએ ઝુલ્મ કરીને મને બુરાઈના માર્ગથી દુર કરીને નેકીના રસ્તે પહોંચાડી દીધો.

મૈં જ્યારે જ્યારે દુનિયાનું રુખ કર્યું તો એ લોકોએ મને બહુ તક્લીફ પહોંચાડી, માર ખાધો જ્યારે જ્યારે મૈં દુનિયાના જંગલનો ઈરાદો કર્યો આ ઝાલિમ ભેડીયાઓએ મને તક્લીફ આપીને દુનિયાની મશગૂલિયતથી દૂર કરી દીધો.

આ ઝાલિમ લોકો મારા મોહસીન છે મારા પર વાજિબ છે કે હું તેઓના માટે દુઆ કરૂ જો તેઓ મને ન સતાવતા તો મને સવાબ ક્યાંથી મળતો ? મને દુનિયાથી નફરત કેવી રીતે થતી ? તેમનું વુજૂદ મારા માટે એવુ છે કે જેવુ ઇન્સાનની ઝિન્દગીમાં દુખ દર્દ જે તેને અલ્લાહ તઆલાના દરવાજા પર લાવી દે છે. જ્યારે કે સુખ આરામ ઇન્સાનને અલ્લાહ તઆલાના દરવાજા થી દૂર રાખે છે માટે હું આમનો આભાર માનુ છુ એને માટે દુઆ કરૂં છુ.

**સબક :** ઇન્સાને બુરા લોકોથી પણ કંઈક સીખવુ જોઇએ અને ઇબ્રત લેવી જોઇએ દુખો, તક્લીફ અને મુસીબતોથી પણ કંઈક સબક સીખવો જોઈએ અને જે કંઈ બને તેને મિન જાનીબિલ્લાહ સમજે, કારણ કે અલ્લાહના ચાહ્યા સિવાય કંઈજ થતુ નથી.

## 《39》 એક ચમાર અત્તરના બજારમાં

એક ચમાર માર્કેટથી પોતાનો સામાન ખરીદવા ગયો તેનો ફુલ ગલી થઈને અત્તરની દુકાનોની વચમાંથી પસાર થવુ પડયુ જેના કારણે તે બજારની વચમાંજ તેનુ માંથુ ચકરાવા લાગ્યુ અને બજાર વચમાંજ તે ચક્કર ખાઈને પડી ગયો અને બેહોશ થઈ ગયો લોકો

તેની આસપાસ ભેગા થઈ ગયા, કોઈ તેના માથા પર હાથ ફેરવતુ બીજો તેના પર અત્તર છાંટતો તે બિચારો નહતો જાણતો કે અત્તરની સુંગધના કારણે તો તે બેહોશ થઈ ગયો છે, કોઈ તેની નાડીના ધબકારા ચેક કરતુ કોઈ દિલની ધડકન, કોઈ તેના શ્વાસ ચેક કરતુ કે ખબર પડે કે તેણે નશોતો નથી કર્યો કે શરાબ, ભાંગ કે ચરસના કારણે તો બેહોશ નથી ને ! કોઈને પણ તેના બેહોશ થવાનું કારણ જાણવા ન મળ્યુ.

આ દરમિયાન તેનો ભાઈ આવી ગયો તે એક હાથમાં કુતરાનું મળ (પાખાનું) ઉઠાવેલ હતો તે આગળ વધ્યો તેણે ટોળાને કહ્યુ કે હટી જાવ કે હું તેની તક્લીફ સમજુ છુ અને હું તેનો ઈલાજ પણ કરી શકુ છુ તેણે દિલમાં કહ્યુ કે આની નસ નસમાં મરેલા ઢોરના ચામડાની ગંધ (દુર્ગંધ-બદબૂ) છવાયેલ છે મહીનાઓ અને વરસો તે બદબૂની સાથે જીવ્યો છે તે આની આદત બની ગઈ છે બીમારને જેની આદત હોય એજ તેને આપવામાં આવે તો ઈલાજ છે તેણે લોકોને દૂર કર્યા કે લોકો ન જૂએ પછી તેના હાથમાં જે ચીઝ હતી (મળ-મુત્ર) તે તેના નાકથી નજીક લઈ ગયો અને તેને સુંઘાડયુ તો તેણે હલન ચલન શરૂ કરી દીધુ અને હોશમાં આવી ગયો તેને આદતના વિરુધ્ધ અત્તરની ખુશ્બૂએ બેહોશ કરી દીધો હતો.

**સબક :** આ મિસાલ કાફિરોની છે કે બુતોની ગંદકી અને ગોબર તેમને એટલુ પસંદ છે કે તૌહીદનું અત્તર તેમને સારૂ નથી લાગતુ જેવુકે બદ અકીદા ગુમરાહ ફિર્કાઓને નાતે પાકે મુસ્તફાથી તક્લીફ થાય છે અને આજ આદત આ દૌરના બદ અકીદા ગુસ્તાખ ફિર્કાઓની છે જેમને ન્યાઝ ફાતિહાનું ખાણુ સારૂ નથી લાગતુ પરંતુ વ્યાજ ખોરો અને હરામ ખોરોના તરફથી આવેલ ખાણુ સારૂ લાગે છે.

## ﴾40﴿ કાબિલ અને કાગડો

કાબિલ જ્યારે હાબિલને કતલ કરી ચુક્યો તો તેને હાબિલની લાશ ઠેકાણે લગાડવાની ચીંતા થઈ, કાબિલને કોઈ રસ્તો સુઝતો ન

હતો એ દરમિયાન તેને એક કાગડો દેખાયો જે એક મરેલા કાગડાને ચાંચમાં ઉપાડીને ઉડી રહ્યો હતો તે કાગડો નીચે ઉતર્યો અને કાગડાની લાશને ઠેકાણે લગાડવા માટે પાંખની મદદથી ઝમીન ખોદી અને મરેલ કાગડાને દફન કરવા માટે ઝમીનની નીચે છુપાવી દીધો અને ઉપર માટી નાખી દીધી. કાબિલે પણ કબર ખોદી અને હાબિલની લાશને છુપાવવાની તરકીબ (આઈડિયા) કાગડા પાસેથી સીખ્યો.

**સબક :** કોઈ પણ કામ ચાહે સામાન્ય હોય કે કેવુ પણ હોય ઉસ્તાદ થી જોયા જાણ્યા વગર શકય નથી ઈલ્મ હાસિલ કરવા માટે મુઅલ્લિમ (ઉસ્તાદ) જરૂરી છે.

## 《41》 એક ફકીહની પાઘડી દુનિયાની મિસાલ

એક ફકીહે ઘણાં બધા કપડાના ટૂકડા અને ચીથરા (જુના) ભેગા કરીને લપેટી લિધા અને તેને વચમાં રાખીને એક ભારી ભરખમ પાઘડી બનાવી દેખાવ એવો હતો કે જાણે તે કપડાના એક પુરા થાન માંથી બની છે તેણે આ મોટી પાઘડી પોતાની શાનો શૌકત અને લોકોમાં રૌબ જાહેર કરવા માટે બનાવી હતી કે લોકો તેને બહુ મોટો આલિમ સમજે અને નજરાના (ભેટ) આપે તે મદ્રસા તરફ જઈ રહ્યો હતો કે રસ્તામાં લોકોના માલની લુટફાટ કરવાવાળો એક ઉઠાવગીર (ચોર) તેને મળ્યો તેણે એ શાનદાર પાઘડી જોઈ તેનો તો ધંધોજ લુટ ફાટનો હતો તેની ચાલાકી આવડતે તેને મજબૂર કર્યો કે પાઘડી છીનવી લે તે ઉઠાવગીરે ફકીહની પાઘડી લિધી અને ભાગ્યો તે ફકીહે તેને અવાજ દીધી કે અય બેટા ! મૈં પાઘડી તને ઈનામમાં આપી દીધી પરંતુ જરા એને ખોલીને જો તો ખરો કે તારા હાથમાં શું આવ્યું છે ? પાઘડીની અંદર તો બે મીટર કપડુ પણ નથી આની અંદર જુના કપડાના ચીથરા જ છે.

તૂ એને જલ્દી જોઈલે કે તૂ જેટલુ મોડુ કરીશ તેટલો વધારે નિરાશ થઈશ અને થાકી જઈશ એ વધારામાં ! તે ઉઠાવગીરે ફકીહની

અવાજ સાંભળી અને પાઘડીને ખોલી તો જુના કપડાના ચીથડાજ હતા તે શર્માયો અને પછતાવો કર્યો કે આટલો હોશીયાર ચોર હોવા છતા નકામા કપડાના ચીથડા પર હાથ માર્યો હવે તે ફકીહને બુરૂભલૂ કહેવા લાગ્યો કે તેં મારી સાથે દગો કર્યો ફકીહે કહ્યુ કે મૈં બેશક ! ધોખો દીધો પણ તને સાચી હકીકત જણાવી દીધી.

**સબક :** આલિમો આ દુનિયાની મિસાલ આ પાઘડીથી આપે છે કે આ દુનિયા જાહેરમાં તો બહુજ ખૂબ સૂરત પરંતુ હકીકતમાં ખરાબ છે હુઝૂરે પાક صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ફરમાવે છે દુનિયા ફરૈબ છે અને ફરૈબથી જ હાસિલ થાય છે.

દુનિયાની બે સબાતી વિષે અલ્લાહ તઆલા પોતાના કુરઆનમાં ફરમાવે છે : પારહ 27 સૂરએ હદીદ આયત નં. 20 **તર્જમો :** જાણી લો કે આ દુનિયાની ઝિન્દગી ખેલ તમાશા સિવાય કંઈજ નથી અને બનાવટી શણગાર અને તમારૂ એક બીજા પર બડાઈ મારવુ અને માલ અને ઔલાદમાં એક બીજા પર ફખ્ર કરવું.

## ﴾42﴿ હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام અને હવાની વાંકીચાલ

હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام તખ્ત પર બીરાજમાન થઈ હવામાં ઉડતા જઈ રહ્યા હતા તેમને ખયાલ આવ્યો કે હવાં ત્રાંસી ચાલી રહી છે આપે હવાથી ફરમાવ્યુ કે અય હવા ! ત્રાંસી ન ચાલ હવાએ જવાબ દીધો કે અય સુલૈમાન ! આપ ત્રાંસા ન ચલો અને જો આપજ ત્રાંસાજ ચાલો તો પછી મારા પર ગુસ્સો ન કરો.

હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام એ પોતાનો તાજ જોયો તો તે માથા પર ત્રાંસો હતો આપે તેને સીધો કર્યો તો તે ફરી ત્રાંસો થઈ ગયો આપે આઠ વખત તેને સીધો કર્યો અને તે દરેક વખતે ત્રાંસો થઈ ગયો આપે તેનાથી ફરિયાદ કરી તો તેણે જવાબ દીધો કે આપ પોતાની સોચ અને ખયાલાતને સીધા કરી લો મને સીધા કરવાની જરૂર નહીં પડે હું ખુદ બ ખુદ સીધો થઈ જઈશ. આપે પોતાની અંદર જોયુ તો

દિલમાં કંઈક અયોગ્ય જોયુ આપે પોતાની એ હાલત ને સહીહ કરી તો તાજ ખુદ બ ખુદ સીધો થઈ ગયો, આપે આઝમાઈશ માટે તાજ ને વાંકો (ટેઢો) કર્યો તે ફરી સીધો થઈ ગયો આપે આઠ વખત આમજ કર્યુ દરેક વખત તે સીધોજ થઈ ગયો. આપે તાજથી સવાલ કર્યો કે વાત શું છે ? તેણે કહ્યુ તમે જાણોજ છો કે તમે તમારી સોચ (વિચારો)ની ઈસ્લાહ કરી લીધી છે.

**સબક :** આડાઈ અને બગાડ બહાર નથી હોતા ઈન્સાનના અંતર મન (રૂહ અને દિલ)માં બગાડ પૈદા થાય છે તેની અસર બહાર આવે છે ઈન્સાન પોતાના કામ બગડવા પર પોતાની અંદર ગૌર કરે અને વિચારે કે મારી શું ભુલ થઈ કે મારા પર તક્લીફ આવી ? જેવુ કે

અલ્લાહ તઆલા પારા 5 સૂરએ નિસા આયત નં. 79માં ફરમાવે છે : તને જે કંઈ પણ ભલાઈ પહોંચી તે અલ્લાહની તરફથી છે અને જે બુરાઈ પહોંચે તે તારી પોતાની તરફથી છે. અને પારહ 25 સૂરએ શૂરા આયત નં. 30માં છે કે **તર્જમો :** જે મુસીબત તારા પર આવી તે એના કારણે છે તે જેવા આમાલ કર્યા અને ઘણું બધુ તો અલ્લાહ માફ કરી દે છે.

તો ઈન્સાન હર સમય પોતાના હાલ પર નઝર રાખે અને પોતાની ઈસ્લાહ કરતો રહે.

## ﴾43﴿ એક સ્ત્રી (માં) અને તેનું બાળક

એક સ્ત્રી (માં)નું બાળક મકાનની છત પર તેના પરનાળા પર જઈ બૈઠુ ઔરતે તેને પાછુ બોલાવવા માટે ઘણા પ્રયત્ન કરવા છતા એને બોલાવવા, રમકડા બતાવવા, ખાવા પીવાની ચીઝોંની લાલચ આપવા છતાં તે પાછુ ન આવ્યુ ડર એ હતો કે અગર ઔરત તેની તરફ આગળ વધે અને બાળક કદાચ પાછળની તરફ રૂખ કરે તો તે પરનાળાથી ખસકીને નીચે પડી જાય વધારે સમય ત્યાંજ બેસી રહે તો પણ તેના પડી જવાનો ભય હતો.

આ હાલતમાં તે સ્ત્રીએ હઝરતે અલિય્યુલ મુર્તઝા كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم ની ખિદમતમાં હાજર થઈ અને કહ્યુ કે હઝરત !! મને બાળકને પાછુ લાવવાની કોઈ તરકીબ (આઈડિયા) બતાવો આપ સરકારે ફરમાવ્યુ કે મહોલ્લામાંથી તેની ઉમરનું કોઈ બાળક લો અને તેને છતના આ તરફના કિનારે એ બાળક જોઈ શકે તેમ સામે બેસાડો તે બાળક તમારા બાળકને પોતાની તરફ બોલાવે તે ઔરતે એમજ કર્યુ તેનુ બાળક પોતાના હમ ઉમ્ર બીજા બાળકને જોઈને તેની તરફ આકર્ષાયુ, અને માંએ પોતાના બાળકને ઉપાડી લિધુ. سُبْحَانَ اللّٰهِ عَزَّوَجَلَّ

## ﴾44﴿ હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام અલ્લાહ તઆલાથી સવાલ

હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام અલ્લાહ તઆલાથી સવાલ કર્યો કે અય ખાલિકે કાએનાત ! તૂં સૂરતો બનાવે છે જે હુસ્નો જમાલના પૈકર હોય છે પછી ખુદ તેને મિટાવી દે છે મને સમજાવ કે આમાં કઈ હિક્મત છે ? જવાબ મળ્યો કે તારો સવાલ હિકમત અને ફૈસલાનો ભેદ (રાઝ) જાણવા માટે છે માટે તૂં એક ખેતરમાં ઘઉંની ખેતી કર હઝરતે મૂસાએ એમજ કર્યુ જ્યારે ફસલ તૈયાર થઈ ગઈ તો દાંતી વડે ફસલ કાપી અલ્લાહ તઆલાએ હવે સવાલ કર્યો કે અય મૂસા ! તે પોતાનીજ વાવેલ ફસલ શા માટે કાપી નાખી ? હઝરતે જવાબ દીધો કે હું ઘઊં અને ભુસાને અલગ અલગ કરવા ચાહતો હતો એમ કરવુ જરૂરી હતુ નહીંતર ફસલ બરબાદ થઈ જતી.

અલ્લાહ તબારક વ તઆલાએ ફરમાવ્યુ કે મારી મખ્લૂકની પણ એજ કૈફિયત છે આ સમજ તને કૌમે અતા કરી અકલના કારણે તે ખલીયાન બનાવ્યુ. હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام એ જવાબ દીધો : અય ખુદા ! આ સમજ મને તેં અતા કરી અલ્લાહ તઆલાએ ફરમાવ્યુ કે મૈં જ્યારે ઈન્સાનને આ સમજ અતા કરી તો હું જ્યારે રબ્બે કાએનાત છુ તો મારાજ પૈદા કરેલને જે કાએનાતની મખ્લૂક છે તેને શું ન મીટાવુ ?

**સબક :** કાએનાતની તમામ ચીઝો તેની સજાવટ શણગાર આ બધુજ ટુંક સમય માટે છે અને પોતાના જવાલની તરફ થઈ રહ્યુ છે અને કયામત જરૂર આવવાનીજ છે એ દિવસે સારા અને ખરાબ, કાફિર અને મોમિનને અલ્લાહ અલગ કરી દેશે.

યાદ રહે અલ્લાહ તબારક વ તઆલાનું કોઈ કાર્ય (ફૈલ) હિક્મતથી ખાલી નથી તેના દરેક કામમાં બેશુમાર હિકમતોં અને મસ્લેહતો હોય છે.

## ﴾45﴿ એકબાદશાહ અને તેનું સ્વપ્ન

એક બાદશાહ હતો તેનો એક વલી અહદ (પાટવી કુંવર) શાહઝાદો હતો એક રાત્રે તેણે સ્વપ્નમાં પોતાના પુત્રની મૌતનો નજારો જોયો, બાદશાહને પોતાના વારીસની ફિક્ર થઈ તેણે વિચાર્યુ કે જલ્દીજ પોતાના શાહઝાદાની શાદી કરાવી દે જેથી કરીને તેની નસલ બાકી રહે, હવે તેણે એક દુરવેશ નેક ઇન્સાનની ચાંદ જેવી દુખ્તરથી નિકાહ કરાવવાનું ચાહ્યુ.

આ બાદશાહના ઘરના સભ્યોને જયારે જાણ થઈ તેઓએ બાદશાહને ના પાડી અને કહ્યુ કે એ ફકીરની છોકરીથી રિશ્તો ન કરે એ આપણી બરાબરનો નથી બાદશાહે કહ્યુ કે એ ફકીર નથી પરંતુ ગની છે તેણે પોતે સ્વેચ્છાએ દુનિયા તથા માલ દૌલતથી કિનારો કરી રાખ્યો છે તમે દુનિયાવાળા પણ અજબ જેવા છો કૈદીને બાદશાહ અને બાદશાહને કૈદી કહો છો તેણે એ દુરવેશની નેક ખસ્લત અને ખૂબ સૂરત છોકરી સાથે શાહઝાદાની શાદી કરી દીધી.

એક કામિલ બુઢિયા જાદુગરણી અત્યંત બદ સૂરત ઔરતે શાહઝાદાને પોતાના જાદૂમાં ફસાવી લીધો એક વરસ સુધી શાહઝાદો તેના જાદુમાં એવો ફસાયેલ રહ્યો કે તેણે કારોબાર અને રાજ્યની દેખ રેખ અને ખૂબ સૂરત પત્નીની તરફ જોયુ પણ નહીં બાદશાહે બહુજ કોશિશ તથા ઈલાજ કર્યો પણ એ જાદૂગર ઔરતનું જાદૂ દુર ન થયુ

અંતે તેણે રબ તઆલાની તરફ સજદામાં જઈને દુઆઓમાંગી તેની દુઆ કબૂલ થઈ અને એક જાદૂનો તોડ જાણકાર તબીબને અલ્લાહ તઆલાએ મોકલ્યો જેના ઈલાજથી બુઢીયાનો જાદૂ દુર થયો તેને ગાંડ પણ દૂર થયુ, અને શાહઝાદો હોશમાં આવ્યો તેને બુઢીયાનું જાદૂ સમજાયુ અને વિચારતો રહ્યો કે હું કેમ બુઢીયાની જાળમાં ફસાઈ ગયો ?

**સબક :** આ મિસાલી હિકાયતમાં બાદશાહ હઝરતે આદમ عَلَيْهِ السَّلَام શહઝાદો તેની ઔલાદ એટલે કે ઈન્સાન અને શાહઝાદા પર જાદૂ કરના બદ સૂરત બુઢીયા એ આ દુનિયા છે નબીઓ અને ઔલિયા ઈલાજ કરવાવાળા તબીબ છે આ દુનિયાએ ઇબ્ને આદમ નસ્લે ઈન્સાનીને પૈગમ્બરો અને વલીઓના રસ્તાથી દૂર કરી પોતાની ઝાળમાં ફસાવી લિધો છે નબીઓ અને વલીયોની રહેનુમાઈ પર અમલ કરીને તે પોતાને દુનિયાની અસરથી દૂર કરી શકે છે.

## 《46》 એક શિકારી અને પક્ષી

એક શિકારીએ એક નાનકડા પક્ષીને ઝાળમાં ફસાવ્યુ કે પરિન્દાને અલ્લાહ તઆલાએ બોલવાની શક્તી અતા કરી અને તેણે શિકારીથી કહ્યુ : અય બહાદુર મર્દ ! તે ઘણા બધા વાઘ સિંહ, ગાય, ભેંસ, બકરી અને મોટા મોટા જાનવરનો શિકાર કર્યો છે. હું નાનકડુ પક્ષી તને શો ફાયદો મારાથી થશે ? અગર તૂં મને આઝાદ કરવા તૈયાર હોય તો હું તને અકલ અને સમજદારીની ત્રણ કીમતી વાતો બતાવીશ જે ઝિન્દગીમાં તને કામ આવશે પરંતુ પહેલી વાત એ વખતે બતાવીશ જ્યારે તારા હાથ પર બેસીશ, બીજી વાત એ વખતે બતાવીશ જ્યારે હું દિવાલ પર બેસીશ અને ત્રીજી વાત એ વખતે બતાવીશ જ્યારે હું ઝાડની ઊંચી ડાળી પર બેસીશ.

શિકારીએ કહ્યુ : ઠીક છે વાંધો નથી અને તેણે પક્ષીને હાથની પીઠ પર બેસાડી દીધુ પરિન્દાએ કહ્યુ કે ઝિન્દગીમાં કદી અશક્ય વાત

પર યકીન ન કરવો અને તે ઉડીને દિવાલ પર બેસી ગયુ તેણે કહ્યુ બીજી વાત એ છે કે ઝિન્દગીમાં જો નુક્સાન થઈ જાય તો તેને ભુલી જજે તેની ઉપર બુમ બરાડા કે અફસોસ ન કરવો અને આટલુ કહીને તે પક્ષી ઝાડની ઉંચી ડાળી પર બેસી ગયુ અને કહ્યુ કે ત્રીજી વાત બતાવતા પહેલા એક વાત જણાવી દઉં કે મારા શરીરમાં દસ દિરહમના વજન જેવડો એક હિરો હતો અગર તે તને મળી જતો તો તૂં તો નહીં પણ તારી આવનાર પેઢીઓ પણ માલદાર થઈ જતી પરંતુ હવે તેં એ હિરો ખોઈ દીધો તે માણસ બુમા બુમ અને અફસોસ કરવા લાગ્યો લોકો ભેગા થઈ ગયા અને તેણે કહ્યુ કે આ પક્ષીએ મારી સાથે દગો કર્યો અને મારી તમામ મહેનત બેકાર થઈ ગઈ.

જ્યારે થોડી વાર પછી તેનું મગજ ઠેકાણે આવ્યુ તો તેણે પક્ષીને કહ્યુ કે ચાલો જે કંઈ થયુ હવે મને ત્રીજી વાત તો બતાવ તો તેણે કહ્યુ કે અય નાદાન ! તેં મારી પહેલી બે વાતો પર તો અમલ ન કર્યો હું તને ત્રીજી વાત શું બતાવુ નાદાનોને નસીહત કરવાનો ફાયદો નથી તેમ કહી ઉડી ગયુ.

**સબક :** પરિન્દાએ તેને પહેલી વાત એ કહી હતી કે અશક્ય વાત પર યકીન ન કરવુ હવે જે પરિન્દાનું પોતાનું વજન મુશ્કેલ થી એક દિરહમ હોય તેના પેટમાં દસ દિરહમ વજનનો હીરો કઈ રીતે હોય ? તો આ વાતજ અશકય છે બીજી વાત તેણે એ કહી કે જે ચીઝ ગુમાવી દીધી તેના પર અફસોસ ન કરવો શિકારી આ બીજી વાત પર પણ અમલ ન કરી શકયો તેણે અશકય વાત માની લિધી અને અફસોસ પણ કર્યો અને ત્રીજી વાત પણ તેણે વાયદો કર્યા મુજબ બતાવી તે એ કે નાદાનો બેવકુફોને નસીહત કરવાથી કંઈ ફાયદો નથી.

આ નાદાનની મિસાલ એવા લોકોની મિસાલ છે જે નબીઓ, રસૂલો અને કિતાબોંની નસીહત પણ નથી માનતા ખરેખર નસીહત માત્ર અકલમન્દ જ માને છે જેવુ કે અલ્લાહ તબારક વ તઆલા

પોતાના મુકદ્દસ કલામમાં પારહ 13 સૂરએ રઅદ આયત નં. 19માં ફરમાવે છે **યાની નસીહત એ લોકોજ માને છે જેમનામાં અકલ હોય.**

## ﴾47﴿ હઝરતે ઈબ્રાહીમ عَلَيْهِ السَّلَام અને ચાર પરિન્દા

કુરઆને કરીમમાં છે કે હઝરતે ઈબ્રાહીમ عَلَيْهِ السَّلَام થી અલ્લાહ તઆલાએ હુક્મ દીધો ચાર પરિન્દાઓને પકડો અને પોતાનાથી માઈલ કરી લે અને પછી તે ચારેને ઝિબ્હ કરીને તેનો કીમો કરીને તેને અલગ અલગ પહાડો પર રાખી દે પછી તેને બોલાવ અને જો કે તે કેવી રીતે જીવતા થઈને તારી પાસે દૌડતા આવે છે.

મૌલાના રૂમ ફરમાવે છે અય ઈન્સાન ! તૂ ખલીલુલ્લાહની જેમ આ દુનિયાની ઈમ્તેહાનગાહ (પરીક્ષા ખંડ)માં છે તારે ચાર પરિન્દાને ઝિબ્હ કરવાના છે આ ચાર પરિન્દા મિસાલી છે જેણે દિલમાં ઘર કરી લિધુ છે.

આ ચાર પરિન્દા અને તેની સિફાતનું વર્ણન કરતા હઝરત લખે છે તેમાંથી એક પક્ષીનું નામ બતક છે જે લાલચુ છે તે ઝમીન અને પાણીની ચીઝો ખાય છે અને પોતાના પેટમાં બધીજ ચીઝો નાખતીજ રહે છે એ ચોરની જેમ જ પોતાની ઝોળીમાં દરેક ચીઝ ભરતો રહે છે તેને ખૌફ (ડર) હોય છે કે માલિક આવી જશે અથવા બીજો કોઈ ચોર આવી જશે તો તેની પાસે સમય ઓછો છે તે હીરા અને પત્થર બધુજ પોતાના થેલામાં ભરે છે તેને મૌકોજ નથી તે કીમતી અને નકામી ચીઝોમાં ફરક કરી શકે આવીજ લાલચ ઈન્સાનમાં છે તેના આ સ્વભાવમાં છે જે તેને મજબૂર કરે છે જે કંઈ તેને મળે બધુજ લઈ લે.

બીજો પરિન્દો મોર છે જે દોગલા પણુ કરે છે દોરંગી છે ફખ્ર અને મુબાહાતના વડે શોબાજી કરે છે આવી રીતે પોતાના ઢોંગ દેખાડાના વડે સારા ખરાબ તરીકાના ઝરીએ મખ્લૂકે ખુદાનો શિકાર કરે છે ધોકો ફરેબ દેવો તેનો મક્સદ છે આ મન્સબ ઈન્સાનના હોદ્દાની

અલામત છે મોર જ્યારે કળા કરે છે તો બહુજ ખૂબ સૂરત લાગે છે અને લોકો તેની તારીફ કરે છે પરંતુ ખૂબ સૂરત દેખાવા માટે અને લોકોની તારીફ પામવા માટે તેણે નગ્ન દેખાવુ પડે છે કારણ કે તે પાછળથી ઉઘાડો દેખાય છે અને તેના ખૂબ સૂરત પાંખ માટે લોકો તેનો શિકાર કરે છે લોકો પણ દુનિયાની તારીફ વાહ વાહ માટે રિયાકારી કરે છે.

ત્રીજો પરિન્દો કાગડો છે જે પોતાની કાંવ કાંવ અને શોરો ગુલ થી હમેશા બકવાસ કરતો રહે છે વધારે જીવવાની ખ્વાહિશ છે તેની અન લીમીટ તમન્ના તેને ચૈનથી બેસવા નથી દેતી અને ઝિન્દગી ભર તેણે ગંદકી સિવાય કશુ નથી ખાધુ માટે લાંબી તમન્ના અને બેચેની તેના સ્વભાવનો હિસ્સો બની ગઈ છે.

ચૌથો પરિન્દો મરઘો હતો જેને તેની શહેવત પરસ્તીના કારણે ઝિબ્હ કરવામાં આવે છે મૌલાના ફરમાવે છે કે શયતાને જ્યારે ઈબ્ને આદમને બહેકાવવા માટે મોહલત માંગી તો સાથે સાથે ઈન્સાનના શિકાર માટે મજબૂત જાળ (ફસાવવા માટે)ની તમન્ના કરી હતી અલ્લાહ તઆલાએ તેને સોના ચાંદી તથા ઘોડાનો ખજાનો બતાવ્યો તે બોલ્યો આફરીન પણ થોડો નિરાશ થયો, અલ્લાહ તઆલાએ સોના ચાંદી, મોતી તેની સામે કરી દિધા તેણે કહ્યુ : આ બીજી જાળ સારી છે પરંતુ હું કંઈક વધારે ચાહુ છુ સારૂ ખાવાનું, કીમતી સાઝો સામાન દેવાયુ છતા તેને સંતોષ ન થયો. અલ્લાહ તઆલાએ તેને શરાબ અને સંગીતના સાધનો બતાડયા તેને થોડો સંતોષ થયો, તેને ઔરતોની ખૂબ સૂરતી અને શણગાર (મેક અપ) બતાવ્યો એના પર તે ખુશ અને મુત્મઈન થયો. મૌલાના ફરમાવે છે હઝરતે ઈબ્રાહીમ عَلَيْهِ السَّلَام હિર્સ (લાલચ)જાહો મન્સબ (હોદ્દા) ખૂબજ વધારે ખ્વાહિશો અને શહેવત (હવસ, વાસના)ને પોતાના નફસથી મારી નાખી અને એજ નફસ આતિશે નમરૂદમાં વગર સંકોચે કુદી પડયો.

**સબક :** અગર આજના દૌરના નમરૂદનો મુકાબલો કરવો હોય તો પોતાના નફસમાંથી આ ચારે ખરાબ ખસ્લતને ખતમ કરી દો આતિશે નમરૂદ તમારૂ કંઈજ નહીં બગાડી શકે કે આગ સોનાને નહીં પરંતુ મેલને બાળે છે.

## ﴾48﴿ એક ગામડીયો અને તેનો કુતરો

એક ગામડીયાએ એક કુતરો પાળી રાખ્યો હતો કુતરો એક દિવસ મરી રહ્યો હતો ગામડીયો આંસૂ વહાવતો હતો અને કહેતો હતો કે હાય ! હું શું કરૂ ? હું તારી વગર કેવી રીતે જીવી શકીશ ? એક માણસ ત્યાંથી પસાર થયો તેણે ગામડીયાથી પુછયુ આ કેવુ રડવુ અને ગીડગીડાવુ છે ? ગામડીયાએ જવાબ દીધો : મારી મિલ્કત આ એક સારી આદતવાળો આ કુતરોજ છે તે શેર બબ્બર (સિંહ)ની જેવો છે દિવસે શિકારમાં મારો સાથી અને રાત્રે મારો ચોકીદાર છે અફસોસ ! કે તે મરી રહ્યો છે. તેણે પુછયુ : તેને કઈ બીમારી છે ? શું તે ઝખ્મી થઈ ગયો છે ? તેણે જવાબ દીધો : ના એવુ કંઈજ નથી તે ભુખથી તડપી રહ્યો છે અને ભુખના કારણેજ મરી રહ્યો છે. એ મુસાફરે ગામડીયાને કહ્યુ : ભાઈ ! સબ્ર કર કે અલ્લાહ સબ્ર કરવાવાળાનો સાથી અને મદદગાર છે.

પછી તે મુસાફરે ગામડીયાને પુછયુ કે તેં આ થેલામાં શું ભરી રાખ્યુ છે ? તેમાં શું છે ? ગામડીયાએ કહ્યુ : કાલ માટે રોટી, તોશા અને બહેતર ખાવાનું છે ? મુસાફરે કહ્યુ : તો પછી એમાંથી થોડુ ખાવાનું કુતરાને શા માટે નથી આપી દેતો ? કે આનો જીવ બચી જાય. ગામડીયાએ કહ્યુ : હું એટલો બધો ઉદાર નથી અને આટલી બધી મહોબ્બત અને બખ્શિશની ભાવના મારામાં નથી. તેણે કહ્યુ : રોટી પૈસા વગર નથી મળતી પરંતુ મારી બન્ને આંખના આંસુ મફતના છે. તે માણસે કહ્યુ : એ જાહિલ ગામડીયા ! તારા મગજમાં રોટીનો

ટૂકડો આંસૂ કરતા કીમતી કઈ રીતે છે ? આંસૂ તો લોહીથી બને છે જે ગમના કારણે પાણી બની ગયુ તને લોહીની કીમત નથી રોટીની છે.

**સબક :** દુનિયાની થોડી ચીઝ માટે માણસ પોતાને રંજ અને ગમમાં મશ્ગૂલ ન કરે જેવુ કે આ ગામડીયાએ કર્યુ એણે એ પણ ન વિચાર્યુ કે રોટીના ટૂકડાથી તેના કુતરાનો જીવ બચાવી લેત તો તેનો શિકારનો મદદગાર, રાતનો ચોકીદાર બચી જાત આવા સંજોગોમાં રોટી બચાવવી એ કોઈ નફાનો સોદો નથી.

આવીજ રીતે ઈન્સાન દુનિયવી માલ તો બચાવી લે છે અને આખિરતનુ નુક્સાન કરતા હોય છે જેવુ કે માલ હોવા છતા ઝકાત નથી કાઢતા, હૈસિયત હોવા છતા સદકા વ ખૈરાત નથી કાઢતા આખરે એ માલ બીજાના હાથમાં ચાલ્યોજ જાય છે અને તેઓ હમેશાનુ નુક્સાન કરી બેસે છે.

## ﴾49﴿ ગૈર કૌમની સોહબત

નાજિન્સની સોહબત મૌતની જેમ છે અને બહુજ બુરી સજા છે એક હરણને શિકારીએ પકડી લિધુ એ પકડીને તેને ગાય બળદ અને ગધેડાની સાથે બાંધી દીધુ તે બિચારૂ ચારે તરફ અકળાઈને ગભરાઈને ભાગતુ હતુ અને એ શિકારી જે ઘાસ બળદ ગધેડાને ખવડાવતો હતો એજ ઘાસ હરણને ખાવા માટે આપી જે ઘાસ બળદ ગધેડા માટે શકર જેવી પસંદીદા ચીઝ (જાણે કે હલવો) હતી તેને ગળા નીચે ઉતારવુ હરણ માટે મુશ્કીલ અને મુસીબત (જાણે કે જહેર) હતી.

મૌલાના આગળ ફરમાવે છે : નાજિન્સની સાથે રહેવુ મૌતની બરાબર છે ઈન્સાનની રૂહ બાઝ છે જે ફીઝાઓ હવાઓમાં સૈર કરે છે જ્યારે કે તેનું શરીર મિસ્લે કાગડો છે અને બાઝ (રૂહ) પણ નાજિન્સ યાની જિસ્મની અંદર કૈદ છે. નાઝૂક બદન અને નાઝુક સ્વભાવનું હરણ વહેશતના કારણે રડતુ તો ગધેડાઓ તેની મઝાક ઉડાવતા કહેતા

કે આ મહારાજા સાહેબ (કટાક્ષમાં કહેતા) આ ઘાસ નહીં ખાય હરણ કહેતુ કે મારી નાફ (ડુંટી)માં કસ્તુરી છે જેની ખુશ્બૂ થી જંગલ મહેકી ઉઠે છે હું આ ઘાસ ક્યાંથી ખાઈ શકુ ? મૈં હમેશા બાગ બગીચા અને છાંવમાં આરામ કર્યો અને ઉમ્દા બહેતરીન ચારો ચર્યો છે હું ફકીર (કૈદી) થઈને પણ બે આબરૂ નથી થઈ શકતુ મારો લિબાસ અગર ઉપરથી જુનો થઈ જાય હું અંદરથી તો એજ છુ આના પર ગધેડાઓ તેની મશ્કરી કરતા કે આની હાલત જુઓ અને એના નાઝો નખરા જુઓ.

**સબક :** આ મિસાલી હિકાયતમાં સબક એ છે કે ઈન્સાન પોતાની હમ કૌમ અને હમ અકીદાની સાથેજ રહે અને નાજિન્સની સોહબતથી દૂરી અપનાવે. હુઝૂરે અકરમ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم એ ફરમાવ્યુ ત્રણ ઈન્સાનો પર રહેમ કરો (1) એક જે ઈઝ્ઝત અને મરતબાથી ઉતરી જાય (2) બીજો માલદાર જે ગરીબ થઈ જાય અને (3) એ આલિમ જે જાહિલોની વચમાં ફસાઈ જાય.

સોહબત હર હાલતમાં અસર કરેજ છે જેવુ કે કહેવાયું

**હો જાતા હૈં સોહબત કા અસર આદમી ક્યા હૈ દરો દીવાર બદલ જાતે હૈ**

અને કહેવાયુ :

**સોહબતે સાલેહ તુરા સાલેહ કુનદ**
**સોહબતે તાલેહ તૂરા તાલેહ કુનદ** (મૌલાના રૂમી)

અને ફરમાવે છે : **યક ઝમાના સોહબતે બ ઔલિયા**
**બહેતર અઝ સદ સાલા તાઅતે બે રિયા.**

એવીજ રીતે બુરી સોહબત પણ નુક્સાન પહોંચાડેજ છે જેવી રીતે સાંપ પોતાના જહેર વડે માણસને મારી નાખે છે તેના કરતા વધારે નુક્સાન માણસને બુરો મિત્ર પહોંચાડે છે કે જે જહન્નમમાં લઈ જાય છે જેવુ કે જ્યારે આયત **હામીમ તન્ઝીલુલ કિતાબી મિનલ્લાહ હિલ અઝીઝિલ હકીમ** નાઝિલ થઈ અને હુઝૂરે પાકે તિલાવત કરી

વલીદે સાંભળી અને પોતાની કૌમની મજલિસમાં આવી તેણે કહ્યુ : "ખુદાની કસમ મૈં મુહમ્મદ (صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم) થી એક વાત સાંભળી જે માણસોની વાત નથી અલ્લાહની કસમ એમા અજીબ મીઠાસ તાજગી ફાયદાઓ અને દિલખુશ કરવાવાળા છે આ વાત બધા પર ભારી છે.(અને તેના દિલમાં ઈસ્લામની સચ્ચાઈ ઉતરી ગઈ પરંતુ તેનો ખાસ અને ગાઢ મિત્ર અબૂ જહલ તેને કુફ્ર પર પાછો લઈ આવ્યો તો આ હતુ ખરાબ સોહબતનું પરીણામ).

સારી સોહબતના કારણે અસ્હાબે કહફનો કુતરો જન્નતી થઈ ગયો અને બુરી સોહબત (પડોસ નિસ્બત) ના કારણે જે મકાનમાં મુર્તિઓ હોય છે તે મકાનની દિવારો પર પણ અલ્લાહની લાનત ઉતરે છે.

## ﴾50﴿ મુહમ્મદ ખ્વારજમ શાહ

મુહમ્મદ ખ્વારજમ શાહે જ્યારે શહેર સબ્ઝવાર પર કબ્ઝો કર્યો તો તેના સૈનિકોના હાથે શહેર કત્લગાહ બની ગયુ સબ્ઝવાર શહેરના લોકો ભેગા થઈને ખ્વારજમ શાહની પાસે આવ્યા કે સમજાવી બુઝાવીને કત્લે આમ બંધ કરાવી દે તેમણે કહ્યુ કે જે શર્ત બાદશાહ રાખશે તે અમો મંજૂર કરી લઈશુ જેટલા પ્રમાણમાં ખિરાજ (ટેક્સ) તે માંગે દરકે વરસે તેમાં વધારાની સાથે આપવાની તૈયારી બતાવી ખ્વારજમ શાહે કહ્યુ : મને પુરા શહેરમાંથી એક માણસ એવો લાવી આપો જેનું નામ અબૂ બક્ર હોય. મારી એક માત્ર શર્ત છે.

સબ્ઝવાર રાફઝીઓ (શિયા)ઓનું શહેર હતુ ત્યાં અબૂ બક્ર નામ રાખવામાં આવતુ ન હતુ સબ્ઝવારમાં અબૂ બક્ર નામના માણસને શોધવુ તે એવુ હતુ જેવુ વહેતી નદીમા સુકો પથ્થર શોધવુ તે લોકોએ બહુજ કહ્યુ કે આના સિવાય જે કંઈ પણ શર્ત રાખો એ મંજૂર છે એ લોકો પણ જાણતા હતા કે અબૂ બક્ર નામનો એક પણ શખ્સ પુરા શહેરમાં નહીં મળે પરંતુ ખ્વારજમ શાહ ન માન્યો અંતે લોકોએ અબૂ

બક્રની તલાશ શરૂ કરી અંતે એક વિરાન જગ્યામાં એક ખસ્તા હાલ પરેશાન મુસાફિર બીમાર મળી આવ્યો જે બીજા કોઈ શહેરથી આવ્યો હતો અને સબ્ઝવારથી માત્ર પસાર થઈ રહ્યો હતો.

તેની બીમારી અને તેની ખરાબ હાલત પણ એટલા માટે હતી કે લોકો તેનું નામ જાણ્યા પછી તેની તરફ બિલ્કુલ ધ્યાન ન કરવાના કારણે હતી. હવે જ્યારે વીરાન જગ્યા પર તેને જોયો તો લોકો ખુશ થયા અને તેને કહ્યુ કે ચાલ ખ્વારજમ શાહ તને મળવા માંગે છે તેણે કહ્યુ : અગર મારા પગમાં આટલી શકતી હોતી કે હું મારા પગથી ચાલી શકુ તો આ દુશ્મન શહેરમાં શા માટે રોકાત ? હું પહેલેથીજ અહીંથી દુર ચાલ્યો જાત'' તેથી એક તાબૂત (પાલકી)માં નાખી લોકો તેને શાહ પાસે લઈ ગયા. શાહે તેને કહ્યુ : મૈં તમને જીવતા અબૂ બક્રને લાવવાનું કહ્યુ હતુ ન કે મુર્દા જેને તમે લાવ્યા છો.

**સબક :** મુસલમાનોંની બદ કિસ્મતી અને બદહાલીનું કારણ એ કે હુઝૂરે પાક صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ના પછી કૌમ અનેક ફિર્કાઓમાં બંટાઈ ગઈ અને જેમાં ખારીજી, રાફજી, મોઅતઝિલા મુખ્ય હતા રાફજીઓ ખુલફાએ રાશિદીનના કટ્ટર દુશ્મન હતા અને તેઓ ઈસ્લામ છોડી ચુક્યા હતા.

જિન્દગીમાં ક્યારેક એવી ચીઝની પણ જરૂરત પડી જતી હોય છે જેને ઈન્સાન તઅસ્સુબના કારણે નાપસંદ સમજતો હોય છે મૌલાના દુનિયાને સબ્ઝાવાર અને તે બીમાર મર્દ (અબૂ બક્ર)ને મર્દે ખુદા કહે છે.

## ﴾51﴿ શહેર ઝરવાંના લોકો અને સાલેહ મર્દ

યમનના એક શહેર ઝરવાંમાં એક સખી અને નેક મર્દ રહેતો હતો જે બહુજ સખી હતો અને સખાવતની હકીકતને સમજતો હતો, જ્યારે ખેતી વાડીમાં ફસલ પાકી અને તૈયાર થઈ જાય તો દસ ટકા ખૈરાત કરતો પછી ઘઊં વિગૈરેની પીસાઈ વખતે ફરી દસ ટકા ખૈરાત

કરતો પછી ઘરમાં રોટી પકાવવા માંટે આટો ગુંદતા સમયે દસ ટકા ખર્ચ કરતો પછી જ્યારે તનુરમાં રોટી પાકે તો દસમો ભાગ ખૈરાત કરતો આ તેનો તરીકો હતો. જેના કારણે તેની ગલી ફકીરો અને મોહતાજો માટે જાણેકે કિબ્લઓ કાબા હતી તેના દરવાજા પર હમેશા મિસ્કીનોની ભીડ લાગી રહેતી અને આજ કારણે તેની ફસલ પૈદાવાર ખેતી અને બીઝનેસમાં બરકત હતી. તે માણસ સખાવતનું પરીણામ અને સખાવતની બરકત સમજતો હતો અને તેના પર તેને યકીને કામિલ પણ હતુ.

તેણે મરવાના પહેલા પોતાના દીકરાઓને પણ આજ તરીકો અપનાવવાની નસીહત કરી પરંતુ દીકરાઓએ જોયુ કે આવી રીતે કરવાથી પૈદાવારનો વધારે હિસ્સો તો ફકીરોની અને મિસ્કીનોની પાછળ ખર્ચાઈ જાય છે તેઓએ હસદ અને બુખ્લ (કંજુસી)ના કારણે બાપનો માર્ગ અને તરીકો છોડી દીધો અને સખાવતની બરકતથી વંચીત થઈ ગયા પરીણામે તેના ધંધા રોઝગાર યાની બીઝનેસ અને ખેતીની ફસલ (પાક)માં ઘટાડો શરૂ થઈ ગયો એટલા માટે કે પહેલા તેની ખેતી બેશુમાર લોકોની પરવરિશ અને જરૂરિયાતનો સબબ હતી અને હવે માત્ર થોડા સભ્યોનેજ તેનાથી ફાયદો પહોંચતો હતો તો અલ્લાહ તઆલાએ પણ તેને વધારાની બરકતથી મહેરૂમ કરી દીધો.

**સબક :** અલ્લાહ તઆલાની રાહમાં માલ ખર્ચ કરવાથી માલમા ઘટાડો નહીં પરંતુ તેમાં બરકત થતી હોય છે : જેવુકે અલ્લાહ તઆલા ફરમાવે છે પારહ 2 સૂરએ બકરહ આયત નં. 245 **તર્જમો :** જે કોઈ અલ્લાહને કર્ઝે હસના આપે તો અલ્લાહ તેના માટે અનેક ઘણુ વધારી દે છે. અને ફરમાવે છે પારહ 3 સૂરએ બકરહ આયત નં. 261માં કે **તર્જમો :** તેઓની મિસાલ કે જેઓ પોતાનો માલ રાહે ખુદામાં ખર્ચ કરે છે તે એ દાણાની જેમ જેણે ઉગાડી સાત દુંડી અને દરેક દુંડીમાં સૌ દાણા (યાની એક દાણાના સાતસૌ દાણા) અને

અગર અલ્લાહ ચાહે તો તેનાથી પણ વધારી આપે જેના માટે ચાહે અને અલ્લાહ વુસ્અત (વિશાળતા અધીકતા) વાળો અને ઈલ્મવાળો છે. سُبْحَانَ اللهِ عَزَّوَجَلَّ

અને કંજુસી કરવાથી માલમાંથી બરકત જતી રહે છે બહેતરીન તરીકો એઅતેદાલ (મધ્યમ માર્ગ)નો છે જે કંજુસી અને ફુઝૂલ ખર્ચીની વચમાં છે બુખ્લ કે ઈસરાફ બન્ને અલ્લાહને પસંદ નથી.

## ﴾52﴿ પૈદાઈશે હઝરતે આદમ عَلَيْهِ السَّلَام અને એક મુઠ્ઠી ખાક

હઝરતે આદમ عَلَيْهِ السَّلَام ની પૈદાઈશના સમયે અલ્લાહ તબારક વ તઆલાએ જિબ્રઈલ عَلَيْهِ السَّلَام ને હુક્મ કર્યો કે તેઓ જાય અને ઝમીન પરથી એક મુઠ્ઠી માટી લઈ આવે તેઓ ઝમીન પર આવ્યા અને એક મુઠ્ઠી માટી લેવા માટે હાથ લંબાવ્યો તો ઝમીને ઝબાન ખોલી ખુશામત કરી કે અલ્લાહ તઆલાએ આપને બરગુઝીદા બનાવ્યા અને લૌહે મહેફૂઝનું ઈલ્મ આપને અતા કર્યુ છે. આપ ફરિશ્તાઓના સરદાર અને અલ્લાહ તઆલાથી હમ કલામ થવાવાળા છો આપ અંબિયા عَلَيْهِمُ الصَّلٰوةُ وَالسَّلَام ની તરફ સફીર બનીને જશો હઝરતે ઈસરાફીલ, મીકાઈલ અને ઈજરાઈલ عَلَيْهِمُ الصَّلٰوةُ وَالسَّلَام પર આપને ફઝીલત બક્ષી છે આપ મારી તરફ હાથ ન ફૈલાઓ અને મને માફ કરી દો હઝરતે જિબ્રઈલ عَلَيْهِ السَّلَام જે શર્મો હયાના પૈકર છે તેઓ પાછા ચાલ્યા ગયા.

અલ્લાહ તબારક વ તઆલાએ હવે હઝરતે મીકાઈલ عَلَيْهِ السَّلَام ને મોકલ્યા કે તેઓ જાય અને ઝમીન પર થી એક મુઠ્ઠી માટી લઈ આવે જ્યારે તેઓ આવ્યા તો ઝમીને હઝરતને ખુશામતની સાથે સાથે રડી રડીને તેમને એ ખુદાનો વાસ્તો દીધો કે જે ખુદાએ તઆલાએ હઝરતે મીકાઈલ عَلَيْهِ السَّلَام ને અર્શને ઉપાડવા વાળા બનાવ્યા છે ઝમીને કહ્યુ કે આપ જહાંનના રિઝકના પૈમાનાના નિગરાં છો મીકાઈલ عَلَيْهِ السَّلَام "કયલ" ના નિગરાં હાકિમ છે જેનો અર્થ છે "રિઝ્ક હાસિલ કરવાવાળા પૈમાના" ઝમીને કહ્યુ : મને આઝાદ કરી દો અને મારી

પાસેથી માટી ન લઈ જાવ તેઓ પણ ઝમીનની આહો પુકાર (ગિર્યાઓ ઝારી, રડવુ) જોઈને પાછા ચાલ્યા ગયા કે આહો ઝારી કરવાવાળાને અલ્લાહ તઆલા પણ માફ કરી દે છે.

આપના પાછા જવાના પછી અલ્લાહ તબારક વ તઆલાએ હઝરતે ઈસરાફીલ عَلَيْهِ السَّلَام ને માટી લાવવા માટે મોકલ્યા ઝમીને તેમને જોતા જ રડવાનું શરૂ કરી દીધુ અને કહ્યુ કે અય સૂરના ફરિશ્તા ! આપની ફુંકથી મુર્દા જીવતા થઈ જશે આપ ફરિશ્તએ રહેમત છો આપ અર્શને ઉપાડનાર અને ઈન્સાફના કિબ્લા છો ઝમીને નમ્રતાથી કહ્યુ : અય દર્દમન્દની શિફા અને રહેમત ! આપ પણ એજ કરો જે પહેલા બે અઝીમુલ મર્તબત ફરિશ્તાઓએ કર્યુ ઝમીનનું રોવુ ધોવુ અને વિનંતી નમ્રતા જોઈ તેઓ પણ પાછા ચાલ્યા ગયા.

હવે અલ્લાહ તબારક વ તઆલાએ હઝરતે ઈઝરાઈલ عَلَيْهِ السَّلَام ને રવાના કર્યા ઝમીને ફરીથી અગાઉની મુજબ રોવા ધોવાનું શરૂ કર્યુ તેમને કસમ આપી અને ઘણી બધી કસમો ખાધી હઝરતે ઈઝરાઈલ عَلَيْهِ السَّلَام એ ફરમાવ્યુ : તૂં મારી તરફ આવી જા મારે ‘‘માલિકુલ મુલ્ક’’ના હુક્મ પર અમલ કરવો છે ઝમીને કહ્યુ : રહેમ કરવાનો હુક્મ પણ એ માલિકેજ કર્યો છે હઝરતે કહ્યુ કે આવી તાવીલ (અર્થ, ઘટન) ન કર મને કહેર પણ એજ ખુદાએ સિખાવ્યુ છે અને **તેનો કહેર (ગુસ્સો, ગઝબ, અઝાબ) પણ બીજા લોકોની બેશુમાર મહેરબાનીયો કરતા બહેતર છે** મને હુક્મ થયો છે કે માટી લઈ જાઊ અને હું તેના હુક્મ પર અમલ કરવા બંધાયેલ છુ. જલ્દી થી આવીજા કે એમાંજ તારી ભલાઈ અને તારી બહેતરી છુપાયેલ છે.

હઝરતે ઈઝરાઈલ عَلَيْهِ السَّلَام એ ફરમાવ્યુ કે હું ‘‘મશિયતે યઝદી’’ અલ્લાહ તઆલાની મશિયતને જાહેર કરવાનું એક સાધન માત્ર છુ તે જેના પર જેવી રીતે ચાહે મને હુક્મ કરે મને ઈન્કાર કરવાનો હક નથી.

મશહૂર મિસાલ છે કે દિવાલે ખીલાને પુછયુ કે તૂં શા માટે મારી અંદર છેદ કરે છે ? મૈં તારૂ શૂ બગાડયુ છે ? શા કારણે તૂં મારાથી દુશ્મની કરે છે ? ખીલાએ જવાબ દીધો કે હું જાતે તો કંઈજ નથી કરતો તૂં એને જો જે (હથોડો) મને ઠોકી રહ્યો છે. હઝરતે ઈઝરાઈલ عَلَيْهِ السَّلَام એ માટીને વાતોમાં રોકી રાખી અને તેમાંથી એક મુઠ્ઠી ભરી લીધી તેઓ માટીને લઈને અલ્લાહ તઆલા પાસે પહોચ્યા અલ્લાહ તઆલાએ ફરમાવ્યુ કે હું તને મખ્લૂકનો જલ્લાદ બનાવી દઈશ. આપે ફરમાવ્યુ કે અય અલ્લાહ عَزَّوَجَلَّ ! હૂં તારા હુક્મથી તારા બંદાઓને મૌતની ગોદમાં સુવાડીશ તો તેઓ મને પોતાનો દુશ્મન સમજશે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યુ : હું તેઓમાં અલગ અલગ સબબ યાની કારણો બીમારી વિગૈરે પૈદા કરીશ.

હઝરતે ઈઝરાઈલે કહ્યુ : પરંતુ તારા અમુક બંદાઓ એવા પણ છે જેમની ફિતરત અસ્બાબથી પણ આગળનું જોઈ લે છે તેઓ મને જોઈ લેશે. અલ્લાહ તઆલાએ ફરમાવ્યુ : જેમની નઝર માત્ર અસ્બાબ પર નહીં પડે તેઓની નઝર તારી પર પણ નહીં પડે અને જેઓ અસ્બાબથી આગળ જોઈ શકે છે તેઓ તારા કદમથી નારાઝ શા માટે થશે ? તેઓ તો મૌતમાં ઝિન્દગી અને કૈદમાં આઝાદી અને વિસાલ (મિલન) જોશે. તેઓ તો તારા આવવાથી ખુશ થશે નારાઝ નહીં થાય.

**સબક :** મૌત એક પુલ છે જે બંદાને રબથી મિલાવે છે મૌત એ ઈનામ છે જ્યાં બંદો કબ્રમાં જતાજ નબીએ કરીમ થી મુલાકાત કરે છે, રસૂલે કરીમ કબ્રમાં તશરીફ લાવે છે મોમિનના માટે મૌત ઈનામ છે અને ઝિન્દગી અમલનું મૈદાન છે જે અહીયાં નેક આમાલ કરશે અને ઈમાનવાળો છે તે ત્યાં બહેતરીન જઝા પામશે.

જિન્દગી એ **સદફ**ની જેવી છે જેમાં અમલના કતરા (ટીપા) પડે છે તો મોતી બની જાય છે નેક આમાલ કરવાવાળા મરીને જીવતા

થાય છે. હઝરતે શૈખુલ ઈસ્લામ **સૈયદ મુહમ્મદ મદની** અશરફી ફરમાવે છે :

**"હકીકી ઝિન્દગી કી ઈબ્તેદા હોતી હૈ મદફન સે"** યાની કે દફન થવાના પછીજ હકીકી ઝિન્દગીની શરૂઆત થાય છે سُبْحَانَ اللهِ عَزَّوَجَلَّ તો ઈમાન પર મરવાવાળા મૌતને મહેબૂબ રાખે છે.

## ﴾53﴿ અયાઝ અને તેનો હુજરો

અયાઝ સુલ્તાન મુહમ્મદ ગઝની رَحْمَةُ اللهِ تَعَالٰى عَلَيْه નો ખાસ કરીબી અને માનીતો ગુલામ હતો તે એક ગરીબ ગુલામ હતો તેણે પોતાના માટે એક હુજરો (કમરો, રૂમ) ખાસ કરી લીધો હતો જેમાં પોતાનો એક જુનો લિબાસ (લુંગી, ઝબ્બો વિગૈરે કપડા) અને ચપ્પલ લટકાવી રાખ્યા હતા, તે રોજ અલગથી તે હુજરામાં જતો અને પોતાના જુના કપડા અને ચંપલ જોતો જેના કારણે તેને પોતાનો એ સમય યાદ આવી જતો જેમાં તે એકદમ બે સરો સામાન અને ગરીબ હતો અને તે આ અમલ એટલા માટે કરતો કે એ સમય ભુલાઈ ન જાય અને આજે તેની મકબૂલિયત અને મંઝીલત મકામ મર્તબા જોઈને ગુરૂર યાની ઘમંડ ન પૈદા થાય.

તેનાથી ઈર્ષા (હસદ) કરવાવાળાઓ જે શાહની તેનાથી કુર્બતના કારણે ઈર્ષાની આગમા બળતા હતા તેઓએ સુલ્તાનને ફરિયાદ કરી કે અયાઝે તેના હુજરામાં ઘણો બધો માલ અને જવેરાત ભેગુ કરી લિધુ છે એજ કારણ છે કે તે કોઈને એ રૂમમાં દાખલ નથી થવા દેતો તે આપનો વફાદાર નથી પરંતુ માલ અને ઝરનો પુજારી છે અમને રજા આપો કે અમે તેના હુજરામાં જઈ અને તેનું આ રહસ્ય ખોલી નાખીએ બાદશાહ અયાઝની વફાદારી તથા તેના સ્વભાવને તેમજ આ ઈર્ષાળુઓની ફિતરત અને ફિત્નાને પણ બ-ખૂબી જાણતો હતો પરંતુ તેણે એ બધાને શરમિન્દા કરવા માટે કહ્યુ કે તમને છુટ છે કે તમે જાવ અને સાથે ગવર્નમેન્ટના લશ્કરના સિપાહીઓને પણ લઈ

જાવ એટલુજ નહીં પરંતુ ત્યાં જે માલ દૌલત મળે તેને અંદર અંદર વહેંચી લો.

એક રાત્રે અચાનક તેમણે લશ્કરના સિપાહીઓની સાથે અયાઝના હુજરા પર હુમ્લો કરી દીધો અને તેને તાકાતથી ખોલી અંદર દાખલ થઈ ગયા તેમણે હુજરાનો ખુણે ખુણો ખોદી કાઢયો દિવાલોમાં કાણા પાડયા કુવા ખોદવા વાળાઓને લઈ આવ્યા પરંતુ ન ત્યાં ખજાનો હતો કે ન માલો દૌલત તેઓ શરમિન્દા, નિરાશ, નિષ્ફળ, માંથુ નીચુ કરીને બાદશાહના દરબારમાં હાજર થયા બાદશાહે કટાક્ષ અને મહેણાના અંદાજમાં તેમને કહ્યુ કે બતાવો કેટલો માલ તથા ખજાનો મળી આવ્યો ? અને તમને દરેકને વ્યકતીગત એમાંથી કેટલુ મળ્યુ ? તેઓ શરમિન્દા અને નામુરાદ ઉભા હતા અને બાદશાહથી માફી માંગતા હતા કે તેઓએ અયાઝ પર બે બુનિયાદ તોહમત લગાડયુ બાદશાહે કહ્યુ કે તમારા આ ગુનાની માફી પણ અયાઝ પાસે માંગો કે તેઓએ તેના પર ઈલ્ઝામ મુકીને તેનો ગુનોહ કર્યો છે. બાદશાહે કહ્યુ કે આ બધાને અયાઝના હવાલે કરી દેવામાં આવે અને અયાઝને કહ્યુ કે તે આ બધાને જે સજા કરવા ચાહે કરે ચાહે તો સજા આપે ચાહેતો માફ કરી દે. અયાઝે ખામોશી જાળવી અને ઢીલ આપી તો બાદશાહે કહ્યુ કે જલ્દી ફૈસલો કરો કે બદલો લો અને માફ કરવું હોય તો તમને હક છે. અયાઝે ફૈસલો કરવાથી ઈન્કાર કરી દીધો તેણે કહ્યુ કે હું તો તમારી મિલ્કત છુ મને ફૈસલો કરવાનો અધીકાર નથી જે ફૈસલો તમે ફરમાવશો મને મંજૂર છે.

**સબક :** ઈન્સાન પોતાના ભુતકાળને યાદ રાખે, પોતાની કમઝોરી પર નઝર રાખે પોતાના હોદ્દા કે મરતબા કે માલ પર ઈતરાય નહીં કે એ આથમતા સૂરજની જેમ છે ઉંચાઈ પર પહોંચ્યા પછી ઝવાલ શરૂ થઈ જાય છે તકબ્બુર ઘમંડ કે ગર્વથી પોતાને બચાવી રાખવુ જરૂરી છે.

## 《54》 તૌબતુન્નસૂહ (સાચી તૌબા)

નસૂહ એક મર્દ હતો જે સ્વભાવ અને શકલથી સ્ત્રઓની જેમ હતો પરંતુ અંદરથી પુરે પુરો મર્દ હતો તે સ્ત્રીઓને માલીશ કરીને માલીશ કર્યા પછી સ્નાન કરાવીને રોઝી કમાતો હતો. મહીલાઓ તેને સ્ત્રી જ સમજતી હતી આ કામમાં તેને લઝ્ઝત યાની મઝા આવવા લાગી અનેક વખત તેણે આ કામને છોડવાનો ઈરાદો કર્યો પરંતુ આ કામની લઝ્ઝત અને ગુનાહની લઝ્ઝતમાં તે એવો ડૂબી ગયો કે અનેક વખત તૌબા કરવા છતા તે આ કામ ન છોડી શક્યો એ હમામ પર બાદશાહના ઘરની ઔરતો તથા શાહઝાદી પણ આવ્યા કરતી હતી તે નસૂહના માલીશ અને તેના હાથે નહાવાથી ટેવાઈ ગઈ હતી.

એક વખત શાહઝાદીએ નહાવા માટે કપડા તથા દાગીના હમામમાં મુકર્રર જગ્યા એ મુક્યા જ્યારે ફારીગ થઈ તો જોયુ કે તેનો એક કીમતી હીરો ગુમ થઈ ગયો શાહી સવારોએ પુરા હમામને ઘેરી લિધુ અને હમામના તમામ કામ કરવાવાળાઓને અંદર બંધ કરી દીધા નતીજામાં નસૂહને પણ અંદર બંધ કરી લીધો પુરે પુરા હમામની તેમણે તલાશી લીધી પરંતુ હીરો ન મળ્યો પછી તેમણે ઐલાન કર્યુ કે હમામમાં કામ કરનાર દરેકની તલાશી લેવામાં આવશે તેઓએ એકના પછી એક બધાની તલાશી લેવાનુ શરૂ કર્યુ હવે નસૂહ ગભરાયો કે અગર આ લોકો મારી તલાશી લેશે તો મારો ભેદ ખુલી જશે કે હું પુરૂષ હોવા છતા સ્ત્રીઓના કપડા પહેરી મહીલાઓને હમામમાં ગુસલ કરાવુ છુ અને બાદશાહ મને સઝાએ મૌત આપશે.

બાદશાહના સિપાહીઓએ તમામ નૌકરો કારકુનોની તલાશી લઈ લિધી હવે તેમણે ઐલાન કર્યુ કે હવે નસૂહની તલાશી લેવામાં આવે તે વાત પર નસૂહ ડરનો માર્યો બેહોશ જેવો થઈ ગયો તેણે દિલની ઉંડાઈથી તૌબા કરી કે અગર હું આજે બચી ગયો તો આજના પછી કદી આ કામ નહીં કરૂ. એટલામાં અવાજ આવી કે હમામના

એક ખુણામાંથી હીરો મળી આવ્યો હવે તેમણે ઐલાન કર્યુ કે હવે નસૂહની તલાશી લેવાનો કોઈ અર્થ નથી અને સાથે સાથે તેણે નસૂહની માફી પણ માંગી કે તેઓએ નસૂહ પર અને બીજા લોકો પર નકામો શક કર્યો.

તેઓ નસૂહથી માફી માંગતા હતા અને નસૂહ દિલમાં કહેતો હતો કે અસલ ગુનેહગાર તો હુંજ છુ અગર તમે મારો ગુનોહ જાણી લેતા તો હીરાનુ ખોવાઈ જવુ અને ચોરીને ભુલી જતા અને બાદશાહ મારી ગર્દન ઉડાવી દેવાનો હુકમ કરતો આ તો નસૂહની સાચી તૌબાજ હતી કે જેણે તેના ગુનાહ પર પર્દો રાખ્યો અને રાઝ ફાશ ન થયો અને તેને સજાથી બચાવી લીધો.

આના પછી નસૂહે એવી સાચી તૌબા કરી કે બાદમાં કો ગુનાહનું કામ ન કર્યુ શાહઝાદીઓ તરફથી વારંવાર બોલાવવા અને આગ્રહ કરવા છતા તેણે બીમારીનુ બહાનુ કાઢી હાથ જોડીને અર્ઝ કરી કે તેણે એ કામ માલિશ અને ગુસલ કરાવવાનું કામ છોડી દીધુ છે કેમ કે તેના હાથમાં હવે એવી શકતી નથી બચી.

**સબક :** ઈન્સાન પોતાના ગુનાહ પર શરમાઈને પોતાના ગુનાહની એવી માફી માંગે કે તે પછી ક્યારેય એ ગુનાહ ન કરે તો તેને અલ્લાહની તરફથી માફી મળી જાય છે ભુતકાળના ગુનાહને અલ્લાહ નેકીઓમાં બદલી પણ દે છે જેવુ કે અલ્લાહ તઆલા સૂરએ તહરીમ આયત નં. 8 **તર્જમો :** અય ઈમાનવાળાઓ ! અલ્લાહની તરફ એવી તૌબા કરો જે હમેશા માટે નસીહત બની જાય. અન્કરીબ તમારો રબ તમારી બુરાઈઓ દૂર કરી દેશે યાની ગુનાહ મીટાવી દેશે અને એટલુજ નહીં સાચી તૌબા કરનારને અલ્લાહ તબારક વ તઆલા એટલી હદે નવાઝી દે છે કે તેના ગુનાહને નેકીઓમાં બદલી કાઢે છે. જેવુ કે પારહ 19 સૂરએ કુરફાન આયત નં. 70માં છે કે **તર્જમો :** એ જે તૌબા કરે ઈમાન લાવે, અને નેક આમાલ કરે તો એવા લોકોની બુરાઈઓને યાની કે ગુનાહોને અલ્લાહ તઆલા ભલાઈઓથી યાની

કે નેકીઓથી બદલી દેશે અને અલ્લાહ બખ્શવાવાળો મહેરબાન છે. سُبْحَانَ اللهِ عَزَّوَجَلَّ

## ﴾55﴿ સિંહ અને ગધેડો

ધોબીનો એક ગધેડો હતો ખોરાકની અછતના કારણે દૂબળો અને કમઝોર રહેતો હતો નજીકમાંજ એક જંગલ હતુ જેમા સિંહ રહેતો હતો સિંહની નર હાથીની સાથે લડાઈ થઈ ગઈ સિંહ એ લડાઈમાં એટલો બધો ઝખ્મી થયો કે તે શિકાર કરવાને લાયક ન રહી ગયો આવી રીતે ન માત્ર શિકાર કરી શકવાના કારણે ભુકે મરવાનો સમય આવ્યો પરંતુ બીજા નાના જાનવરોં જે સિંહના શિકારમાંથી બચેલુ ખાતા હતા તેઓ પણ શિકારના ગોશ્તથી મહેરૂમ થઈ ગયા.

એક દિવસ સિંહે એક લોમડી (શીયાળ)થી કહ્યુ કે કંઈક યુક્તી-આઇડીયા (તદબીર) કર અને કોઈ ગધેડા અથવા બળદને તારી ચીકણી બોલીમાં ફસાવીને અહીં સુધી લઈ આવ જેવુ તે મારી નજીક આવશે હું તેનો શિકાર કરી લઈશ હુ પણ ખાઇશ અને બીજા જાનવરો પણ ખાશે તે શિકાર ખાઈને હું તંદુરુસ્ત થઈ જઇશ અને પછી જ્યારે બીજા શિકાર કરવાનું શરૂ થઈ જશે તો તને અને બીજા જાનવરોને પણ ખોરાક મળતી રહેશે.

ધોબીનો ગધેડો સુકા ઘાસ પર રહેતો હતો કે લોમડી ત્યાં આવી અને તે ગધેડાથી કહ્યુ કે તૂં આ સુકા ઘાસ પર ગુઝારો કરીને સુસ્ત આળસુ અને બેનૂર બીમાર બની ગયો છે નહીંતર નજીકમાંજ જંગલમાં હરી ભરી ઘાસ છે ઘાસની અધીકતા છે ત્યાં આવીને ચરવાનું રાખ કે થોડાજ દિવસમાં તંદુરુસ્ત અને તાઝો મોટો થઈ જઈશ.

ગધેડાએ પોતાની કિસ્મત પર શાકીર રહેવાનો ઈરાદો જાહેર કર્યો અને કહ્યુ કે જેનું જે મુકદર છે ખુદા તઆલા તેને એ આપી દે છે દરેકનું રિઝ્ક મુકર્રર છે હું મારા કિસ્મત પર અલ્લાહનો શુક્ર કરૂ છુ મને હરી ભરી લીલી ઘાસની ઈચ્છા નથી. લોમડીએ તેને પોતાની ચિકણી ઝબાનથી ફોસલાવી બહેલાવીને પોતાની સાથે ચાલવા તૈયાર

કરી લીધો કે તે જંગલની તરફ તેની સાથે ચાલે તે એને વાતોમાં લગાડીને સિંહના રહેઠાણની તરફ લઈ જતી હતી સિંહ ઘણાં દિવસથી ભુખ્યો હતો હજી ગધેડો તેની હદમાં નહોતો આવ્યો કે ઉતાવળમાં તેણે હુમ્લો કરી દીધો.

ગધેડો ત્યાંથી ભાગી નિકળ્યો અને સિંહ કમઝોરી અને ઝખ્મોના કારણે ઘાયલ હોવાથી તેનો પીછો ન કરી શક્યો અને શિકાર છટકી ગયો લોમડીએ સિંહને બે સબ્રી અને જલ્દબાઝીના મહેણાં માર્યા કે આપની ઉતાવળના કારણે મારી મહેનત બેકાર થઈ ગઈ.

સિંહે ફરીથી લોમડીને કહ્યુ કે જા અને કંઈક યુકતી પ્રયુક્તી કર ગમે તે આઈડિયા વિચાર પણ ગધેડાને ફરીથી અહીં લઈ આવ હવે હું સહી સમય એ સહી જગ્યાએજ હુમ્લો કરીશ લોમડીએ બીજીવાર પ્રયત્ન શરૂ કર્યો ગધેડો પાછો સલામત એરીયામાં ચાલ્યો ગયો હતો અને સખ્ત ગુસ્સામાં હતો કે લોમડીએ ન માત્ર તેની સાથે દગો કર્યો પરંતુ એતો તેને મરાવી નાખવાની હતી લોમડી ફરીવાર ગધેડાની પાસે આવી ગધેડાએ તેને જોઈ તો દૂરથી કહ્યુ તારી જેવા દોસ્તથી ખુદાની પનાહ ! અય બુઝદિલ ! મૈં તારૂ શું બગાડ્યુ હતુ કે તેં મને સિંહની સામે ભીડાવી દીધો તૂ મારી જાનનો દુશ્મન બની ગયો.

લોમડીએ કહ્યુ : હું તને બતાવતા ભુલી ગઈ અરે એ તો માત્ર એક સ્ટેચ્યુ (પત્થરની મુર્તિ બુત) હતુ જેના કારણે જંગલના જાનવરો સુરક્ષીત છે એ સ્ટેચ્યુના કારણે જંગલ ચરવાથી બચેલુ છે અને એટલેજ આટલુ બધુ ઘાસ અવેલેબલ છે હું તને બતાવવા ચાહતી હતી કે પરંતુ તારી આવી કમઝોર અને ભુખમરા જેવી હાલત જોઈ તને જંગલ તરફ આકર્ષવા માટે તેની ખૂબીઓના વર્ણનમાં મશ્ગૂલ હતી અગર ત્યાં ખરેખર કોઈ સિંહ હોત તો હું ત્યાં કઈ રીતે રહી શકેત ! તૂ તો જાણે છે કે હું તો શરીર અને શકતી બન્નેમાં તારા કરતા કમઝોર છુ તૂ એ તિલિસ્માઈ સિંહથી ડરી ગયો અને તાઝુ ઘાસ ખાવાથી મહેરૂમ રહી ગયો. ગધેડાએ કહ્યુ : અય લોમડી ! તૂ મારા જીવની દુશ્મન તૂ

ફરીથી હિલા અને બહાના કરી રહી છે અને ફરેબ કરીને મને સિંહના હાથે મરાવી નાખવા ચાહે છે જા તૂં ચાલી જા હવે હું બીજીવાર તારી જાળમાં નહીં આવુ.

લોમડીએ કહ્યુ : આ તારો વહેમ છે અને તૂં તારા વહેમના કારણે મારા બારામાં બદ ગુમાની કરે છે હું તારી દોસ્ત અને તારી ખૈરખ્વાહ છું તૂ આ વહેમ અને શકની દુનિયાની બહાર નિકળ ગધેડાએ બીચારાએ ઘણી કોશિશ કરી પણ લોમડીનુ સમજાવવુ અને તાઝા ઘાસની લાલચ તેના પર ગાલિબ આવી અને તે શિયાળના ફરેબમાં ફસાઈને ફરીથી તેની સાથે જંગલમાં ચાલી નિકળ્યો આ વખતે લોમડી તેને વાતોમાં ભેળવીને બિલ્કુલ સિંહની નજીક લઈ ગઈ સિંહે તેનો શિકાર કરી લીધો અને શિકારના પછી સિંહ નદીનું પાણી પિવા ચાલ્યો ગયો આટલી વારમાં લોમડીએ ગધેડાની કલેજી ભેજો અને ગુર્દા ચુપચાપ ખાઈ લિધા સિંહે પાછો આવ્યો તો તેણે જોયુ કે ગધેડાનું દિલ, દિમાગ તથા ગુર્દા ગાયબ છે તેણે લોમડીથી પુછયુ તો લોમડીએ જવાબ દીધો અગર તેનું દિલ જીગર સલામત હોત તો તે ફરીવાર મૌતના મોંમા થોડી આવત ?

**સબક :** આ મિસાલી હિકાયતમાં આપણા માટે ઘણીજ નસીહતો છે જેને પહેલા અઝમાવી ચુક્યા તેના પર વિશ્વાસ કરવો બીજીવાર ભરોસો રાખવો તે મુર્ખાઈ છે અને નુક્સાનનું કારણ છે.

જેવુ કે રસૂલે મક્બૂલ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ફરમાવે છે કે **"મોમિન આકિલ એક સુરાખ સે દોબારા ઠગા નહીં જાતા."**

આ દુનિયા ધોખા ફરેબથી ભરેલી છે પોતાના બચાવની તદબીર કરવી જોઈએ અને જ્યાંથી એક વખત દગો થઈ ચુક્યો તેના પર ફરી વિશ્વાસ ન કરવો જોઈએ.

## 56 કુંભારનો ગધેડો

એક કુંભારની પાસે એક ગધેડો હતો જે હમેશા તેની ઉપર પાણી ખેંચતો હતો તે ગધેડો ખોરાકની અછત તથા સખ્ત મહેનતના

કારણે કમઝોર અને સુસ્ત રહેતો હતો ભારે વજન ઉચકવાના કારણે તેની પીઠ ઝખ્મી થઈ ગઈ હતી અને તે પોતાની મૌતની તમન્ના કરતો હતો તેને ખોરાકમાં સુકી ઘાસ પણ પુરતી મળતી ન હતી શાહી ઘોડારનો દરોગાએ એ કુંભારનો મિત્ર હતો તેણે પોતાના કુંભાર મિત્રથી ગધેડાની કમઝોરી અને સુસ્તીનું કારણ પુછયુ. તેણે જવાબ દીધો : કામની અધીકતા અને ખોરાકની કમીના લિધે તે કમઝોર છે. તે દરોગાએ પોતાના મિત્ર ને કહ્યુ : તારા ગધેડાને થોડા દિવસ શાહી ઘોડારમાં મોકલી દે હું તેને ખોરાક ખવડાવીને તંદુરુસ્ત બનાવી દઈશ.

કુંભારે એમજ કર્યુ ગધેડો શાહી ઘોડારમાં આવી ગયો તેણે ચારે બાજુ અરબી નસ્લના ઉમ્દા ઘોડા જોયા સાઝો સામાન, ઉમ્દા ખોરાક, સાફ સ્વચ્છ માહોલ તાજુ ઘાસ લીલો ચારો જે દરેક સમયે હાજર ઘોડાઓની માલિશ અને સફાઈનો સામાન જોયો તેણે આસ્માનની તરફ મોં કરીને કહ્યુ : અય પરવરદિગારે આલમ ! હું પણ તારી મખ્લૂક અને આ ઘોડા પણ તારી મખ્લૂક પરંતુ અમારામાં આટલો ફર્ક શા માટે ?

અચાનક તેણે લડાઈની (તબલની) અવાજ સાંભળી ઘોડાઓ પર જીન કસાયા, સવારીઓ ઉપર બેસી અને યુધ્ધના મૈદાનમાં ચાલ્યા ગયા ત્યાં અમુક તો મરાયા અને અમુક ઝખ્મી (ઘાયલ) થયા અને ઘાયલ થઈને પાછા આવ્યા ત્યાં તેમની મલમ પટ્ટી અને સારવાર ચાલુ થઈ અને તેઓ દર્દ થી કરાહતા હતા.

ગધેડાએ જયારે અરબી નસલના ઘોડાઓની આ હાલત તથા તકલીફ જોઈ તો તેણે કહ્યુ : અય ખુદા ! હું મારા હાલથી ખુશ છુ હું આ સરો સામાની અને રાહતને આ તકલીફના કારણે દૂરથી સલામ કરૂં છુ.

**સબક :** બીજાઓને રાહતમાં જોઈને પોતાની હાલત પર ખુદાએ તઆલાથી શિકવા શિકાયત કરવુ યોગ્ય નથી એટલા માટે કે **ખુદાએ વાહિદનું કોઈ કામ હિક્મતથી ખાલી નથી હોતુ** મોટાઓની

આઝમાઈશ (પરીક્ષા) પણ મોટી હોય છે જેવુ કે **"જિન કે રુત્બે હૈ સિવા ઉન સે સિવા મુશ્કિલ હૈં"**

## ﴾57﴿ શૈખ મુહમ્મદ સરઝરી ગઝનવી

શૈખ મુહમ્મદ સરઝરી ગઝનવી એક બુઝુર્ગ વલીઅલ્લાહ હતા, સાત વર્ષ સુધી માત્ર અંગૂરની વેલના પત્તા ઉકાળીને પીતા રહ્યા માત્ર આજ એમનો ખોરાક હતો આપને અલ્લાહ તબારક વ તઆલાની ઝિયારતનો બહુજ શૌક હતો જેની હમેશા દુઆ માંગતા રહેતા પરંતુ ઈરાદો પુરો ન થતો એક દિવસ આપે અલ્લાહ તઆલાથી કહ્યુ કે અગર તેં મને પોતાનો જમાલ ન દેખાડ્યો તો પહાડથી કુદીને જીવ આપી દઈશ. જવાબ મળ્યો કે હજી એ સમય નથી આવ્યો તૂ પહાડથી કુદી જઈશ તો પણ નહી મરી શકે. આપ પહાડથી કુદી ગયા નીચે પાણીમાં પડયા અને બચી ગયા તેઓ વિસાલે હક ચાહતા હતા પરંતુ મશિયતે ઈઝદી (ઈરાદએ ખુદાવંદી)ને કંઈક બીજુ જ મંજૂર હતુ.

અવાજ આવી : જંગલથી નિકળીને શહેર તરફ જાવ. આપે અદબ થી કહ્યુ : શહેરમાં જઈને શું કરૂ ? કઈ ખિદમત અંજામ આપુ ? જવાબ મળ્યો : પોતાના નફસને ઝલીલ કરવા માટે (અબ્બાસ બસની જેવો બનીજા) અબ્બાસ બસ એક ભિખારી હતા જે ભીખ માંગવાના (70) સિત્તેર તરીકા જાણતા હતા તેઓ ફન બનાવટના તૌર પર એવી રીતે ભીક માંગતા કે લોકો રહેમ ખાઈને તેમને ખૈરાત આપવા પર દિલથી મઝબૂર થઈ જતા તમે શહેરમાં જાવ માલદારોથી ભીખ લો અને એક મુદ્દત સુધી દુરવેશોને આપતા રહો. આપે ફરમાવ્યુ : મૈં સાંભળ્યુ અને કબૂલ કર્યુ.

આપ ગઝની શહેર તશરીફ લઈ આવ્યા અલ્લાહની મખ્લૂક તેમના ઈસ્તેકબાલ માટે તેમને વેલકમ કરવા માટે ઉમટી પડી આપ ચોર રસ્તાથી શહેરમા દાખલ થયા અને આપે કહ્યુ : હું ખુદનુમાઈના માટે નથી આવ્યો હું હુક્મે રબનો ગુલામ છું. ભીખ માટે જોળી અને કશ્કોલ લઈને ગલી કુચામાં મહોલ્લાઓમાં ફરીશ મારો નારો છે કે હું

ભીખારી છુ ભીખારી છુ મારો ખુદા મારાથી બકા (આજ) ચાહે છે હું ફનાઈયત નહીં કરૂં એ મારાથી ઝિલ્લતનું કામ લેવા ચાહે છે હું ઈઝ્ઝતનું કામ નહીં કરૂ. શૈખ ગલી ગલી ફરતા, ખુણે ખાંચરે જતા, અબ્બાસ બસની જેમ લોગોથી ચીપટીને ભીખ માંગતા પરંતુ આ ભીખારી જીવન, ખુદાના હુક્મથી તેની તાબેદારીમાં હતુ પોતાની પરવરીશ માટે ન હતું.

શૈખ એક માલદારના દરવાઝે ચાર વખત કશ્કોલ લઈને ગયા અને એ અમીરથી રોટી માંગી શૈખે કહ્યુ : કેવી હલકાઈ અને બેશર્મી છે કે પેટની લાલચમાં એક દરવાજા પર ચાર વખત આવે છે તારા પેટની દોઝખ કેમ નથી ભરાતી ? તૂ મને કંજુસ ન સમજ પણ મને તારા માંગવાના આ તરીકાથી નફરત છે તેં તો ફકીરોની ઈઝ્ઝત અને આબરૂ પણ માટીમાં મેળવી દીધી.

શૈખે તે અમીરને કહ્યુ કે હું હુક્મનો ગુલામ છુ, હું લાલચનો બંદો નથી હું તો આશિક છું પરંતુ મારા ઈશ્કની વાતો પણ નથી કહી શકતો તે અમીર પર આપની વાતની એવી અસર થઈ કે તે રડવા લાગ્યો અને પોતાની બે અદબી ગુસ્તાખીના કફફારા માટે પોતાનો બધોજ માલો અસ્બાબ (ખજાનો) આપના કદમોમાં નાખી દીધો શૈખે આમાંથી કંઈ પણ લેવાનો ઈન્કાર કરી દીધો કે પહેલી વખતનું માંગવુ અને અમીરનું આપવુ એ ખુદાના માટે હતુ અને હવે આ માલ અને સબબ એ શૈખની અઝમતના માટે છે. આપે કહ્યુ કે ભાઈ ! હું તો ખુદાના હુક્મથી ભીખ માંગુ છુ નહીંતર અમેતો માલો દૌલત અને ખજાનાથી બેઝાર છીએ.

હવે શૈખને હુક્મ થયો કે બે વરસ સુધી તમે અમારા હુક્મથી લિધુ અને દીધુ હવે માંગવું અને લેવુ દેવુ બંધ કરો અને માત્ર આપો બોરીયામાં હાથ નાખો અને અમે તેને અબૂ હુરૈરાની થેલી જેમ કરી દીધો છે તમે એમાંથી જે ચાહો તે નિકાળો અને લોકોને આપો જેથી

તેમને યકીન થઈ જાય કે આ આલમે ફાની સિવાય એક બીજુ આલમે બાકી પણ છે તમે માટીને હાથ લગાડશો તો સોનુ થઈ જશે નજીસે અક્બર આવી જાય તો સઈદે અક્બર થઈ જાય જહેર આવે તો દવા બની જાય. કુફ્ર ઈમાનથી બદલી જાય આના પછી આપની કૈફિયત એવી થઈ ગઈ કે આપ માંગનારના દિલનો હાલ સમજી લેતા અને તેની તલબ અને તેની જરૂરત મુજબ આપ અતા કરતા.

**સબક :** જ્યારે ઈન્સાન પુરે પુરો અલ્લાહ તબારક વ તઆલાના હુક્મના તાબેઅ થઈ જાય તો તેની દિલની કૈફિયત મિનજાનીબિલ્લાહ જેવી થઈ જાય છે કે તે મખ્લૂકના દિલોના ભેદને જાણી લે છે અને તેનું દરેક કામ અલ્લાહના હુક્મ મુજબ થઈ જાય છે અને અલ્લાહ બંદાના કામના અજ્રને કદી ઝાએઅ નથી કરતો.

## ﴾58﴿ એક બળદ અને એક ટાપુ

એક ટાપુ ઉપર માત્ર એક બળદ જ રહેતો હતો દિવસે એ હરિયાલા ટાપુ પર ફરતો અને ચરતો હરીયાલી અને બહારના કારણે પુરતો ખોરાક મયસ્સર હોવાના કારણે તે પહાડની જેમ શરીરમાં મોટો થઈ (વધી) ગયો રાત્રે જ્યારે સુવા લાગતો તો તે એ ફિક્રમાં ઘેરાઈ જતો કે હું તો બધી ઘાસ ખાઈ ગયો છુ કાલે અગર ઘાસ અને ખોરાક નહીં મળે તો મારૂ શું થશે ? પુરી રાત આવીજ ચીંતામાં બેચેન રહેતો તીનકાની જેમ ફિક્ર કરી કરીને દુબળો થઈ જતો ફરી સવારે ઉઠતો તો હરિયાલી અને બહાર અને ભરપુર ખોરાક જોતો પછી ખૂબ ખાતો પરંતુ ફરી રાત્રે તેને આવનારી કાલની ફિક્ર લાગી જતી અને પાછો એવાજ વિચારમાં ડૂબી જતો વરસોના વરસો સુધી આમજ ચાલતુ રહ્યુ કે તે દિવસે જંગલનું ઘાસ ખાતો અને રાત્રે બીજા દિવસની ફિક્રમાં લાગી જતો પરંતુ તેની કમ અકલીએ તેને એ યકીન ન થવા દીધુ જેવી રીતે જંગલે તેની વરસો સુધી પરવરીશ કરી છે એવીજ રીતે આવતી કાલે પણ તેને ઘાસ અને ખોરાક જરૂર મળશે માટે ચીંતા છોડી દઉ.

તે કોઈ રીતે પણ ફિક્ર અને ટેન્શનથી પોતાનો પીછો ન છોડાવી શક્યો અને આવી રીતે જિન્દગી ભર ભવિષ્યની ફિક્રમાં પોતાનો હાલ બેહાલ કરતો રહ્યો.

**સબક :** આ મિસાલી હિકાયતનો સબક એ છે કે જે માલિકે રબ્બે કાએનાતે તેને ભુતકાળમાં રિઝ્ક અતા કર્યુ છે તેજ માલિક આવનાર સમયમાં (ભવિષ્યમાં) પણ તેને રિઝ્ક અતા કરશે રિઝ્ક ઈન્સાનને શોધે છે પરંતુ ઈન્સાન પણ પોતાની બે ફાયદા કોશિશ અને મહેનતમાં લાગેલો રહે છે.

ઈન્સાન અલ્લાહ તબારક વ તઆલાથી નેક ગુમાન રાખવુ જોઈએ અને તેની રહેમતથી કદી નાઉમ્મીદ ન થવુ જોઈએ. જેવુકે અલ્લાહ પાક ફરમાવે છે : પારહ 26 સૂરએ ઝુમર આયત નં. 53માં કે યાની કે અલ્લાહની રહેમતથી નાઉમ્મીદ ન થાય.

## ﴾59﴿ એક ચોર અને બાગનો માલિક

એક શખ્સ એક બગીચામાં ઝાડ પર ચઢી ગયો અને ચોરની જેમ ફળ તોડવા લાગ્યો એટલામાં બાગનો માલિક આવી ગયો તેણે કહ્યુ : "અય કમીના ! તને ચોરી કરતા શરમ નથી આવતી ?" તેણે કહ્યુ : અલ્લાહના બાગમાં અલ્લાહનો બંદો ખજૂર ખાઈ રહ્યો છે જે તેને ખુદા તઆલાએ આપી છે તૂ શા માટે બુરૂ ભલૂ કહે છે ? આમાં શાની શરમ ?

તે બાગના માલિકે પોતાના ગુલામથી કહ્યુ : રસ્સી લઈ આવ તેમણે ચોરને ઝાડના થડ સાથે મઝબૂતી થી કસીને બાંધી દીધો અને તેની કમર અને પીંડલી પર લાકડીથી મારવા લાગ્યો તેણે કહ્યુ : ખુદાથી શરમ કર મને બે ગુનાહને વગર વાંકે શા માટે મારે છે ? હવે બાગના માલિકે કહ્યુ : હું અલ્લાહનો બંદો તેના હુક્મનો ગુલામ છુ તારૂ શરીર આ કમર અને આ પીંડલી બધુજ અલ્લાહનું છે આવીજ રીતે એક ચોરને કોટવાલે પકડયો ચોરે કહ્યુ :

મૈં જે કંઈ કર્યુ તે અલ્લાહનો હુક્મ અને તકદીરે ઈલાહી હતુ તો કોટવાલે તેને કહ્યુ : હું જે કંઈ કરીશ તે પણ તેનો હુક્મ અને તક્દીરે ઈલાહીજ હશે યાની ઈન્સાફ અને સજા પણ તેનોજ હુક્મ છે.

**સબક :** ઈન્સાનને સારા અને ખરાબ રસ્તાઓ વિષે અલ્લાહ તબારક વ તઆલાએ ખુદ મુખ્તાર બનાવ્યો છે એજ કારણ છે કે ઈન્સાન જે રસ્તો પણ અપનાવશે તેને તેના બારામાં જવાબ આપવો પડશે અગર ભલાઈ કરશે તો અજો સવાબ પામશે અને બુરાઈ કરશે તો સજા પામશે શરમાવુ પડશે દુનિયા આખિરતની ખેતી છે જેવુ વાવશો તેવુ લણશો, કરો તેવુ પામો, ખાડો ખોદે તે પડે.

## «60» લૈલા અને મજનૂનો કિસ્સો

મજનૂના સગાઓએ મજનૂને કહ્યુ કે લૈલા તો સામાન્ય શકલો સૂરતવાળી ઔરત છે. જેના પર તૂ મરી રહ્યો છે આવી તો હજારો સ્ત્રીઓ છે અગર તું કહે તો અમે બે ત્રણ દસ પંદર આનાથી પણ ખૂબ સૂરત સ્ત્રીઓ હાજર કરી દઈએ તૂ એમાંથી કોઈ એક પોતાના માટે પસંદ કરી લે તૂ ખુદ પણ એ અઝાબથી છુટીજા અને તારા રિશ્તેદારોને પણ એ શરમ અને અફસોસથી બચાવી લે જે તારા ઈશ્કના ચર્ચા સાંભળીને તેમને થઈ રહ્યા છે.

મજનૂએ જવાબ દીધો : સૂરત (જાહેરી દેખાવ) એક પ્યાલો છે અને હુસ્ન શરાબ છે તમે જાહેર ને જોવા વાળા તો પ્યાલો જુએ છે અને અલ્લાહ તઆલાએ શરાબનું હુસ્ન તમારાથી પોશીદા કરી દીધુ છે નહીંતર તમે બધા લૈલાના ઈશ્કમા ગિરિફ્તાર થઈ જતા તેણે કહ્યુ કે કુદરતના કારસાઝ **ખાલિકે કાએનાતની કરિશ્મા સાઝી છે કે એકજ વાસણમાંથી કોઈને શહદ કોઈને દૂધ કોઈને જહેર અને કોઈને દવા (શીફા માટે) પીવડાવી રહ્યો છે** હઝરતે યુસૂફ عَلَيْهِ السَّلَام ની સૂરત એક જામ બરાબર હતી વાલિદ તેમાંથી શરાબ અને ભાઈયો જહેર પીતા હતા. ઝુલેખાએ શકરનું શરબત એજ પ્યાલાથી પીધુ શરાબ ગૈબની

છે જામ આ દુનિયાનો છે કોઈના માટે એ શરાબ અમૃત (આબે હયાત) છે તો કોઈના માટે જહેર છે આ બધુ સ્વભાવના ફર્ક પર આધાર રાખે છે.

**સબક :** એકજ ચીઝ અલગ અલગ પરીણામ આપે છે જે કોઈના માટે જહેર તો કોઈના માટે દવાનું કામ આપે છે.

બાતિન ખરાબ હોય તો સારી ચીઝ પણ ફાયદો નથી આપતી જેમ કે ગુલાબ જાંબુ અથવા હલવો પણ ડાયાબીટીઝના મરીઝના માટે જહેર લાગે છે અને બાતિન રોશન હોય તો ફાકામાં પણ ઈન્સાનને લઝ્ઝત મળે છે.

## ﴾61﴿ બાયઝીદ બુસ્તામી અને એક કાફિર

હઝરતે બાયઝીદ બુસ્તામીના ઝમાનામાં એક કાફિર હતો જેને એક નેક દિલ મુસલમાને કહ્યુ કે તૂ અગર ઈસ્લામ સ્વીકારી લેતો તો તારા હકમાં કેટલુ સારૂ હોત ! તેણે એ નેક દિલ મુસલમાનથી કહ્યુ : "અગર ઈમાન એ છે જે બાયઝીદ બુસ્તામી રાખે છે તો મારામાં એની તાકત અને કુવ્વત નથી તે મારી જાન અને મારી ઈસ્તેતાઅત થી ઉચ્ચતર છે મારામાં એ શકતી નથી" જો કે હું ઈસ્લામ પર યકીન નથી રાખતો પરંતુ બાયઝીદ رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَیْہ ના આમાલ અને તેમના અખ્લાકથી પ્રભાવીત છું.

અગર ઈમાન એ છે જે તમારામાં છે અને તમે મને એની દાવત આપો છો તો ન તેની તરફ મારો ઝુકાવ છે અને ન હું તેની ઈચ્છા રાખનાર છુ બલ્કે ત્યાં સુધી કે જેનો પણ ઈસ્લામની તરફ ઝુકાવ હશે તો તમને જોઈને તો ઠંડા પડી જશે યાની ઈમાન નહીં લાવે.

**સબક :** ગૈર કૌમને ઈસ્લામથી જે દુરી છે તે કૌમના આમાલ અને અખ્લાકના કારણે છે આપણા આમાલ સારા થઈ જાય તો લોકોના દિલોંમાંથી ઈસ્લામ દુશ્મની ઓછી થઈ જાય જેવુકે :

સૈયદના હસન બસરી رَحْمَةُ اللهِ تَعَالٰی عَلَیْه થી કોઈએ ઈસ્લામ વિષે સવાલ કર્યો કે પુછનાર મુસલમાન હતો પરંતુ હઝરતે જવાબ દીધો કે **ઈસ્લામ કિતાબોંમાં છે અને મુસલમાન કબ્રમાં.**

એવોજ જવાબ બ્રિટનના એક રાજકારણી ચર્ચીલથી જ્યારે પુછાયો તો તે બોલ્યો કે **દુનિયાનો શ્રેષ્ટ મઝહબ ઈસ્લામ છે અને દુનિયાની બદતરીન કૌમ મુસલમાન છે** અને આવું શા માટે કે આજે પણ દુનિયા ભરમાં ઈસ્લામને જેટલુ નુક્સાન મુસલમાનોએ પહોંચાડ્યુ છે તેટલુ દુશ્મન કૌમે નથી પહોંચાડ્યુ આજની ઈસ્લામી રિયાસતોના લીડર આજે પણ બદતરીન મિસાલો પેશ કરી રહ્યા છે.

## ﴾62﴿ ભદ્દી અવાજવાળો મોઅઝ્ઝિન અને એક કાફિર

એક મોઅઝ્ઝિનની અવાજ બહુજ ભદ્દી હતી તે પુરી પુરી રાત પોતાનું ગળુ ફાડીને લોકોના માટે બે સુકુની પૈદા કરતો રહેતો એ વધારામાં અવામ અને ખવાસ બધાજ તેના કારણે સરદર્દ સહન કરતા હતા મહોલ્લાના લોકો આ સરદર્દથી છુટવા માટે ચંદો (ફાળો) ઉઘરાવવા લાગ્યા કે આનાથી કોઈ બહાને છુટકારો મેળવે જ્યારે રકમ ભેગી થઈ ગઈ તો લોકોએ એ મોઅઝ્ઝિનને બોલાવ્યો અને તેને કહ્યુ કે અમે બધાએ તમારી અઝાનની અવાજથી બહુ રાહત પામી આપના કારણે અમારી પાસે દૌલત આવી અને અમારી ઊંઘ ઉડી ગઈ થોડા સમય માટે અમારા આરામ માટે આપ આપની ઝબાન બંધ કરી દો અને આપની બાતીની ઈસ્લાહની તરફ ધ્યાન આપો તેમણે ભેગી કરેલ રકમ તેના હવાલે કરી.

આ દરમિયાન એક કાફલો હજ્જે બયતુલ્લાહની તરફ રવાના થયો તે મુઅઝ્ઝિન એ કાફલાની સાથે રવાના થયો મંઝિલ મંઝિલ પડાવ કરતા રહીને કાફલો આગળની તરફ ચાલ્યો જતો હતો કે એક જગ્યાએ કયામ કર્યા પછી કાફલા વાળાને જાણવા મળ્યુ કે આ શહેર આ જગ્યા કુફ્રસ્તાનની છે અહીંની બહુમતી કાફિર છે કાફલા વાળાએ મોઅઝ્ઝિનને કહ્યુ કે મીયાં અહીં અઝાન ન આપશો કે અઝાનના

કારણે કોઈ ફિત્નો ન પૈદા થઈ જાય ! તેમણે મોઅઝ્ઝિનને ઘણુ કહ્યુ પરંતુ તે ન માન્યો અને ના કહેવા છતા તેણે અઝાન પઢી થોડી વારમાં એક કાફિર વેપારી ઘણા બધા તોહફા (ભેટ, સોગાદ) કપડા અને ખાવાની ચીઝો, મીઠાઈ, અને રોકડ લઈને આવ્યો અને કાફલા વાળાને સવાલ કર્યો કે મોઅઝ્ઝિન ક્યાં છે ? તેમણે પોતાના સાથી મોઅઝ્ઝિનને બોલાવ્યો તેણે બધાજ તોહફા અને રોકડ મોઅઝ્ઝિનના હવાલે કરી અને કહ્યુ કે મારી પાસે હાલમાં આનાથી વધારે રોકડ પણ હોત તો આપને આપી દેત કે તમારી અઝાનથી મને બહુજ રહાત મળી છે.

લોકોએ તેને પુછયુ કે આપ તો મુસલમાન નથી તો પછી આપે અઝાન કહેવા વાળાને આટલી બધી ભેટ, સોગાદ અને રકમ શા માટે આપી ? તેણે કહ્યુ કે આ માણસ મારા માટે બહુજ મોટી રાહતનું કારણ બન્યો લોકોના પુછવા પર તેણે કહ્યુ કે તેની એક દીકરી ઈસ્લામની તરફ આકર્ષાઈ હતી અને ઈસ્લામને પસંદ કરતી હતી શક્ય હતુ કે તે ઈસ્લામ કબૂલ કરી લેતી (મુસલમાન થઈ જતી) અમો લોકો તેને જેટલી સમજાવતા ઈસ્લામ પ્રત્યેનો શૌખ તેનામાં એટલોજ વધતો જતો.

આજે તેણે જ્યારે આ મોઅઝ્ઝિનની અવાજ સાંભળી તો તેણે પુછયુ કે આ ભદ્દી અને બે સૂરી અવાજ ક્યાંથી આવે છે ? અને શા માટે આવે છે ? મારી બીજી દીકરીએ તેને કહ્યુ કે આ ઈસ્લામનો તરીકો છે અને મુસલમાનોને ઈબાદત માટે બોલાવવાનો અંદાજ છે તેણે પોતાની બહેનની વાત પર વિશ્વાસ ન કર્યો પછી તેણે બીજા કોઈને પણ એજ સવાલ કર્યો તેણે પણ કહ્યુ કે તારી બહેનની વાત સાચી છે જ્યારે તેને યકીન થઈ ગયુ તો મુસલમાની થી તેનું દિલ ફરી ગયુ કાલે રાત્રે હું મારી દીકરીની કૈફિયત સાંભળીને ચૈનથી સુતો છુ તેના કારણે મારી રાતની ઊંઘ હરામ થઈ ચુકી હતી હું મારા આ મોહસીનના માટે શુક્રાનાના હદીયા લાવ્યો છુ.

**સબક :** ઘણા લોકો જાહેરમાં તો અલ્લાહના રસ્તાની તરફ બોલાવવા વાળા હોય છે પરંતુ તેમના અંદાજ તેમના તૌર તરીકા તેમની આદતના કારણે અને જે રીતે તેઓ કરી રહ્યા છે તેના લિધે તેઓ લોકોને અલ્લાહથી દૂર કરે છે કારી જ્યારે બહેતરીન અવાજથી કિરાઅત કરે છે તો લોકોના દિલને રાહત મળે છે એવીજ રીતે તબ્લીગે દીન કરનારે પણ લોકોને સારી અવાજ એને સારા અંદાજ થી બોલાવવા જોઈએ જેવુકે પારહ 14 સૂરએ નહલ આયત નં. 125માં છે કે **તર્જમો :** પોતના રબની રાહની તરફ બોલાવો પાક્કી તદબીર અને સારી નસીહત થી અને લોકોથી બહેતર અંદાજમાં બહેસ કરો.

## ﴾63﴿ મહેમાન અને મેઝબાનની પત્ની

એક શખ્સને ત્યાં અચાનક એક મહેમાન આવી ગયો તેણે મહેમાનની આગતા સ્વાગતા કરી તે રાત્રે તેની ગલીમાં એક લગ્ન હતુ. શૌહરે પત્ની થી કહ્યુ : આજે રાત્રે બે બિસ્તર બીછાવજે આપણુ બિસ્તર દરવાજા તરફ અને મહેમાનનું બિસ્તર બીજી તરફ બિછાવજે. પત્નીએ એમજ કર્યું અને પોતે લગ્ન વાળા ઘરમાં ચાલી ગઈ ઘરમાં મકાન માલિક અને મહેમાન રહી ગયા ખાવાનું ખાધુ અને મોડે સુધી જુની પુરાની યાદોનો ઝિક્ર કરતા રહ્યા એના પછી નીંદ અને થાકના કારણે મહેમાન દરવાજાની તરફના બિસ્તર પર સુઈ ગયો.

મેઝબાને પણ મહેમાનને શરમના કારણે બિસ્તર બદલવાનું ન કહ્યુ એ રાત્રે ત્યાં બહુજ સખ્ત વરસાદ પડયો પત્ની આવી અને એ ગુમાનમાં કે દરવાજાની નજીકના બિસ્તર પર તેનો પતી (શૌહર) સુતો છે તેમ સમજીને જલ્દી જલ્દી મહેમાનવાળા બિસ્તરમાં ઘુસી ગઈ અને કહેવા લાગી : અય બુઝુર્ગ મિયાં ! એજ થયુ જેનો મને ડર હતો મહેમાન તો કીચડ અને વરસાદના લિધે અમારે ત્યાં આરામથી રોકાઈ જશે અને અમારા માટે મુસીબત બની જશે હવે વરસાદ વિગૈરેના બહાને એ જવાનું નામ પણ નહીં લે વિગૈરે વિગૈરે.

આ સાંભળીને મહેમાન ઉઠ્યો અને કહ્યુ : અય સ્ત્રી ! મને જવા દે મારી પાસે મોજા છે જે મને કીચડથી બચાવ કરશે મને કીચડની ફિકર નથી. હું જાઉં છુ તમે લોકો સલામત રહો સ્ત્રીએ ઘણી બધી માફી માંગી, સમજાવવાની કોશિશ કરી પરંતુ મહેમાન ન રહ્યો અને ચાલ્યો ગયો, જતા જતા તેણે કહ્યુ : હું સફરમાં હતો બખ્શિશના સેંકડો ખજાના મૈં વિખેર્યા પરંતુ તમારા નસીબમાં ન હોતા જેના પર મેઝબાન અને તેની પત્ની શરમાઈને પછતાવો કરતા રહી ગયા.

**સબક :** ઈન્સાને દરેક આવનાર મહેમાન સાથે ખુશ દિલી અને હસતા મોંએ પેશ આવવુ જોઈએ શું ખબર કયો મહેમાન તેમના માટે ખૈરો બરકતનું કારણ બની જાય.

મહેમાનનું આવવુ એ રબ તબારક વ તઆલાનું મોટુ ઈનામ છે મહેમાનની રોઝી અલ્લાહ પહેલા મોકલી આપે છે મહેમાન પોતાનુંજ ખાય છે અને મેઝબાનના ઘરમાં ખૈરો બરકત અને ગુનાહોની માફીનું કારણ બને છે મહેમાન નવાઝી કરવી એ સૈયદના ઈબ્રાહીમ عَلَيْهِ السَّلَام ની મુબારક સુન્નત છે.

## ﴾64﴿ હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام અને કમ અકલ મુસાફિર

હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام ને સફરના દરમિયાન એક મુસાફિર મળી ગયો જે એક દમ અકલ વગરનો અને જલ્દબાઝ હતો રસ્તામાં એક જગ્યા પર થોડા હાડકા પડયા હતા મુસાફરે હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام થી રજુઆત કરી કે ''અય અલ્લાહના નબી ! આપ તો મુર્દાને જીવતા કરી દેનાર ઈસ્મે આઝમ જાણો છો મારી વીનંતી છે કે તે ઈસ્મે આઝમ મને યાદ કરાવી દો કે જેથી હું તેને પઢીને આ હાડકાઓમાં ફરીવાર જીવ નાખી દઊ.''

હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام એ ફરમાવ્યુ કે એ તારૂ કામ નથી અને ન તૂ પોતાની જાતને આ કામમાં મશગૂલ કર કેમ કે આ મર્તબા પર પહોંચવામાં જીવનું જોખમ છે આ મકામ પર પહોંચવા માટે મોટી

મોટી તક્લીફો ઉપાડવી પડે છે અને ઘણાંજ મકામ તય કરવા પડે છે વરસો સુધી મુજાહિદા કરવા પડે છે આ કોઈ એક બે દિવસની વાત નથી લાંબો સમય રિયાઝત અને મુજાહિદાના પછી મક્સદ હાસિલ થાય છે, અગર હું તને ઈસ્મે આઝમ શિખવાડી દઉ તો પણ તને આનાથી કોઈ ફાયદો હાસિલ નહીં થાય કેમ કે માત્ર તીર કમાન હાથમાં પકડી લેવાથી કોઈ માણસ તીર અન્દાઝ નથી બની જતો.

હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام ની આ વાતો તેની સમજમાં આવી ગઈ તો એ કહેવા લાગ્યો કે તો આપ ખુદ આ હડ્ડીયો પર ઈસ્મે આઝમ પઢીને ફુંક મારો કે આ જીવતી થઈ જાય. એ કમ અકલ મુસાફરે હઝરતને એટલી હદે મજબૂર કર્યા કે તેમણે તેની વાત માનવીજ પડી જેવુકે હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام એ ખુદા પાકનું નામ લઈને કુમ્બે ઈઝનિલ્લાહ પઢયુ કે તુરંત હડ્ડીઓમાં રૂહ આવી ગઈ પલક ઝપકતાની સાથેજ એ હડ્ડીઓ સિંહ બની ગઈ અને તુરંત એ મુસાફરને ફાડી ને રાખી દીધો હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام એ સિંહની આ હરકત જોઈને પુછવુજ પડયુ કે તેણે આવુ શા માટે કર્યું ? સિંહે અદબ થી જવાબ દીધો કે મારાથી તમારી પરેશાની જોઈ ન શકાઈ કે એ બે વકૂફે તમને બહુજ તક્લીફ આપી. હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام એ બીજો સવાલ એ પુછયો કે તો પછી તેં તેને પોતાનો ખોરાક કેમ ન બનાવ્યો ? તે તેનુ ખુન શા માટે ન પીધુ ? સિંહે અદબથી જવાબ દીધો કે મારૂ દાણા પાણી આ દુનિયાથી ઉઠાવી લેવાયુ છે માટે મારી કિસ્મતમાં હવે રોઝી (રિઝ્ક) નથી અગર અલ્લાહ તઆલા મને આ દુનિયામાં રાખવા ચાહતો તો આ જહાંમાં મારી રોઝી પણ હોત અને મારી રોઝી મૌજૂદ હોત તો મને મૌત ન આવતી.

**સબક :** નબુવ્વતના કામોમાં ઈન્સાને દખલ ન કરવી જાઈએ પરંતુ એ મુસાફર નાદાન હતો તો વગર વિચાર્યે કરેલ નાદાનીની તેને સજા થઈ. બીજી એક વાત એ પણ જાણવા મળી કે કોઈ પણ

જાનદાર જ્યાં સુધી તેનું રિઝ્ક દુનિયામાં હાજર છે ત્યાં સુધી તેને મૌત નથી આવતી.

## «65» એક ભેંગાનો કિસ્સો

ભેંગો એટલે કે ત્રાસી આંખવાળો (જે કોઈ પણ ચીઝ ને ડબલ જૂએ) મૌલાના ફરમાવે છે એક ભેંગાને કોઈકે કહ્યુ કે "જા અને ગોખલામાંથી બોટલ લઈ આવ" ભેંગાએ પાછા આવીને સવાલ કર્યો કે "ત્યાં બે બોટલ પડી છે તેમાંથી કઈ લાવુ. હઝરતે ભેંગાને કહ્યુ કે ગોખલામાં તો એકજ બોટલ મુકી છે પરંતુ તને ભેંગા પણાના લિધે બે દેખાય છે.

પરંતુ ભેંગાએ એની એજ વાત દોહરાવી કે ખરેખર ત્યાં બે બોટલ જ છે તમે કારણ વગર મારા બારામાં ગલત કહો છો. ઉસ્તાદે કહ્યુ : સારૂ ઠીક છે. હવે તૂ એમ કર કે એક બોટલ તોડી નાખ અને બીઝી ઉપાડી લાવ તે ભેંગાએ એમજ કર્યુ એક બોટલ ઉપાડીને તોડી નાખી જ્યારે બોટલ ટૂટી ગઈ તો બીજીનું અસ્તીત્વ પણ ન રહ્યુ અને આવી રીતે એ ભેંગાને પોતાના ભેંગા હોવાની ભાન થઈ.

**સબક :** ગુસ્સો અને શહેવત (વાસના) ઈન્સાનને ભેંગો બનાવી દે છે અને તેને એકના અનેક દેખાય છે જે વાસ્તવમાં છેજ નહીં શૈતાન ઈન્સાન પર એવી રીતે હાવી થઈ જાય છે કે નીર્જીવ પત્થર, તારા અને ગ્રહો, ઝાડ પાન, નદી અને જીવતા ઈન્સાનોને ખુદાની બરાબર સમજી બેસે છે ખરેખર જેનું વુજૂદ યાની અસ્તીત્વ છેજ નહીં અને મૃત્યુ વખતે જ્યારે ભેદ ખુલી જાય છે અને હકીકત સમજાય છે તો પછતાવો કરે છે જે કોઈ કામ નહીં આવે અને હમેશા કદી ખતમ ન થનાર અઝાબમાં સપડાઈ જાય છે.

અગર હકીકતને સમજવા ચાહે તો ઈન્સાન વલીઓની અને ઉલમાઓની સોહબત અપનાવે અને પોતાનું ભેંગાપણુ દૂર કરે.

## ﴾66﴿ યહૂદી બાદશાહ અને વઝીરનો કિસ્સો

એક યહૂદી બાદશાહ ઈસાઈયોનો કટ્ટર દુશ્મન હતો અને ઈસાઈયતને ખતમ કરવા માંગતો હતો તેના વઝીરે તેને કહ્યુ કે આવી રીતે ઈસાઈયો અને ઈસાઈયતને ખતમ નહીં કરી શકાય કેમ કે ધર્મનો સંબંધ દિલથી છે જેથી લોકો પોતાના મઝહબને ઝાલિમ જાબીર હાકીમોથી છુપાવી રાખે છે અને એવી રીતે બચી જાય છે કોઈ પણ ધર્મના માનવા વાળાઓને ખતમ કરવા માટે જરૂરી છે કે તેમને ધોખા ફરેબમાં ફસાવવામાં આવે વઝીરે કહ્યુ કે મૈં એક પ્લાન વિચાર્યો છે આ આઈડીયા મુજબ તમે મારા હાથ કાપી નાખો અને મને સુલી પર લટકાવવા માટે એક પ્રોગ્રામનું આયોજન કરો જ્યારે બહુ લોકો ભેગા થઈ જાય તો કોઈ વ્યક્તી પાસે એવુ એલાન કરાવવામાં આવે કે ગુનેહગાર (વઝીર)ની જાન બખ્શી થાય અને તેને એ માણસને હવાલે કરી દેવામાં આવે ત્યાર પછી મને એ માણસના હવાલે કરી શહેર બહાર મોકલી દેવામાં આવે.

અને એમજ કરવામાં આવ્યુ તે યહુદી વઝીર ઈસાઈયોમાં શામિલ થઈ ગયો અને તેણે ઈસાઈયોના દિલમાં એ વાત ઠસાવી દીધી કે તે ઈસાઈયોનો દોસ્ત તથા બાદશાહનો વિરોધી અને દુશ્મન છે અને તેને ઈસાઈયોની દોસ્તી તથા હમદર્દીના કારણેજ આ તક્લીફ ઉઠાવવી પડી છે.

તેણે ઈસાઈયોની હમદર્દી હાસિલ કરવાના પછી તેઓમાં પોતાનો મકામ વાઅઝો નસીહત અને ઈસાઈ ધર્મની તબ્લીગના હવાલે બનાવવાનું શરૂ કરી દીધુ. પુરી ઈસાઈ દુનિયામાં તેના નામના સિક્કા પડવા લાગ્યા યાની તે મશ્હૂર અને પ્રિયપાત્ર મક્બૂલ બની ગયો અને થોડાજ સમયમાં તેને લોકો હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام નો નાયબ સમજવા લાગ્યા તેની તકરીરી મજલીસોમાં તે એવી એવી વાતો કરતો જેને ઈસાઈ મઝહબ સાથે કંઈજ તઅલ્લુક ન હતો. આ હકીકતને

ઈસાઈ ઉલમાઓ સારી રીતે સમજતા હતા પરંતુ બહુમતી લોકો તેની કુરબાની, ઈસાર (ત્યાગ), અને જાહેરી ખુલૂસ યાની રિયાકારી દેખાડા થી પ્રભાવીત થઈ, તેના મક્રો ફરેબને ન સમજી શક્યા.

બાદશાહની સાથે તેનો કોન્ટેકટ અને સંબંધો ચાલુજ રહ્યા. વઝીર અને બાદશાહની કોશિશ એજ હતી કે ઈસાઈ કૌમ અને ઈસાઈ મઝહબ બિલ્કુલ ખતમ થઈ જાય. બાદશાહે તેને આ કામ જલ્દી થી જલ્દી અંજામ આપવા કહ્યુ : વઝીરે જ્યારે પોતાની અસર અને પોતાનો મકામ કૌમ પર સાબિત કરી દીધો તો તેણે પૈગમ્બર હઝરત ઈસા عَلَيْهِ السَّلَام ની તાલીમની વિરૂદ્દ કરવાનું શરૂ કરી દીધુ યાની તાલીમમાં મિલાવટ ભેળસેળ શરૂ કરી જેવી રીતે આજના વહાબીઓ તથા બદ અકીદા લોકો કરે છે અને યહૂદી ઈસાઈ આજે મુસ્લિમો વિરૂધ્ધ કરે છે.

એ સમયે ઈસાઈયોના બાર (12) ફિર્કા હતા અને દરેક ફિર્કાવાળા પોતાના અમીર યાની ધર્મગુરૂ પાદરીના તાબે હતા અને અમલમાં તેમનુંજ અનુકરણ કરતા હતા. આ વઝીરે તે બાર ફિર્કાઓના લીડરોને અલગ અલગ તેહરીર (લેટર, પત્ર) લખીને તેમની માન્યતા મુજબના એહકામ (દીની કાનૂન) જારી કર્યા આ પત્રો વિગૈરે રવાના કર્યા પછી તેણે ગોશા નશીની (એકાંતવાસ) ઈખ્તિયાર કરી અને લોકોમાં તેને મળવાની તેની મુલાકાતની પ્યાસ વધતીજ ગઈ. ત્યાં સુધી કે ઘણા બધા લોકોના પ્રતિનીધી તેની પાસે આવ્યા કે તે પોતાનો એકાંતવાસ ખતમ કરે અને લોકોને વાઝો નસીહત કરે પરંતુ તેણે ઈન્કાર કરી દીધો અને કહ્યુ કે મને હઝરતે ઈસાનો આજ હુક્મ છે કે તે લોકોથી અલગ થલગ રહી અને આવનાર ઝિન્દગી યાની આખિરતની તૈયારીમાં લાગી જાય.

ત્યાર પછી તેણે એ બાર ફિર્કાઓના અમીરોને અલગ અલગ બોલાવ્યા તે દરેકને પોતાનો વલી અહદ (ખાસ ખલીફા અને નાયબ) મુકર્રર કર્યો અને દરેકને કહ્યુ કે તૂ મારો નાયબ હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام

ની તરફથી મુકર્રર છે અને બીજો કોઈ અમીર તારી વિરૂધ્ધ કરે તેને ખતમ કરી નાખજે.

આ સંદેશો આપ્યા પછી વઝીરે પોતાને હલાક કરી નાખ્યો પુરી કૌમમાં તેના મૌતના કારણે રંજ અને ગમનો દરિયા વહેવા લાગ્યો. આ દરમિયાન બાર ફિર્કાઓના અમીર અને તેના અનુયાયીઓ ભેગા થઈ ગયા અને દરેક અમીરે પોતાના સિવાયના વલી અહદના જુઠા હોવાનો દાવો કરી દીધો, જેના પરીણામ સ્વરૂપ તે બારે ફિર્કાના અનુયાયીઓની વચમાં લડાઈનો સિલ્સિલો ચાલુ થઈ ગયો અને ખૂનરેઝી થઈ અને ત્યાંની પુરી ઈસાઈ કૌમ તબાહો બરબાદ થઈ ગઈ અને આવી રીતે જે કામ એક બાદશાહ તાકતો કુવ્વતના બાવુઝૂદ ન કરી શકયો તે એક ચાલાક વઝીરના મક્રો ફરેબે કરી બતાવ્યુ.

**સબક :** આ પ્રકારની ઉંડી ઉંડી તરકીબો અને દુશ્મનોની ચાલાકીઓ થી કૌમે જાગ્રૃત રહેવુ જોઈએ આજે એજ યહૂદી અને ઈસાઈયો જેઓ સદીઓ સુધી એક બીજાના દુશ્મન હતા તે ઈસ્લામની દુશ્મનીમાં એક થઈને ઈસ્લામ તેમજ મુસલમાનોને ખતમ કરવાના પ્રયત્નો કરે છે ખિલાફતે ઉસ્માનિયાને તોડીને મુસ્લિમોને અલગ અલગ તોડીને ખાડીમાં નાના નાના કેટલાય દેશ બનાવ્યા અને હવે અલગ અલગ લડાવી રહ્યા છે તેવીજ રીતે લોકલ મુસ્લિમ વિરોધી પક્ષ પાર્ટી તથા નેતાઓ મુસ્લિમ લીડરોને ખરીદીને ઈસ્લામ વિરૂધ્ધ પ્રવૃતીઓ કરાવે છે. મુસ્લિમોના બદ અકીદા તથા ગુમરાહ ફિર્કાઓને ગવર્નમેન્ટ મદદ કરે છે કાદિયાનીઓ, શીયાઓ, અને ગુમરાહ મુસ્લિમ લીડરો સત્તા પક્ષની ચમચાગીરી કરી રાજકીય લાભ મેળવે છે અને મુસ્લિમોનુ નુક્સાન કરે છે.

યાદ રહે તમામ કાફિરો ભલે તેમનામાં અલગ અલગ વિચારધારા હોય કે ટકરાવ હોય છતા ઈસ્લામ દુશ્મનીમાં એકજ છે **"અલ કુફ્રુ મિલ્લતુન વાહિદતુન"** તમામ કુફ્ર એકજ મિલ્લત છે અલ્લાહ

તેમાના શરથી કૌમે મુસ્લિમને બચાવે આવા લોકો વિષે અલ્લાહ પાક કુરઆને કરીમમાં ફરમાવે છે પારહ 4 સૂરએ આલે ઈમરાન આયત નં. 100 **તર્જમો :** અય ઈમાનવાળાઓ ! અગર તમે આ અહલે કિતાબ (યહૂદો નસારા)ના કહેવા પર ચાલશો તો તેઓ તમને ઈમાનના પછી કાફિર બનાવી દેશે.

અને અલ્લાહ તઆલા પારહ 6 સૂરએ માઈદહ આયત નં. 51માં ફરમાવે છે : **તર્જમો :** અય ઈમાનવાળાઓ ! તમે યહૂદ અને નસારાને દોસ્ત ન બનાવો તેઓ આપસમાં (ઈસ્લામ વિરૂધ્ધ) એક બીજાના દોસ્ત છે અને જે તેમનાથી દોસ્તી રાખશે તો તે એમાંથીજ છે.

## ﴾67﴿ સિંહ અને સસલુ

એક જંગલમાં જાનવરોએ સિંહની સાથે કરાર કર્યો અને સિંહને એ વાતને માટે તૈયાર કર્યો કે અમો રોજ નક્કી થયેલા સમયે એક જાનવર શિકારને માટે હાજર કરી દઈશુ માટે આપ અમારા બધાના માટે પરેશાનીનું કારણ ન બનો.

તેઓએ આપસમાં નક્કી કર્યુ કે આપણે દર રોજ ચિઠ્ઠી ઉછાળીને એક જાનવર સિંહની તરફ રવાના કરી દઈશુ જેથી બાકીના તમામ જાનવર શાંતીથી રહી શકે જેવુકે કૌલ કરાર પર અમલ થતો રહ્યો. એક દિવસ ચિઠ્ઠી ઉછાળી તો ખરગોશ (સસલા)ની વારી આવી.

ખરગોશે સિંહની તરફ રવાના થવામાં ધીરજ થી કામ લિધુ અને ઈરાદા પુર્વક મોડુ કર્યુ બીજા પ્રાણીઓએ ફરિયાદ કરી કે આતો સમજુતી કરારની વિરૂધ્ધ વર્તન થયુ અને સિંહ ફરીવાર શિકાર કરવા લાગી જશે.

ખરગોશે કહ્યુ : તમે લોકો ચીંતા ન કરો મારી પાસે એક બહેતર આઈડીયા છે હું તેનો ઈલાજ કરીશ બીજા પ્રાણીઓએ કહ્યુ : જો તૂં એકદમ તુચ્છ પ્રાણી છે કોઈ એવુ કામ ન કરજે કે સિંહ ફરી થી શિકાર કરવા લાગે અને બધા માટે તકલીફ પૈદા થાય.

તેઓએ ખરગોશ થી યુક્તી જાણવા માંગી પણ પરંતુ તેણે રાજ ખોલવાની તૈયારી ન બતાડી મૌલાના કહે છે કે યુક્તી પ્રયુક્તી અથવા મઝહબના રહસ્ય કદી કોઈને પણ બતાડવા ન જોઇએ.

અંતે ખરગોશ થોડા વીલંબથી રવાના થયુ રસ્તામાં પણ મોડુ કર્યુ જ્યારે તે પહોંચ્યુ તો સિંહ રાહ જોઈ રહ્યો હતો અને ગુસ્સાના કારણે જાનવરોને અને ખુદ પોતાને બુરૂ ભલૂ કહેતો હતો કે મૈં નક્કામાં આવા લોકો સાથે કૌલ કરાર કર્યો અને આ કમીનાઓ પર વિશ્વાસ કર્યો.

આ હાલતમાં ખરગોશ એકદમ શાંતિ અને આરામથી સિંહ પાસે આવી ગયુ અને તેને મોડુ પહોંચવાના કારણ બતાવવાની ઈજાઝત માંગી સિંહે ખરગોશની વિનંતી અને આજીઝીના પછી તેને કારણ બતાવવાની ઈજાઝત આપી.

ખરગોશે બયાન કર્યુ કે જંગલના સાથીઓએ મને એક અન્ય ખરગોશની સાથે આપની તરફ રવાના કર્યુ રસ્તામાં અમોને એક બીજા સિંહે ઘેરી લિધા અને અમને બન્નેને ખાઈ જવાનું નક્કી કર્યુ અમે તેને કહ્યુ કે અમો પોતાના બાદશાહની તરફ જઈ રહ્યા છીએ અને અમારે સમયસર પહોંચવુ જરૂરી છે પરંતુ તે સિંહે ગુસ્સે થયો અને તેણે કહ્યુ કે હું તમને બન્નેને અને તમારા બાદશાહ સિંહને જોઈ લઈશ અંતે તેણે મારા સાથીદાર સસલાને જે મારાથી પણ ત્રણ ગણુ ભરાવદાર હતુ તેને પોતાની પાસે ગીરવે રાખી લિધુ ખરગોશે કહ્યુ કે મહારાજા ધીરાજ ! અગર એ સિંહનો ઈલાજ આપ નહીં કરો તો ભવિષ્યમાં કોઈ શિકાર આપને નહીં મળી શકે.

સિંહે કહ્યુ કે ચાલ અને મને તે સિંહનું સરનામું બતાડ કે હું તેને તેના આ ગુનાહની સજા આપી શકુ ખરગોશ આગળ આગળ અને સિંહ તેની પાછળ પાછળ ચાલી નિકળ્યા.

એક કુવા સુધી પહોંચીને સસલુ થોડુ પાછળ તરફ હટયુ સિંહે કહ્યુ તે પીછે હટ શા માટે કરી ? સસલાએ કહ્યુ કે તેએ સિંહથી ડરે છે જોકે આપ મારી સાથે છો તો ડર કેવો ? કહીને તે સિંહની બગલમાં

આવી ગયુ અને કુવાની અંદર તરફ ઇશારો કર્યો સિંહે પોતાનો પડછાયો અને બાજુમાં સસલાનો પડછાયો કુવામાં જોયો અને પોતે કુવામાં છલાંગ લગાવી દીધી.

ખરગોશે સિંહના કુવામાં કુદી જવાના અને ફરીથી પાછો ન નિકળી શકવાના ઇત્મીનાનના પછી પાછા જંગલના જાનવરો પાસે જઈને તેમને એ ખબર સંભળાવી કે જંગલના જાનવરો હમેશા હમેશા માટે તેના ઝુલ્મો સિતમથી મુક્ત થઈ ચુક્યા છે ખરગોશે જંગલના બીજા જાનવરોને કહ્યુ કે ભલે હું એક હકીર (તુચ્છ) પ્રાણી છુ જેના કાન પણ પોતાના નથી તો હું આટલુ મોટુ કામ કઈ રીતે કરી શકુ પરંતુ આ બધો અલ્લાહનો ફઝલો કરમ છે કે જેણે ઝાલિમને તેના ઝુલ્મની સજા આપી છે.

**સબક :** સામાન્ય રસ્મો રિવાજ કે લોકોના તરીકાઓથી હટીને તદબીર (કોશિશ) કરવી જોઈએ, રહસ્ય અને ભેદ કોઈને ન બતાવવા જોઇએ મશ્વરો કરતા સમયે પણ રહસ્ય ખુલી જાય તેવા ઈશારા ન કરવા જોઇએ દુશ્મન અને દોસ્તમાં ઓળખ પૈદા કરવી જોઇએ ગમે તેવી વીકટ પરિસ્થીતીમાં પણ હિમંત ન હારવી જોઇએ દુશ્મન અથવા વિરોધીની સલાહ પર અમલ ન કરવો જોઇએ અને હિક્મત (દાનાઈ સમજદારી) થી કામ લેવુ જોઇએ જેવુ કે અલ્લાહ તઆલા ફરમાવે છે પારહ 3 અલ બકરહ આયત નં. 269 **તર્જમો :** અલ્લાહ હિક્મત આપે છે જેને ચાહે અને જેને હિકમત આપવામાં આવી તેને બહુજ ભલાઈ આપવામાં આવી. اَلْحَمْدُ لِلّٰه عَزَّوَجَلَّ

## ﴾68﴿ મલકુલ મૌતનું એક શખ્સને ધ્યાનથી જોવુ

હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام ના ઝમાનામાં એક શખ્સને મલકુલ મૌત હઝરતે ઇઝરાઇલ عَلَيْهِ السَّلَام ધ્યાનથી જોયો એ બંદો અત્યંત ખૌફ અને ડરનો માર્યો ગભરાઈને હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام ના દરબારમાં પહોંચ્યો અને વિંનતી કરી કે હઝરત હવાને હુક્મ કરે કે તે તેને

ઉડાવીને હિન્દુસ્તાન પહોંચાડી દે કે તેને હઝરતે ઈઝરાઈલ عَلَيْهِ السَّلَام ના ઘુરી ઘુરીને જોવાથી જે ભય છવાઈ ગયો છે તે દૂર થાય. અલ્લાહના પૈગમ્બર હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام એ હવાને હુક્મ કર્યો તો હવા તેને ઉડાવીને હિન્દુસ્તાનના ઈલાકામાં લઈ આવી, જ્યાં ઈઝરાઈલ عَلَيْهِ السَّلَام તેની રાહ જોઈ રહ્યા હતા. આપે અલ્લાહ તઆલાના હુક્મથી તેની રૂહ કબ્ઝ કરી.

બીજા દિવસે જ્યારે હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام ની મુલાકાત મલકુલ મૌત હઝરતે ઈઝરાઈલ عَلَيْهِ السَّلَام થી થઈ તો હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام એ કહ્યુ કે કાલે તમે એક શખ્સની તરફ ધ્યાનથી જોયુ તો ડરાવી દીધો અને નાહક તે માણસ હિન્દુસ્તાનના દૂર દરાઝ સફર માટે મજબૂર થઈ ગયો. હઝરતે ઈઝરાઈલ عَلَيْهِ السَّلَام એ ફરમાવ્યુ કે જ્યારે તે બંદાને અહીં જોયો તો મને હૈરાની થઈ (નવાઈ) લાગી કે આ માણસની રૂહ હિન્દુસ્તાનમાં કબ્ઝ કરવાનોં મને હુક્મ છે અને તે માણસ હજારો મીલ દૂર અહીં હાજર છે ! તો એ કઈ રીતે નક્કી સમય પર ત્યાં પહોંચશે ? હું તો મારી ફરજ અદા કરવા માટે ત્યાં પહોંચી ગયો અને જોયુ તો એ બંદો ત્યાં હાજર હતો અને મૈં અલ્લાહ તઆલાના હુક્મ મુજબ તેની રૂહ કબ્ઝ કરી.

**સબક :** ઈન્સાન લાખ તદબીર કરે, તક્દીર તેને ત્યાંજ લઈ જાય છે જ્યાં તેનું નસીબ છે અને તે પોતે તક્દીરના લખાણ મુજબ સબબ પૈદા કરે છે.

તમામ ઈન્સાને મરવાનુંજ છે અને તેનો સમય અને સ્થળ નક્કી જ છે અને તેમાં કોઈ ફેરફાર શક્યજ નથી તેવીજ રીતે નફા, નુક્સાન રાહત-મુસીબત, તંદુરુસ્તી-બિમારી વિગૈરે જે કંઈ મુકદ્દર થઈ ચુકયુ છે તે થઈનેજ રહે છે. ઈન્સાન સબ્ર કે શુક્ર કરીને ફાયદો હાસિલ કરે છે અને ફરિયાદ, શિકવા શિકાયત કરીને નુક્સાનમાં રહે છે કોઈ તદબીર કે કોશિશ કિસ્મતને બદલી નથી શકતી જેનું જે સમયે જે જગ્યાએ મરવાનું લખાઈ ચુક્યુ છે તે અટલ છે અને રોકી નથી શકાતુ.

## ﴾69﴿ હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام અને હુદ હુદ

હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام નો તંબુ લાગેલ હતો આપ عَلَيْهِ السَّلَام ને અલ્લાહ તબારક વ તઆલાના કરમથી પક્ષીઓની બોલીનો પણ ઈલ્મ હતો તમામ પક્ષીઓ વારી મુજબ પોત પોતાની ખૂબીઓ બયાન કરતા હતા એટલા માટે કે હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام તેઓને પોતાની ખિદમત પર મામૂર કરે.

હુદ હુદે કહ્યુ કે તે ઊંચાઈ ઉપર ઉડતા સમયે ઝમીનની નીચે પાણીનો અંદાજ લગાડી શકે છે. હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام તેને પોતાની સાથે રહેવા કહ્યુ જેથી કરીને લશ્કરની કુચના સમયે પાણી શોધી શકે અને લશ્કર ત્યાં પડાવ કરી શકે જ્યાં પાણી હોય.

કાગડાએ જ્યારે હુદ હુદની આ ખૂબીના કારણે હઝરતનો કુર્બ પામતા જોયુ તો તેને હસદ (ઈર્ષા) પૈદા થઈ અને તેણે હુદ હુદની ગીબત શરૂ કરી તેણે કહ્યુ કે આ હુદ હુદ ઝૂઠ બોલે છે અગર તેની નઝર આટલી બધી તેઝ હોત કે ઉંચાઈ થી પણ ઝમીનની નીચે પાણી જોઈ લેત તો એ ઝમીન પર શિકારીએ પાથરેલ જાળ શા માટે નથી જોઈ લેતુ જેમાં તે ફસાઈને પીંજરામાં કૈદ થઈ જાય છે.

હઝરતે સુલૈમાન عَلَيْهِ السَّلَام હુદ હુદથી પશ્ન કર્યો તો તેણે જવાબ દીધો કે હુદ હુદ પાણી જોઈ શકે છે કારણ કે એ ખૂબી તેને અલ્લાહ તબારક વ તઆલાએ અતા કરી છે જ્યારે કુદરત તેની એ ખૂબી પાછી ખેંચી લે અથવા થોડા સમય પુરતી રોકી લે છે તો તે જાળ જોવાથી પણ માઝૂર થઈ જાય છે અને પરીણામે કૈદો બંદની મુસીબતમાં ફસાઈ જાય છે.

**સબક :** મુસીબત અને તક્લીફનું આવવુ કુદરતની તરફથી છે અને જ્યારે કુદરતએ ફૈસલો કરી લે છે તો કોઈ તદબીર સફળ નથી થતી અને તક્લીફ આવીનેજ રહે છે. જેવુ કે અલ્લાહ તઆલા પારહ 11 સૂરએ યૂનુસ આયત નં. 107માં ફરમાવે છે **યાની :** અગર

અલ્લાહ તને કોઈ તક્લીફ પહોંચાડે તો તેના સિવાય કોઈ તેને દૂર નથી કરી શકતુ.

## ﴾70﴿ હઝરતે આદમ عَلَيۡهِ السَّلَام અને શૈતાન

શૈતાને અલ્લાહ તઆલાના હુક્મ પર હઝરતે આદમ عَلَيۡهِ السَّلَام ને સજદો કરવાથી ઈન્કાર કરી દીધો અને પછી હઝરતે આદમને વસ્વસા આપીને હિલા બહાના કરીને મનાઈ કરેલ ઝાડ (ઘઉં અથવા સફરજન)ના ફળ ખાવા માટે તૈયાર કર્યા અને સૈયદના આદમ عَلَيۡهِ السَّلَام થી લગ્ઝિશ થઈ.

શૈતાન મર્દૂદે પોતાના ઈરાદાથી અલ્લાહ તઆલાના હુક્મની નાફરમાની કરી અને અલ્લાહ થી કહ્યું : "તેં મને ગુમરાહ કર્યો." હઝરતે આદમ عَلَيۡهِ السَّلَام એ શૈતાનના વસ્વસાના કારણે ગલતી (ભૂલ) કરી તો કહ્યું : **"રબ્બના ઝલમના અન-ફુસના"** યાની અય મારા રબ ! મૈં ઝુલ્મ કર્યો મારાથી ખતા થઈ.

એકે પોતાના ગુનાહ અને ઈન્કારને રબ તબારક વ તઆલાની તરફ મન્સૂબ કર્યો, બીજાએ પોતાની ભૂલની નિસ્બત પોતાની તરફ કરી બસ આજ ફરક છે જે ઈન્સનાને ઈન્સાન અને શૈતાનને શૈતાન બનાવે છે અને ઈન્સાનને મુમ્તાઝ કરે છે ઉચ્ચતા આપે છે. આજ અદબ છે, આજ શુક્ર છે, આજ આજીઝી (નમ્રતા) છે.

**સબક :** અદબનો તકાજો છે કે ઈન્સાન ભૂલને પોતાની તરફથી સમજે અને હમેશા માફી માંગે, તૌબા કરે અગર ગુનાહ પર ગુનાહ કરે અને તૌબા ન કરે તો સમજી લે કે શૈતાનના રસ્તા પર ચાલી રહ્યો છે અલ્લાહ તઆલા પારહ 5 સૂરએ નિસા આયત નં. 79માં ફરમાવે છે : **યાની :** તને જે ભલાઈ પહોંચે તે અલ્લાહની તરફથી છે અને તને જે બુરાઈ પહોંચે તે તારી પોતાની તરફથી છે.

માટે હમેશા ઈન્સાન પોતાના ગુનાહોંની તૌબા કરતો રહે અને શૈતાનના નક્શે કદમ પર ન ચાલે.

## «71» વેપારી અને મેના

ઈરાનના એક વેપારીએ એક મેના પાળી રાખી હતી જે વાતો કરીને વેપારીને ખુશ રાખતી હતી. એક વખત તે વેપારીએ બીઝનેસના કામે હિન્દુસ્તાનની સફરનો ઈરાદો કર્યો તેણે રવાના થતા પહેલા પોતાના ગુલામોં અને કનીઝોં નોકર ચાકરોં થી જાણવા માંગ્યુ કે તે હિન્દુસ્તાનથી તેમના માટે શું લાવે ? તેણે મેનાને પણ પુછયુ કે તેના વતન હિન્દુસ્તાન થી તેની કૌમના પક્ષીઓ યાની મેના પોપટને કોઈ સંદેશો આપવા ચાહે તો કહે તેણે કહ્યુ કે કહે જો કે જ્યારથી હું પીંજરામાં કૈદ થઈ છુ તો મારા ભાઈ બહેનો મને ભુલી ગયા છે અને પોતાની તરફથી કોઈ સંદેશો પણ નથી મોકલતા હું તો કૈદમા છુ તમો આઝાદીની મઝા લુટો છો કમ સે કમ બગીચાના સહેનમાં ક્યારેક ક્યારેક તો મને યાદ કરી લિધા કરો.

તે વેપારીએ હિન્દુસ્તાનમાં અમુક મેના પોપટને એક જંગલમાં એક સાથે જોયા તો તેને મેનાનો સંદેશ પહોંચાડયો તેણે જોયુ કે તેમાંની એક મેના ધ્રુજવા લાગી અને પછી પડીને હલાક થઈ ગઈ. તે વેપારીને ઘણો અફસોસ થયો કે તેણે સંદેશો પહોંચાડીને એ મેનાને સદમો પહોંચાડયો અને તે મૃત્યુ પામી. ઘણી વખત બોલવા કરતા ચુપ રહેવુ બહેતર હોય છે જે ફિત્ના ફસાદ અને સમાજમાં બદ અમની પૈદા કરે.

તે વેપારી વતનમાં પાછો ફર્યો તેણે બધાને પોત પોતાના તોહફા યાની ભેટ સોગાદ આપ્યા તુતીએ સવાલ કર્યો કે તેણે મારો સંદેશ બીજા પોપટ મેના સુધી પહોચાડયો કે નહીં ? તેણે કહ્યુ કે મૈં જંગલમાં તારો સંદેશો પહોચાડ્યો હતો પરંતુ બહુજ અફસોસ કે તે મેનાઓ માંથી એક મેના આ સંદેશ સાંભળીને ધ્રુજવા લાગી અને ઝાડ પરથી પડીને મૃત્યુ પામી.

પીંજરામાં કૈદ મેનાએ જ્યારે આ કિસ્સો સાંભળ્યો તો એ પણ પીંજરામાં પડી ગઈ અને મરી ગઈ. વેપારીએ રોવા ધોવાનું

ચાલુ કર્યુ પોતાના પર અફસોસ કર્યો કે તે એવા શબ્દો શા માટે બોલ્યો કે પરીણામ સ્વરૂપ મેના ગમ અને સદમાના કારણે પોતાની ઝિન્દગીથી હાથ ધોઈ બેસી (મરી ગઈ).

અંતે તેણે તુતીનું પીંજરૂ ખોલી તેને બહાર કાઢી અને ફેંકી દીધી પરંતુ જોત જોતામાંજ એ તુતી ઉડી અને ઝાડની ડાળી પર જઈ બેઠી વેપારી પરેશાન થઈ ગયો. તેણે સવાલ કર્યો કે આમાં શું રાઝ (રહસ્ય) છે ? તુતીએ તેને બતાવ્યુ કે હિન્દુસ્તાનની તુતીએ ઝાડ પરથી નીચે પડી જઈને મને સંદેશો આપ્યો હતો કે અગર આઝાદી જોઈએ તો આ અમલ કર જેલથી છુટકારો મળી જશે. મૈં તેના સંદેશાને સમજીને તેના પર અમલ કર્યો.

**સબક :** તારી જે સિફતે તને કૈદ કર્યો છે તેને છોડી દે, તૂ આઝાદ થઈ જઈશ, જેણે જેણે પણ પોતાના હુસ્નને છુપાવ્યુ તેણે મુરાદ પામી લિધી જેણે હુસ્નને બે પર્દા કર્યુ સેંકડો આફતોમાં ફસાઈ ગયો (ફસાઈ ગઈ).

એટલુજ નહીં કદી પોતાની આવડત, હોંશિયારી, ચાલાકી, ઇલ્મ, જવાની, ખૂબ સૂરતી કે હોદ્દા પર વિશ્વાસ ન કર, તકબ્બુર ન કર કારૂનને અલ્લાહ તઆલાએ ખૂબજ દૌલત આપી હતી તેણે કહ્યુ : આ બધુ મારા ઇલ્મના લિધે છે પરીણામ સ્વરૂપ તેનો ખઝાનો તેના માટે દુશ્મન બની ગયો અને સાલબા ઈબ્ને હાતિબ જ્યારે માલની અધીકતા થઈ ગઈ અને ઝકાતના ઇન્કારે મુનાફિક બની ગયો.

આજીઝી (નમ્રતા) ઇન્કેસારી, સાદગી અને તવક્કુલ અપનાવનાર અંતે કામિયાબ થાય છે.

## ﴾72﴿ બુઢ્ઢો સારંગીવાળો અને તૌબા પર ઈનામ

હઝરતે સૈયદના ઉમર ફારૂકે આઝમ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ ના દૌરે ખિલાફતમાં એક સારંગીનવાઝ હતો જવાનીમાં તેની સારંગીના સુરના કારણે ઘણા બધા લોકો તેના દીવાના હતા. બુઢાપાના કારણે હવે

તેની ખબર લેનાર કોઈ મદદગાર ન રહ્યુ અને ન જ તેની સારંગીમાં હવે કોઈ કમાલ હતો તેની પોતાની જાહેરી હાલત પણ બુઢાપાના અને મુફલીસીના કારણે અત્યંત ખરાબ હતી સૂર અને તાલ (શબ્દો અવાજ સંગીત) કંઈજ આકર્ષક ન રહ્યુ તેની હાલત અત્યંત મજબૂર જેવી હતી શરીરમાં કમઝોરી સારંગીની હાલત પણ બેકાર જાણે કે તે સિત્તેર વર્ષનો બુઢો એક એક રોટીનો મોહતાજ હતો.

તે ગવૈયાએ કહ્યુ કે "અય મારા ખુદા ! તેં મારા પર હમેશા મહેરબાની જ કરી છે મૈં સિત્તેર વર્ષ સુધી ગુનાહોજ કર્યા છતા તેં એક દિવસ પણ પોતાની અતા થી મહેરૂમ ન કર્યો મારી પાસે કોઈજ નેકી નથી માત્ર આ એક સારંગી મારી કમાઈ છે તેને હવે હું તારા માટે વગાડીશ આ સારંગીજ મારૂ ફન (આર્ટ) અને સરમાયો (મુડી) છે તેણે સારંગી ઉપાડી અને અલ્લાહની તલબમાં કબ્રસ્તાન તરફ રવાના થયો તે બોલ્યો કે હું અલ્લાહથી ઈનામ ચાહીશ કે જે અલ્લાહ ખોટા સિક્કાને પણ સ્વીકારી લે છે"

તે કબ્રસ્તાનમાં સારંગી વગાડતા વગાડતા સુઈ ગયો સ્વપ્નમાં તેની રૂહે બીજી દુનિયા જોઈ અને ખ્વાહિશ કરી કે તેને બીજી દુનિયામાંજ રહેવા દેવામાં આવે.

હાતિફે ગૈબીથી હઝરતે ફારૂકે આઝમને એ સંદેશો પહોંચ્યો કે અમારો એક ખાસ પ્યારો દોસ્ત ફલાણાં કબ્રસ્તાનમાં મુસીબતનો માર્યો છે તમે બૈતુલમાલ માંથી સાતસો (700) દીનાર લઈ જાવ અને તેની જરૂરત પુરી કરો આ સાતસો દીનાર તેની સારંગી વગાડવાનું ઈનામ છે અને તેને કહો કે આને ખર્ચ કરે અને ફરી જ્યારે જરૂરત પડે તો તમારી પાસે આવે.

હઝરતે ઉમર તુરંતજ કબ્રસ્તાન પહોચ્યા ત્યાં તેણે ઘણી તપાસ કરી પરંતુ ત્યાં એ બુઢ્ઢા સિવાય કોઈ ન હતુ આપને તે સારંગીવાળાને અલ્લાહનો મુકર્રબ અને મહેબૂબ ન લાગ્યો જ્યારે બીજૂ કોઈ હતુજ નહીં તો તેની પાસે ગયા, તે કહી રહ્યો હતો : અય અલ્લાહ ! મૈં

મારી ઉમરની એક એક પળ બરબાદ કરી નાખી મૈં સિત્તેર વર્ષ સુધી ગુનાહમાં ડૂબેલ જિન્દગી વીતાવી મૈં મારી ઉપર ઝુલ્મ કર્યો, ઈન્સાફ ન કર્યો.

તેની નઝર જયારે હઝરતે ઉમર رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ પર પડી તો તે ડરી ગયો ધ્રુજવા લાગ્યો. હઝરતે ઉમર رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ એ તેને કહ્યુ : મારાથી ન ડર હું તો તારા માટે ખુશ ખબર લઈને આવ્યો છુ. અલ્લાહ તઆલાએ તને સલામ કહ્યા છે અને જાણવા માટે કે ગમ અને તક્લીફમાં તારો શું હાલ છે ? અને સાથે સાથે તારા માટે થોડીક રકમ સારંગી વગાડવાનું ઈનામ પણ મોકલ્યુ છે તેને ખર્ચ કર અને ફરી જરૂર પડે તો આ જગ્યાએ આવી જજે તે આ સાંભળીને રડી પડયો સારંગી તોડી નાખી પોતાની વીતેલી ઝિન્દગી પર શર્માયો અફસોસ કર્યો અને અલ્લાહ તઆલાની અતા અને રહેમતનો ઝિક્ર કરવા લાગ્યો હઝરતે ઉમર رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ એ કહ્યુ : "તારૂ આ રડવુજ તારા હોશની નિશાની છે.

**સબક :** પોતાના ગુનાહોં પર શરમિન્દા થવુ, અલ્લાહ તબારક વ તઆલાની મહેરબાનીઓ તેના એહસાનને યાદ રાખવુ અને અલ્લાહ તઆલાની માફી તથા તેના ફઝલ અને કરમનો ઝિક્ર કરતા રહેવુ આ અમલ અલ્લાહ તઆલાને પસંદ છે અને બંદા પર વધારે નવાઝીશનું કારણ છે. જેવુકે અલ્લાહ તબારક વ તઆલા સૂરએ હૂદ આયત નં 3 અને 52માં ફરમાવે છે : અય મારી કૌમ ! પોતાના રબથી માફી માંગો, પછી તેની તરફ ઝુકી જાવ તે તમારા પર જોરદાર વરસાદ વરસાવશે અને તમારામાં જેટલી કુવ્વત છે તેમાં વધારો કરશે અને સૂરએ હુદ આયત નં. 3માં ફરમાવે છે પોતાના રબથી માફી માંગો અને તૌબા કરો એ તમને બહુજ બહેતર ઝિન્દગીનો સામાન અતા ફરમાવશે અને જે તૌબા કરે, ઈમાન લાવે અને નેક આમાલ કરે તો એવાઓના ગુનાહને અલ્લાહ તઆલા નેકિયોમાં બદલી દેશે.

આ સારંગી વાળાના બનાવથી જાણવા મળ્યુ કે....

અલ મુખ્તસર, ગુનેહગાર બંદો કદી અલ્લાહની રહેમતથી માયૂસ ન થાય, સાચા દિલથી તૌબા કરે, ભવિષ્યમાં ગુનાહ ન કરવાની નિય્યત કરે, તો અલ્લાહ જરૂર ગુનાહ માફ કરે છે અને ઈનામો ઈકરામથી નવાઝે છે. اَلْحَمْدُ لِلّٰهِ عَزَّوَجَلَّ

## ﴾73﴿ એક અરબ અને સખી બાદશાહનો કિસ્સો

એક અરબી ગામડામાં રહેવા વાળો ખેડુત બહુજ ગરીબ હતો ઘરમાં ફાકા (ભુખમરો) અને ગરીબીની હાલત હતી. તેની પત્ની હમેશા તેને બુરૂ ભલૂ કહેતી રહેતી હતી પત્ની તેને કહેતી કે તૂ કમાતો નથી તે તવક્કલ અલલ્લાહ પર જોર દેતો પત્ની તેને કહેતી કે તારો એ મકામ નથી કે તૂ એ મકામ પર નથી કે જ્યાં અલ્લાહ પર તવક્કલ કરવાવાળા હોય છે તારા માટે આવી વાતો કરવી એ અલ્લાહ તઆલાની નારાઝગીને દાવત દેવા બરાબર છે તેણે બાદશાહની સખાવત અને તેની ઉદારતા વિષે સાંભળ્યુ હતુ તેણે અરબીને સલાહ આપી કે તૂ ખલીફાના દરબારમાં જા અને પોતાની હાજત બતાવ.

અરબીએ કહ્યુ કે ભલા હું ખલીફાના દરબારમાં કઈ રીતે જઈ શકુ મારી પાસે તો એવુ પણ કંઈ નથી કે જે હું દરબારમાં ભેટ સોગાત કરી શકું. અંતે બન્નેએ ખૂબ વિચાર કરીને નક્કી કર્યુ કે અત્યારે પૂરા રાજયમાં દુષ્કાળ જેવી પરિસ્થીતી છે અમોએ મહેનત કરીને વરસાદના સાફ સુથરા પાણીનો એક ઘડો ભરી રાખ્યો છે આ પાણીનો ઘડો જ એવી ચીઝ છે જે બાદશાહને ભેટમાં આપી શકાય તેમ છે.

પત્નીએ ઘડાનું મોં ઉપરથી મજબૂત પેક કરી દીધુ અને અરબી પાણીથી ભરેલ ઘડો લઈને બાદશાહના દરબારમાં હાજર થઈ ગયો. ખલીફાના કારકુનો વિગૈરે એ તેનું સ્વાગત કર્યુ અને તેના આવવાનું કારણ જાણવા માંગ્યુ કારણ જાણ્યા પછી લોકોએ તેને તસલ્લી દીધી અને ખુશી જાહેર કરી.

તે અરબી ખેડુતે બાદશાહના ખાસ માણસોની મધ્યસ્થી થી બાદશાહને પાણીનો ઘડો ભેટ કર્યો જે તેણે કબૂલ કર્યો. બાદશાહે અરબીના તોહફાના બદલમાં તેને સોના ચાંદીના જવેરાત અને ઉમ્દા પોષાક અર્પણ કર્યા અને પોતાના કારિન્દાઓને કહ્યુ કે આ માણસ રેગીસ્તાન (રણ)ની સફર કરીને મારા સુધી આવ્યો છે હવે આને દરિયાએ દજલા (દજલા નદી)માં હોડીમાં સફર કરાવો અને બાદશાહના હુક્મથી તેને જહાજમાં સફર કરાવી જ્યારે તેણે નદી જોઈ તો તે અચંબામાં પડી ગયો કે બાદશાહની પાસે તો પાણીની નદી વહી રહી છે છતા બાદશાહ સલામતે તેની પાસેથી પાણીનો એક ઘડો કબૂલ કરી અને મને ઈનામો ઈકરામથી નવાઝયો છે. હવે તેના દિલમાં ખલીફાની કદરો મંઝિલતમાં વધારો થઈ ગયો.

**સબક :** જેવી રીતે બાદશાહ (ખલીફાને) પાણીના ઘડાની કોઈ હાજત ન હતી ઉપરાંત ઘરથી બાદશાહના દરબાર સુધીની સફર દરમિયાન તે પાણી ઉપયોગને લાયક પણ ન હતુ અને બાદશાહના કાબૂમાં નદીઓ, પહાડો, ઝરણાઓ, મહેલ્લાત, નોકર ચાકર હાજર હતા, તે અરબીના પાણીના ઘડાનો મોહતાજ ન હતો પરંતુ છતા એક ગામડીયા પ્રજાજનની મામૂલી ચીઝ પણ સ્વીકારી અને બદલામાં ઈનામો ઈકરામ થી નવાજ્યો આ એક મિસાલ છે.

અલ્લાહ તઆલાની બારગાહમાં અમારી ઈબાદતો જે ખુલુસ દિલથી (ઈખ્લાસની સાથે) કરવામાં આવે છે તેમા પણ બ-શરીઅતના લિધે વસ્વસા, રિયા, આડંબર અને દુનિયવી કદૂરત (બુરાઈયો) છે તે કાબિલે કબૂલ કઈ રીતે હોઈ શકે ? છતા પણ અલ્લાહ તઆલાની અતાના દરવાજા હમેશા ખુલ્લા રહે છે તે બધાને અતા કરતો જ રહે છે તે તમારા અમલની કૈફિયતને ન જોઈને તમારી નિય્યતોને જુએ છે.

અલ્લાહ તઆલા સૂરએ ઈબ્રાહીમ આયત નં. 34માં ફરમાવે છે : અને અમે તમને ઘણુ બધુ જે તમે માંગ્યુ તે દીધુ અને અગર તમે અલ્લાહની નેઅમતોને ગણવા ચાહો તો ગણી નહીં શકો.

ઉપરાંત ફરમાવે છે : સૂરએ ઈબ્રાહીમ આયત નં. 7માં ફરમાવે છે : અગર તમે એહસાન માનશો (શુક્ર કરશો) તો હું તમને વધારે આપીશ. سُبْحَانَ اللهِ عَزَّوَجَلَّ

બંદો હમેશા અલ્લાહનો શુક્ર ગુઝાર બની રહે અને પોતાની ઈબાદતને ખયાલમાં ન લાવે તેની બારગાહમાં નબીઓ વલીઓ ફરિશ્તાઓના સજદા છે, જેની સામે આપણી ઈબાદતની કોઈ હૈસિયત નથી.

## ﴾74﴿ એક આલિમ અને હોડીનો મલ્લાહ

ઈલ્મે નહવ (વ્યાકરણ)નો એક જાણકાર આલિમ સમુદ્રની સફર કરી રહ્યો હતો તેણે મલ્લાહ (કશ્તી ચલાવનાર) થી એક સવાલ કર્યો : શું તૂં ઈલ્મે નહવ જાણે છે ? શું તેં કિતાબો પઢી ? મલ્લાહે જવાબ દીધો : નહીં. આના પર નહવના જાણકાર આલિમે કટાક્ષના અંદાજમાં મુસ્કુરાઈને કહ્યુ : તેં તારી અડધી ઉમર બરબાદ કરી નાખી. નાવીક અફસોસમાં ડૂબી ગયો પણ જવાબ આપવામાં મજબૂર હતો કારણ અભણ હતો.

હોડી સમુદ્રની મધ્યમાં પહોંચીને અને ભંવર (વમળ)માં ફસાઈ ગઈ તો તે મલ્લાહે બુલંદ અવાજથી તે નહવના જાણકાર મુસાફરને કહ્યુ : શું આપ તરવાનું જાણો છો ? નહવના જાણકારે કહ્યુ નહીં : હું નથી જાણતો. મલ્લાહે કહ્યુ : ભાઈ તેં તો તારી પૂરી ઝિન્દગી બરબાદ કરી નાખી.

**સબક :** પોતાના ઈલ્મ પર મગરૂર ન થવુ જોઈએ અને બીજાને કમ ઈલ્મ યા ના સમજ સમજીને હકીર ન સમજવો જોઈએ તેની પાસે પણ કંઈક આવડત હોઈ શકે છે અને તે પણ અલ્લાહનીજ અતા છે જે તેને દુનિયામાં પણ કામ આવે અને આખિરતમાં પણ કામ આવે.

એજ રીતે કદી પોતાની જવાની, ખૂબ સૂરતી, ચાલાકી અથવા કોઈ ખૂબી પર પણ ફખ્ર ન કરવો જોઈએ કે તેનું પરીણામ ખરાબજ

આવે છે, ખુદ પસંદી અલ્લાહ તઆલાને પસંદ નથી જેવુકે બની ઈસરાઈલ આયત નં. 37માં અલ્લાહ પાક ફરમાવે છે : અને ઝમીન પર ઈતરાઈને ન ચાલ બેશક ! તૂ ન તો ઝમીનને ચીરી નહી નાખે અને ન બુલંદીમાં પહાડ થઈ શકીશ.

અને ફરમાવે છે સૂરએ નજમ આયત નં. 32

તમને માટીથી પૈદા કર્યાં અને તમે જ્યારે તમારી માંઓના પેટમાં હતા તો પોતે પોતાને પાકીઝા ન બતાઓ.

**અલ હાસિલ :** અગર અલ્લાહ તમને પાક કરવા ન ચાહે તો કોઈ પાક થઈ શકતુ નથી ઈન્સાનની પૈદાઈશ અવ્વલન માટી થી અને ત્યાર પછી નાપાક ટીપા (મની)થી છે આજિઝી અપનાવે.

## 《75》 એક હિપ્પી અને સિંહનુ ટેટુ

હિપ્પીઓ અને તેના જેવા લોકોની આદત હોય છે કે તેઓ ખભા પર અને પીઠ પર સિંહ, ગરૂડ વિગૈરેના ટેટૂ બનાવરાવે છે એક હિપ્પી હજામની પાસે ગયો અને કહ્યુ કે તેના ખભા પર એક ખુંખાર સિંહની તસ્વીર બનાવી આપે, હજામે સોઈની મદદથી તસ્વીર બનાવવાનું શરૂ કર્યુ તો તે યુવાનને સોઈથી તક્લીફ પહોંચી.

તેણે હજામને કહ્યુ કે તૂં સિહનો કયો હિસ્સો બનાવી રહ્યો છે ? તેણે કહ્યુ : દુમ (પુછડી)ની તરફથી શરૂ કર્યુ છે તેણે કહ્યુ : દુમ છોડી દો. હજામે ફરી તસ્વીર બનાવવાનું શરૂ કર્યુ હિપ્પીને ફરી તક્લીફ પહોંચી તો તેણે પુછ્યૂ સિંહનો કયો હિસ્સો તમે અત્યારે બનાવો છો ? તેણે કહ્યુ : માથુ. તેણે કહ્યુ : માથુ પણ રહેવા દો થોડીવાર પછી તેને ફરી તક્લીફ થઈ તો તેણે પુછ્યુ કે સિંહના શરીરનો કયો હિસ્સો બનાવે છે ? હજામે જવાબ દીધો : સિંહનું પેટ. હિપ્પીએ કહ્યુ : સિંહનું પેટ પણ છોડી દો. આના પર હજામે સોઈ છોડી પોતાનું માથુ પકડી લિધુ. હિપ્પીએ પુછ્યુ કેમ બંધ કર્યુ ? ટેટુ બનાવતો કેમ નથી ? હજામે જવાબ દિધો : હું વિચાર કરૂ છુ કે કઈ રીતનો સિંહ

બનાવુ જેને દુમ (પુછડી) સર (માંથુ) અને પેટ કંઈ ન હોય. મૈં તો આજ સુધી આવો સિંહ નથી જોયો.

**સબક :** કોઈ કામ પણ તકલીફ વગર પુરૂ નથી થઈ શકતુ અગર ઈન્સાન ચાહે કે કોઈ પણ જાતની મુશ્કિલ યા તકલીફ સિવાય તેની ખ્વાહિશ પૂરી થાય તો એ અશ્કય છે.

## ﴾76﴿ સિંહ, વરૂ અને શિયાળ ની કહાની

એક સિંહે શિકારના માટે એક ભેડીયો (વરૂ) અને લોમડી (શિયાળ) સાથે ગઠબંધન કર્યુ યાની કે ત્રણેય મળીને શિકાર કરવાનું આયોજન કર્યુ. જો કે શિકારના માટે સિંહને કોઈની મદદની જરૂર ન હતી. પરંતુ મહેરબાનીની રાહે તેને સાથે લિધા કે તેમના પર એહસાન થાય.

ત્રણેય મળીને એક નિલગાય એક હરણ અને એક સસલાનો શિકાર કર્યો પહાડથી એ જાનવરોને જંગલમાં લઈ આવ્યા સિંહે જોયુ કે વરૂ અને શિયાળ પણ એ શિકારમાંથી હિસ્સાની આશા રાખે છે એટલે કે તેઓ સિંહથી શિકારમાં હિસ્સોજ નહીં પરંતુ ઈન્સાફ થી હિસ્સો એટલે કે ઈન્સાફ ચાહે છે સિંહે તેઓની નિય્યતોને જાણી પહેલા વરૂને બોલાવ્યો કે તે ઈન્સાફ અને ન્યાય થી વહેંચણી કરે.

વરૂએ કહ્યુ : ઈન્સાફથી વહેંચણી એકદમ સ્પષ્ટ છે મહારાજા સાહેબ તમે મોટા છો નિલગાય પણ મોટો શિકાર છે માટે એ તમારો હિસ્સો અને હરણ દરમિયાની છે હું પણ આપનાથી નાનો અને શિયાળ થી મોટો બન્નેની વચમાં છુ માટે હરણ મારા માટે થયુ અને સસલુ એ શિયાળના હિસ્સામાં જવુ જોઈએ સિંહ તેને પોતાની નજીક બોલાવ્યુ અને એક જોરદાર પંજો માર્યો કે તે મરી ગયુ સિંહ બોલ્યો કે તને આવીજ વહેંચણી ફાવી તૂં આનાજ યોગ્ય છે.

આના પછી પણ તેણે લોમડી (શિયાળ) ને વહેંચણી અને ઈન્સાફ માટે બોલાવી અને કહ્યુ કે હવે તૂ ઈન્સાફ અને ન્યાયથી

વહેંચણી કર શિયાળે કહ્યુ : જનાબ ! શેની વહેંચણી અને કેવી વાત ? આ નિલગાય આપના માટે સવારનો નાશ્તો આ હરણ આપના માટે બપોરનું લંચ અને સસલો આપનું રાતનું ભોજન છે.
સિંહ તેનાથી ખુશ થયો અને ઈન્સાફનો આ તરીકો તેને બહુજ પસંદ પડયો. લોમડીની અકલમંદી અને વહેંચણીની તેણે કદર કરી અને સવાલ કર્યો કે અય લોમડી ! આ અકલ તારામાં ક્યાંથી આવી ? ઈન્સાફનો આ તરીકો તૂ કઈ જગ્યાએ થી શીખી ?

શિયાળે જવાબ દીધો : ભેડીયાનો અંજામ જોઈને મારામાં આ અકલ આવી ગઈ. સિંહે ખુશ થઈને એ ત્રણે શિકાર લોમડીને આપી દીધા. લોમડીએ કહ્યુ : મહારાજા ! આપનુ બચી ગએલ પણ મારા માટે પુરતુ છે.

**સબક :** આગલાઓના અંજામ જોઈ અને ઈબ્રત હાસિલ કરવી એ અકલમંદીની દલીલ છે અને માણસને બુરા અંજામથી બચાવી લે છે. અલ્લાહ તબારક વ તઆલા પોતાના કુરઆનમાં વારંવાર ફરમાવે છે કે અય લોકો ! ઝમીનમાં સફર કરો અને જુઓ કે જે લોકોએ નબીઓને જુઠલાવ્યા ઈમાન ન લાવ્યા તેમની કેવી ખરાબ હાલત થઈ અને કૌમે નૂહ, કૌમે સમૂદ, કૌમે હૂદ વિગૈરેના રહેણાંકના ખંડેરો તેની નિશાનીઓ છે આપણે ત્યાં લોથલ, ધોળાવીરા મોહન જો ડેરો વિગૈરે દરિયામાં ડૂબેલ દ્વારકા વિગૈરે ઈબ્રત માટે ના સ્થળો છે. અલ્લાહ ફરમાવે છે જેવુ કે સૂરએ આલે ઈમરાન આયત નં. 137 યાની ઝમીન પર ચાલો અને જુઓ કે જુઠલાવનારાઓનો કેવો અંજામ થયો ? અને સૂરએ નમલ આયત નં. 69 યાની ઝમીન પર સફર કરો અને જે લોકોએ ગુનાહ કર્યા તેની કેવી હાલત થઈ ? અને આજ પ્રકારની આયતો અલ અન્આમ આયત નં. 11, સૂરએ રૂમ આયત નં. 9 અને 42, સૂરએ ફાતિર આયત નં. 44, સૂરએ યાસીન આયત નં. 59માં છે.

યાને અલ્લાહ عَزَّوَجَلَّ ઉમ્મતે મુહમ્મદિયાને વારંવાર એમ કહે છે કે આગલી ઉમ્મતોના ખંડેરો તેમની ઉપર આવેલા અઝાબની નિશાનીઓ જૂઓ અને પોતાની જાતને સંવારો અને અલ્લાહના અઝાબથી બચો.

ટૂંકમાં અકલમંદ એ છે કે મામલો ગમે તે હોય આગલાઓનો અંજામ જોઈ અને ઈબ્રત લે તો તેની દુનિયાથી બહેતર અને આખિરતના અઝાબ થી પણ નજાત છે.

## ﴾76﴿ એક બહેરો બીમાર પડોસીની ખબર પુછવા

એક બહેરા માણસનો પડોસી બીમાર થઈ ગયો તેને સમાચાર મળ્યા તેણે વિચાર્યુ કે બીમાર પડોસીની ખબર પુછવી જોઈએ તેણે વિચાર્યુ કે મને તો તેની કોઈ વાત સાંભળવા નહીં મળે છતા પણ હું જ્યારે તેના હોઠ હલતા જોઈશ તો ખુદ અંદાજો કરી લઈશ કે તે શું બોલે છે ?

જ્યારે હું તેને સવાલ કરીશ કે દોસ્ત ! કેમ છો ? તો તે કહેશે સારૂ છે. હું કહીશ કે અલ્લાહનો શુક્ર છે.

હું પુછીશ કે શું ખાધુ ? તે કહેશે સબ્ઝી રોટી અથવા બીજુ કંઈ જે ખાધુ હશે તે બોલશે તો હું કહીશ બહુજ સારૂ કર્યુ આ બહુજ સારો ખોરાક છે.

હું પુછીશ કયા ડૉક્ટરથી ઈલાજ ચાલુ છે ? તો પોતાના ડૉક્ટરનું નામ કહેશે તો હું કહીશ કે બહુજ સારો તબીબ છે તેના પગલા સારા છે તમે તેના ઈલાજ થી જલ્દી તંદુરુસ્ત થઈ જશો આવીજ રીતે તેણે બીજા પણ સવાલ જવાબ વિચારી લીધા અને બીમાર પુર્સી માટે ચાલ્યો.

એ બીમાર આમ પણ આ બહેરાના અગાઉના વ્યવહાર વર્તનથી થોડો નારાઝ હતો તેથી જ્યારે એ બહેરો તેની બીમારપુર્સી માટે પહોંચ્યો અને સવાલ કર્યો કે કેમ છો ? તેણે જવાબમાં કહ્યુ :

જોતા નથી ? કે હું મરવા પડયો છુ. બહેરાએ કહ્યુ : ખુદાનો શુક્ર છે. બીમારને આ જવાબથી વધારે તક્લીફ થઈ.

બહેરાએ પુછયુ : શું ખાધુ છે ? તેણે કહ્યુ : જહેર. બહેરાએ કહ્યુ : તમને મુબારક ! એ બહુ સારો ખોરાક છે.

આના પછી તેણે પુછયુ : કયા ડૉક્ટરનો ઈલાજ ચાલુ છે ? બીમારે જવાબ દીધો : મલકુલ મૌત ઈજરાઈલ عَلَيۡهِ السَّلَام નો બહેરાએ કહ્યુ : એ બહુજ મુબારક કદમ તબીબ છે તમને તેના ઈલાજ થી બહુજ જલ્દી તક્લીફથી છુટકારો પામી લેશો.

બહેરો ખુશ થતા થતા રિટર્ન થયો કે તેણે એક નારાઝ અને બીમાર પડોસીની બીમાર પુર્સી કરી અને તે મારા રવૈયાથી યકીનન ખુશ થયો હશે. જેના કારણે તેની સાથેની ભુતકાળની ગેર સમજ પણ દુર થઈ હશે બહેરા પણાના કારણે મોટા નુક્સાનને ફાયદો સમજી લીધો, જ્યારે બીમારે સમજયુ કે આ બહેરો તો મારી જાનનો દુશ્મન નિકળ્યો, હું તેને આટલી હદે ખરાબ નહોતો સમજતો.

**સબક :** કયાસ (અનુમાન) અને ગુમાન (કલ્પના) પર કોઈ પણ વાકેઆના પરીણામ નથી હોતા બલ્કે પહેલા સારી રીતે સમજી વિચારીને બાદમાંજ ઝબાન ખોલવી જોઇએ.

## ﴾77﴿ હકીમ લુકમાન અને બીજા ગુલામો

હકીમ લુકમાન એક ખ્વાજાના ગુલામ હતા તેનો રંગ કાળો અને શકલ ભદ્દી હતી એટલે માલિકના બીજા ગુલામોની તુલનાએ હકીર હતા. એક દિવસ ખ્વાજાએ ગુલામોને બાગમાં ફળ લેવા મોકલ્યા જેમાંથી તે લોકો એ રસ્તામાં ઘણા બધા ફળ ખાઈ લીધા અને ખ્વાજાની પાસે થોડા ફળ માત્ર લાવ્યા જ્યારે તેણે સવાલ કર્યો તો ગુલામોએ કહ્યુ કે લુક્માને ફળ ખાઈ લીધા માલિક લુકમાન પર ગુસ્સે થયો સારૂ ખરાબ કહ્યુ અને શા માટે આમ કર્યુ તે જાણવા માંગ્યુ.

લુકમાન رَحۡمَةُ اللهِ تَعَالٰی عَلَيۡه એ કહ્યુ : અમને બધાજ ગુલામોને ગરમ પાણી પીવડાવો અને પછી ખુલ્લામા દૌડ લગાવવાનું કહો. આપ

ખુદ ઘોડા પર સવાર થઈને અમારી સાથે રહો માલિકે એમજ કર્યુ ગરમ પાણી પીવાના કારણે અને ખુલ્લા રણમાં દૌડવાના કારણે લુકમાન તથા તમામ ગુલામોને ઉલ્ટી થઈ અને વોમીટમાં લુકમાનના સિવાય બધાજ ગુલામોના પેટમાથી ફળ નિકળ્યા જ્યારે લુકમાનના મૈદામાંથી પાણી સિવાય કંઈ ન નિકળ્યુ આવી રીતે બીજા ગુલામોએ જે વાત છુપાવી હતી તે જાહેર થઈ ગઈ અને તેમની ચોરી પકડાઈ ગઈ.

**સબક :** હઝરતે લુકમાન પર તોહમત મુકાયુ પણ તેમણે સાચા હોવાથી તદબીરથી કામ લિધુ તે બતાવે છે કે ગમે તેવી વિકટ પરિસ્થીતી પૈદા થાય કદી હિંમત ન હારવી જોઈએ અને હિક્મત તથા દાનાઈ થી કામ લેવુ જોઈએ અલ્લાહની મદદ મળેજ છે.

બીજુ જે લોકો પોતે ગુનાહ કરીને ઈલ્ઝામ બીજા પર મુકે છે તે લોકો પણ જાણી લે કે ઈન્સાનના આમાલ જાહેર થઈનેજ રહે છે આવા લોકોના બારામાં અલ્લાહ عَزَّوَجَلَّ પોતાના કુરઆનમાં ફરમાવે છે : સૂરએ નિસા આયત નં. 112 યાની જે કોઈ ગુનાહ અથવા ખતા કરે અને તેને કોઈ બીજા પર થોપી દે (ઈલ્ઝામ મુકે, બોહતાન લગાડે) તેણે જરૂર બહોતાન અને ગુનાહ કમાયા. અને આવા લોકો જરૂર ઝલીલ અને બે આબરૂ થાય છે.

## ﴾78﴿ હઝરતે અલી كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم દુશ્મન પર ગલ્બો અને તેનું થુંકવુ

હઝરતે મૌલાએ કાએનાત મૌલા અલી كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم એક જંગમાં એક કાફિર પહેલવાન પર હાવી થઈ ગયા પછી તલવારથી તેનું માંથુ શરીર થી અલગ કરવાનાજ હતા કે તેણે આપના ચહેરા મુબારક પર થુંકી દીધુ એ ચેહરો જેને ચુમવા માટે અલ્લાહના વલીઓ તરસતા હતા અને જેનાથી નબીએ કરીમ ચાહતા હતા.

કાફિરના આમ કરવા પર હઝરતે અલી كَرَّمَ اللّٰهُ تَعَالٰى وَجْهَهُ الْكَرِيْم તેને કત્લ કરવાથી હાથ રોકી લીધો તે કાફિર નવાઈ પામી ગયો તેને

હતુ કે મારા આ અમલ થી આપને વધારે ગુસ્સો આવી જશે અને મને જલ્દીથી ખતમ કરી નાખશે પરંતુ આપે એવુ ન કર્યુ. તેણે પુછયુ કે મારા આવા અમલના પછી તમે મારા પર તલવાર શા માટે ન ચલાવી ?

આપે જવાબ દીધો : હું તલવાર હક તઆલાના હુક્મથી તેના માટે ઉપાડુ છુ હું હકનો શેર છુ સબ્ર અને ઈન્સાફનો પહાડ છુ ગુસ્સો, હવસ કે ખ્વાહિશમાં હું જોશમાં નથી આવતો તકબ્બુર, ગુસ્સો હવસ કે ખ્વાહિશ થી હું ખુશ નથી બલ્કે આવા લોકો પર હું જોશમાં આવુ છુ ગુસ્સો બાદશાહો પર હાકિમ અને અમારો ગુલામ છે.

આપે ગુસ્સો કે બદલો ન લેવાના કારણે તે મુસલમાન થઈ ગયો.

**સબક :** અમલમાં ઈખ્લાસ એ છે કે દરેક કામ અલ્લાહને માટે કરવામાં આવે અને કોઈ કામમાં પણ ઈન્સાનની ખ્વાહિશ ન હોય નફસને માટે બદલો ન લેવામાં આવે અને લોકોને દેખાડવા માટે રિયાકારી માટે પણ અમલ ન કરવામાં આવે.

## ﴾79﴿ હઝરતે ઉમર અને શહેરમાં આગ

હઝરતે ઉમર رضی اللہ تعالیٰ عنہ ના દૌરે ખિલાફતમાં એક શહેરમાં આગ ભડકી ઉઠી તે આગ એવા પ્રકારની હતી કે જેટલુ પણ પાણી નાખતા તો વધતીજ જતી હતી તેને જેટલી બુઝાવવાની કે ઠંડી કરવાની કોશિશ કરતા તો વધારે તેઝ થઈ જતી ગમે તેટલી કોશિશ કરો તો પણ ઠંડી થવાનું નામજ ન લેતી, લોકો હઝરતે ઉમર رضی اللہ تعالیٰ عنہ પાસે આવ્યા આગ બુઝવાનું નામ નથી લેતી અને ભડકતીજ જાય છે અમો શું કરીએ ?

હઝરતે ફારૂકે આઝમે ફરમાવ્યુ : જુઓ આગ ખુદાના કહેરની નિશાની છે એ અસલમાં તમારા ગુનાહની અસર છે પાણી છાંટવાનું બંધ કરો, રોટીઓ તક્સીમ કરો લોકોને ખાણુ ખવડાવો અમલ પર ધ્યાન દો લોકોએ કહ્યુ : અમે સખી તથા બહાદુર છીએ અમોએ

સખાવતના દરવાજા ખોલી રાખ્યા છે. હઝરતે ઉમર رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہُ એ કહ્યુ કે તમે રોટી આદત અને રિવાજના તૌર પર દીધી છે ખુદાને માટે આવુ નથી કર્યુ મોટાઈ (શાન) બતાડવા અને ખુદપસંદીના માટે આવુ કર્યુ છે ખૌફે ખુદા, પરહેઝગારી અને આજિઝીના કારણે અમલ નથી કર્યો. ઈસાર (ત્યાગ) અને ન્યાઝમંદી અને પરહેઝગારી માટે અમલ કરો, અમલમાં ઈખ્લાસ પૈદા કરો.

**સબક :** ઈન્સાન અલ્લાહની રાહમાં માત્ર તેની રિઝા જોઈને માટે ખર્ચ કરે રિયાકારી (શોબાજી) માટે કરેલ ખર્ચ અને માત્ર માલની બરબાદી છે ન તેમાં કોઈ દુનિયવી ફાયદો છે ન આખિરતમાં તેના પર સવાબ છે યાની તેના પર સવાબ પણ નહીં મળે.

## ﴾80﴿ સાંપ અને મદારી

એક મદારી (સાંપ વિગૈરાના ખેલ બતાડનાર સપેરો) બીજા મદારીનો જહેરીલો સાંપ ચોરી ગયો જે મદારીનો સાંપ ચોરી થી ગયો હતો તે દુઆ કરતો હતો કે જો એ મદારી જેણે તેનો સાંપ ચોરી કર્યો છે તે અગર તેના હાથમાં આવી જાય તો તેને ચોરીની સજા કરે અને પોતાનો સાંપ પાછો લઈ લે થોડો સમય વિત્યા પછી તેને જાણવા મળ્યુ કે તેના જહેરીલા સાંપ તે ચોર મદારીને ડંખ માર્યો અને તેના જહેરના કારણે તે ચોર મદારી મરી ગયો.

આ જાણયા પછી તે મદારીએ ખુદાનો શુક્ર કર્યો કે ઘણી કોશિશ અને ઘણી દુઆઓ કરવા છતા તે સાંપ તેને પાછો ન મળ્યો સારૂ થયુ મારી દુઆ કબૂલ ન થઈ.

**સબક :** કુદરત ઈન્સાનના માટે જે કંઈ કરે છે એજ બહેતર છે તાત્કાલીક દુઆનું કબૂલ ન થવુ અમને ખરાબ લાગે છે પરંતુ એમાં પણ સાહેબે કુદરત અલ્લાહ તઆલાની મસ્લેહત અને અમારી ભલાઈ હોય છે અને એમાંજ અમારી બહેતરી હોય છે.

જેવુ કે અલ્લાહ તબારક વ તઆલા પોતાના કલામમાં ફરમાવે છે પારહ 2 અલ બકરહ આયત નં. 216 **તર્જમો :** શક્ય છે કે કોઈ

વાત તમને ખરાબ લાગે પરંતુ તે તમારા માટે બહેતર હોય એ (એ પણ) શકય છે કે કોઈ વાત તમને સારી લાગે અને તે તમારા હકમાં બુરી હોય અને અલ્લાહ (બધુજ) જાણે છે અને તમે (કંઈજ) નથી જાણતા. અને અલ્લાહ તઆલા ફરમાવે છે : પારહ 27 સૂરએ હદીદ આયત નં. 23માં (**તર્જમો :** ગમ ન ખાવ તેના પર જે હાથ થી ચાલ્યુ ગયુ અને ખુશ ન થાવ તેના પર જે તમને અપાયુ.

આ એટલા માટે કે બન્ને મળવુ અને ગુમાવવું બન્ને આઝમાઈશ છે.

## ﴾81﴿ સૂફી અને એક ખાદિમ

એક સૂફી સફરના દરમિયાન એક ખાનકાહ (ગેસ્ટ હાઉસ, ઘર્મશાળા)માં ઉતર્યો તેણે પોતાની સવારીનો ગધેડો અસ્તબલ (પ્રાણીઓને બાંધવાની જગ્યા, તબેલા)માં બાંધ્યો અને ખાદિમ (સેવક નૌકર)ને તેનું ધ્યાન રાખવાની જવાબદારી સોંપી પોતે ખાનકાહમાં જઈને સૂફીઓની મહેફિલમાં શામિલ થઈ ગયો અને ગધેડાના બારામાં જવાબદારી સોંપીને બે ફિક્ર થઈ ગયો. ખાનકાહના બીજા સૂફીઓએ નવા આવનારની આગતા સ્વાગતા માટે જમવાનું તૈયાર કર્યુ તો તેને પોતાનો ગધેડો યાદ આવ્યો.

તેણે ખાદિમને કહ્યુ : તબેલામાં જા એ ગધેડા માટે ઘાસ અને જવ તૈયાર કર. ખાદિમે કહ્યુ : લાહૌલ પઢો અરે આ તો મારૂ રોજનું કામ છે. સૂફીએ કહ્યુ : જવને પહેલા પાણીમાં પલાળી લેજે, ગધેડો બુઢ્ઢો છે અને દાંત કમઝોર છે. તેણે કહ્યુ : લાહૌલ ! આ કામ તો લોકો મારી પાસે સીખવા આવે છે. સૂફીએ કહ્યુ : તેનું પલાણ તુરંત ઉતારી લેજે અને કમરના ઝખ્મ પર મલમ લગાડી દેજે. ખાદિમે કહ્યુ : લાહૌલ ! આપની જેવા હજારો મહેમાન અહીં આવે છે મહેમાન તો અમારી જાન છે બધાજ અમારાથી ખુશ છે. સૂફીએ કહ્યુ : તેને સાધારણ ગરમ પાણી પીવાડજે ખાદિમે કહ્યુ : લાહૌલ ! તમારી આ નસીહતોથી મને શરમ આવે છે. સૂફીએ કહ્યુ : હું ઘાસ ઓછુ લાવ્યો છુ. ખાદિમે કહ્યુ :

લાહૌલ ! તમે ચીંતા ન કરો. સૂફીએ કહ્યુ : તેના થાન કંકર અને લીદથી સાફ કરી નાખજે અગર ભીના હોય તો સુકી માટી નાખી દેજે. ખાદિમે કહ્યુ : લાહૌલ વલા હૌલ ! અને મારી જેવા લાયક યોગ્યતાવાળા ખાદિમ થી બોલવાનું ઓછુ રાખ. સૂફીએ કહ્યુ : ગધાની કમર પર કપડુ નાખી દેજે. ખાદિમે કહ્યુ : લાહૌલ ! બાવા હવે શરમ કરો. સૂફીએ કહ્યુ : તેની દોરી ટૂંકી કરી બાંધી દેજે. ખાદિમે કહ્યુ : લાહૌલ ! ગધેડા માટે આટલી બધી પરેશાની ન કરો. સૂફીએ કહ્યુ : શરદીનો માહૌલ છે ગધેડાની કમર પર ઝૌલ નાખી દેજે. ખાદિમે કહ્યુ : લાહૌલ ! બાવા આટલી બધી ફિક્ર ન કરો તેણે કમર કસી લીધી અને ઉભો થઈને ચાલ્યો ગયો.

ખાદિમ ત્યાંથી સીધો તેના દોસ્તોની મહેફિલમાં ગયો અને સૂફીની વાતોની મઝાક ઉડાવી સૂફી થાકેલ હતો તો સુઈ ગયો રાત્રે સ્વપ્નમાં જોયુ કે ગધેડો પરેશાન છે ગધેડો પુરી રાત તકલીફમાં રહ્યો અને ખોરાક માટે તરસતો રહ્યો સૂફી સવારે કાફલાની સાથે રવાના થયો તો ગધેડો મોંભેર પડી ગયો.

કાફલાવાળાઓએ બહુજ પ્રયત્ન કર્યો પરંતુ ગધેડો ઉભો ન જ થઈ શક્યો. ચાલવાની કોશિશોમાં તે સુસ્ત રહ્યો હતો લોકો સમજયા કે તે બીમાર છે બધાએ સૂફીથી સવાલ કર્યો કે "શું ગધેડાએ કંઈ ખાધુ ? સૂફીએ કહ્યુ : રાત્રે ગધેડાની ખોરાક લાહૌલ હતી આખી રાત તસ્બીહ પઢી છે અને હવે સજદામાં પડી ગયો છે."

**સબક :** કોઈના પર આંધળો વિશ્વાસ ન કરવો જોઇએ ખાદિમ થી પોતાની નજરની સામે કામ લેતો તો આ પરીણામ ન આવતુ અથવા પછી જાતે કામ કરી લેતો.

## (82) એક સૂફી અને જિહાદનું મૈદાન

એક સૂફી આરામમાં જિન્દગી બસર કરનાર જેણે ઈશ્કનું દર્દ કે દાગ નહોતો જોયો, મુજાહિદા ન હતા કરેલ, ઉત્તમ ખોરાક બહેતરીન પોશાક, અવામ હાથ ચુમવા માટે અને એહતેરામ માટે લાઇન લગાવે

આવા કારણો સર ધોખામાં આવી ગયો તેને વહેમ થઈ ગયો કે હું મહાન મુજાહિદ છુ, મુજાહિદોની સાથે જેહાદમાં ચાલ્યો ગયો એવુ બતાવવા માટે કે હું જાહેરી જેહાદ પણ કરી શકુ છુ કારણ કે હું જેહાદે અક્બર (નફસની સાથેની જેહાદ)માં મુમતાઝ (અપની મિસાલ આપ) અગ્રેસર છુ તો નાની જેહાદ કંઈ મોટી વાત !

અચાનક લડાઈનુ બ્યુગલ ફુંકાયુ જંગ શરૂ થઈ ગઈ અને આ સૂફી સાહેબ પણ લશ્કરની સાથે થઈ ગયા સૂફી સામાન અને તંબુ અને કમઝોરોની સાથે રોકાઈ ગયો મુજાહિદ યુધ્ધના મૈદાનમાંથી કામિયાબ પરત આવ્યા, માલે ગનીમત સાથે લઈને આવ્યા તેઓએ સૂફીને હદિયા દીધા પરંતુ સૂફી નારાઝ થઈ ગયો અને નારાઝગી જાહેર કરવા માટે તેણે તોહફા બહાર ફેંકી દીધા અને કંઈજ ન લિધુ લોકોએ નારાઝગીનું કારણ જાણવા માંગ્યુ તો તેણે કહ્યુ કે તમે મને પાછળ શા માટે છોડી ગયા ? તમારા આ વ્યવહારથી હું જેહાદથી મહેરૂમ રહી ગયો તે આ કારણથી નારાઝ હતો તેમણે તેને કહ્યુ : અમે દુશ્મનના સૈનીકોને કૈદ કરીને લાવ્યા છીએ તૂ કમ સે કમ એક કૈદી તો લઈલે તેને કત્લ કર અને ગાઝી બની જા.

આના પર સૂફી ખુશ થયો કે હાં આ બરાબર છે તે બંધાયેલ કૈદીને સૂફી તંબુની પાછળ લઈ ગયો કે જેહાદ કરે સૂફીએ બહુજ વાર લગાડી પાછો ન આવ્યો લોકોમાં કાનફુસી શરૂ થઈ એક માણસને તપાસ કરવા મોકલ્યો તો તેણે જોયુ કે કાફિર ઉપર અને સૂફી નીચે હતો હાથ બંધાયેલ હોવા છતા કાફિરે સૂફીને પછાડી દીધો અને સૂફીનું ગળું દાંતોથી ચાવવાનું શરૂ કરી દીધુ સૂફીના ગળાના ખૂનથી દાઢી તરબતર થઈ ગઈ હતી ગાઝીયોએ તે કાફિર કૈદીને મારી નાખ્યો સૂફી બેહોશ હતો તેને હોશમાં લાવ્યા અને તેનાથી બનાવનું કારણ પુછ્યુ.

સૂફીએ કહ્યુ કે મૈં ગુસ્સાથી કાફિરનું માથું અલગ કરવાનો ઈરાદો કર્યો તો તેણે ન જાણે અજબ તરીકાથી મને ઘુરીને જોયુ અને

મારા હોશ ઉડી ગયા તેણે જે રીતે મારી તરફ તાકીને જોયુ તો હું પડી ગયો અને બેહોશ થઈ ગયો અને તે મારા પર સવાર થઈ ગયો.

લોકોએ કહ્યુ કે આ દિલ અને જીગરની સાથે જે તારી પાસે છે કદી જેહાદનું નામ ન લઈશ લડાઈના મૈદાનમાં ન ઉતરીશ તલવાર અને તીર રાખી દે જિન્દગીમાં કદી હાથ ન લગાડીશ તારા માટે ખાનકાહમાં રહેવુ અને ચક્કર કાપવુજ કાફી છે તારી જેહાદ આજ છે તું યુધ્ધના મૈદાનમાં ઉતરીને પોતાને બે આબરૂ ન કર.

## ﴾83﴿ હઝરતે અયાઝ رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَیۡه

હઝરતે અયાઝ رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَیۡه ના બારામાં મશ્હૂર છે કે આપ બહુજ મોટા મુજાહિદ અને ગાઝી હતા નવમી વખત જેહાદમાં ગયા ખુલ્લી છાતી અને શહાદતની તમન્ના લઈને પરંતુ કોઈ તીર, ભાલો કે તલવાર એવી ન હોતી કે જે આપને શહીદ કરી શકે આના બાદ આપે ઈરાદો કર્યો કે જેહાદે અકબરની તરફ પલટી જાઉ એકાંતમાં ચાલ્યા ગયા પોતાના નફસને મુજાહિદા અને ઈબાદતમાં મશ્ગૂલ કરી લીધો તેમની ઝુપડીની બહાર એક વખત લડાઈનું બ્યુગલ ફુંકાયુ તો નફસે કહ્યુ : અય અયાઝ ! ચાલ લડાઈના મૈદાનમાં ચાલ, ગાઝિયોની સાથે ખભે ખભો મિલાવીને નિકળ કે યુધ્ધના નગારા વાગી રહ્યા છે મુસલમાન લશ્કરની સાથે નિકળ કે આ અવાજ પહેલા તને બહુજ પસંદ હતી.

આપે નફસથી સવાલ કર્યો કે સાચુ બોલ આ તારી કઈ રીતની બહાના બાઝી છે કારણ કે નફસ તો કદી જેહાદ ની તરફ નથી બોલાવતો બલ્કે શહેવતની તરફ બોલાવે છે નફસે જવાબ દીધો કે તૂ મને હર રોઝ એકાંતમાં રાત અને દિવસ મુજાહિદાના ઝરીએ મારે છે અને કોઈને નફસના મરવાની ખબર પણ નથી પડતી મૈં ચાહ્યુ કે લડાઈના મૈદાનમાં ઉતરીને એક વાર મરી જવુ બહેતર છે કમ સે કમ લોકો મને શહીદ તો કહેશે.

હઝરતે અયાઝ رَحْمَةُاللّٰہِ تَعَالٰی عَلَیْہ એ કહ્યું : અય નફસ ! તૂ મુનાફિક છે મુનાફિક જિવ્યો અને મુનાફિક જ મરવા માંગે છે તૂ ઝલીલ, ખુદ પસંદ અને રિયાકાર જ રહ્યો હું એકાંતથી નહીં નિકળુ અને તને રોજ આવી રીતેજ મારતો રહીશ જેવી રીતે એક મુજાહિદ પોતાની ચાંદીના સિક્કા ભરેલી થેલીમાં ચાલીસ દિરહમ રાખતો હતો અને નફસને આઝમાવવા માટે રોઝ એક દિરહમ દરિયાના પાણીમાં ફૈંકતો હતો. નફસે તેને કહ્યુ : મને શા માટે તરસાવે છે ? એક સાથે પુરી થેલી શા માટે પાણીમાં નથી ફૈંકી દેતો ? તે મુજાહિદ નફસને ધીમે ધીમે તક્લીફ આપીને મારવા ચાહતો હતો. નફસ કહે છે કે એક વખત એવુ કર કે માયુસી પણ એક સાથે પુરી થઈ જાય.

જેવી રીતે સૂફી જંગમા પલટે, તલવાર બાઝી માટે વીસ વખત આવે એક ઝખમ લાગવાના પછી તેની પાટાપીંડી કરીને ફરી વખત મૈદાનમાં ઉતરે મુસલમાનોની સાથે મળીને દુશ્મન પર હુમ્લો કરે પરંતુ પીઠ ન ફેરવે કાફિરો પર આગળ અને આગળ ચાલ્યો જાય અને વીસ ઝખ્મ ખાઈને જો તાકત બાકી ન રહી તો આગળની તરફ પડી ગયો અને રૂહ નિકળી ગઈ.

**સબક :** અલ્લાહના મક્બૂલ બંદાઓ નફસે અમ્મારાને એકજ વખત નથી મારતા પરંતુ પોતાના નફસને પોતાના ફરમાં બરદાર બનાવે છે મુજાહિદા અને રિયાઝતોના ઝરીએ તેને કમઝોર બનાવે છે અને તેને પોતાની ઉપર હાવી નથી થવા દેતા.

## ﴾84﴿ મહેમૂદ અને અયાઝ

સુલ્તાન મહેમૂદ એક દિવસ જ્યારે પોતાના દરબારમાં ગયો તો તેના હાથમાં એક કીમતી હિરો હતો દરબારમાં વઝીરો અને ઉમરાવો હાજર હતા તેણે એ હિરો દરબારના વઝીરના હાથમાં દીધો અને તેનાથી સવાલ કર્યો કે આ હીરો કેવો છે ? વઝીરે જવાબ દીધો કે આ એક અતિ મોંઘો ખૂબજ કીમતી હિરો છે, અત્યંત ખૂબ સૂરત

હિરો છે ખૂબજ મોંઘો છે. મહેમૂદે કહ્યુ : એને તોડી નાખો વઝીરે કહ્યુ કે જનાબ હું આપના ખજાનાનો રક્ષક છુ હું તેનો નુક્સાન કરનાર નથી આ કીમતી હિરો હું નથી તોડી શકતો. મહેમૂદ ગઝનવીએ તેને ઈનામો ઈકરામ અર્પણ કર્યો.

પછી તેણે એજ હિરો હાજીબને બતાવ્યો અને પુછયુ કે કેવો છે ? તેણે પણ તારીફ કરી અને કહ્યુ બહુજ કીમતી હિરો છે, તેણે હાજીબને પણ કહ્યુ કે આને તોડી નાખ. તેણે પણ તોડવાથી ઈન્કાર કરી દીધો કે તે બાદશાહનું નુક્સાન કરવાવાળામાંથી નથી. બાદશાહે તેને પણ ઈનામો ઈકરામથી નવાઝયો, એવીજ રીતે સુલ્તાને એ હિરો એકના પછી એક એમ તમામ વઝીરો અને ઉમરાવોના હવાલે કર્યો અને તેમનાથી હિરાની કદ્રો કીમતનો સવાલ કરવાના બાદ તેને તોડી નાખવાનો હુક્મ દીધો. બધાએ તોડવાથી માફી ચાહી અને કહ્યુ કે અમો બાદશાહના માલો દૌલતનું નુક્સાન કરવાવાળા નથી કે આવા કીમતી હિરાને તોડીએ, બાદશાહે બધાને ઈનામો ઈકરામથી નવાઝયા અને તેઓની વફાદારી અને ઈખ્લાસની તારીફ કરી.

બાદશાહે સહુથી છેલ્લે એ હિરો અયાઝને બતાડ્યો અને તેનાથી તેના બારામાં સવાલ પુછયો કે હિરો કેવો છે ? અયાઝે કહ્યુ : બેશક ! બહુજ કીમતી હિરો છે. બાદશાહે હુક્મ દીધો કે તે એને તોડી નાખે અયાઝે તુરંત એ હિરાના ટુકડે ટુકડા કરી દીધા.

વઝીરો, ઉમરાઓ અને દરબારીઓએ અયાઝને પુછ્યુ કે તૂ બાદશાહનો વફાદાર હોવા છતા આ આટલો બધો કીમતી હિરો શા માટે તોડી નાખ્યો ? અયાઝે જવાબ દીધો : તમે હિરાને જોયો તેની ચમક દમક જોઈ તેની કીમત જોઈ પરંતુ એ હુક્મ આપનાર બાદશાહને ન જોયો.

આપણે હિરાની કરતા વધારે બાદશાહના વફાદાર અને ચાહવાવાળા હોવુ જોઈએ જ્યારે તેણે હુક્મ દીધો તો મૈં તેના હુક્મ પર અમલ કરતા હિરાને તુરંત તોડી નાખ્યો અયાઝે કહ્યુ : મોતી તો બાદશાહનો હુક્મ છે જેને તમે લોકોએ ઐલાનિયા તોડી નાખ્યો

બાદશાહે ઉમરાઓને સજા કરવાનું નક્કી કર્યુ તો અયાઝે ભલામણ કરી તેઓને છોડાવ્યા અયાઝની સિફારિશનો અંદાજ પણ અદબનો ખજાનો હતો તેણે બાદશાહની ખિદમતમાં અર્ઝ કરી કે આપે મને મુકર્રબ બનાવીને અધીકાર અતા કર્યો છે કે હું આપના હુક્મથી સિફારિશ કરૂ કે મારી જેવો નાચીઝ સિફારિશ કરવાના યોગ્ય નથી આ તો બસ આપનોજ કરમ છે કે બંદાને આ જુરઅત અતા કરી છે અને આ બધુજ આપના દરબારની ગુલામીનો નતીજો છે આપ મહેરબાની ફરમાવીને આ અમીરો અને વઝીરો પર કરમ કરો તેઓએ આપના હુક્મને, આપની હસ્તીને, આપના મકામને ન સમજયા અને હિરાની ચમક દમક થી અંજાઈ ગયા પરંતુ આ તેમની નાસમજી છે બગાવત નથી આ તેમની ભુલ છે અને આ ભુલ પર તેમને માફ કરી દેવુ એજ યોગ્ય છે.

**સબક :** અયાઝ જે સુલ્તાનના સ્વભાવનો જાણકાર હતો તેણે હિરાની જાહેરી ચમક દમક થી આગળ જોઈ લિધુ અને શાહી હુક્મને હિરા કરતા વધારે સમજયો આના કારણેજ તે મુકર્રબ (કરીબી) બન્યો.

## ﴾85﴿ એક અમીર અને બુઢ્ઢો ઝાહિદ

હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام ના ઝમાનામાં એક માલદાર હતો જે શરાબનો બહુજ વધારે શૌખીન હતો અને ઐશ તથા મ્યુઝીકનો શૌખીન હતો, તેણે પોતાના ગુલામને કહ્યુ જા અને શરાબ લઈ આવ તેને ત્યાં એ વખતે એક મહેમાન પણ હતો બન્ને પાકા શરાબી હતા ગુલામ શરાબની સુરાહી લઈને આવી રહ્યો હતો કે રસ્તામાં એક ઝાહિદ (ઝોહદો તકવા વાળો, પરહેઝગાર) મળ્યો તેણે ગુલામને પુછયુ કે ક્યાં જઈ રહ્યો છે ? તેણે કહ્યુ : ફલાણા અમીરે શરાબ મંગાવી હતી હું તેના માટે લઈ જઈ રહ્યો છુ.

ઝાહિદે કહ્યુ કે તેની ઝિન્દગી તો આમ પણ રંગીન છે હવે વધારામાં તેના પર શરાબનો નશો તો ઈન્સાનને ગુમરાહ કરવા માટે

કાફી છે તેણે પત્થર મારીને તે સુરાહી તોડી નાખી, ગુલામે આવીને અમીરને ખબર આપી તો એ ગુસ્સામાં લાલ પીળો થઇ ગયો અને તેણે ઝાહિદને સજા દેવાનું નક્કી કરી લિધુ કોરડો હાથમાં લઈને તેના ઘર તરફ એમ કહેતો નિકળ્યો કે તે ઝાહિદ કુતરો છે તેનો ઝોહદ (તકવો) કંઈ નથી તે તો માત્ર શોહરત વાહ વાહનો ભુખ્યો છે તે ગધેડો છે લાતો ખાધા સિવાય તે નહીં સુધરે તે અમીર ગુસ્સાથી બિલ્કુલ પાગલ થઈ ગયો હતો.

ઝાહિદને ખબર પડી તો તે ઉનના દોરડા બનાવનારના ઉનમાં જઈને છુપાઈ ગયો અને અમીરની બુરી ભલી વાતો સાંભળતો રહ્યો તેણે દિલમાં કહ્યુ કે કોઈને મોં પર જવાબ દેવા માટે લોખંડી ચહેરો હોવો જાઇએ (જે મારી પાસે નથી) અમીરે જ્યારે ઝાહિદનો દરવાજો તોડવા માટે લાતો મારી તો ત્યાંના આજુ બાજુના લોકો ભેગા થઈ ગયા લોકોએ અમીરને સમજાવ્યો અને કહ્યુ કે ઝાહિદ બુઢ્ઢો ઈબાદત અને રિયાઝતના કારણે કમઝોર છે અને ગરીબી તથા લાચારીના કારણે ખાલી દિમાગ પણ થઈ ગયો છે તેના પર સમજાવવાની પણ કોઈ અસર નથી થતી તેની ઈબાદતો અને રિયાઝતોએ તેને આરામ તથા સુકૂનથી મહેરૂમ કરી દીધો છે, આ કારણે તેણે આવી હરકત કરી હશે.

આપ તો અમીરઝાદા છો દર ગુઝર કરો, માફ કરો અમીર સિફારિશ કરવાવાળાઓને કહ્યુ કે તે ઝાહિદે મારી સુરાહી તોડી નાખી શરાબ ઢોળી નાખી જેની સામે સિંહ પણ કાંપે ધ્રુજે તેણે મારી શરાબ ઝાએઅ કરી હું તેને નહીં છોડુ લોકોએ કહ્યુ અરે આપ તો વગર શરાબે પણ મસ્ત છો આપનો ચેહરો ફુલ ગુલાબી છે તમારે વળી શરાબની શું જરૂર ? હવે અમીરે કહ્યુ : હું તો શરાબ મારેફત સમજીને પીઉ છુ ઝાહિદ છુપાયેલોજ રહ્યો અને અડોસ પડોસ વાળાઓએ અમીરનો ગુસ્સો ઠંડો કરી દીધો.

**સબક :** બીજાઓના મામલામાં દખલ અંદાજી કરવા, કારણ વગર માંથુ મારવાથી બચવુ જોઈએ.

## 《86》 એક સાઈલ અને એક વાઅઝ કહેનાર

એક દિવસ એક વાઅઝ (નસીહત કરનાર, આલિમ) થી એક સાઈલે એક પ્રશ્ન પુછયો કે કિલ્લાની દિવાલ પર એક પક્ષી બેસયુ છે તેનું મોં અને પુછડી આ બેમાંથી કઈ ચીઝ અફઝલ છે ? વાઅઝે કહ્યુ કે અગર તે પક્ષીનું મોં શહેર તરફ અને પુંછ ગામડાની તરફ છે તો કોઈ શક નથી કે તેનું મોં તેની પુંછ કરતા અફઝલ છે અને અગર પુંછ શહેરની તરફ અને મોં ગામડાની તરફ છે તો તેની પુંછ તેના મોં કરતા બહેતર છે.

પરિન્દાની પાંખો હિંમત છે અને તે તેના વડે આશિયાનાની તરફ ઉડે છે સફેદ બાઝ પક્ષી અને ઉંદરનો શિકાર કરે છે તો તે હકીર છે બાઝ અગર શાહની તરફ છે તો તે કાબિલે કદ્ર છે સિંહ અગર મરેલો કુતરો ખાય છે તો તે સિંહ કુતરો છે કુતરો અગર ચીતા અથવા વરૂનો શિકાર કરે તો કુતરો સિંહ છે.

ઈન્સાન એક મુઠ્ઠી ખાકથી પૈદા થયો છે અગર તેનું કલ્બ (દિલ) સલામત છે તો તેની પરવાઝ ખાલિકે હકીકીની તરફ છે અને તે ખરેખર ઈન્સાન છે અને કાલિબ મુર્દા છે અને પરવાઝ ઝમીન (દુનિયા તરફ) છે તો તે ઈન્સાન નથી પણ હૈવાન છે હૈવાનથી બદતર જાનવર છે.

**સબક :** ઈન્સાનની અઝમ હિંમત તેના મકામને બતાવે છે તેની નિય્યત તેના આમાલ બતાવે છે કે તે કઈ તરફ જઈ રહ્યો છે પસ્તીની તરફ કે બુલંદીની તરફ.

## 《87》 સુલ્તાન મહેમૂદ, અયાઝ અને બીજા ઉમરાવ

સુલ્તાન મહેમૂદ એક વખત ત્રણ અમીરોની સાથે શિકાર પર નિકળ્યો તેણે રણમાં એક કાફલો દૂરથી આવતા જોયો સુલ્તાને એક

અમીરને કહ્યુ કે જઈ અને તપાસ કરે કે એ કાફલો ક્યાંથી આવી રહ્યો છે ? તે અમીર જાણીને પાછો આવ્યો કે તે કાફલો રય થી આવી રહ્યો છે બાદશાહે પુછ્યુ કે તેનો ઈરાદો ક્યાં જવાનો છે તો એ અમીર ચુપ થઈ ગયો કે એ તો તેણે પુછ્યુ નથી.

એક બીજા અમીરને બાદશાહે મોકલ્યો કે જઈ અને તપાસ કરે કે તે ક્યાં જઈ રહ્યો છે ? તે ગયો અને પાછો આવ્યો અને કહ્યુ કે તેનો ઈરાદો યમન જવાનો છે બાદશાહે તેને સવાલ કર્યો કે કાફલામાં તેનો સાઝો સામાન શું છે ? હવે તે વઝીર હૈરાન હતો કે એ તો તેણે પુછ્યુ નથી હવે ત્રીજાને મોકલ્યો કે તે કાફલાના સાઝો સામાન વિષે જાણી લાવે તેણે આવીને બતાવ્યુ કે તેમનો સામાન રય થી ખરીદ કરેલ વાસણો છે બાદશાહે તેનાથી સવાલ કર્યો કે તે કાફલો રય થી ક્યારે રવાના થયો ? તેના પાસે જવાબ ન હતો આના પછી એક બીજા વઝીરને મોકલ્યો કે જાણી લાવે કે તેઓએ પોતાની સફર ક્યારે શરૂ કરી હતી ? તે પાછો આવ્યો અને જવાબ દીધો કે તેઓએ પોતાની સફર માહે રજબની આઠ તારીખે શરૂ કરી હતી. બાદશાહે તેનાથી પુછ્યુ કે રય શહેરમાં ચીઝ વસ્તુઓનો શું ભાવ છે ? પરંતુ તેણે એ તો પુછ્યુજ ન હતુ આવી રીતે સુલ્તાને અલગ અલગ 30 સરદારોને મોકલ્યા અને એક સવાલ પુછ્યો અને દરેક જવાવાળાએ એકનો જ જવાબ જાણ્યો અને કહ્યુ અને પાછા આવી ગયા.

સુલ્તાને કહ્યુ કે મૈં એક વખત અયાઝને મોકલ્યો હતો કે જાણી લાવે કે કાફલો ક્યાં જઈ રહ્યો છે તેણે એ તમામ સવાલો જે મૈં તમને પુછ્યા તે જાણીને એકજ વારમાં બધુજ પુછીને આવ્યો ખરેખર તેની દૂરઅંદેશી અને તમારા ત્રીસની દૂરઅંદેશી બરાબર છે.

**સબક :** એક કામથી અથવા એક સવાલ પુછવા માટે અગર જવામાં આવે તો તેને લગતા તમામ સવાલ અથવા કામ પણ નિપટાવવા જોઈએ આ દૂરઅંદેશી છે અકલમંદી અને હોંશિયારી છે આવુ કરવાથી સમય અને મહેનત બધુજ બચી જાય છે.

## ﴾88﴿ લાલચ બુરી બલા

એક ગામડીયાએ લાંબો સમય બચત કરીને થોડા પૈસાની બચત કરી, નજીકના શહેરમાં પશુ મેળો (જાનવરોની માર્કેટ) હતો ત્યાં જઈને પોતાના માટે એક બકરી ખરીદ કરી. તે શહેરથી ગામડાની તરફ મસ્તીમાં જુમતો અને ખુશી ખુશી એ રીતે જઈ રહ્યો હતો કે બકરી પાછળ હતી અને રસ્સી તેના હાથમાં હતી એક ચોર પાછળથી આવ્યો અને છરી વડે રસ્સી કાપી નાખી હવે તેના હાથમાં માત્ર રસ્સી રહી ગઈ.

જ્યારે તેને લાગ્યુ કે રસ્સી સાવ ઢીલી છે તો પાછળ જોયુ તો બકરી ગાયબ હવે તેના માટે અફસોસ સિવાય કંઈ ન રહી ગયુ ચોરને શોધે તો પણ ક્યાં શોધે ? છતા પણ એ માણસ ચોરને શોધવા નિકળ્યો બકરી તો ન મળી પણ તેણે જોયુ કે એક કુવાના કિનારે એક શખ્સ રડી રહ્યો હતો તેણે જાણવા માંગ્યુ કે તે શા માટે રડી રહ્યો છે ?

તે રડવાવાળાએ કહ્યુ કે તેની થેલી કુવામાં પડી ગઈ છે જેમાં 500 દિરહમ હતા અગર તૂં એમા ઉતરી શકે તો થેલી કાઢી લાવ તો હું તને 100 દિરહમ ઈનામ આપીશ. તેણે કહ્યુ : આ સારી વાત છે હું એકદમ એક સાથે સૌ દિરહમનો માલિક બની જઈશ અને બકરી ગુમ થવાનો ગમ ભુલાઈ જશે સૌ દિરહમમાં તો હું એક ઊંટ ખરીદી શકીશ તેણે જુતા અને કપડા ઉતારીને તે શખ્સના હવાલે કર્યા અને પોતે કુવામાં ઉતરી ગયો હવે ત્યાં ન કોઈ થેલી હતી કે ન દિરહમ હતા, ખૂબ શોધખોળ કરી કંઈજ ન મળ્યુ બહાર આવ્યો તો તેના કપડા જુતા લઈને ચોર ભાગી ગયો.

**સબક :** આ દુનિયામાં ધોખા ફરેબ સામાન્ય છે માટે ઈન્સાને વગર જોયે વગર વિચાર્યે લાલચમાં આવીને કોઈ કામ ન કરવા જોઈએ. બકરી ખોવા છતા અકલ ન આવી અને લાલચના કારણે લંગોટ ભેર રહી ગયો આવુજ બનતુ હોય છે અને વગર વિચાર્યે કરેલ કામ

ઈન્સાનને નાગહાની આફતમાં ફસાવી દે છે એટલેજ કહે છે કે પોતાનો બચાવ કરો.

## «89» આશિક અને માશુક

આગલા જમાનામાં એક આશિક હતો પોતાની માશુકાની બેપરવાઈથી બળતો તડપતો મુલાકાતના વાયદા પર પાંબદ અને મુન્તઝીર (રાહ દેખનાર), પરંતુ હમેશા જુદાઈની આગમાં બળી રહ્યો હતો કે અચાનક એક વખત તેની મુરાદ પુરી થઈ કેમ કે તલાશ કરનાર મેળવીજ લે છે સબ્રના બાદ ખુશી નસીબ થતી હોય છે.

એક દિવસ તેની માશુકાનો સંદેશો આવ્યો કે આજે રાત્રે ફલાંણા હુજરામાં મારો ઈન્તેઝાર કરજે, હું મુલાકાતના માટે આવી જઈશ આશિકની ખુશી હદ બહાર થઈ ગઈ તેણે સદકા ખૈરાત કર્યા અને રાતના બદલે સાંજથીજ હુજરામાં જઈને બેસી ગયો અને માશુકાનો ઈન્તેઝાર કરવા લાગ્યો કિસ્મત ખરાબ કે માશુકાના આવવામાં ઘણુ મોડુ થઈ ગયુ અને લગભગ અડધી રાત્રે તે આશિકને નીંદ આવી ગઈ તે સુઈ ગયો ઈશ્ક અને મુલાકાતની રાત્રે આશિકનું સુઈ જવુ તે ઈશ્કની ખામી છે પરંતુ આ ઊંઘ પણ અજબ ચીઝ છે કે સુળી પર પણ આવી જાય છે.

તેની માશુકા અડધી રાતના પછી આવી અને તેણે પોતાના આશિકને સુતેલો જોયો તેણે નિશાનીના તૌર પર થોડા અખરોટ આશિકની જેબ (ખિસ્સા)માં મુકી દિધા અને પોતે પાછી ચાલી ગઈ સવારે આશિક ઊંઘમાંથી જાગ્યો તો પોતાના કપડામાં અખરોટ જોયા સમજી ગયો કે માશુકા આવી હતી પરંતુ મને દીદાર કે મુલાકાત નસીબ ન થઈ કેમ કે હું ગફલતની નિંદમાં સુઈ રહ્યો હતો.

**સબક :** આપણી માશુક વફાદારી અને સચ્ચાઈ છે અમારી સાથે જે કંઈ થઈ રહ્યુ છે કે થશે તે અમારી ગફલત અને સુસ્તીનું પરીણામ છે.

દુનિયામાં રહીને જન્નતની તલબ કરનાર ઈબાદતમાં સુસ્તી અને ગફલતમાં રહેશે તો જન્નત તો દૂર બન્ને જહાંમાં નુક્સાનમાં રહેશે.

## ❀90❀ અજમી તુર્ક અને ગવૈયો

એક અજમી તુર્કે એક રાત્રે ખૂબજ શરાબ પીધી સવારે ઉઠ્યો તો હજી નશામાંજ હતો તો એને ગાયન સાંભળવાનું મન થયું તેણે ગાયકને બોલાવ્યો કવ્વાલે ગઝલ શરૂ કરી.

પુરી ગઝલમાં નમીદ અનમ યાની હું નથી જાણતોની તકરાર (રીપીટેશન) હતી દરેક કડી આખરમાં એજ શબ્દ નમીદ અનમ થી પુરી થતી હતી યાની હું નથી જાણતો દરેક મિસરો એજ શબ્દ પુરો થવાના કારણે તે તુર્ક તેનાથી કંટાળી ગયો એટલો બધો ત્રાસી ગયો કે તે પોતાની કયામગાહ જઈને ચાબુક અને હથોડો લઈને કવ્વાલના માથે ઉભો થઈ ગયો, ચોકીદારે તુર્કના હાથમાંથી ચાબુક અને હથોડો લઈ લિધો નહીંતર શકય હતું કે તુર્ક કવ્વાલનું માથું ફોડી નાખેત.

તુર્કે કહ્યુ કે આની હદથી વધારે અને અર્થ વગરની તકરાર થી મને તક્લીફ થઈ છે અને હું ગવૈયાને હરગીઝ નહીં છોડુ. તુર્કે કહ્યુ : એ નમીદ અનમ ને રીપીટ કરે એ કે હું નથી જાણતો તો નથી જાણતો એ શા માટે પઢે છે જે જાણે છે એ કેમ નથી પઢતો ? કવ્વાલે તેને સમજાવ્યુ જયારે મક્સદ તસવ્વુરથી પણ ઉચ્ચ હોય તો તેને અસ્બાત (સ્વીકાર)થી બયાન નથી કરી શકાતો પરંતુ તેને નફી (ઇન્કાર) થી બયાન કરવુ જરૂરી છે તેથી તેના ગૈરના ઈન્કાર થી શરૂ કરીને તેના સ્વીકારની તરફની સફર કરી શકાય છે. નફી ઈન્કારનો સિલ્સિલો લંબાવીને જ અસલ મક્સદ સુધી પહોંચવુ આસાન છે, તેણે કહ્યુ કે એટલા માટે મૈં મારા વાજીંત્રો (સંગીતના સાધનો)ની ધુન નફી પર બનાવી છે કે અસ્બાત સ્વીકારની તરફની સફર થઈ શકે.

**સબક :** આ હિકાયતને સમજવા માટે જેવી રીતે અલ્લાહ તઆલાની રબૂબિયતના ઈકરાર માટે જરૂરી છે કે તેની તૌહીદને

પાંચ કલમાથી પહેલો કલમો કલમએ તૌહીદની શરૂઆત **લાઈલાહ ઈલ્લલ્લાહ** યાની "લા" થી છે લા "નફી" છે યાની અલ્લાહનો ગૈર ઝૂઠા બાતિલ માબૂદ ચાહે મુર્તિ ચાહે ગુરૂ ચાહે કોઈ ભી ચીઝ જ્યાં સુધી ઈન્કાર નથી ત્યાં સુધી ઈકરાર સ્વીકાર સહી નથી.

પહેલા તમામ ઝૂઠાઓનો રદ બાદમાં સ્વીકાર.

## 《91》 સહેરીનું નગારૂ વગાડનાર અને પડોસી

સહેરીના વખતે નક્કારૂ વગાડી લોકોને જગાડનાર એક માણસે એક વખત અડધી રાત્રે એક સરાય (ધર્મશાળા) ની બહાર નક્કારૂ વગાડવાનું શરૂ કરી દીધું, એ સરાય પડોસીએ ઊંઘ માંથી જાગીને નક્કારૂ વગાડનાર ને કહ્યુ કે હજી તો અડધી રાત છે સહેરીનો સમય નથી કે નથી નમાઝનો સમય અને સરાય પણ ખાલી છે છતા તુ અક્કલ વગરનો નક્કારૂ વગાડી રહ્યો છે, તૂ કૌને સંભળાવી રહ્યો છે ?

નક્કારૂ વગાડનારે જવાબ દીધો કે આ વખતે અગર તારા માટે અડધી રાત છે મારા માટે સફેદ સહેરી છે મારી નઝરમાં તમામ રાતો દિવસ બની ચુકી છે અને આ તેં જે કહ્યુ કે સરાયમાં કોઈ રોકાયુ નથી તો તૂ મને જવાબ દે તૂ બયતુલ્લાહમાં જઈને લબ્બૈક લબ્બૈક જે કહે છે કે હું હાજર છું તૂ કૌની સામે બોલે છે ? જ્યારે કે તે મકામમાં તૂ જે તકરાર કરે છે લબ્બૈક લબ્બૈક કહેતોજ રહે છે શું તૂં કોઈને જૂએ છે ? ખાલી ઘરમાં દરવાજા પર લબ્બૈક કહેવુ તે એ વાતની દલીલ છે કે તેમાં કોઈ જરૂર હાજર છે જેણે તને આ કામ પર લગાવી રાખ્યો છે.

**સબક :** અલ્લાહની રાહમાં અને અલ્લાહના માટે કામ કરવાવાળા સમય અને ભીડના એહસાસથી બુલંદ હોય છે અલ્લાહના દીનના માટે અલ્લાહને ખાતર કામ કરવાવાળા કામમાં એવા મશ્ગૂલ થઈ જાય છે કે તેમને સમયનું ભાન પણ નથી રહેતુ. અલ્લાહ પાક તેમના ખુલૂસ, તેમના જઝ્બા અને નિય્યતથી વાકેફ હોય છે અને તેઓ અલ્લાહની નિગેહદાશ્તમાં જ હોય છે.

## 《92》 હઝરતે બિલાલ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ

હઝરતે બિલાલ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ ઈશ્કે રસૂલમાં ડૂબીને **અહદ અહદ**નો નારો બુલંદ કરતા હતા, તેનો આકા મુશ્રિક હતો જે તેને બહુજ તક્લીફ પહોંચાડતો રહેતો. હિજાઝે મુકદ્દસની સખ્ત ગરમીમાં તેને કાંટા પર સુવાડતો, અંગારા પર સુવાડતો અને જાત જાતની તક્લીફો આપતો. હઝરતે સિદ્દીકે અક્બરે જોયુ તો હઝરતે બિલાલને **અહદ અહદ** પોકારવાથી ના પાડી કે બુલંદ અવાજ ન કર, તૂ પોતાના ઈમાનને છુપાવી લે કે તને તક્લીફ ન પડે પરંતુ આપનો ઈશ્ક હતો કે ફરીથી ઈઝહારે હક પર મજબૂર કરી દેતો અને આપ ઈમાનને છુપાવવનો વાયદો તોડી દેતા. હઝરતે અબૂ બક્ર رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ હઝરતે બિલાલ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ પર કાફિરોના ઝુલ્મથી બહુજ ગમગીન હતા.

આપ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ એ સરકાર નબિયે કરીમ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَاٰلِہٖ وَسَلَّم થી ઝિક્ર કર્યો અને ઈરાદો કર્યો કે તેઓ હઝરતે બિલાલ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ ને ખરીદ કરી અને આઝાદ કરી દે. હુઝૂરે પાક صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَاٰلِہٖ وَسَلَّم એ સિદ્દીકે અક્બરને કહ્યુ કે જ્યારે તમે બિલાલને ખરીદવાનો ઈરાદો જાહેર કરશો તો કાફિર લોકો બહુજ મોટી કીમત માંગશે માટે આપે સિદ્દીકે અક્બરને કહ્યુ કે તમે આ નેક કામમાં મને પણ શામિલ કરી લો અને અડધી કીમત મારી પાસેથી લઈલો.

હઝરતે સિદ્દીકે અક્બર رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ એ હઝરતે બિલાલ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ ના કાફિર આકા ઉમૈયા બિન ખલફથી વાત કરી કે એમનો એક જવાન, હસીનો જમીલ અને તિજારતમાં બહુ હોંશિયાર ગુલામ હતો તે લઈલે અને બદલામાં હઝરતે બિલાલ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ તેમને આપી દે. ઉમૈયા જે સિદ્દીકે અક્બરના ગુલામને જાણતો હતો અને તેના પર ફિદા હતો છતા તેણે કહ્યુ કે અય અબૂ બક્ર ! رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ તૂ એ ગુલામની સાથે સાથે થોડી ચાંદી પણ આપે તો કામ થઈ શકે. આપ ચાંદી આપવા તૈયાર થઈ ગયા અને સોદો થઈ ગયો આના પર

કાફિર હસ્યો કે અબૂ બક્ર નુક્સાનમાં છે કે એક ખૂબ સૂરત યુવાન અને હોંશિયાર ગુલામ અને ઉપરાંત ચાંદી આપીને એક કાળો ભુજંગ હબશી ગુલામ લઈ રહ્યો છે. સિદ્દીકે અક્બરે જવાબ દીધો કે અય બેવકૂફ ! તેં નાના બચ્ચા જેવુ કર્યુ કે જે અખરોટના બદલામાં હીરો આપી દે છે. બિલાલ મારા માટે બે જહાં બરાબર છે અગર તૂ એક ગુલામ અને થોડી ચાંદી નહીં પણ મારી તમામ મિલ્કત માંગી લેતો તો હું એ પણ આપી દેત, તેં તો મને સસ્તામાં આપી દીધો છે આના પછી આપ હઝરતે બિલાલને લઈ અને હુઝૂરે પાક صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم પાસે હાજર થયા આપે હઝરતે બિલાલને બગલગીર કર્યા યાની ભેટી પડ્યા અને ફરમાવ્યુ કે મૈં તને કહ્યુ હતુ કે આ સોદામાં મને પણ સાથે રાખજે તેં એકલાજ ખરીદી લિધો. સિદ્દીકે અક્બર رَضِىَ اللهُ تَعَالٰى عَنْه એ કહ્યુ કે સરકાર ! હું અને બિલાલ બન્નેજ આપના ગુલામ છીએ હું તેમને આઝાદ કરૂ છુ આપ મને આપનો ગુલામ બનાવી લો.

**સબક :** જેવી રીતે બચ્ચા કીમતી હીરો અથવા પાણીદાર મોતીની કીમત નથી સમજતા અને એક ચોકલેટના બદલામાં હીરાની વીંટી આપી દે છે તેવુજ માત્ર ઉમૈયા નહીં તમામ કાફિરનું છે કે તેઓ દુનિયાની હકીર ચીઝના બદલામાં આખિરત છોડી દે છે અને જહન્નમ ખરીદી લે છે અને એટલેજ અલ્લાહ કહે છે કે ઇન્સાન ખસારામાં (નુક્સાનમાં) છે. આ બનાવનો ઉલ્લેખ કુરઆને કરીમમાં પારા 30 સૂરએ લૈલમાં છે કે અલ્લાહ પાક ફરમાવે છે : જેણે માલ ખર્ચ કર્યો અને પરહેઝગારી અપનાવી (જેવુકે સિદ્દીકે અક્બર رَضِىَ اللهُ تَعَالٰى عَنْه) તો બહુજ જલ્દી અમે તેના માટે આસાની કરી આપીશુ અને ઉમૈયા જેવા બદબખ્ત માટે દુશ્વારી.

## ﴾93﴿ મકામે હઝરતે બિલાલ رَضِىَ اللهُ تَعَالٰى عَنْه

હઝરતે બિલાલ رَضِىَ اللهُ تَعَالٰى عَنْه હુઝૂર નબિયે કરીમ صَلَّى اللهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ના બહુજ જલીલુલ કદ્ર સહાબી હતા મકામ અને મર્તબામાં

બાદશાહોથી બુલંદ હતા. એક મુસલમાનને ત્યાં ખિદમત પર હતા એક વખત આપ બીમાર પડી ગયા તો મુસલમાનના અસ્તબલ (જાનવરોને બાંધવાની જગ્યા ગમાણ)માં પડયા હતા, તેમનો મકામ અને મર્તબો બુલંદ હોવાથી તેમનો આકા વાકેફ ન હતો તે માત્ર આપને પોતાનો નૌકર સમજતો હતો.

એક વખત જયારે આપ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ બીમાર થઈ ગયા હુઝૂર નબિયે કરીમ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَاٰلِہٖ وَسَلَّم ને આપની બીમારીની જાણ થઈ, આપે તેમની બીમાર પુર્સી માટે જવાનો ઈરાદો કર્યો આપ અને આપના અમુક સહાબા તશરીફ લઈ જતા હતા કે હઝરતે બિલાલના આકાને હુઝૂરે પાક તથા સહાબાઓના આવવાની જાણ થઈ તેઓ બહુજ ખુશ થયા કે હુઝૂરે મને નવાઝી દીધો કે મારા ઘરે તશરીફ લાવી રહ્યા છે. હુઝૂર ને વેલકમ કરતો અને કહેતો કે મારા નસીબ કે આપ મારે ત્યાં તશરીફ લઈ આવ્યા. સરકાર صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَاٰلِہٖ وَسَلَّم એ તેમને કહ્યુ કે હું તમને મળવા નથી આવ્યો હું તો બિલાલને મળવા આવ્યો છુ.

હઝરતે બિલાલના આકાએ કહ્યુ કે તે થોડા દિવસથી બીમાર છે અને અસ્તબલમાં પડયો છે હુઝૂરે પાક صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَاٰلِہٖ وَسَلَّم ત્યાં તશરીફ લઈ ગયા. હઝરતે બિલાલ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ ને આપના આવતા પહેલાજ ખબર થઈ ગઈ કે આકા તશરીફ લાવી રહ્યા છે તેઓ ઘસડાઈ ઘસડાઈને અસ્તબલના દરવાજા સુધી આવી ગયા અને હુઝૂરે પાકના કદમોમાં સર રાખી દીધુ. હુઝૂરે પાક صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَاٰلِہٖ وَسَلَّم એ તેમનુ સર ઉઠાવીને પોતાના ચહેરા પર લગાવી દીધુ અને ખૈરિયત પુછી. આપે કહ્યુ કે મારી તો ઝિન્દગીની મુરાદ બર આવી ગઈ સમુદ્ર અગર કતરા પાસે આવી જાય તો કતરાની અઝમતનું શું કહેવુ ?

આપ તશરીફ લઈ આવ્યા તો હઝરતે બિલાલ رَضِیَ اللّٰہُ تَعَالٰی عَنْہ ની બીમારી પણ દૂર થઈ ગઈ અને સરકારના બીજા સહાબાઓને પણ હઝરતે બિલાલના ઉચ્ચ મર્તબાની જાણ થઈ.

**સબક :** લોકો ઈન્સાનના જાહેરી મકામ યાની માલ, મિલ્કત હોદ્દા જોઈને બીજાને ઈઝ્ઝત આપતા હોય છે જ્યારે અલ્લાહ તઆલાને ત્યાં ઈમાન અને અમલ તથા ઈખ્લાસ જોવામાં આવે છે અલ્લાહ તઆલા ચહેરા અને માલ નથી જોતો પણ દિલ અને આમાલ જુએ છે.

જેવુકે અલ્લાહ તઆલા ફરમાવે છે સૂરએ આઅલા : યાની કામિયાબ થઈ ગયો એ જે પાક થયો. જે અલ્લાહની બારગાહમાં કલ્બે સલીમ યાની ગુનાહોથી પાક દિલ લઈ ને હાજર થયો તે સફળ થઈ ગયો. اَلْحَمْدُ لِلّٰہِ عَزَّوَجَلَّ

## ﴾94﴿ એક બીમાર દરવેશ અને કાઝી

એક બીમાર સૂફી હકીમ પાસે ગયો અને તેને કહ્યુ કે મારી નાડીના ધબકારા ચેક કરો, ગૌરથી મને તપાસો અને જૂઓ કે મને કઈ બીમારી છે ? અને તેનો ઈલાજ બતાવો તબીબે તેની નાડી પર હાથ રાખ્યો તો તેની આંતરીક હાલતથી વાકેફ થયા. તેણે શું જોયુ કે તેની બીમારી લા ઈલાજ છે અને તેની તંદુરુસ્તીની કોઈ ઉમ્મીદ નથી તેણે કોઈ દવા પણ ન આપી અને દર્દીને હિદાયત કરી કે તે જે ચાહે ખાય અને જે ચાહે કરે. તેણે કોઈ જાતની પરહેઝની જરૂરત નથી તેણે ફરી કહ્યુ કે તારૂ દિલ જે ચાહે તેનાથી હાથ ન રોકે કે સબ્ર અને પરહેઝી તારી બીમારી માટે નુક્સાન કારક છે જે કામ તારૂ દિલ ચાહે એજ કર.

તે મરીઝ દરિયાની સફર માટે ગયો પાણીમાં ગોતા લગાડતો હતો કે તબીયતમાં રાહત થાય દિલને આનંદ મળે એ દરમિયાન તેણે કિનારા પર એક સૂફીને જોયો કે તે હાથ મોં ધોઈ રહ્યો હતો. દર્દીએ સૂફીની ગુદ્દી જોઈ તો તેના દિલમાં સૂફીની ગુદ્દી પર તમાચો મારવાની ઈચ્છા થઈ તેણે તમાચો મારવા માટે હાથ ઉઠાવ્યો પછી તેને વિચાર આવ્યો કે આ ઝિયાદતી છે આ યોગ્ય નથી પરંતુ તરત તબીબની

નસીહત યાદ આવી કે અગર નફસની ખ્વાહિશ પુરી નહીં કરૂ અને ખ્વાહિશ મરી ગઈ તો તેના માટે બીમારી બની જશે બીમારી વધી જશે. સબ્ર અને પરહેઝ તો મારા માટે મૌત છે માટે એ બીમારે સૂફીની ગુદ્દી પર જોરથી તમાચો ઠોકી દીધો જેનાથી તડાક અવાજ આવી સૂફીએ તેને જોયો તો કહ્યુ : અય નાલાયક ! બે ઈમાન મૈં તારૂ શું બગાડયુ હતુ ?

સૂફીને ગુસ્સો આવ્યો અને તેને થયુ કે બે ત્રણ તમાચા ઘુંસા મારી દે પરંતુ તેણે વિચાર્યુ કે આ એક બે લાતો તમાચા પણ બરદાશ્ત નહીં કરી શકે આ મરી જશે અને આવી રીતે તેના મૌતની જવાબદારી મારા પર આવી જશે, તેણે એ બીમારને સખ્ત બીમારીમાં જોયો તેણે વિચાર્યુ કે જાતે બદલો લેવો એ પોતાને મોટી મુસીબતમાં ફસાઈ જવા બરાબર છે હવે તેણે નક્કી કર્યુ કે એ બીમારને કાઝીની અદાલતમાં હાજર કરે અને ત્યાંથી ન્યાય માંગે કેમ કે કાઝી અગર કોઈને સજા કરે તો પરીણામની જવાબદારી કાઝીની રહે.

સૂફીએ તમાચો મારનારને કાઝીની સામે હાજર કર્યો અને પોતાનો દાવો પણ કાઝીની સામે પેશ કર્યો કાઝીએ પોતાના ખાદિમને કહ્યુ કે તખ્ત બીછાવ કે તેના પર બેસીને ન્યાય કરૂ. જયારે કાઝીએ પુરો એહવાલ સાંભળ્યો તો તેણે કહ્યુ કે મારવાવાળો ક્યાં છે ? બીમાર હાજર થયો તો કાઝીએ તેને જોઈને કહ્યુ : "આ તો બીમાર છે તેના દિલમાં ખયાલ બનીને ઉતરી ગયુ અને તેણે આવુ કામ કરી લિધુ. શરીઅતના ફૈસલા જીવતા અને સાહેબે માલ માટે છે નહીં કે કબ્રસ્તાન વાળાઓ માટે તૂ સૂફી છે તૂ પણ ફાની છે અને શરીઅત અને કિસાસ અને ઈન્તેકામની હકીકતને સમજે છે કાઝીએ વધારામાં કહ્યુ : આતો જીવતી કબર છે કબર જેવોજ છે અગર કબરની ઈંટ તારી પર પડી જાય તો તૂં ક્યાં કબરથી કિસાસ લેવાનો હતો ? કાઝીએ કહ્યુ : અય સૂફી ! તૂ આ દાવો પાછો ખેંચીલે આને માફ કરી દે. એ કહ્યુ : શું તમે આને જાઇઝ સમજો છો તેણે મને તમાચો માર્યો હું તેને છોડી દઉ

અગર કિસાસ અને વગર દમડી (પૈસા)એ. કાઝીએ કહ્યુ : “સૂફીને તમાચાની શું પરવાહ ? આવા બીમારથી ઝગડો ન વધાર કાઝીની તરફથી દબાણ જોયુ તો તેણે તમાચો મારવાવાળાને કહ્યુ કે તારી પાસે શું છે ? તેણે કહ્યુ : મારી પાસે છ (6) દિરહમ છે કાઝીએ કહ્યુ : ત્રણ આપો અમે સૂફીને કિસાસ આપી દઈએ અને ત્રણ અમો અમારી પાસે ખર્ચ માટે રાખી લઈએ.

કાઝી અને સૂફી આપસમાં વાત ચીતમાં મગ્ન હતા કે તે ભટકી ગયેલ બીમારની નઝર કાઝીની ગુદ્દી પર પડી તેને એ ગુદ્દી તમાચા મારવા માટે સૂફીની પાઘડી કરતા વધારે સારી લાગી બીજુ એ પણ તેણે જોયુ કે તમાચા મારવાની સજા (બદલો) માત્ર ત્રણ દિરહમજ છે સસ્તો છે તે ભેદની વાત કહેવા માટે કાઝીની નજીક આવ્યો અને એક તમાચો કાઝીની ગુદ્દી પર છોડી દીધો. માર્યા પછી તેણે કહ્યુ : અય બન્ને વિરોધી દાવેદારો ! તમે પુરા છ દિરહમ લઈ લો અને હું બન્ને બાજુથી આઝાદ થઈ ગયો.

કાઝીને આઘાત લાગ્યો. સૂફીએ કહ્યુ : અય ઈન્સાફના બાદશાહ ! આપે જે બીજા માટે પસંદ કર્યુ તેજ આપને મળ્યુ કેમ કે તમે જે કુવો બીજા માટે ખોદશો પરીણામે અંતે તમેજ તેમાં પડશો ફૈસલામાં તમારો હુક્મજ આવો હતો જેણે તમારી ગુદ્દી પર તમાચો પડયો મને તો ડર છે તમારા બીજા ફૈસલા તમારા માટે કઈ તક્લીફ લાવશે. આપે કહ્યુ : અય ઈન્સાફથી દૂર ! તૂએ બકરીની બરાબર છો જેણે વરૂના બચ્ચાને દૂધ પાયુ.

કાઝીએ કહ્યુ : દરેક એ તમાચો અને ઝુલ્મ જે કિસ્મત લઈને આવે સ્વીકારવુ જરૂરી છે હું અલ્લાહના હુક્મ પર બાતિનથી (દિલથી) ખુશ છુ જોકે મારા ચહેરા પર થી નાખુશી જાહેર થઈ રહી છે કેમકે સત્ય હમેશા કડવુ હોય છે પરંતુ મારૂ દિલ ખુશ અને આંખ વાદળની જેમ છે વાદળ રડે છે અને બાગ ખીલે છે કુદરતની તરફથી તેના હાથ થી કોઈને જહેર મળે છે તો કોઈને અમૃત કોઈને અંધકાર કોઈને નૂર

કોઈને ગમ, તો કોઈને ખુશી બધા એકજ તરફથી આવે છે અને એકજ તરફ જશે અને આ અલગ અલગ કૈફિયતનાંજ ચાહવા વાળાની બહેતરી અને ઈસ્લાહનું રહસ્ય છુપાયેલ છે.

**સબક :** ઈન્સાને હમેશા અલ્લાહ તઆલાના દરેક કામમાં પોતાના માટે બહેતરી તલાશ કરવી જોઈએ અને તસ્લીમો રિઝાની સાથે (સ્વીકાર અને ખુશી સાથે) તેને મિનજાનીબિલ્લાહ (અલ્લાહ તરફથી) સમજીને તેના પર શાકીરો સાબિર રહેવુ જોઇએ.

યાદ રહે ફાઇલે હકીકી (હકીકી કર્તા) માત્ર એકજ છે જે છે અલ્લાહ બાકી બધુજ/બધાજ મજાઝ છે જે કંઈ થાય છે થઈ ગયુ છે થવાનું છે બધુજ અલ્લાહ તઆલાની તરફથી સમજવાનો એક ફાયદો એ છે કે શિકવા શિકાયત છુટી જાય છે અને સવાબ મળે છે અલ્લાહના ચાહવા વગર કોઈજ ચીઝ શક્ય નથી.

## ﴾95﴿ એક કલાકાર અને તુર્ક

એક મકામ પર એક કિસ્સા કહેવાવાળો (વાર્તાકાર) લોકોને પંસદ પડે તેવા દિલચશ્પ અને નસીહત અંગેઝ અંદાજમાં કાફલાવાળાઓને કિસ્સા કહેતો રહેતો હતો અને તેઓનું મનોરંજન કરતો રહેતો હતો. એક રાત્રે તેણે લોકોને દરઝીઓના કપડુ ચોરી કરવાના તરીકાઓનું વર્ણન કર્યુ તેણે કહ્યુ કે લોકો ચાહે કેટલાયે જાગ્રૃત અને હોંશિયાર કેમ ન હોય આ દરઝી લોકો એવી ચાલાકીથી કપડાની ચોરી કરે છે કે કોઈને બિલ્કુલ ખબર ન પડવા દે.

એક તુર્કે આ કિસ્સાઓનું વર્ણન સાંભળ્યુ તો તેણે દિલમાં નક્કી કરી લિધુ કે તે દરઝીની પાસે કપડા સિવવા માટે લઈને જશે અને તેને પોતાના કપડામાંથી ચોરી નહીં કરવા દે. તેણે આ વાતની જાહેરાત લોકોની વચ્ચે કરી લોકોએ તેને કહ્યુ કે દરજી માત્ર એવુ નથી કે ચોરી કરવામાં હોંશિયાર હોય છે બલ્કે પોતાની કળા (આર્ટ)માં કમાલ રાખે છે તમે તેને ચોરી કરતા નહીં રોકી શકો.

તુર્કે દરજીનું નામ અને એડ્રેસ પુછયુ તેનું નામ વાર્તાકારે "પુરશીશ" કહ્યુ : તુર્ક કપડુ લઈને દરજીની તરફ રવાના થયો લોકોએ તેને બહુજ સમજાવ્યો પણ તે ન માન્યો બલ્કે ઉલ્ટુ તેણે લોકો સાથે શર્ત લગાડી કે અગર દરજી તેને ધોખો આપી દેશે તો તે પોતાનો અરબી નસલનો કીમતી ઘોડો ગિરવી રાખી દેશે અને શર્ત હારી જવાની સૂરતમાં તે ઘોડો લોકોને આપી દેશે અને અગર દરજી તેને ધોખો નહીં આપી શકે તો એ લોકો તેને એવોજ એક ઘોડો આપશે આ શર્ત લગાડીને તે રવાના થયો.

તેણે ગુસ્સામાં પુરી રાત ઉજાગરા કર્યા સુઈ ન શક્યો અને પુરી રાત આલમે ખયાલમાં દરજીથી લડતો ઝગડતો રહ્યો સવારમાં અતલસનું કપડુ બગલમાં દબાવીને દરજીને ત્યાં પહોંચી ગયો તેણે દરજીને સલામ કરી દરજીએ એકદમ ગર્મ જોશીની સાથે મુસાફો કર્યો અને તુર્કને વેલકમ કર્યો અને એવી આગતા સ્વાગતા કરી કે પોતાની મહોબ્બતનું બીજ તુર્કના દિલમાં વાવી દીધુ.

તુર્કે અતલસનું કપડુ દરજીના હાથમાં પકડાવીને અબા યાની લોંગ કોટ સીવવાનું કહ્યુ અબાનો ઉપરનો હિસ્સો ટાઈટ જિસ્મના શો (દેખાવના) માટે અને નીચેનો હિસ્સો ફૈલાયેલ કે પગ આસાનીથી ચાલી શકે દરજીએ કહ્યુ : અય તુર્ક દોસ્ત ! હું તારા માટે સો ખિદમત કરીશ અને એવી કબા સીવીશ જે ન માત્ર તારા જિસ્મને શોભી ઉઠે બલ્કે દુનિયા જોયા બાદ તને પુછવા આવે કે આવી બહેતરીન કબા તેં કયા દરજી પાસે સીવડાવી ?

દરજીએ માપ લિધુ કામનો અંદાજ લગાડયો અને પછી તેણે તુર્કને વાતોમાં લગાડી દીધો તેણે બીજા સરદારોની હિકાયતો (કિસ્સાઓ) કંજુસો અને સખાવત કરનારાઓની કહાનિયો, હસવા હસાવવાના પ્રસંગો બયાન કરવાનું શરૂ કર્યુ અને સાથે જ કાતર હાથમાં લીધી દરજીએ હસવાની એક વાત સંભળાવી, તુર્કને પસંદ

આવી જ્યારે તુર્ક હસીમાં લોટ પોટ થતો રહ્યો, એ દરમિયાન દરજીએ એક ટૂકડો અતલસનો ચોરી લિધો અને પોતાની પીંડલીની નીચે રાખી લિધો. અલ્લાહ તઆલા જોઈ રહ્યો હતો પરંતુ એ પરદાપોશીની આદત રાખે છે હાં જ્યારે ગુનાહ અને બુરા કામોં હદથી વધી જાય તો પછી એ લોકોમાં વાત ફૈલાવી દે છે.

દરજી કિસ્સા સંભળાવતો અને તુર્કને હસાવતો રહ્યો અને તેના કપડામાંથી ચોરી કરતો રહ્યો તુર્ક વારંવાર તેને દરખ્વાસ્ત કરતો કે હસવાની વાતો કર કે તે મારી કમઝોરી બની ગઈ છે તેણે ત્રીજીવાર કિસ્સો સંભળાવ્યો અને ત્રીજી વાર કપડામાંથી ટુકડો ચોરી લીધો તુર્કે જ્યારે ચૌથી વાર મઝાકની ઉઘરાણી કરી તો દરજીને તેની ઉપર રહેમ આવી ગઈ અને દરજીએ તુર્કને કહ્યુ : ખબરદાર ! હવે વધારે હસવાનું ન માંગ અગર વધારે મઝાકિયા કિસ્સા કહીશ તો તારી અબા ટુંકી થઈ જશે મુર્ખ તુર્ક અત્યાર સુધીમાં અરબી નસ્લનો ઘોડો શરતમાં હારી ચુક્યો હતો. ઈન્સાન બેકાર અને નિરર્થક વાતોમાં મશ્ગૂલ રહેનાર આ તુર્કની જેવા છે ધોખાબાઝ દુનિયા આ દરજીની જેવી છે શહવત અને ઔરતો હસાવવા વાળાની જેવી છે ઈન્સાનની ઉમર અતલસના તાકા જેવી છે.

**સબક :** દુનિયામાં એવા એવા જાણકાર, ચાલબાઝ ધોખેબાઝ મૌજુદ છે કે ઈન્સાન લાખ કોશિશ કરવા છતા તેને ધોખો દઈ શકે છે મીઠી બનાવટી વાણી અને હોંશિયારીથી લોકોને પોતાની જાળમાં ફસાવી લે છે માટે માણસે હમેશા સાવચેત રહેવુ જોઈએ અને બેકારની તારીફ અને અફસાનાથી પોતાને બચાવવુ જોઈએ.

## ﴾96﴿ એક સ્ત્રી અને શૌહર

એક સ્ત્રી પોતાના શૌહરથી ફરિયાદ કરી કે તે તેને સારી રીતે રાખવામાં ગફલત વરતે છે તેના માટે ન ઉમદા કપડા, ન બહેતર ખોરાકની વ્યવસ્થા છે. શૌહરે કહ્યુ : હું ગરીબ છુ પરંતુ જીવન

જરૂરિયાતના ખર્ચ માટે હમેશા મહેનત અને કોશિશ કરતોજ રહું છુ જે કંઈ કમાઉ છુ મારી આવક લાવીને તારા હાથમાં આપી દઉ છુ તારા માટે ખાવા પીવા કપડા સામાનની વ્યવસ્થા કરૂ છુ અને જાતે તારા માટે કપડા લાવુ છુ.

ઔરત તેને પોતાના કપડાની આસ્તીન બતાડી ફાટેલી અને પહેરવાનું કપ્ડુ જાડુ તેના પર તે બોલી કે આ કપ્ડુ મારા બદનને કાપે છે કોઈ એકાદ તો એવી જોડી હોય જે સ્ત્રીના નાઝુક બદન ને લાયક હોય.

શૌહરે જવાબ દીધો : તારી વાત સાચી છે કે આ કપડા જાડા મોટા અને તારા બદન પર તને નાપસંદ છે ખોરાક પણ તારા માંગવા મુજબની બેસ્ટ નથી રહેવાની જગ્યા આ મકાન પણ એટલુ બધુ સારૂ નથી પરંતુ હું મારી આવક મુજબ જે શક્ય છે તે કરીજ રહ્યો છુ હવે તૂ વિચાર કરી લે તને આ તક્લીફ મંજૂર છે કે મારાથી જુદાઈ અને તલાક પસંદ છે તને જે વધારે પસંદ હોય તે તૂ આ બેમાંથી એક પસંદ કરી લે હું તૈયાર છુ.

**સબક :** ઈન્સાને પોતાની સામે અલ્લાહના ફૈસલા પર રાઝી રહી સમયની અનુકુળતા મુજબ જીવવુ જોઈએ અને થોડુ સહન કરી લેવાની તૈયારી રાખવી જોઈએ ઈન્સાન પર રંજો ગમ અને ગરીબી તક્લીફ તો આપેજ છે પરંતુ તેના નતીજા (પરીણામ) સારા હોય છે બહેતરી એમાંજ છે કે ઈન્સાન સબ્ર અને શુક્ર સાથે ઝિન્દગી વીતાવે.

## ﴾97﴿ એક આરિફબિલ્લાહ અને પાદરી

એક પાદરી ઉમરના આખરી પડાવમાં હતો તેની દાઢી પણ રૂઈની જેમ સફેદ થઈ ચુકી હતી એક આરીફે તેનાથી સવાલ કર્યો કે તૂ ઉમરમાં મોટો છે કે તારી દાઢી ? તેણે જવાબ દીધો કે હું મોટો છુ કારણ કે હું અઢાર વર્ષનો થયો ત્યારે દાઢી ઉગી શરૂઆતમાં તે કાળી હતી બાદમાં સફેદ થઈ દાઢી મારા કરતા ઉમરમાં નાની છે. તે

આરીફે કહ્યુ : તેનાથી કંઈક સબક લે તે પોતાની કાળાશ છોડી સફેદ થઈ ગઈ તેણે પોતાની રંગત બદલી નાખી પરંતુ તૂ પોતાની આદતો અને તૌર તરીકામાં એમજ પડયો છે તેં પોતાની જાતમાં કંઈજ સુધારો ન કર્યો તેં તારી જાતમાં કોઈ ભલાઈ ન મેળવી બલ્કે ઉમર વધવાની સાથે સાથે પોતાના (ખરાબ) આમાલ અને (બુરી) આદતો વધારે મજબૂત થઈ ગઈ ઘાસની જેમ તેં માટીમાં પગ જમાવી રાખ્યા છે અને તૂં લાલચે દુનિયામાં ડૂબેલ છે.

**સબક :** ઈન્સાને પોતાની ખરાબ આદતોથી છુટકારો કરીને પોતાની જાતની ઈસ્લાહ યાની સુધારણા કરતા રહેવુ જોઈએ અને પોતાની બુરી આદત કાયમી ન બની જાય તેનું ધ્યાન રાખવુ જોઈએ. જેવુકે અલ્લાહ તઆલા ફરમાવે છે : પારહ 30 સૂરએ આઅલા આયત નં. 14 **તર્જમો :** બેશક ! એ કામિયાબ થયો જેણે પોતાની જાતને પાક સાફ કરી.

## ﴾98﴿ વગર મહેનતની રોઝી તલબ કરના ફકીર

એક બિચારો મુફલીસ ફકીર હતો તે હમેશા રબ તઆલા થી એજ દુઆ માંગતો રહેતો કે તેં મને વગર મહેનતે પૈદા કર્યો એવીજ રીતે વગર મહેનતે તૂં મને રોઝી આપ તેની આ દુઆ સતત ચાલુજ રહેતી અલ્લાહ તઆલાએ તેની દુઆ કબૂલ કરી લીધી.

તેને સ્વપ્નમાં ખયાલ આવ્યો કે તૂં રદ્દીવાળાની દુકાન પર જા ત્યાં બિલ્કુલ સડેલા રદ્દી કાગળમાંથી તને એક કાગળ મળશે તેને લઈ આવ અને એકાંતમાં તેને પઢ તેમાં એક ખજાનાનું ઠેકાણુ લખેલ હશે તૂ તેમાં લખ્યા મુજબ અમલ કર અને ખજાના સુધી પહોંચી જા તને વગર મહેનતે ખજાનો મળી જશે.

બીજા દિવસે તે ખુશી ખુશી ઉઠયો રદ્દીવાળાની દુકાન પર ગયો રદ્દીના કાગળોમાં ચારે બાજુ હાથ મારતો રહ્યો તુરંત એ લખાણ તેના હાથમાં આવી ગયુ જે તેને સ્વપ્નમાં દેખાયુ હતુ તેણે એ કાગળ

લઈ લિધો અને દુકાનદારને સલામ કરીને તે ત્યાંથી રવાના થઈ ગયો. એકાંતમાં એ કાગળ વાંચ્યો તેને નવાઈ લાગી કે આ પ્રકારનું લખાણ રદ્દીમાં પડેલ હોવા છતા કોઈની નઝર તેના પર ન પડી તે પરચામાં લખાણ હતુ કે શહેરની બહાર એક ખજાનો દફન છે ફલાણી જગ્યાએ એક મઝાર છે જેની પીઠ શહેરની તરફ અને આગળનો હિસ્સો જંગલની તરફ છે તૂ એની તરફ પીઠ કર અને મોં કિબ્લા તરફ કરીને કમાનથી તીર ચલાવ જે જગ્યાએ તીર પડે ત્યાં ઝમીન ખોદ.

તે એક મજબૂત કમાન લઈ આવ્યો તીર ફેંક્યુ અને જે જગ્યાએ તીર પડયુ ત્યાં ખોદયુ તે પોતે પણ અને તેનો ફાવડો તગારૂ બધુજ મેલુ થઈ ગયુ પરંતુ ખજાનાનું નામો નિશાન પણ ન મળ્યુ. તે રોજ એવીજ રીતે તીર ફેંકતો જે જગ્યાએ તીર પડે ત્યાં ખોદતો પણ ખજાનો ન જ મળ્યો તે રોજે રોજ આવુ કરતો હોવાથી વાત ફૈલાઈ ગઈ અને બાદશાહ સુધી એ વાત પહોંચી કે ફલાણા માણસ પાસે ખજાનાનું એડ્રસ છે પરંતુ તે બહુજ તલાશ કરવા છતા ખજાનો નથી મેળવી શકતો બાદશાહે તેને બોલાવ્યો તેણે પુરી સ્ટોરી કહી સંભળાવી કે જ્યારથી ખજાનાનું ઠેકાણુ મળ્યુ છે તલાશ ચાલુજ છે પરંતુ આટલી બધી શોધ ખોળ છતા ખજાનો નથી મળતો અને સખત મહેનત અને તક્લીફ નસીબ બની ગઈ છે તેણે એ પર્ચો બાદશાહને દીધો.

છ મહીના સુધી બાદશાહ પણ તીર ચલાવતો રહ્યો પરંતુ કંઈજ હાથમાં ન આવ્યુ બાદશાહ પણ નાઉમ્મીદ થઈ ગયો અને ખજાનો શોધવાનું બંધ કરી દીધુ અને બાદશાહે એ પર્ચી તે ફકીરને પાછી આપી દીધી તે ફકીર આજીઝીની સાથે અલ્લાહની તરફ રુજૂઅ થઈને દુઆમાં મશ્ગૂલ થયો તેણે દુઆ કરી કે અય અલ્લાહ ! આ પહેલી મારી સમજથી બહાર છે હું આ ભેદને ન સમજી શક્યો તૂ ખુદ જ મહેરબાની થી આ સમસ્યા હલ કરી દે એ મને ખજાના સુધી પહોંચાડ.

અલ્લાહ તઆલાએ ઈશારો કર્યો કે તારે તીરને કમાનમાં રાખવાનું હતુ તીર ચલાવવાનું કે કમાનની ખૂબીઓ બતાડવાનું નહોતુ કહ્યુ. તૂ કમાનને ઝોરથી ખેંચીને તીરને દૂર થી દૂર ફેંકતો ચાલ્યો ગયો તને તો માત્ર એજ હુક્મ હતો કે તીરને કમાનમાં રાખ જે જગ્યાએ તે પોતે પડી જાય ત્યાં ખજાનો છે ખજાનો તારી પાસે હતો તારાથી નજીક હતો તૂ તીર અંદાજી કરીને તેનાથી દૂર થતો ગયો.

પોતાની જાતને ખુદાથી સિપુર્દ કરી દે અને ખુદાને પોતાના દિલમાં શહરગની નજીક તલાશ કર ખુદને ખુદાને હવાલે કરવાથી અને પોતાના જાનની તલાશમાં તને ખજાનો મળી જશે.

**સબક :** અલ્લાહ તઆલાના ફઝલથી ખજાનાનો નક્શો તો માણસને મળી જાય છે પરંતુ ઈન્સાન ખજાનો નથી મેળવી શકતો અસલમાં તો ઈન્સાન કદી સફળ થઈજ નથી શકતો જ્યાં સુધી તે પોતાની બુધ્ધી આવડત, હોંશિયારી કે પોતાના કમાલ પર ભરોસો કરતો રહે જ્યારે ઈન્સાન પોતાને બિલ્કુલ આજિઝ યાની લાચાર કમઝોર ન સમજીલે અને ખુદાને હકીકી કર્તા ન સમજે ત્યાં સુધી જે કંઈ કરે છે તે બધુજ વ્યર્થ છે.

ઈન્સાન માટે જરૂરી છે કે

**તાલિબે જાત બનો તાબિલે લઝ્ઝાત નહીં**
**ખુદાને ચાહે, માલ તો આપો આપ આવી જશે.**

## ﴾99﴿ શૈખ અબુલ હસન ખિર્કાની رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَیۡه

એક મુરીદ તલ્કાન શહેરથી શૈખ અબુલ હસન رَحۡمَةُاللهِ تَعَالٰی عَلَیۡه ની શોહરત સાંભળીને તેમની ઝિયારત માટે રવાના થયો તેને રસ્તામાં બહુજ તક્લીફ પડી રસ્તાની મુસીબતોં ઉપાડીને ખિર્કાન પહોંચ્યો અબુલ હસનના ઘરનું સરનામુ પુછ્યુ અને ઘરે પહોંચીને દરવાજા પર ટકોરા દીધા. એક સ્ત્રીએ મોં બહાર કાઢ્યુ તેણીએ પુછ્યુ શું કામ છે ? તેણે કહ્યુ કે હઝરતની ઝિયારતના માટે આવ્યો છુ. ઔરતે કહ્યુ : તારી દાઢી જો લાંબા સફરની તક્લીફો ઉઠાવી તે જો, શું તારે તારા

ઘરમાં કોઈ કામ ન હતુ કે અહીંયા સુધી લાંબો થયો ? તને મુર્ખાઈ ભરી સફરની ખ્વાહિશ કેમ થઈ ? કે પછી વતનમાં કાંઈ તક્લીફ હતી કે ત્યાંથી નિકળવા માટે મજબૂર થઈને અહીંયા આવી ગયો ? તે સ્ત્રીએ અયોગ્ય અને ફાલતુ બકવાસ કરી.

આવનાર શખ્સે આના બાવજૂદ પણ શૈખનો મકામ કે તે ક્યાં છે તે પુછયુ તે ખાતૂને કહ્યુ કે તે મક્કાર, રીયાકાર, કોરા મુર્ખાઓ ને જાળમાં ફસાવનાર અને ઉંડાઈનો ફંદો તારી જેવા લાખો અકલ વગરના તેના ફરેબમાં ફસાઈ ગયા, શૈખીબાઝ, લાલચી, પેટૂ તેના ઢોલની અવાજ ક્યાં ક્યાં પહોંચી ગઈ અગર તૂ તેને ન મળે અને પાછો ચાલ્યો જા તો તારા માટે બહેતર છે એ સ્ત્રી આ સિવાય પણ ઘણી બકવાસ કરી તો મુરીદે તેને ઝિડકી દીધી કે દિવસની રોશનીમાં આ રાતનો જમાદાર ક્યાંથી આવી ગયો ? ચામાચીડીયા જે રાતના અંધારામા ઉડે છે તે સૂરજને નિકળવાથી થોડા રોકી શકે છે ?

મુરીદ ઘરથી પાછો ફર્યો અને લોકોથી પુછયુ તો લોકોએ તેને કહ્યુ કે શૈખ ફલાણા જંગલમાં ગયા છે તે જંગલ તરફ ચાલ્યો શૈતાને તેના દિલમાં વસ્વસા નાખ્યા કે શૈખે આવી બદ ઝબાન ઔરત ને પોતાની જીવન સાથી કેમ બનાવી રાખી છે ? પછી તે તેના પર લાહૌલ પઢતો તે એ ખયાલમાં ગુમ હતો કે અચાનક શૈખ સિંહ પર સવાર જેના પર પોતે પોતાનું ઈંધણ (લાકડા) લાદી રાખ્યા હતા અને હાથમાં સાંપ અને ચાબુક લીધેલ આવી ગયા.

શૈખે તે મુરીદને જોયો તો તેના દિલનો હાલ જાણી લીધો રસ્તામાં તેના પર જે વીતી હતી તે બધુજ બતાવી દીધુ પછી પત્નીના બારામાં કીધુ કે અગર એ પત્નીનો બોઝ અને તેના સ્વભાવની તલ્ખીને મારો સબ્ર બરદાશ્ત ન કરતો તો આ નર સિંહ મને બરદાશ્ત ક્યાંથી કરતો ! હું સરખામણીમાં એક ઉંટ છુ અલ્લાહ તઆલાના કઝાવાની નીચે મસ્ત અને બેખુદ છુ હું હુક્મ અને ફરમાને ઈલાહીના બારામાં લોકોના મહેણા ટોણાની ફિકર નથી કરતો અમારૂ એકાંત યા લોકોથી

મેલજોલ નફસની ખ્વાહિશથી નથી પરંતુ અલ્લાહ તઆલાના હુક્મથી છે અને તેણીની જેવા સેંકડો મુર્ખાઓનો બોઝ સહન કરીએ છીએ આટલી ગુફતગૂ મૈં તારે ખાતર કરી છે એટલા માટે કે તૂ પણ બદ અખ્લાક સાથી સાથે પણ બનેલો રહે યાની સંબંધ કટ ન કરે અને તૂં તંગીનો બોઝ પણ હંસી ખુશી બરદાશ્ત કરે કારણ કે સબ્ર વિશાળતાની અને અતાની ચાવી છે.

**સબક :** અલ્લાહ તબારક વ તઆલાએ સંબંધોની ઝિદ બનાવી રાત, દિવસ, નેક, બદ, કાળુ, સફેદ અને ઈન્સાનોને પોતાની મરઝીની વિરુધ્ધ બિજાઓની સાથે નિભાવ અને વર્તન કરવાની તલ્કીન કરી આપણા માટે પણ યોગ્ય છે કે અમે એવા લોકોની સાથે સમાજમાં નિભાવવાની હદ સુધી સંબંધ સાચવીએ જેના રવૈયા અને જેનું વર્તન અમને પસંદ ન આવે.

પત્નીની બદ અખ્લાકી પર સબ્ર કરનારને સબ્રે હઝરત ઐયુબ عَلَيْهِ السَّلَام જેટલો સવાબ છે અલ્લાહ તઆલા કુરઆને કરીમ પારહ 4 સૂરએ નિસા આયત નં. 19માં ફરમાવે છે **તર્જમો :** અગર તમને એ (પત્ની) પસંદ ન આવે તો શકય છે કે કોઈ ચીઝ તમને પસંદ ન હોય અને અલ્લાહ તેમાં તમારા માટે બહુજ ભલાઈ રાખે.

## ﴿100﴾ યહૂદી, ઇસાઇ અને મુસલમાન

એક યહૂદી એક ઈસાઈ અને એક મુસલમાન સફરમાં સાથે થઈ ગયા સફર એક મજબૂરી છે અને એમાં કંઈ એ જરૂરી નથી કે સાથેના મુસાફરો હમ ખયાલ હોય કે હમ મઝહબ હોય જ્યારે સફર પુરી થઈ જાય છે તો મુસાફિર અને પક્ષીઓ પોતાના હમનશીનોની પાસે ઉડીને પહોંચી જાય છે પરંતુ મુસાફરીમાં કે કૈદમાં એવા લોકોની સાથે રહેવુજ પડે છે જે તમારા સ્વભાવથી વિપરીત હોય.

મુસલમાન રોઝાદાર હતો રસ્તામાં એ ત્રણેને કોઈએ સવાબની નિય્યતથી અને મુસાફરોની મેહમાની કરવાની નિય્યતથી ખાવાનું

હલ્વો, રોટીઓ અને શરીદ દીધુ કે મુસાફરો તેનાથી પોતાની ભુખ મિટાવે યહૂદી અને ઈસાઈ પહેલેથીજ પેટ ભરી ચુક્યા હતા તેમણે કહ્યુ : આ ખાવાનુ બચાવી રાખીએ કાલે ખાઈશુ પરંતુ મુસલમાન રોઝાદાર હતો તે મગરિબના સમયે ઈફતાર કરવા ચાહતો હતો તેણે વારંવાર કીધુ કે આ ખાવાનું આજે જ ખાઈ લઈએ કાલે મળી જશે તો ખાઈ લઈશુ અથવા કાલે સબ્ર કરી લઈશુ પરંતુ યહૂદી અને ઈસાઈ ન માન્યા એક બાજુ મુસલમાન એકલો અને બીજી બાજુ તે બન્ને હતા, માટે તેણે પણ મજબૂરીથી તેની સાથે સહમતી કરી.

સવારે ત્રણે ઉઠયા, હાથ મોં ધોયા, ઈબાદતથી ફારિગ થયા તો તેમણે વિચાર્યુ કે હવે ખાવાનું ખાઈ લઈએ તેમણે કહ્યુ : આપણા માંથી દરેક કોઈ એક વાત કરે જેની વાત શ્રેષ્ઠ હોય તે એક આ ખાવાનું ખાઈલે બાકીના બે સબ્ર કરે યહૂદીએ પોતાના સ્વપ્નની વાત કરી કે તે હઝરતે મૂસા عَلَيْهِ السَّلَام ની સાથે કોહે તૂર પર ગયો તેણે કેવા કેવા નઝારા જોયા તૂરનો પહાડ હઝરતના કદમોંથી કણ કણ થઈ રહ્યો હતો તેણે પોતાની અને સૈયદના મૂસા عَلَيْهِ السَّلَام ની કૌહે તૂરની મુલાકાતનો કિસ્સો વિસ્તારથી વર્ણન કર્યો.

આના પછી ઈસાઈએ પોતાનો કિસ્સો બયાન કર્યો કે તે ચૌથા આસ્માન પર હતો. હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام થી મુલાકાત થઈ ત્યાં તેણે ફરિશ્તાઓ, હૂરો અને જન્નતની સફર કરી આપની ઝબાન મુબારક થી અલ્લાહનું કલામ સાંભળ્યુ.

હવે મુસલમાનની વારી આવી તો તેણે કહ્યુ કે મૈં રાત્રે હુઝૂર صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم ને સ્વપ્નમાં જોયા આપની ઝબાને મુબારકથી અલ્લાહ તઆલાનું કલામ સાંભળ્યુ આપે મને ફરમાવ્યુ કે તૂ યહૂદી અને ઈસાઈના ઈન્તેઝારમાં બૈઠો છે, ભુખ્યો છે તેઓમાંથી એક કોહે તૂર પર પોતાના નબી મૂસા عَلَيْهِ السَّلَام ની સાથે છે અને બીજો હઝરતે ઈસા عَلَيْهِ السَّلَام ની સાથે ચૌથા આસ્માન પર છે તૂ તેની રાહ ન જો અને આ હલ્વો અને ખાણુ ખાઈ લે તેણે કહ્યુ હું મારા નબીનો હુક્મ કેવી રીતે ન માનું ?

અગર તમને મૂસા عَلَيْهِ السَّلَام અથવા ઈસા عَلَيْهِ السَّلَام હુકમ કરતા તો આપ પણ ઈન્કાર ન કરી શકતા માટે મૈં તો એજ વખતે હલ્વો અને ખાવાનુ ખાઈ લિધુ.

**સબક :** બીજાઓની હદથી વધી જનાર ઝુટી ડિંગો થી ઈન્સાને પોતાની અકલ અને હોંશિયારીથી ફાયદો ઉપાડી લેવો જોઈએ.

## 《101》 ઉંટ, બળદ અને બકરીનો કિસ્સો

ઉંટ, બળદ અને બકરી એક સાથે જઈ રહ્યા હતા રસ્તામાં તેમને ઘાસનો એક નાનકડો છોડ દેખાયો દુમ્બાએ કહ્યુ કે અગર ઘાસના આ નાનકડા પુળાને ત્રણ ભાગમાં વહેંચીશુ તો કોઈનું પેટ નહીં ભરાય આપણા ત્રણમાંથી જેની ઉમર મોટી હોય તે આ ઘાસ ખાઈ લે કેમ કે મોટાનું માન જાળવવુ અને તેની ઈઝ્ઝત કરવી એવુ હદીસ શરીફમાં આવ્યુ છે. જો કે આજે તો મોટી ઉમરના લોકોને માત્ર બે જગ્યાએ આગળ કરવામાં આવે છે યા તો બગડી ગયેલ ખોરાકના સમયે અથવા ટૂટી ગયેલ પુલ પરથી પસાર થતા વખતે અરે રહેનુમા માર્ગ દર્શક શૈખ (પીર)ની ખિદમત પણ માણસ મતલબ વગર નથી કરતો તેઓની નેકી અગર આવી છે તો તેમની બુરાઈ કેવી હશે ?

જેવુકે એક બાદશાહની સવારી જુમ્માની નમાઝના માટે જુમ્મા મસ્જિદ જઈ રહી હતી નકીબ અને ચૌબદાર લોકોને રસ્તામાંથી હટાવવા માટે મારતા હતા મારવાવાળા કોઈનું માથુ તો કોઈના શરીરના બીજા અંગો પર મારતો હતો કે કોઈના કપડા ફાડતો હતો તે દરમિયાન એક માણસને લાઠી લાગી અને લોહી નિકળી આવ્યુ તો તે માણસે બાદશાહની સામે જોઈને કહ્યુ ખુલ્લો ઝુલ્મ જોઈલે તારા છુપાયેલા ઝુલ્મ કેવા હશે ? તારી નેકી એવી છે કે જુમ્મા મસ્જિદ જતી વખતે લોકોને ત્રાસ આપે છે તો તારી બુરાઈ અને નફરત કેવી હશે ?

ઊંટ અને બળદે બકરીની વાત સાથે સહમતી બતાડી અને દરેક પોતાની ઉમર વિષે બોલવાનું શરૂ કર્યુ બકરીએ કહ્યુ કે હું હઝરતે ઈસ્માઈલ عَلَيْهِ السَّلَام ની કુરબાની સમયના દુમ્બાની સાથી છુ બળદે કહ્યુ હું એ બળદનો જોડીદાર છુ જે હઝરતે આદમ عَلَيْهِ السَّلَام એ ખેતીવાડી માટે બનાવી હતી ઊંટે આ બન્નેની અજબ ગજબ વાત સાંભળીને માથું ઝુકાવી લિધુ અને ઘાસને એકજ નિવાલામાં ખાઈ ગયો તેણે કહ્યુ : મારે ઈતિહાસ બતાવવાની જરૂર નથી આવુ શરીર અને ઉંચી ગર્દન બધા જાણે છે કે હું તમારાથી નાનો નથી.

**સબક :** જ્યારે બીજાઓ બકવાસ કરે તો તૂ તેની વાતોથી રૌબમાં આવ્યા વગર પોતાનો હિસ્સો વસૂલ કરી લે.

## ﴾102﴿ ઉંદર અને દેડકો

એક ઉંદર અને એક દેડકો એક નહેરના કિનારે રહેતા હતા એક બીજાના ગાઢ મિત્ર બની ગયા બન્ને એક નક્કી થયેલ સમયે એક બીજાથી મુલાકાત કરતા હતા દિલના ભેદ એક બીજાને કહેતા અને બોઝ હલ્કો કરતા એક બીજાને મળવાથી દિલમાં ખુશી થતી માટે બન્નેની મિત્રતા અને વ્યવહાર વધી ગયા મુલાકાતનો શૌખ વધી ગયો તો બન્નેએ નક્કી કર્યુ કે જ્યારે કોઈ એકને બીજાને મળવાની ઈચ્છા થાય તો બન્ને વચ્ચે સંદેશા વ્યવહારની કંઈક વ્યવસ્થા હોવી જોઇએ.

ઉંદરે ખૂબ કોશિશ કરી સમજાવીને દેડકાને એવા તરીકા પર મુલાકાત માટે સમજાવ્યો અને એ તરીકો નક્કી થયો કે એક લાંબી દોરી લેવી જેનો એક છેડો ઉંદરના પગમાં અને બીજો દેડકાના પગમાં બાધેલ રહે દેડકાએ આ વાત બહુજ મુશ્કેલીથી સ્વીકારી તેને લાગ્યુ કે આ ઉંદર મને ફસાવે છે જોકે તેને આ વાત એકદમ નાપસંદ હતી પણ ઉંદરના આગ્રહના કારણે તેણે આ વાત માનવીજ પડી, દોરી લઈ અને બન્નેએ બાંધી લિધી. ઉંદરે દોરી ખેંચી અચાનક એક કાગડો

આવી ચડયો તેણે ઉંદરને ઉપાડી લીધો ઉંદર કાગડાની ચાંચમાં અને દેડકો દોરીથી બંધાયેલ હવામાં લટકેલ કાગડાને બોનસ.

લોકો કહેતા હતા કે કાગડાની ચાલાકી જુઓ કે પાણીના જાનવરનો શિકાર કરી લઈ જઈ રહ્યો છે દેડકાથી કોઈએ સવાલ કર્યો કે તૂ કાગડાનો શિકાર કેવી રીતે થઈ ગયો ? તેણે જવાબ દીધો કે આ સજા છે કમીનાની દોસ્તી કરવાની આ સજા છે નાજિન્સની સોહબતની.

**સબક :** ઈન્સાને પોતાનો સાથીદાર હમ જિન્સને બનાવવો જોઈએ બુરી સોહબત તેને મુસીબતમાં મુકી શકે છે જેવુકે કહેવત છે કે **''ના સમજની દોસ્તી જાનનો ખતરો''**.

## 《103》 સુલ્તાન મહેમુદ અને ચોરોની ટુકડી

સુલ્તાન મહેમૂદ રાતના સમયે ગશ્તમાં નિકળ્યા પછી એક વીરાન જગ્યાએ પહોંચી ગયો ત્યાં ચોરોની એક ટુકડી પહેલેથી હાજર હતી. મહેમૂદે વેશ બદલેલો હતો અને રાતનું અંધારૂ હતુ તે પણ તેઓમાં જઈ પહોચ્યો તેઓએ સુલ્તાન મહેમૂદ થી પુછયુ કે તે કોણ છે ? તો આપે જવાબ દીધો કે હું પણ તમારા માંથી એક છુ. ચોરોએ ચર્ચા વિચારણા શરૂ કરી સરદારે કહ્યુ કે તમારા માંથી દરેક પોતાની આર્ટ (આવડત), હુનર વિગૈરે બયાન કરે એકે કહ્યુ કે હું કુતરાના ભસવાથી તેનું બયાન અને તેનું કારણ સમજી લઉ છુ.

બીજાએ કહ્યુ : અય માલો દૌલતના પુજારીઓ ! મુકમ્મલ ખાસિયત મારી આંખમાં છે હું જો રાતના અંધારામાં પણ કોઈને જોઈ લઉ તેને બરાબર ઓળખી લઉ છુ. અને પછી તેને જ્યાં પણ જોઉ તો તુરંત ઓળખી કાઢુ છુ. ત્રીજાએ કહ્યુ : મારા બાવડામાં એ તાકત છે કે કિલ્લાની દિવાલ ભલે કેટલીએ ઉંચી હોય હું તેના પર કમંદ (લંગર) ફૈંકી શકુ છુ. ચૌથાએ કહ્યુ : હું તો સુંધીને ઘરના ખજાનાનું ઠેકાણુ જાણી લઉ છુ. એ કે કહ્યુ : મારી ખાસ વાત એ છે કે હું તાકતથી નકબ (લંગર)લગાવી શકુ છુ અને ઉંચામાં ઉંચી દિવાલ પણ સહેલાઈથી

ચઢી શકુ છુ પછી તેઓએ સુલ્તાનથી તેમની ખૂબી જાણવા માંગી. આપે કહ્યુ કે મારી તમામ તર ખૂબી અને મારૂ હુનર મારી દાઢીમાં છે જયારે જલ્લાદ ગુનેહગારોને પકડી લે છે અને તેને સજા કરવા માટે લઈ જાય છે તો હું દાઢી હલાવુ છુ અને તે બધાના બધાજ છુટી જાય છે.

બધાએ સુલ્તાનને કહ્યુ કે આ ચોરીના કામમાં તૂ અમારો કુતુબ છે જયારે પણ અમો મુસીબતમાં ફસાઈ જઇશુ તો તારા કારણે બચી શકીશુ બધાજ લુટમાર માટે નિકળી પડયા કુતરાએ પોતાની તરફથી ભસવાનું શરૂ કર્યુ તેણે કહ્યુ કે કુતરો કહે છે કે સુલ્તાન તમારી સાથે છે બીજાએ તળીયાની માટી સુંઘી અને કહ્યુ કે આ બેવા ઔરતનું મકાન છે અહીંયા ખાસ કંઈ નહીં મળે કમંદ (લંગર) ઉસ્તાદે કિલા પર કમંદ ફેંકી અને તે બધાજ અંદર દાખલ થઈ ગયા સુંઘવાવાળાએ બતાવ્યુ કે આ બાદશાહનો ખજાનો છે બહુજ માલ અને દૌલત છે નકીબ લગાવનારે યાની તાળા તોડનારે નકીબ લગાવી અને ખજાનો લઈ અને ચાલ્યા ગયા અને ખજાનો એક જગ્યાએ છુપાવી દીધો.

રાતના અંધારામાં સુલ્તાન છુપાતો છુપાતો પાછો આવી ગયો દિવસે એણે રાતના બનેલ બનાવનું કચેરીમાં વર્ણન કર્યુ. ફૌજ રવાના કરી કે ડાકુઓની ટુકડી પકડાઈ ગઈ ખજાનો તેમની પાસેથી હાસિલ થયો અને તમામ ડાકુઓને બાદશાહની અદાલતમાં પૈશ કરવામાં આવ્યા જે ચોરે દાવો કર્યો હતો કે તે રાતના અંધારામાં એકવાર જોયેલ માણસને ઓળખી કાઢે છે તેણે સુલ્તાન મહેમૂદને દરબારમાં ઓળખી લિધા અને ચેલેન્જ અને વિનંતી કરી કે રાતે થયેલા કરાર મુજબ બધાએ પોત પોતાના હુનર બતાવ્યા છે. અય બાદશાહ ! હવે હુનર બતાવવાનો તમારો વારો આવી ગયો છે માટે હવે તમે તમારી દાઢી હલાવો કે અમારા બધાનો જીવ બચી જાય અને અમો છુટી જઇએ.

**સબક :** યાદ રહે અલ્લાહ તબારક વ તઆલા બંદાથી નજીક છે અને બંદાને જાણે છે તે અલીમો ખબીર અને સમીઓ બસીર

(ઇલ્મવાળો, ખબરવાળો, સાંભળનાર અને જોનાર) છે અલ્લાહ તઆલા બંદાના તમામ કામો જુએ છે જાણે છે તો જેવી રીતે એક ડાકૂએ ગુનેહગારે રાતના અંધારામાં બાદશાહને ઓળખી લીધો અને તેના વાયદા મુજબ પોતાના માટે અને સાથીઓ માટે અમાન મેળવી લીધી તેમજ અગર બંદો પોતાના રબને ઓળખી લે તો પોતાના માટે અને સાથીઓ માટે અમાન પામીલે.

અલ્લાહ તઆલા પારહ 26 સૂરએ કાફ આયત નં. 16માં ફરમાવે છે. **તર્જમો :** અને હું તમારા દિલની રગ કરતા પણ તમારાથી વધારે નજીક છું અને ફરમાવે છે પારહ 27 સૂરએ હદીદ આયત નં. 4માં યાની એ (અલ્લાહ) તમારી સાથેજ છે તમે જ્યાં પણ રહો.

જો આટલી વાત ઈન્સાન સમજીલે કે અલ્લાહ મારી સાથે છે અને જુએ છે તો તમામ ગુનાહો ખતમ થઈ જાય અને તૌબા કરે તો કામિયાબ થઈ જાય.

જ્યારે સુલ્તાન જાણવા છતા કે એ ડાકૂ છે છતા વાયદો પુરો કરે છે તો અલ્લાહ તો કદી વાયદાના ખિલાફ કરતોજ નથી અને તેનો તૌબા કરનારને બક્ષવાનો વાયદો છે. اَلْحَمْدُ لِلّٰہِ عَزَّوَجَلَّ

## ﴾104﴿ કર્ઝદાર ફકીર અને એક સખી

મુલ્કના એક હિસ્સામાંથી એક ગરીબ કર્ઝદાર થઈને તબરેઝ આવ્યો તબરેઝમાં એક તાજીર જે બહુજ સખી હતો આ ફકીર આના પહેલા પણ તેની સખાવતનો ફાયદો ઉપાડી ચુક્યો હતો. મોટે ભાગે તે કર્ઝદાર રહેતો અને પછી તે તબરેઝના આ મુહતસીબની પાસે આવી જતો તે એને એવી રકમ આપી દેતો કે તેનું કર્ઝ પણ અદા થઈ જતુ અને બાકી થોડુ ખાવા પીવા માટે પણ બચી જતુ. આ વખતે તે નવહજાર અશરફીયો નો કર્ઝદાર થઈ ચુક્યો હતો અને એવા ઈરાદાથી તબરેઝ પહોચ્યો કે સખી પાસેથી લઈને કર્ઝદારોનો હક અદા કરે અને દેવુ ઉતારે.

તે આના ભરોસેજ કર્ઝ લેતો રહેતો હતો જ્યારે તે તબરેઝ પહોંચ્યો તો તે એ સખીના ઘર તરફ રવાના થયો ત્યાં પહોંચ્યો તો ખબર પડી કે તે સખી તો ત્રણ દિવસ પહેલા ઈન્તેકાલ કરી ગયો છે, તે ગરીબ આ સાંભળીને આધાતના કારણે બેહોશ થઈ ગયો એવુ લાગ્યુ જાણે કે તે પણ મરી ચુક્યો લોકોએ પાણી તથા અર્ક છાંટયુ તે હોશમાં આવ્યો તે તેણે કહ્યુ કે ખ્વાજા જોકે બહુજ સખી હતો પણ અય માલિક ! તારી અતાનો હમ સફર ન હતો અય રબ ! તેં માથું દીધુ તેણે ટોપી દીધી તેં ગણવા વાળા હાથ દીધા તેણે રોકડ દીધી તેં સવાર થવાવાળી અકલ દીધી તેણે મને સવારી દીધી તેં બીનાઈ (જોવાની શકતી, આંખમાં નૂર) દીધી તેણે શમા દીધી તેં ઉમર અને ઝિન્દગી દીધી તેણે રકમ દીધી. અય રબ ! જે કંઈ તેણે દીધુ એ પણ હકીકતમાં તારીજ અતા છે કે તેંજ તેને ગની યાની માલદાર અને સખી બનાવ્યો તે બહુજ રડયો કે તેના કર્ઝના કિસ્સા તબરેઝના પુરા શહેરમાં મશ્હૂર થઈ ગયા.

એ પરદેશી સાથે એક અન્ય શખ્સને હમદર્દી પૈદા થઈ તો તેણે પરદેશી માટે ચંદો ભેગો કર્યો પરંતુ ચંદો માત્ર સો દીનાર થયો તે ગરીબ એ સખીની કબર પર ગયો અને તેની તારીફ અને તૌસીફ બયાન કરવાના પછી કહ્યુ કે તેં જે સખાવતનો રિવાજ જારી કર્યો હતો તેને અપનાવવા વાળો પુરા તબરેઝમાં એક પણ નથી તે બોલ્યો કે કેવી રીતે તેણે મર્હુમ ખ્વાજાના વિશ્વાસે નવ હજાર અશરફીયો કર્ઝ લઈને વાપરી નાખી પરંતુ હવે તેની મદદ કરનાર કોઈ નથી આવી રીતે ગમના સમુદ્રમાં ડૂબીને પોતાના હમદર્દની સાથે ખ્વાજાની કબર પરથી પાછો આવી ગયો.

તેના હમદર્દે તેને સો દીનાર અને જમવાનું દીધુ અને તેને તસલ્લી આપી અને અડધી રાત સુધી તેની સાથે વાતો કરતો રહ્યો. અડધી રાત્રે બન્ને સુઈ ગયા તે હમદર્દ ઈન્સાને સ્વપ્નમાં ખ્વાજાને જોયો તેણે જોયુ કે ખ્વાજાએ તેને સ્વપ્નમાં ઈશારો કર્યો કે તેણે એ

પરદેશીની ફરિયાદ સાંભળી લીધી છે ખ્વાજાએ સ્વપ્નમાં તેને બતાડયુ કે મરવાના પહેલા તેણે પરદેશીનો ઈન્તેજાર કર્યો અને તેના માટે ચાંદી અલગ કરી હતી પરંતુ મૌતે તેને મુદ્દત ન આપી તેણે એક કટોરામાં ચાંદી અલગ મુકી તેના પર પરદેશીનું નામ લખી પોતાના ઘરના સહેનમાં એક જગ્યાએ દફન કરી છે.

ખ્વાજાએ તેને સ્વપ્નમાં કહ્યુ કે મારા વારસદારો ને કહો કે તે ચાંદી ત્યાંથી નિકાળીને આ પરદેશીના હવાલે કરી દે, અગર તે લેવાનો ઈન્કાર કરે તો પણ તેને લેવા માટે મજબૂર કરી દે તેના કદમોમાં નાખી દે ભલે કોઈ બીજો સાઈલ ત્યાંથી લઈ લે અગર મારા વારસદારો હદીયો આપવામાં આનાકાની કરે તો તેને કહી દો કે આ માલ આ પરદેશીની અમાનત છે અને તેને આપવાનો ઈન્કાર કરશો તો તમારા પર બલા નાઝિલ થવાની શકયતા છે. તે હમદર્દ પર આવેલા સ્વપ્નને તે પરદેશીની મદદ કરી દીધી અને તે ખ્વાજા જે સખી હતો તેણે મરવાના પછી પણ પોતાના નેક અમલનું ઝરણુ જારી રાખ્યુ. اَلْحَمْدُ لِلّٰہ عَزَّوَجَلَّ

**સબક :** અલ્લાહ તઆલાના નેક બંદાઓ ખાસ કરીને સખાવત કરનારાઓ પોતાની સખાવતના કારણે અલ્લાહ તઆલાના મુકર્રબ બની જાય છે અને મરવાના પછી પણ તેમનો ફૈઝ જારી જ રહે છે.

## ﴾105﴿ ખ્વારજમ શાહ અમાદુલ મુલ્ક અને ઘોડો

ખ્વારજમ શાહે સફરના દરમિયાન એક અમીરનો ઘોડો જોયો ચુસ્તી સ્ફુર્તી અને ખૂબ સૂરતી તથા દેખાવમાં બે મિસાલ હતો. બાદશાહને એ ઘોડો પસંદ આવી ગયો તેણે ઈશારો કર્યો કે તેને શાહી અસ્તબલ (તબેલા)માં લઈ આવો તે અમીરને ખબર પડી તે ઘોડો તેની કુલ મિલ્કત હતી અને તે એને બચાવવા માંગતો હતો પરંતુ ખ્વારજમ શાહના હુક્મ આગળ કોનામાં શકતી હતી કે દમ મારી શકે તે અમીરે વઝીર અમાદુલ મુલ્કનો સહારો લીધો.

અમાદુલ મુલ્ક ખ્વારજમ શાહનો ખાસ વઝીર અને ભરોસા પાત્ર હતો તેણે એકદમ નમ્રતા (નરમી) અને આજિઝીની સાથે ખ્વારજમ શાહની ખિદમતમાં રજુઆત કરી કે તેઓ એ ઘોડો લઈ લેવાનો ઈરાદો છોડી દે. શાહ એમ સમજયો કે ઘોડામાં કાંઈક ખામી છે તેણે અમાદુલ મુલ્કથી પશ્ન કર્યો કે શું તે ઘોડો ઉમ્દા નથી ? અમાદુલ મુલ્કે જવાબ દીધો કે જેને બાદશાહની આંખ પસંદ કરી લે તે ઉમદાજ હોય પરંતુ એ ઘોડામાં એક ખામી છે કે તેનું માથુ બળદ જેવુ છે જયારે આ વિચાર બાદશાહના દિલમાં જગ્યા મેળવી ગયો તો તેણે એ ઘોડો છીનવી લેવાનો વિચાર છોડી દીધો, ઘોડો તેની સામે લાવવામાં આવ્યો પણ તેણે તેને પાછો મોકલી દીધો પરંતુ ખ્વારજમ શાહે અનુભવી જાણી લિધુ કે ઘોડો ખૂબ સૂરતીનો બહેતરીન નમુનો છે અને ઘોડામાં એ ખામી જે અમાદુલ મુલ્કે કહી તે ખામી નથી, છતા પણ તેણે ઘોડાને પાછો આપી દેવામાં એ હિકમત જોઈ મારે તેના માલિકની મરઝીની વિરૂધ્ધ ઝુલ્મ કરીને ઘોડો લઈ લેવો તે યોગ્ય ન હતુ અને અમાદુલ મુલ્ક તેને આ અયોગ્ય કામથી રોકવા માટે મિન્નતો સમાજત અને વિનંતી અને ઘોડામાં ગલત ઐબ બતાવતો હતો કે હું આ કામથી દૂર રહૂ શાહની નઝર આગાઝ (ઈબ્તેદા, શરૂઆત) પર હતી અને અમાદુલ મુલ્કની નઝર અંજામ (પરીણામ) પર હતી.

## 106 બાદશાહ અને તેના ત્રણ શાહઝાદા

એક મુલ્કનો બાદશાહ હતો તેને ત્રણ જવાન દીકરા હતા ત્રણે બહાદુર, સખી અને દિલૈર હતા બાદશાહે શાહઝાદાઓને કહ્યુ કે તેઓ રાજ્યમાં સફર કરે અને પોતાના સ્ટેટના અલગ અલગ વિસ્તારોને જુએ કે ભવિષ્યમાં તેમણેજ તેનો વહીવટ સંભાળવાનો છે. બાદશાહે તેમને પાટનગરથી રવાના કર્યા અને જતી વખતે તેમને નસીહત કરી કે તેઓ પુરા રાજ્યમાં જાય પણ એક કિલ્લો જેનું નામ "હોશરબા" છે ત્યાં ન જાય એવુ ન બને કે હવસ તેમને ભટકાવી દે એવુ ન બને કે

ના કહેવા છતા એ કિલ્લામાં પહોંચી જાય અને હમેશાના માટે બદ બખ્તીમાં જઈ પડે. બાદશાહના ત્રણેએ દીકરા સલ્તનતની સફર પર બાદશાહની ઈજાઝતથી રવાના થયા પરંતુ ઈન્સાનને જે ચીઝથી રોકવામાં આવે તેની તરફ તેનું ખેંચાણ અને ઈચ્છા વધી જતી હોય છે.

હવે બાપના ના કહેવા છતા તે ત્રણેએ ‘‘હોશરબા’’ કિલ્લા તરફ પ્રયાણ કર્યુ તેઓ એ તસ્વીરો વાળા કિલ્લામાં પહોંચી ગયા તેમાં સફર કરી રહ્યા હતા કે અચાનક તેમને એક તસ્વીર નઝર આવી જે ચીનના બાદશાહની કુંવરીની હતી તે યુવતી એટલી બધી સુંદર અને ખૂબ સૂરત હતી કે ત્રણેય શાહઝાદા હોશ ખોઈ બૈઠા અને તેના આશિક થઈને ફિત્નામાં પડી ગયા, તેઓએ હવે એ તસ્વીર વાળી યુવતીને પામવા માટે પ્રયત્નો શરૂ કર્યો અને તેઓ ઈશ્કના બીમાર થઈ ગયા.

ઈશ્ક એક એવી બીમારી છે કે જે તેમા સપડાઈ જાય તો તેને કોઈ પણ જાતની દવા પણ અસર નથી કરતી મરીઝે ઈશ્ક પર ખુદાની રહેમત બીમારી વધતીજ ગઈ જેમ જેમ દવા કરી, ત્રણેય ભાઈઓ એક સાથે એકજ બીમારી ઈશ્કની બીમારીની તક્લીફમાં હતા એટલે એક બીજાતી આપસમાં ચર્ચા કરી લેતા હતા.

મોટા ભાઈએ કહ્યુ કે અમે તો બીજાઓનું માર્ગ દર્શન કરવાવાળા બીજાઓની રહેનુમાઈ (ગાઈડ) કરનાર અને નસીહત કરનાર છીએ પરંતુ હવે ખુદ બીમાર થઈ ગયા અમને કંઈજ સમજાતુ નથી મોટા ભાઈ વધુમાં બોલ્યો કે અમે તો પુરી દુનિયાને સબ્ર સબ્રની નસીહત કરી પરંતુ પોતાના બારામાં હૈરાન અને પરેશાન થઈ ગયા અમારી અકલ જે બીજાઓના દર્દનો ઈલાજ હતી જ્યારે પોતે દર્દમાં ફસાઈ ગયા તો રસ્તો નથી મળતો. ઈન્સાન બીજાઓને સલાહ આપવામાં કે માર્ગ દર્શન કરાવવામાં અલગ અલગ આઈડિયાઓ રાખે પરંતુ પોતાની મુશ્કેલીનો હલ કરવાનું તેના હાથમાં નથી એટલા માટેજ કહેવાયુ છે કે બીજાઓથી સલાહ મશ્વરો કર્યા કરો.

એ ત્રણે શાહઝાદાઓએ ચીન જવાનું નક્કી કર્યુ કે જેટલુ બની શકે પોતાની મંઝિલથી નજીક જઈ શકે જોકે લક્ષ્ય (ટાર્ગેટ) પામવુ અશ્કય છે, છતા પણ શક્ય તેટલી નઝદીકી પામવી એ પણ દિલને રાહત પહોંચાડે છે તેઓએ પોતાનું રાજ્ય પોતાના માં બાપ વિગૈરેને અલવિદા કહ્યુ અને ચીન તરફની સફર શરૂ કરી દીધી ચીન પહોંચી ગયા અને લાંબા સમય સુધી પોતાની જાતને તેમજ પોતાના ઈરાદાને લોકોથી છુપાવી રાખ્યો પોતાના ઈરાદા વિષે જાણ કરવા માટે નવી નવી તરકીબો અપનાવી કે ચીન આવવા અને પોતાની બેકરારી બેચૈનીના બારામાં ચર્ચા કરે પરંતુ જે ચીનના રહેવાસીઓ ન સમજે જાણી ન જાય.

તેઓ ઈન્ડાયરેકટ પર્દા પર્દામાં ચર્ચા કરતા હતા પણ પછી એક દિવસ મોટો ભાઈ ન રહી શકયો તેના સબ્રનો પ્યાલો છલકાઈ ગયો અને તેણે નાના બન્ને ભાઇઓથી વિચારણા કરી કે તેઓ ચીનના બાદશાહના દરબારમાં પહોંચી જવા ચાહે છે અને પોતાનો ઈરાદો જાહેર કરે તેના ભાઇઓએ મનાઈ કરી પરંતુ તેનો આગ્રહ અને તડપ જોઇને તેમણે કહ્યુ કે કોઈ અકલમંદથી સલાહ લે.

પુરા ચીનમાં એ વાત મશ્હૂર હતી કે બાદશાહને ત્યા ઔલાદ નથી બેટી તો દૂરની વાત પણ તેનો કોઈ સાથી પણ નથી બલ્કે એ બાદશાહે કોઈ ઔરતની સાથે કંઈ સંબંધ જ નથી રાખ્યો, તો ઔલાદ ક્યાંથી અને કેવી રીતે હોઈ શકે ? એ બાદશાહનો તરીકો એ હતો કે જો કોઈ બાદશાહ અથવા શાહઝાદો તેની બેટી સાથે રિશ્તો માંગતો તો તે તેની સામે એ શર્ત કરતો કે પહેલા મારી બેટી તપાસ કરો, તલાશ કરો અગર તમે મારી બેટી સાબિત કરી દો તો સારી વાત છે નહીંતર હું તમારી ગર્દન શરીરથી અલગ કરી દઈશ.

એણે આના પહેલા ઘણા બાદશાહ અને શાહઝાદાઓને મારી નાખ્યા હતા. નાના ભાઇઓએ આ બધુ કહ્યુ પણ મોટાભાઈએ હવે

વધારે સબ્ર કરવાથી ઈન્કાર કરી દીધો અને અંતે પોતે પોતાને ચીનના બાદશાહના હવાલે કરી દીધો તેણે શાહની તાઝીમમાં ઝમીનને બોસો દીધો તેણે પોતાને ઈશ્કની અધીકતાના કારણે નહીં કે લાપરવાહી કે ગુસ્તાખીના કારણે બાદશાહના હવાલે થવાનું પસંદ કર્યુ.

શાહ પર શાહઝાદાના દિલના તમામ અહેવાલ ખુલ્લાજ હતા પરંતુ લોકલ સલાહકાર લોકોએ તેનો સંપુર્ણ પરિચય કરાવ્યો તેમણે કહ્યુ : આ શાહઝાદો છે તખ્તો તાજ એના માટે ઈન્તેઝારમાં છે પરંતુ આપની ગુલામી તેના દિલમાં વસી ગઈ છે તે તખ્તો તાજ છોડીને આપની ગુલામીમાં આવી ગયો છે તે આપનાથી મુલ્ક કે સલ્તનત નથી માંગતો બાદશાહે કહ્યુ કે જે મુલ્ક અને હોદ્દા માંગે છે તે તેને આપવામાં આવે પરિચય કરાવનારે કહ્યુ કે તે તેનો સવાલી નથી તમારી ગુલામી તેની નઝરમાં કેટલીયે બાદશાહત અને સલ્તનતથી વધીને છે તે આપનો આશિક છે અને એ હોદ્દોજ તેના માટે બહુ છે તેને આશિકના મર્તબાથી રદ ન કરો તે ઘણા સમય પહેલા આવવા માંગતો હતો પરંતુ હિમ્મત ન હોતો કરી શકતો, હાજર થવાની સદનસીબી પણ શાહના કરમથીજ મળે છે હવે તેને રજા મળીતો તે હાજર થયો.

શાહની મહેરબાનિયોના કારણે શાહઝાદાનો ગમ ઓછો થયો જે શખ્સ સરદારીનો તલબગાર હોય પહેલા કૈદખાનામાં જવુ પડે છે આ દુનિયાના ચેહરાઓના નક્શા ઉલ્ટા છે અહીંયા દુનિયાની ગુલામી કરનારનું નામ દુનિયાના માલિક જેવા હોય છે શાહ એ શાહઝાદાને ખુબજ નવાઝતો રહ્યો પરંતુ તેની ઉમરે વફાદારી ન કરી તેનો અંતિમ સમય આવી ગયો તેના જનાઝામાં તેનો વચલો ભાઈ શામિલ થયો જ્યારે સહુથી નાનો ભાઈ બીમારીના કારણે ન આવી શકયો વચલા ભાઈનો બાદશાહને પરિચય થયો અને હવે તે ભાઈ શાહના દરબારમાં તેની સાથે રહેવા લાગ્યો.

બાદશાહની મહેરબાની અને મહોબ્બત આની સાથે પણ એવીજ હતી જેવી તેના મોટાભાઈની સાથે હતી પરંતુ શાહઝાદો વસ્વસાનો શિકાર થઈ ગયો જે શાહઝાદાની બે પરવાઈ અને કશ્ફના કારણે પૈદા થયા માટે શાહઝાદો બાદશાહથી નાશુક્રી અને બગાવતનો ઈરાદો કરતો હતો. બાદશાહને શાહઝાદાની બાતિની કૈફિયતની ખબર પડી ગઈ પરંતુ શાહઝાદો એમ સમજતો રહ્યો કે બાદશાહ મારા ઈરાદાથી બે ખબર છે શાહઝાદો શરાબના નશામાં મસ્ત અને બે ખુદીના ઘોડા પર સવાર હતો કે બાદશાહના ગુસ્સામાં અને પકડમાં મૌતને હવાલે થઈ ગયો જે ત્રીજો શાહઝાદો જે બન્ને કરતા સુસ્ત હતો તેણે સૂરત અને મકામ બન્ને હાસિલ કરી લિધુ તેણે શાહઝાદી અને સલ્તનત બન્ને પામી લિધુ.

**સબક :** ઈન્સાનને જે કામથી રોકવામાં આવે તેની તરફ તેની તડપ વધી જાય છે જાણવા મળ્યુ કે ઈશ્કનો રોગી લા-ઈલાજ હોય છે.

## ﴾107﴿ કાઝી અને જૌઝી

જૌઝી એક મુફલીસ અને નાદાર શખ્સ હતો તેની પત્ની હસીનો જમીલ અને જવાન હતી તે હમેશા પોતાની પત્નીને કહેતો કે તારી પાસે ખૂબ સૂરતી અને જવાનીની જાળ છે તેમાં કોઈને ફસાવ અને તેની પાસેથી પૈસા પડાવ પરંતુ ગુનોહ કર્યા વગર જૌઝીની પત્નીએ પોતાના શૌહરની વાત માની અને કાઝીની અદાલતમાં ગઈ.

કાઝીની પાસે તો એ ઔરત પોતાના શૌહર વિષે ફરિયાદ લઈને ગઈ તે નકટો છે લુખ્ખો છે કંઈ કમાતો નથી તેને ન કપડા આપે છે કે ન તો ખોરાકની વ્યવસ્થા કરે છે કાઝી તેના હુસ્ન અને વાતચીત કરવાના અંદાજનો આશિક થઈ ગયો.

કાઝીએ કહ્યુ : અત્યારે કચેરીમાં લોકોના ટોળા અને શોરો ગુલ છે હું તારી ફરિયાદ પણ નથી સાંભળી શકતો અગર તૂં એવા

સમયે આવે કે જ્યારે કોઈ ન હોય અને એકાંત હોય તે વખતે અગર તૂ મને વિસ્તારથી પોતાના શૌહરના ઝુલ્મની દાસ્તાન કહે તો હું તારી મદદ કરીશ. સ્ત્રીએ જવાબ દીધો : તમારી પાસે સમય જ ક્યાં હોય છે ? આપના ઈન્સાફના કારણે દરેક સમયે દાવો કરવાવાળાઓની ભીડ લાગેલીજ હોય છે તમારી કોર્ટમાં અને ઘર પર પણ એજ હાલત હોય છે અગર તમે મારા ઘરે તશરીફ લઈ આવો તો આપણને એકાંત નસીબ થાય, મારો શૌહર ગામડે ગયો છે ચોકીદાર પણ નથી અગર શક્ય હોય તો રાત્રેજ મારા ઘરે આવી જાવ રાતનું કામ શૌહરત વગર અને ખાનગી રહી શકે છે એ મીઠી બોલી અને નખરાએ કાઝી પર એવી અસર કરી દીધી કે તે પાણી પાણી થઈ ગયો.

મહીલાઓના મક્ર (હિલા, બહાના) હદથી પણ વધુ હોય છે અકલમંદ કાઝી પણ સ્ત્રીની જાળમાં ફસાઈ ગયો અને રાતના સમયે જૌઝીની પત્નીને મળવા ચાલ્યો, હજી તો કાઝીએ સ્ત્રીને પોતાની બગલમાં બેસાડીજ હતી કે જૌઝી આવી ગયો અને તેણે દરવાજા પર દસ્તક દીધી. કાઝીએ છુપાવાની કોશિશ કરી પણ એક મોટા પટારા સિવાય ઘરમાં કંઈજ ન દેખાયુ, તે ઘભરાહટમાં એ પેટીમાંજ જઈ પડયો જૌઝીએ પત્નીને બુરૂ ભલૂ સંભળાવવાનું શરૂ કર્યુ કે અય દુશ્મન ! હું તને ખુલૂસની સાથે દિલોજાન થી ચાહુ છુ પણ તૂં મને મુફલીસ કહે છે મને બદનામ કરે છે.

મુફલીસ તો હું ખુદાને લિધે છુ પણ તેં આજે કાઝીની અદાલતમાં જઈને પણ મારી વિરૂધ્ધ બકવાસ કર્યો મને કોર્ટનાજ એક માણસે બતાવ્યુ છે તૂં જાણે છે કે હું મુફલીસ તથા કંગાળ એક આ પટારા સિવાય મારી મિલ્કતમાં કંઈ નથી આ સંદુક મારી બદ બખ્તી છે લોકો એમ સમજે છે કે મૈં આમાં ખજાનો છુપાવી રાખ્યો છે એટલા માટે તેઓ પોતાની ખૈરાત કે બખ્શિશ મને નથી આપતા, હવે હું ચાહુ છુ કે હું લાકડાની આ પેટીને ચાર રસ્તા પર લઈ જઈને આગ

લગાડી દઉ જેથી કરીને યહૂદી, ઈસાઈ અને મુસલમાન બધા જોઈલે મારી આ મિલ્કત પણ ઢોલની જેમ પોલી અંદરથી (ખાલી) છે તે પાગલોની જેવી હરકત કરતો હતો. તેણે એક દોરડુ લઈ પેટીને ઉપરથી બાંધી દીધી અને સવારના ટાઈમે હમાલને બોલાવી લાવ્યો, પેટી તેની કમર પર રાખી દીધી અને તેને ચોકની તરફ રવાના કર્યો. કાઝીએ રસ્તામાં તક્લીફના કારણે પેટીની અંદરથી હમાલને અવાજ દીધી પહેલા તો એ પણ હૈરાન થયો કે અવાજ ક્યાંથી આવે છે ? પછી હમાલ સમજી ગયો કે અવાજ પેટીની અંદરથી આવે છે તેણે ધ્યાન દઈને સાંભળ્યુ તો કાઝીએ કહ્યુ : જલ્દીથી કચેરી જા અને મારા નાયબને ખબર આપ કે કાઝી સંદુકની અંદર છે અને તે આવીને આ પટારો ખરીદી લે હમાલે એક બીજા રસ્તે જનારને સંદેશો આપી ને કચેરી રવાના કર્યો. કાઝીના નાયબે કિસ્સો સાંભળ્યો તો એ હૈરાન થઈ ગયો અંતે એ ચૌકમાં આવ્યો જ્યાં જૌઝીએ આગ સળગાવી રાખી હતી અને શૌર બરપા હતો લોકોની ભીડ એકઠ્ઠી થઈ ગઈ હતી જૌઝી કહેતો હતો કે હું આ પટારો સળગાવીશ એટલામાં કાઝીનો નાયબ આવી ગયો.

તેણે જૌઝીને કહ્યુ : શા માટે પટારો સળગાવે છે ? બતાવ આની કીમત શું છે ? હું આને ખરીદી લઉ છુ. જૌઝીએ કહ્યુ કે નવસો દીનાર મને આપી રહ્યા છે પણ મૈં નથી વેચી. તૂ એક હઝાર દીનાર આપીને ખરીદી લે. કાઝીના નાયબે કહ્યુ : આવી મામૂલી સંદુકની આટલી બધી કીમત ? જૌઝીએ કહ્યુ : તૂ ચીઝ જોઈને કીમત નક્કી કરજે હું આ પટારો ખોલુ છુ તૂ સારી રીતે અંદરની ચીઝ જોઈને કીમત દઈ દેજે.

કાઝીના નાયબે કહ્યુ : ખોલવાની જરૂર નથી તૂ આમજ વાત કર પર્દાપોશી બહેતર છે આપણે બધાજ પટારામાં છીએ આપણા કરતૂતોના કારણે, પરંતુ એ રહીમો કરીમ અલ્લાહે પટારાનું મોં બંધ

રાખ્યુ છે અગર તૂ કોઈની ઐબ (રાઝ ફાશ) જાહેર કરીશ તો એ પણ તારા રાઝ ફાશ કરશે તૂ આમજ કીમત માંગી લે ભાવ તાલ અને રકઝક કરીને કાઝીના નાયબે એ પટારો એક હજાર દીનારમાં ખરીદી લિધો.

એક વર્ષ વીતી ગયુ જૌઝીની પત્ની ફરી એકવાર એજ કોર્ટમાં કાઝીની પાસે ફરિયાદ લઈને આવી આ વખતે તેણે એક બીજી સ્ત્રીને દરમિયાનમાં રાખી જેથી કાઝી તેની સાથે વાત કરતા સમયે ઓળખી ન લે કાઝીએ ન ઓળખી અને તેણીને કહ્યુ કે જા તૂ જેના બારામાં ફરિયાદ કરવા ચાહે છે તેને સાથે લઈને આવ યાની તારા શૌહરને લઈ આવ કાઝીએ પહેલી વખતે જૌઝીને જોયો ન હતો કે પોતે પટારામાં હતો માટે પહેલા કાઝીએ તેને ન ઓળખ્યો કાઝીએ તેને કહ્યુ કે તૂં આ સ્ત્રીને ઘર ખર્ચ કેમ નથી આપતો ? તેણે જવાબ દીધો કે મારામાં તો કફન ખરીદવા જેટલી પણ શકતી નથી, બસ મક્રો ફરેબ અને હિલા બહાનાથી ગુઝર બસર કરૂં છુ. કાઝીએ તેની અવાજને કે જે વખતે તે પટારામાં હતો તે સાંભળી હતી, હવે તેને ઓળખી કાઢયો તે બોલ્યો : સારૂ ! તો તૂં એ છે જેની સાથે ગયા વર્ષે મારા પનારા પડયા હતા. હું તમારો મુકદ્દમો સાંભળવા નથી માંગતો, તૂ જા જઇને બીજા કોઈ કાઝીને ફસાવ અને પોતાનો કેસ ત્યાં દાખલ કર.

**સબક :** મહીલાઓના મક્રો ફરેબ અને ચાલાકી લુચ્ચાઈ થી બચવા માટે હઝરતે યુસૂફ عَلَيْهِ السَّلَام જેવા તકવા અને ઈમાન જોઈએ, છતા પણ ઈન્સાન તેની તરફથી પોતાની જાતને બચાવવા માટે સાવચેત રહેવુ જોઇએ અને બચવાના પ્રયત્ન કરવા જોઈએ.

## ﴾108﴿ હઝરતે ઈઝરાઇલ عَلَيْهِ السَّلَام નો કિસ્સો

એક વખત અલ્લાહ તઆલાએ હઝરતે ઈઝરાઈલ عَلَيْهِ السَّلَام ને પુછયુ કે બતાવ કે કૌની રૂહ નિકાળતા વખતે તને સહુથી વધારે રહમ

આવી ગયો. હઝરતે ઈઝરાઈલ عَلَيۡهِ السَّلَام એ કહ્યુ : મને બધા પર રહમ આવે છે પરંતુ હું તારા હુક્મ પર અમલ કરૂ છુ. અલ્લાહ તઆલાએ સવાલ કર્યો કે બતાવ તારૂ દિલ કૌની મૌત પર બધાથી વધારે બળ્યુ. જવાબ દીધો : એક દિવસ તેજ મૌઝાઓ પર હોડી દરિયામાં જઈ રહી હતી મૈં તારા હુક્મ થી તેને રેઝા રેઝા કરી દીધી પછી તેં હુક્મ દીધો કે બધાને મૌત આપી દે, એક સ્ત્રી અને તેના દૂધ પીતા બાળક સિવાય મૈં તે માં-બેટા સિવાય બધાની રૂહ કબ્ઝ કરી તે બન્ને એક પાટીયા પર રહી ગયા તે પાટીયુ પાણીની મૌઝો સાથે વહેતુ હતુ હવાએ પાટીયાને મૌઝ પર નાખી દીધુ એ બન્નેના બચી જવાથી મારૂ દિલ ખુશ થયુ એ વખતે મને હુક્મ થયો કે તે સ્ત્રીની રૂહ કબ્ઝ કરૂ અને બચ્ચાને એકલુ છોડી દઊ. મૈં બાળકને માં થી અલગ કર્યુ મને આ બનાવ બહુજ વધારે તલ્ખ (કડવો) દુખદ લાગ્યો.

અલ્લાહ તઆલાએ કહ્યુ કે મૈં હવાને હુક્મ દીધો અને મારા કરમ થી હવાએ બાળકને એક પહાડ પર નાખી દીધુ જે ફુલો અને મેવાઓથી ભરેલ ઝાડી હતી. મૈં બાળકની શાન બાન અને ઠાઠથી પરવરીશ કરી પક્ષીઓ ગાયન સંભળાવતા હતા મૈં સૂરજ, હવા અને વરસાદને કહ્યુ કે આ બાળકને તક્લીફ ન પડે તેમ વર્તો અને તેની બરાબર દેખભાળ રાખો અને આવી રીતે મૈં ફિતરતની તમામ તાકતોને તેની સેવામાં અને પરવરીશ પર લગાડી દીધી.

**સબક :** અલ્લાહ તબારક વ તઆલાના તમામ કામોંમાં અનેક હિક્મતો અને મસ્લેહતો હોય છે એ અલગ વાત છે કે ઈન્સાન તથા ફરિશ્તાઓ પણ તેને સમજવામાં લાચાર હોય છે સિવાય એ બંદાઓ જેને અલ્લાહ તઆલા તાલીમ ફરમાવે. એટલા માટેજ કહેવાયુ કે અલ્લાહ જે બંદાને ચાહે હિક્મત અતા કરે છે અને જેને હિક્મત આપવામાં આવી તેને ખૈરે કસીર (અધીક ભલાઈ) અતા થઈ.

## 《109》 દુનિયાની મિસાલ

દુનિયા એક ભઠ્ઠીની બરાબર છે જેમાં ગોબર સળગાવવામાં આવે છે (જેને છાણા કહેવાય છે) અહલે દુનિયા યાની દુનિયાદાર છાણાં (સુકુ ગોબર) ભેગા કરતા રહે છે તેઓ આ ભઠ્ઠીના ખાદિમ છે જેઓ છાણાં સળગાવે છે અને ભઠ્ઠીને ગરમ રાખે છે ભઠ્ઠી હમામને ગરમ રાખે છે હમામમાં પાણી છે આ પાણી વડે મુત્તકી પરહેઝગાર લોકો ગુસ્લ કરે છે વુઝૂ કરે છે અને પોતાની નાપાકી તથા મેલ કચરો દૂર કરે છે દુનિયાદાર જેઓ છાણાં ભેગા કરે છે તેઓ ફખ્ર કરે છે મૈં આટલા નાણાં છાણાં ભેગા કરી લીધા, વધારેમાં વધારે પર તેઓને ગર્વ છે જ્યારે કે અહલે સફા પરહેઝગારોની નઝદીક છાણાં એકઠ્ઠા કરવા એ કોઈ કાબિલે ફખ્ર વાત નથી.

આવીજ રીતે જે ખાદિમો (કેહવાતા માલદારો) જેઓ દુનિયાની ભઠ્ઠીને ગરમ રાખે છે તેમના કપડા થી સિયાહ રંગ દિલની કાળાશ અને ધુમાડો વધતો રહે છે અગર તને ન દેખાય તો પણ તેની દુર્ગંધ તો જરૂર મહેસૂસ થશેજ તેઓ કાળા છે કપડાથી કાળા, દિલથી કાળા પણ સવાર થી સાંજ સુધી દુનિયાની ભઠ્ઠી ગરમ રાખવી અને હમામનું પાણી ગરમ રાખવુ આ તેમનો ધંધો છે, જ્યારે અહલે તકવા આવીને હમામમાં નાહીને પોતાનું બદન અને ચહેરો ચમકાવીને ચાલ્યા જાય છે.

ઈન્સાનની હિર્સ લાલચ આગ છે તેની ચિંઘારીઓ દરેક તરફ ઉડી રહી છે રૂપિયા પૈસા ભેગા કરવાવાળા ભઠ્ઠીના માલિક જેવા છે માલ ભેગો કરવાવાળા ગોબરના ટોકરાના ટોકરા જમા કરી રહ્યા છે.

**સબક :** દુનિયા ભેગા કરવાની તમા અને લાલચ ઈન્સાનને ભઠ્ઠીનો માલિક બનાવી દે છે તે હમામની નજીક રહીને પણ પોતાની ઝિન્દગીને ગંદકી અને નાપાકી થી પાક નથી કરતો પરીણામે હમેશા

ગુનાહોના કીચડમાં ડૂબેલો મેલો કુચેલોજ રહે છે અને આવી રીતે દુનિયાનો આશિક દુનિયા તેમજ આખિરત બન્નેમાં નુક્સાનમાં રહે છે. જેવુ કે પારહ 1 અલ બકરહ આયત નં. 86માં અલ્લાહ તઆલા ફરમાવે છે **તર્જમો :** જે લોકોએ આખિરતના બદલે દુનિયાની ઝિન્દગી ખરીદ કરી લીધી તેમના પરથી અઝાબ હલ્કો કરવામાં નહીં આવે અને ન તેમની કોઈ મદદ કરવામાં આવશે. અને જે લોકો દુનિયામાંજ મશ્ગૂલ રહે છે આખિરતમાં તેમનો કોઈ હિસ્સો નથી. અને અલ્લાહ તઆલા પારહ 11 સૂરએ યૂનુસ આયત નં. 7 અને 8માં ફરમાવે છે : **તર્જમો :** તેઓ કે જે અલ્લાહને મળવાની ઉમ્મીદ નથી રાખતા અને દુનિયાની ઝિન્દગી પસંદ કરી બૈઠા અને દુનિયા પર રાઝી થઈ ગયા અને અમારી આયતોથી ગફલત કરી બૈઠા તેઓનું ઠેકાણુ દોઝખ છે. (તેઓ આગમાં જશે)

## ﴾110﴿ ઝૂઠી તારીફ અને શૈખી

એક શખ્સ ઈરાકથી ગોદડી પહેરીને આવ્યો કેટલાય વર્ષો સુધી દોસ્તોથી અલગ રહ્યો હતો તેમણે જુદાઈના વર્ષો વિષે જાણવા માંગ્યુ. તેણે જવાબ દીધો : હાં જુદાઈ તો હતી પણ સફર તેના માટે ખુશ ગવાર અને મુબારક રહી તે ખલીફાથી મળ્યો તેણે દસ શામી જોડી કપડાની ભેટ આપી, તે ખલીફાનો શુક્રિયા અને તારીફ કરતો રહેતો હતો તેણે ખૂબ વખાણ કર્યા. તો દોસ્તોએ કહ્યુ : તારા પુરા શરીર પર ક્યાંય બાદશાહની ઈનાયતો નઝર નથી આવતી તારી ઝબાન શાહની તારીફ કરે છે પણ તારા સાતેય અંગો તારી વાતની વિરૂધ્ધ ગવાહી આપે છે, તારા શરીર પર એક ખિલઅત નથી. તે બોલ્યો કે એ તો મૈં ગરીબો મિસ્કીનોમાં વહેંચી દીધી. લોકોએ કહ્યુ : એ તો ઠીક છે પણ તારા સ્વભાવમાં તે ઉચ્ચતા, ત્યાગ, કુરબાની અને નેકુકારીની કોઈ નિશાની નથી જોવાતી.

અલ્લાહ તઆલાની રાહમાં ખર્ચ કરવો એ તો એવુ છે જેવુ કે ઝમીનમાં બીજ વાવવુ અગર દુનિયામાં બીજ નાખવામાં આવે તો તે સૌ દાણા પૈદા કરે છે. અલ્લાહની ઝમીન તો વસીઅ છે તેમાં બીજ વાવવુ તો બેહદ અને બે હિસાબ અજ્રો સવાબનું નિમીત બને છે એ અલગ વાત છે કે તે ઈન્આમો અમને આજે કદાચ નઝર નથી આવતા પરંતુ અલ્લાહનો વાયદો સાચો જ છે.

**સબક :** ઝબાની બક બક અને મોટાઈ કરવા છતાં હાલત અને પોઝિશન જોઈને લોકો ઝૂઠ પકડીજ પાડતા હોય છે અને આવા ફાંકા મારવા ઈન્સાનના માટે બે ઈઝ્ઝતીનું કારણ બનતુ હોય છે.

## ﴾111﴿ બંદાની પોતાના રબથી શિકાયત

એક વખત એક ઈન્સાને અલ્લાહ તઆલાની ઈબાદત કરવાનું શરૂ કરી દીધુ અને તે પરવરદિગારની ઈબાદતમાં એટલો મશ્ગૂલ થઈ ગયો કે દુનિયામાં બધાજ કામ છોડીને અલ્લાહ પાકની ઈબાદતમાં લાગી ગયો સાચા દિલથી અલ્લાહની રિઝામાં ખુશ રહેવા માટે ઈન્સાનિયતની રાહમાં ચાલી પડયો.

મૌલાના ફરમાવે છે કે એક એવો સમય આવી ગયો કે તેના ઘરમાં કંઈ ખાવાનું પણ ન બચ્યુ અને એક એવો સમય પણ આવી ગયો કે ઘર પણ ન બચ્યુ અને હવે તે માણસ મૌતના ઈન્તેઝારમાં ચાલી નિકળ્યો એક દિવસ તે બૈઠો હતો કે તેણે જોયુ કે તેની નજીકમાંથી ઘોડે સવારની એક ટુકડી પસાર થઈ તેણે જોયુ કે તે ઘોડાઓના ઝીન અને બૈઠક સોના ચાંદીથી બનેલ હતા અને ઘોડે સવાર લોકોના માથા પર સોના ચાંદીના તાજ અને તેઓ ઉમ્દા કપડાથી સજેલ હતા. તે ઘોડા પર જે લોકો બૈઠા હતા તેમનો દેખાવ એવો હતો જાણેકે તેઓ કોઈ શાહી ખાનદાનથી હોય તેના સવાલ કરવા પર તેને કહેવામાં આવ્યુ કે નજીકના શહેરમાં એક બાદશાહ છે અને આ જઈ રહેલ

ટુકડી એ બાદશાહના ગુલામોની છે જે શાહી હુક્મ લઈને સફર કરી રહી છે બાદશાહ તરફ તેના બોલાવવાથી જઈ રહ્યા છે.

તે માણસ બહુજ નવાઈ પામ્યો અને હૈરાન થયો કે આ હાલત બાદશાહના ગુલામોની છે તો બાદશાહનો ઠાઠ કેવો હશે ? તેણે આસ્માનની તરફ માથુ ઉચકીને કહ્યુ : મારા માલિક ! મારા બાદશાહ ! હું ફરિયાદતો તારાથી નથી કરતો પરંતુ તૂ આ બાદશાહની પાસેથી સીખ કે ગુલામો સાથે કેવુ વર્તન કરવુ જોઈએ ! આટલુ કહીને તે બંદો ચાલી નિકળ્યો થોડા દિવસ પસાર થયા તો એક બુઝુર્ગ તેની પાસે આવ્યા અને તેનો હાથ પકડીને એક જગા પર લઈ ગયા જ્યાં એજ ગુલામ અને એજ ઘોડા હતા તે શું જુએ છે કે કોઈ ઘોડાના પગ કપાયેલા છે કોઈ ઝખ્મોથી ભરાયેલા છે ગુલામોના બદન પર ઘાવ છે અને પાટા પીંટી થઈ રહી છે, ચહેરા લોહીથી લથપથ છે કોઈ ગુલામ હાથ કપાયેલ છે કોઈના પગમા ઘાવ છે કોઈ પોતાના ઝખ્મી ઘોડાને લઈને ચાલીને જઈ રહ્યો છે.

હવે તે શખ્સે એ બુઝુર્ગથી પુછયુ કે જનાબ ! આપ કોણ છે ? અને આ બધુ શુ છે ? હવે બુઝુર્ગે જવાબ દીધો કે આ એજ ગુલામ છે જે તે દિવસે સોને મઢાયેલ હતા અને આજે તેઓ એક લડાઈના મૈદાનથી પાછા આવી રહ્યા છે માટે તેઓની આ હાલત થઈ છે મને તો સ્વપ્નમાં માત્ર એટલુજ કહેવામાં આવ્યુ છે કે હું તને ખબર આપુ કે બાદશાહોના માટે કુરબાની આપવાનું પણ તૂં આ ગુલામો પાસેથી સિખી લે.

**સબક :** ખરેખર તો આપણે કુરબાની દેવાનુ સિખ્યાજ નથી જે દિવસે આપણે સમાજ માટે, કે કૌમ માટે, કે પડોસીઓ અને સગાઓ માટે કુરબાની આપવાનું સીખી લઈશુ અને નફસને મારીને અલ્લાહ તઆલાની ઈબાદતમાં લાગી જઈશુ તો એ વખતે આપણે સવાલ કરવાની પણ જરૂર નહીં પડે અને અલ્લાહ તઆલા એવી

બાદશાહત અતા ફરમાવશે જેને કદી ઝવાલ (પડતી) નહીં હોય. બંદાએ હમેશા આઝમાઈશ માટે તૈયાર રહેવુ જોઈએ અને અલ્લાહ તઆલા પાસે સાબિત કદમીનો સવાલ કરવો જોઈએ. આઝમાઈશ તો થશેજ જેવુ કે રબ્બે કાએનાત ફરમાવે છે પારહ 2 સૂરએ અલ બકરહ આયત નં. 155માં : **તર્જમો :** એ જરૂર અમો તમારી કસોટી કરીશુ ડરથી, ભુખથી, માલ અને જાન અને ફળોના નુક્સાનથી અને સબ્ર કરવાવાળાઓને ખુશ ખબર આપો કે જ્યારે તેમના પર કોઈ મુસીબત આવે તો કહે કે અમો અલ્લાહનાજ છીએ અને તેનીજ તરફ અમારે (મર્યા પછી) પાછા ફરમાવનું છે.

અને એ પણ સમજી લેવુ જોઈએ કે જેના મર્તબા મોટા હોય છે તેની આઝમાઈશ પણ મોટી હોય છે અને આઝમાઈશના સમયે સબ્ર કરનાર પર ઈનામ પણ બહુજ મોટા હોય છે.

# Short Notes

## Short Notes